# પમરાટ પુરુષાર્થનો

## નાથાભાઈ વણકરઃ જીવન દર્શન

રજત જયંતી વર્ષ

ષષ્ટિપૂર્તિ મહોત્સવ

**પ્રકાશકઃ**
શ્રી નરસિંહભાઈ ચૌહાણ, શ્રી રમેશભાઈ ચૌહાણ
શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરા, તા. કાલોલ, જિ. પંચમહાલ

**પરામર્શનઃ**
પ્રો. વિનોદ ગાંધી, પ્રો. ખંડુભાઈ પરમાર, ડૉ. ધનંજય ચૌહાણ,
ડૉ. રાજેશ વણકર, ડૉ. પ્રવિણ અમીન, ડૉ. ડી. એમ. વણકર

**સંપાદનઃ**
જેઠાભાઈ વણકર, જીતેન્દ્રકુમાર અમીન, વી.ડી. પરમાર
અનિલભાઈ પરમાર, નરસિંહભાઈ એન. પરમાર
રાજન રાજેશભાઈ

**સહસંપાદનઃ**
પ્રો. વિજય વણકર, રામજીભાઈ વણકર, રમણભાઈ ગાયત્રીવાળા
હર્ષદભાઈ આચાર્ય, માવજીભાઈ વણકર, રમેશચંદ્ર વણકર

**સહયોગઃ**
પ.પૂ. મહંતશ્રી રામદાસ મહારાજ, શ્રી સંતરામ મંદિર, નડિયાદ.

Lajja Communications

પમરાટ પુરુષાર્થનો (Pamrat Purusharthno)
(નાથાભાઈ જી. વણકર ષષ્ટિપૂર્તિ ગ્રન્થ અને સંસ્થા રજતજયંતી સ્મરણગ્રન્થ)
નાથાભાઈ જી. વણકર (Nathabhai G. Vankar)

© Publishers

Copies : 1200

Price : Your Love

**Photography :** Vision Photographer

**Publication :**
Narsinh N. Chauhan
Ramesh N. Chauhan
At/Post: Adadara, Ta: Kalol, Dist: Panchmahal-38934
Phone : 97236 78559, 96012 98540

**Layout and Type Setting :**
Lajja Communications
2nd Floor, Super Market, Nana Bazar, Vallabh Vidyanagar
Ph.: 02692-233 864 / Mob.: 95 74 233 864



Lajja Communications



ગંગા સ્વરૂપ માંનીબેન ગલાભાઈ વણકર (માતૃશ્રી)

## અર્પણ

મને માટીમાંથી ઊંચકી ઉછેરી
માનવ કર્યો.

ગરીબીના તડકામાં મારા માથે
પાલવ ધર્યો.

ડગ્યો જ્યાં, આવીને આશિષ ભર્યો
હાથ જ ધર્યો.

અદા થાશે માનું ઋણ? કે જેણે
માટીના ઢેફાને માનવ કર્યો !!!

# ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય ગોધરાના

# દાતાશ્રીઓ









Lajja Communications



પૂજ્યપાદશ્રી રામદાસ મહારાજ

Lajja Communications

ભગવાન મહાવીર ફાઉન્ડેશન ચેન્નાઈ દ્વારા શ્રી પંચમહાલ અનુસુચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરાને શિક્ષણમાં શ્રેષ્ઠ કામગીરી બદલ બાવીસમો મહાવીર ઍવૉર્ડ સંસ્થાના સ્થાપક અને મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી નાથાભાઈ ગલાભાઈ વણકરને તામીલનાડુના રાજ્યપાલ મહામહિમ્નશ્રી બનવારીલાલ પુરોહિતના વરદ હસ્તે પ્રશસ્તિપત્ર, શાલ, મૉમેન્ટો તથા રુપિયા દસ લાખનો રોકડ પુરસ્કાર 29/01/2021ના રોજ ચેન્નાઈ ખાતે એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રી ડૉ. ધનંજય ચૌહાણ, રમેશભાઈ ચૌહાણ, શુભેચ્છકશ્રી વિનોદ ગાંધી તથા હેમંત ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.






।। श्री संतराम महाराज सत्य छे ।।

ॐ हरे राम हरे राम राम राम हरे हरे । हरे कृष्ण हरे कृष्ण कृष्ण कृष्ण हरे हरे ।।

# श्री संतराम समाधिस्थान

## नडीआद - 387 001. (गुजरात)

(Trust Reg. No. A-142-Kheda)

✆ : (91) 268-255 0005, 268-255 0006

**प्रवृत्ति**

* **मानवसेवा**
  - जरुरतमंद विद्यार्थी, दर्दी एवम् यात्रीओको विना-मूल्य निवास एवम् भोजन की व्यवस्था
* **विविध निःशुल्क मेडीकल केम्प**
  - नेत्र, दंत-यज्ञ, त्वचाका रोग, कंठ रोग, बाल रोग, अस्थियोंकी सारवार, मधुमेह चेक-अप एवम् अधरंग (पोलीयो)का ऑपरेशन
* **निष्णात दाक्तरी राहत सेवा**
  - हृदय, बाल-रोग, अस्थियोंके, आँख-कान-गले के रोग, स्त्रीरोग, त्वचाके रोग, मानसीक रोगयुक्त, आयुर्वेदीक एवम् होमीयोपेथीक दवायें
* **निःशुल्क सेवा**
  - औषधी,
  - ओक्सीजन,
  - एम्ब्युलन्स
* **राहत दर से सेवा**
  - पेथोलोजी लेबोरेटरी,
  - फिजियोथेरापी सेन्टर,
  - एक्स-रे एवम् सोनोग्राफी,
  - ई.सी.जी., इको कार्डिओग्राफी,
  - सी.टी. स्केन सेन्टर,
  - औषधालय
* **अन्य सेवा**
  - बाढग्रस्त, दुष्कालग्रस्त एवम् आपतकाल स्थिति में दर्दीओ, रेल्वे और बस मुसाफिर को निःशुल्क अन्न, ओषधी और वस्त्रो का वितरण
* **जरुरतमंद की अंतिम संस्कार सेवा**

તા:- ૧૬-૦૬-૨૦૨૦

પ્રતિ

અધ્યક્ષશ્રી,

રજત જયંતિ અને શ્રી નાથાભાઇ.જી.વણકર

ષષ્ઠીપૂર્તિ મહોત્સવ સમિતિ,

મુ.અડાદરા, તા.કલોલ જી.પંચમહલ

જય મહારાજ

રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં આજથી 25 વર્ષ પહેલા સમાજની સેવા કરવાની ઉમદા ભાવના સાથે સ્થપાયેલ ટ્રસ્ટના રજત જયંતિ પર્વ તથા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી નાથાભાઇ.જી.વણકર ની ષષ્ઠીપૂર્તિ સમારંભ જેવા બેવડા મહોત્સવ પ્રસંગે મહોત્સવ સમિતિને ખૂબ ખૂબ અભિનંદન.

સમાજના ઉત્થાન માટે ઉમદા ભાવના નિષ્ઠા અને નિસ્વાર્થ સેવાની ભાવનાથી શરૂ કરાયેલ કાર્ય અવશ્ય સફળ થાય છે કોઈપણ સંસ્થાની પ્રગતિના મૂળમાં શ્રી નાથાભાઇ જેવા લોકોની નિષ્કામ સેવા તથા ઉમદા ભાવના રહેલી હોય છે આજે તેમણે સ્થપાયેલી સંસ્થા એક વટવૃક્ષ બનીને ઉભી છે તે આનંદની વાત છે તેમને નિરામય કર્મઠ પ્રવૃત્તિશીલ લાંબા આયુષ્યના આશીર્વાદ.

અંતરિયાળ આદિવાસી વિસ્તારમાં સમાજના ઉત્થાન માટેની આવશ્યક સેવાઓ અને મૂળભૂત જરૂરીયાતો પૂરી કરવા માટે ચાલી રહેલી પ્રવૃત્તિઓ માટે સંસ્થા ખરેખર અભિનંદનને પાત્ર છે આવી પ્રવૃત્તિઓ સમાજ અને દેશમાં એક પ્રકારની સમરસતા નો પ્રેરક ઉદાહરણ બની રહે છે આવી સંસ્થાના પાયાની ઈંટ જેવા કર્મઠ સેવાભાવી લોકોને બિરદાવવાનો કામ ભાવિ પેઢી માટે પ્રેરણારૂપ બની રહે છે

સંસ્થા સુવર્ણ જયંતી અને હિરક મહોત્સવ ઉજવે તથા શ્રી નાથાભાઈ જેવા અનેક લોકોથી સંપન્ન થઇને સતત વિકાસના અનેક શિખરો સર કરતી રહે તેવી પ્રાત:સ્મરણીય શ્રી સંતરામ મહારાજની દિવ્ય અખંડ જ્યોતના શુભાશીર્વાદ.

જય મહારાજ

रामदास ।

મહંતશ્રી,

શ્રી સંતરામ મંદિર નડિયાદ.

|| જયશ્રી સવૈયાનાથ ||　　|| જયશ્રી તુલસીનાથ ||　　|| જયશ્રી કૃષ્ણ ||



# સંતશ્રી સવગુણ સમાધિ સ્થાન



મુ. ઝાંઝરકા, તા. ધંધુકા, જી. અમદાવાદ. (ગુજરાત)
ફોન : (૦૨૭૧૩) ૨૨૨૨૨૯

જા નં.　　　　　　　　　　　　　　તા.

તારીખ. ૧૪/૧૧/૨૦૨૦



પ્રતિ જેઠાભાઈ વણકર
અધ્યક્ષ શ્રી
નાથાભાઈ વણકર ષષ્ઠીપૂર્તિ મહોત્સવ સમિતિ

શ્રી નાથાભાઈ વણકર ષષ્ઠીપૂર્તિ ઉજવણી આપ સૌ કાર્યકરો ઉજળી રહ્યા છો તે જાણી ને ખુબ આનંદ થયો. હું નાથાભાઈ વણકરને પ્રત્યક્ષ રીતે ઓળખું છું. તેઓની સંસ્થામાં ગયો છુ. તેમની અનુસુચિત જાતી સમાજ પ્રત્યેની સહાનુભુતિ, કેળવણી ક્ષેત્રે કરેલું યોગદાન અને વિશેષ બહેરા-મૂંગા બાળકોની વિદ્યાલય શરૂ કરી જે સેવા કરી રહ્યા છે તે ખુબ પ્રશંસનીય છે.

નાથાભાઈ અનુસુચિત જાતિની વધુને વધુ સેવા કરે તે માટે પરમ કૃપાળુ પરમાત્મા અને સંત શ્રી સવૈયાનાથ શક્તિ આપે..... તેઓને દીર્ઘાયુ બક્ષે એવા મારા અંતરના આશીર્વાદ છે.

૧

નાથાભાઈએ કરેલ સેવાની કદર રૂપે "પમરાટ પુરુષાર્થના" અભિનંદન ગ્રંથ પ્રસિદ્ધ કરનાર છે. તે માટે સૌને ધન્યવાદ.

જય શ્રી સવૈયાનાથ　　　　　　　　મહંત શ્રી શંભુનાથજીના આશિષ

[illegible] મહારાજ
મુ. ઝાંઝરકા, ધંધુકા.

|| શ્રી ગુરૂગુણપત્યે નમઃ || || જય ઉગમેશ્વર દેવ ||


સેવા સત્સંગ સ્મરણ

# "સંતશ્રી ઉગારામદાદાની જગ્યા"

## મહંત શ્રી ગોરધનભાઈ ભલારામબાપા

મું. બાંદરા, વાયા મોવિયા, તા. ગોંડલ, જી. રાજકોટ.(સૌરાષ્ટ્ર)-૩૬૦૩૩૦. ફોન : ૦૨૮૨૫-૨૮૭૪૫૦

પ્રતિશ્રી, તા.



પ્રતિશ્રી,

નાથાભાઇ વણકર

જય ગુરુદેવ સાથ જણાવવાનુ કે.આપની કર્યરત સંસ્થાઓના પચ્ચીસ વર્ષ પુરા જવા થઇ રહયા છે તે જાણીને આનંદ થયો. સંસ્થાઓની સ્થાપનાની શરુઆતથી હાલ સુધી આપે જે સફર કરી છે તે અત્યંત પ્રશંસનીય છે.આપના દ્વારા સ્થપાયેલ વિવિધ સંસ્થાઓમાંથી અનેક લાભાર્થીને પોતાના કર્યોમા.સલાહ-મસલત તથા સગવડતાઓ મળી ચુકી હશે જે વાતમા કોઇ શંકાને સ્થાન નથી.આ પ્રતાપ બચપનમા આપને માતા-પિતા તથા સદગુરુના આશિષથી મળ્યા છે.ફળ્યા છે તેમજ મળતા રહેશે.આવી જ રીતે આ સંસ્થાઓના વટવુક્ષને ફાલતા રહો-ફુલતા રહો.આ સંસ્થાઓ રૂપી વટવુક્ષમા ઉગારામદાદા તથા સર્વે સંતો આશિર્વાદ રૂપી સિંચન સદા કરે છે અને કરતા રહેશે.ભવિષ્યમા આપની સંસ્થાઓના મૂળ હજુ મજબત થાય તથા આપ આ સંસ્થાઓનો વિકાસ-પ્રગતિ બમણી કરતા રહો.સાથે જાણીને વિશેષ આનંદ થયો કે.આપની સંસ્થાઓની રજત જયંતી સાથે આપના જીવનરૂપી યાત્રાના ૬૦ વર્ષ પુરા થવા જઇ રહ્યા છે.તો કુદરત મહારાજ આપને તંદુરસ્તી.પ્રગતી અને સફળતા અર્પે.આપના જીવનમા તમો જે ભગીરથ કર્યો કરો છો,તે કર્યો જીવનની અમૂલ્ય ભેટ રૂપી છે.આવી જ સેવાકીય પ્રવુતિ કરતા રહો.સંસ્થાઓ હજુ વિશેષ આર્થિક,સામાજિક અને ભૌતિક રૂપે વિકસતિ રહે તથા વિસ્તરતી રહે તે જ શુભેચ્છાઓ સહ....આપને તંદુરસ્ત દિર્ધાયુ પ્રદાન હો.......... જય ઉગમેશ્વર સાહેબ.

આશિર્વાદ સહ......ગોરધનબાપુ ના જય ગુરુદેવ.

|| જય ઉગમેશ્વર સાહેબ ||
શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર
શ્રી ગોરધનદાસબાપુ ગુરૂશ્રી ભલારામબાપુ
ઠે. સંતશ્રી ઉગારામદાદાની જગ્યા,
મું.બાંદરા, તા.ગોંડલ,
જી.રાજકોટ. પીન : ૩૬૦૩૩૦

## પરમપૂજ્ય આચાર્યશ્રી
## વિજયશીલચંદ્ર સુરિજી મહારાજ સાહેબનાં આશિર્વચન

શ્રીવીતરાગાય નમઃ॥
નમોનમઃ શ્રીગુરુનેમિસૂરયે॥

૨૨-૧૨-૨૦
ગોધરા
જૈન ઉપાશ્રય

વિજયશીલચન્દ્રસૂરિ,

શ્રીયુત નાથાભાઈ,

ધર્મલાભ!

તમે ૨૫ વર્ષોથી અંધ-બધિર બાળકોની સેવા અને સારવારરૂપે નિવાસી શાળા ગોધરામાં ચલાવી રહ્યા છો, તેમજ આદિવાસી તેમજ અન્ય અનુસૂચિત જાતિ-જનજાતિનાં બાળકો-બાળિકાઓ માટે શાળા, કન્યાશાળા, આશ્રમશાળા – બધું ચલાવી રહ્યા છો, અને એ બધાં દ્વારા અંત્યોદયનું, માનવોત્કર્ષનું ઉમદા સેવાકાર્ય નિઃસ્વાર્થભાવે કરી રહ્યા છો, તે વાતે ઘણો આનંદ અનુભવાય છે.

તમારા આ માનવતાના કાર્યનો મને તેના આરંભકાળથી જ ખ્યાલ છે. ૨૫ કે તેથી વધુ વર્ષો અગાઉ મળેલા નાથાભાઈ અને અત્યારે મળતા નાથાભાઈના રૂપ-સ્વરૂપ-વ્યવહાર-વર્તનમાં લેશ પણ તફાવત જોવા મળ્યો નથી, એ તમારી સેવાનિષ્ઠા અને કર્તવ્યનિષ્ઠાની સાક્ષી પૂરનારી બાબત છે. કળજુગ આભડે ત્યારે સેવાધારી માણસના પણ દેદાર અને ઠાઠ બદલાતાં જોવા મળે. તમને જોયા ત્યારે એવું લાગ્યું નથી. એ જોઈને તમારી કર્તવ્યનિષ્ઠા પ્રત્યે આદર થયો.

આવી જ કર્તવ્યનિષ્ઠા, સેવાભાવના અને માનવતા જીવનમાં હંમેશાં જાળવી રાખજો.


તમને અને તમારી ૨૫ વર્ષની સંસ્થાને અંતરથી શુભકામનાઓ તેમજ આશીર્વાદ પાઠવું છું.

શ્રી.

**Acharya Devvrat**
Governor, Gujarat
Gandhinagar-382021

**आचार्य देवव्रत**
राज्यपाल, गुजरात
गांधीनगर-३८२०२१

1 8 AUG 2020



# संदेश

श्री पंचमहाल अनुसूचित जाति एजुकेशन ट्रस्ट अपनी स्थापना का रजत जयंती वर्ष मनाने जा रहा है, यह जानकर प्रसन्नता हुई।

रजत जयंती वर्ष के साथ संस्थान के मेनेजिंग ट्रस्टी श्री नाथाभाई जी. वणकर का "षष्ठी पूर्ति" महोत्सव मनाने का भी आयोजन किया गया है, जानकर खुशी हुई।

हम जानते हैं कि सेवाभावी सज्जनों के पुरुषार्थ से ही हम विकास की नई ऊंचाई हासिल कर सकते हैं। ट्रस्ट ने शिक्षा विकास के क्षेत्र में जो कार्य किया है, वह सचमुच प्रशंसनीय है। रजत जयंती उत्सव और मेनेजिंग ट्रस्टी श्री नाथाभाई वणकर के "षष्ठी पूर्ति" महोत्सव के लिए मेरी अनेक-अनेक शुभकामनाएं।

(आचार्य देवव्रत)

Vijay Rupani

Chief Minister, Gujarat State



Apro/kp/2020/08/13/pp

તા. ૧૩/૦૮/૨૦૨૦

# સંદેશ

"Service to Mankind is Service to God"

જીવનમાં દરેક તબક્કે માનવીને અન્ય વ્યક્તિના સાથ-સહકારની આવશ્યકતા રહે છે. શિક્ષણ દ્વારા સેવા અથવા સામાજિક કાર્યો દ્વારા અન્યોને ઉપયોગી બનવું તે શ્રેષ્ઠ બાબત છે.

એક શ્રેષ્ઠ વ્યક્તિનું નિર્માણ તેનાં શૈક્ષણિક અને સામાજિક મૂલ્યોને આધારે થાય છે. બાળપણથી જ મળેલાં મૂલ્યોને કારણે વ્યક્તિ સેવા અને સંસ્કારના માર્ગે ચાલી શકે છે.

"શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ - અડાદરા" પંચમહાલ દ્વારા સતત ૨૫ વર્ષથી વિદ્યાર્થીઓના ઘડતરનું મહત્ત્વનું કાર્ય કરવામાં આવી રહ્યું છે તે પ્રશંસનીય છે. સંસ્થાની રજતજયંતી પ્રસંગે સંચાલકો, વિદ્યાર્થીઓ તથા સંલગ્ન તમામ લોકોને અનેકાનેક અભિનંદન. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નાથાભાઈ જી. વણકરને પણ "ષષ્ટી પૂર્તિ" પ્રસંગે ખૂબ-ખૂબ શુભેચ્છાઓ. આ પ્રસંગે પ્રકાશિત થનારા ગ્રંથ "પુરુષાર્થનો પમરાટ"ની સફળતા માટે અનેકાનેક શુભકામના.

આપનો,

(વિજય રૂપાણી)

To,
Shree Sumanben P. Chauhan, MLA
127-Kalol, At. Po. Mahelol, Ta. Godhara,
Dist. Panchmahal - 389340
Mo. 9737967673



Lajja Communications

## નીતિન પટેલ

નાયબ મુખ્ય મંત્રી,
ગુજરાત રાજ્ય





ક્રમાંક : નાણા/મા.મ./આ.પ.ક./ત.શિ./ન.ક./પા.યો.
૫૭/૭૨૮/૨૦
નાણાં, માર્ગ અને મકાન,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ,
તબીબી શિક્ષણ, નર્મદા, કલ્પસર,
પાટનગર યોજના
ગુજરાત સરકાર,
સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

તારીખ :૧૦.૦૮.૨૦૨૦

# શુભેચ્છા સંદેશ

સ્નેહીશ્રી,

શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરા, તા. કાલોલ, જી. પંચમહાલના ૨૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સંસ્થા "રજત જ્યંતિ" ની ઉજવણી તેમજ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી નાથાભાઇ જી. વણકરને ૬૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે, "ષષ્ટી પૂર્તિ" ની ઉજવણી કરવામાં આવનાર છે, તે જાણી આનંદ થયો.

વર્તમાન સદી જ્ઞાનની સદી છે અને જ્ઞાન માટે શિક્ષણ એ અનિવાર્ય અંગ છે, એટલુ જ નહીં શિક્ષણ જગત એ દરેક ક્ષેત્રના વિકાસનું ઉદ્‌ગમ સ્થાન છે. શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીના જીવનકાળ દરમ્યાન અનેકવિધ પ્રવૃત્તિઓથી તેમનામાં રહેલી આંતરીક શક્તિઓ વિકસાવી વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ કરવામાં આવે છે, તે આવકારદાયક છે.

સંસ્થા અને સંસ્થાના વિદ્યાર્થીઓ શૈક્ષણિક અને સામાજીક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરે, હજારો વિદ્યાર્થીઓની ઉત્તમ-તેજસ્વી કારકીર્દિનું ઘડતર થાય તેમજ સંસ્થા ખુબ જ નામના મેળવે તેવી શુભકામના સહ રજત જ્યંતિ અને ષષ્ટી પૂર્તિની સફળતા માટે આપ સર્વેને શુભેચ્છા અને અભિનંદન પાઠવું છું.


આપનો સ્નેહાધિન,

(નીતિન પટેલ)

પ્રતિ,
**- પ્રમુખશ્રી/ટ્રસ્ટીશ્રી,**
શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ,
મુ.અડાદરા, તા. કાલોલ, જી.પંચમહાલ


નિવાસ સ્થાન : મંત્રીશ્રી નિવાસ સ્થાન, બંગલા નં. ૨૦, સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૦
ફોન નં. : ૨૩૨૫૯૭૦૬, ૨૩૨૩૨૪૯૧, ૨૩૨૨૧૮૯૧ વિધાનસભા કાર્યાલય : ૦૭૯-૨૩૨૫૩૧૯૪/ ૨૩૨૫૧૦૫૮
કાર્યાલય ફોન : ૦૭૯-૨૩૨૫૦૧૦૬ થી ૨૩૨૫૦૧૧૦, ૨૩૨૩૮૦૭૨-૨૩૨૪૮૦૦૭ ફેક્સ નં. ૦૭૯-૨૩૨૫૭૬૧૬
ઈ-મેલ : deputycmguj@gujarat.gov.in, nitinpateldycm@gmail.com

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા



ક્રમાંક: મ.શિ. વૈ.સં./૨૫/ ૨૦૨૦

મંત્રી,
શિક્ષણ,(પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ),ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ,
કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો,
ગૌસંવર્ધન, નાગરિક ઉડ્ડયન,
ગુજરાત રાજ્ય, સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ,
સચિવાલય, ગાંધીનગર

તા.૧૩/ ૧૧ /૨૦૨૦

# શુભેચ્છા સંદેશ

"શિક્ષણ અથવા કેળવણી એ દરેક યુગની જરૂરિયાત છે, એ નિ:સંદેહ છે, પરંતુ કોઈપણ યુગમાં જીવનમાં સુખશાંતિ અને સફળતા માટે માનવ જીવનનો મુખ્યહેતુ શ્રેષ્ઠતમ ચારિત્ર્ય નિર્માણ છે"

શ્રી પંચમહાલ અનુસુચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરા, તા. કાલોલ, જી. પંચમહાલના ૨૫ વર્ષ પૂર્ણ થયેલ છે. સંસ્થાની રજતજયંતી નિમિત્તે રજતજયંતી ઉજવાઈ રહી છે, જાણી હર્ષની લાગણી અનુભવું છું.

સંસ્થા દ્વારા બહેરા-મુંગા, અપંગ, આદિવાસી, દલિત, નિરાધાર વિદ્યાર્થીઓ માટે સતત કાર્ય કરી રહેલ છે. સંસ્થા દ્વારા સેમરિણકા પ્રકાશિત કરવામાં આવી રહેલ છે, જે સૌના માટે યાદગાર સંભારણું બની રહેશે. પ્રકાશિત થઈ રહેલ સ્મરણિકા માટે મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

(ભૂપેન્દ્રસિંહ ચુડાસમા)

કાર્યાલય ફોન : ૦૭૯-૨૩૨૫૦૧૧૬ થી ૨૩૨૫૦૧૧૯, ૨૩૨૩૮૦૭૬, ૨૩૨૪૩૩૮૯ (ફેક્સ)૨૩૨૫૦૧૨૦
નિવાસસ્થાન : બંગલા નં. ૧૦, માન.મંત્રીશ્રી નિવાસસ્થાન સંકુલ , ફોન (લેન્ડલાઇન) ૦૭૯-૨૩૨૫૯૯૬૦ ૨૩૨૫૯૫૯૮, ૨૩૨૨૨૬૧૭
E-mail: min-education@gujarat.gov.in



Lajja Communications

ઈશ્વર પરમાર



સત્યમેવ જયતે

ક્રમાંક : મંત્રી/સા.ન્યા.અધિ/ vip-538 /૨૦૨૦
મંત્રી
સામાજિક ન્યાય અને અધિકારીતા
(અનુ. જાતિ કલ્યાણ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત)
ગુજરાત સરકાર
સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ,
સચિવાલય, ગાંધીનગર.
(ઓફીસ)-૦૭૯-૨૩૨૫૦૨૩૬,
(ફેક્સ)-૦૭૯-૨૩૨૫૦૨૬૪
તા. 14 DEC 2020

## શુભેચ્છા સંદેશ

શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરા સંસ્થાની રજત જયંતિની ઉજવણી પ્રસંગે તેમજ આ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી, શ્રી નાથાભાઈ વણકરની ષષ્ઠીપૂર્તિની ઉજવણી પ્રસંગ નિમિત્તે **"પુરૂષાર્થનો પમરાટ"** ગ્રંથ બહાર પાડવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહેલ છે તે ખુબ જ આનંદ અને ગૌરવની વાત છે.

આપની સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી, શ્રી નાથાભાઈ વણકર કે જેઓએ પુજ્ય મહાત્મા ગાંધીજી એ આપેલ મંત્રને સાકાર કરવા માટે સમાજના કચડાયેલા, દબાયેલા, શોષિત અને પીડિતજનોની સેવા કરવા તેમજ સમાજમાંથી સામાજિક કુરિવાજો દુર કરવા તેમજ સમાજ વ્યસનમુક્ત બને તે હેતુથી ૧૯૯૫ માં શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરા સંસ્થાની સ્થાપના કરી હતી. જેથી આવનારા ભવિષ્યને ઉજ્જવળ બનાવવામાં ખુબ જ ઉપયોગી થાય.

આપના ટ્રસ્ટ દ્વારા આવા સામાજિક સેવાકીય કાર્યક્રમો થકી સમાજમાં પ્રેરણા આપતા રહો તેવી ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ તેમજ સભ્યોને આવા સરાહનીય કાર્યક્રમો કરવા બદલ ખુબ ખુબ શુભેચ્છા પાઠવું છું.

( ઈશ્વર પરમાર )

**પ્રતિ,**
**મેનેજીંગ ટ્રસ્ટી,**
પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ
મુ.પો.અડાદરા, ત.કાલોલ, જિ.પંચમહાલ.

भारतीय सांकेतिक भाषा अनुसंधान एवं प्रशिक्षण केन्द्र
दिव्यांगजन सशक्तिकरण विभाग, सामाजिक न्याय और अधिकारिता मंत्रालय, (भारत सरकार)
**Indian Sign Language Research & Training Center**
Department of Empowerment of Persons with Disabilities, (Divyangjan)
Ministry of Social Justice & Empowerment (Govt. of India)

ISLRTC

स्वावलम्बन
Swavlamban

संजय कुमार
**SANJAY KUMAR**
उप–निदेशक (प्रशा०)
**Dy. Director (Admin)**

Date: 07th August, 2020

Dear Shri Natha Bhai,

It gives me immense pleasure to share my thoughts and congratulate "PANCHMAHAL ANUSUCHIT JATI EDUCATION TRUST" on successful completing journey of 25 years.

I am impressed with the dedication, efficiency and the eagerness shown by Shri Natha Bhai Vankar, Managing Trustee of PAJET and his team in fulfilling the objective of the trust. The motivation and the passion shown by the team of PAJET in providing educational facilities and development of the Scheduled Tribe, Scheduled Caste, OBC, Minority, students as well as disabled children in a remote place of Gujarat PAJET is hereby acknowledged. They are putting tremendous efforts in translating ideas to create and provide equal opportunity for the development of target group, so that they can make themselves stand in the society at par with all other privileged member of the society.

The level of commitment, imagination and execution of planning of the trustee not only made an outstanding impact on the beneficiaries but is acting as a ray of hope and happiness for many. The trust has done a tremendous work for providing education to the children and in turn helping the nation ultimately in betterment of society. The leade.rship with patience and sincerity shown by Shri Natha Bhai Vankar for the progress of the trust in the last 25 years is highly commendable. I am glad and obliged for being associated with the trust.

My best wishes are always with "Panchmahal Anusuchit Jati Education Trust" for their success and achieving their goals.

With best regards,

To,

Shri Natha Bhai Vankar
Managing Trustee
Panchmahal Anusuchit Jati Education Trust
Adadara, Kalol, Panchmahal
Gujarat- 389384

ए–91, प्रथम तल, नागपाल बिजनेस टॉवर, ओखला फेस–2, नई दिल्ली–110020
मेल : islrtcnewdelhi@gmail.com दूरभाष : 011-26387559
A-91, 1st Floor, Nagpal Business Tower, Okhla Phase-II, New Delhi-110020
Email: islrtcnewdelhi@gmail.com Phone No: 011-26387559



Lajja Communications

**Ratansinh M. Rathod**
Member of Parliament (Lok Sabha)
18- Panchamahal Constituency (Guj)

At,Po.Lakdipoyda,
Ta.Lunawada,
Dist.Mahisagar
Mo.9428130694

Office : Kadachhala Chokadi,Ta.Lunawada,Dist.Mahisagar



તા. ૦૭-૧૧-૨૦૨૦

સ્નેહી શ્રી જેઠાભાઈ વણકર
અધ્યક્ષશ્રી
શ્રી નાથાભાઈ વણકર ષષ્ટિપૂર્તિ મહોત્સવ સમિતિ
કુશળ હશો.

શ્રી નાથાભાઈ વણકર ષષ્ટિપૂર્તિ મહોત્સવ ઉજવી રહ્યા છો તે જાણી આનંદ થયો.

સામાન્ય રીતે વ્યક્તિ ૬૦ વર્ષે પહોંચે ત્યારે તેની પ્રવૃત્તિઓ સમેટી લઈને નિવૃત્તિતરફ પ્રયાણ કરતા જોવા મળે છે. હું જે રીતે ભાઈ નાથાભાઈ ને ઓળખું છું તે રીતે ૬૦ વર્ષની ઉમરે તેઓ તરવરિયા નવયુવાનની ઈચ્છા શક્તિ ધરાવે છે. તેઓ બહેરા મૂંગા વિદ્યાર્થીઓની સેવા કરી રહ્યા છે. તે પ્રશંસનીય કાર્ય છે.

તેઓ લાંબુ આયુષ્ય ભોગવે, અને સંમગ્ર સમાજની વધુને વધુ ઉમદા સેવાઓ નિઃસ્વાર્થ ભાવે કરતા રહે ખાસ કરીને આ પ્રસંગે આપ સૌ ''પુરુષાર્થનાં પમરાટ'' અબિનંદન ગ્રંથ પ્રકાશિત કરોછો તે માટે સૌ આયોજકોને ધન્યવાદ પાઠવું છું.

આપનો સ્નેહાવિધાન

RATANSINH M. RATHOD
Member of Parliament
18, Panchmahal Loksabha

Member,

- Standing Committee for Finance
- Consultative Committee for Petroleum & Natural Gas
- Indian Nursing Council
- IPU's Advisory Group on HIV/AIDS & Maternal, Newborn and Child Health.
- Forum of Parliamentarians on HIV/AIDS & Maternal, Newborn and Child Health.

- **Professor of Surgery,** GCS Medical College, Hospital & Research Centre, Ahmedabad
- **Ex-President** Gujarat State Surgeons Association Mobile : 09013180144

# Dr. Kirit P. Solanki

M.S., F.I.C.S.

**Member of Parliament Lok Sabha**
**Chairman - Parliamentary Committee on Welfare SC/ST**
**Penal Speaker - Loksabha**



૧૧મી ડિસેમ્બર ૨૦૨૦

## શુભેચ્છા પત્ર

**શ્રીમાન,**

આપના દ્વારા શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરા, ૨૫માં વર્ષ પૂર્ણ કરી રહ્યું છે તે ખૂબજ આનંદની વાત છે.

સંસ્થા દ્વારા બહેરા-મુંગા, અપંગ અનુસૂચિત અને જન.જાતિના નિરાધાર વિદ્યાર્થીઓ અને પરિવારનો સતત મદદ કરતા સરકાર દ્વારા આ કામગીરીનો સહકાર પણ મળતો રહ્યો છે અને સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરતા આજે રંજત જયંતી અને શ્રી નાથાભાઈ નો "ષષ્ટીપૂર્તિ" ઉજવવાનું નક્કી કર્યું છે તે ખૂબજ આનંદની વાત છે.

આપના દ્વારા તમામ વર્ગોના સામાજિક, આર્થિક પછાત વર્ગના બાળકો તથા ગરીબ રીતે નબળા લોકોને મદદ કરતા **"ષષ્ટીપૂર્તિ"** ઉજવણી અને રજંત જયંતિનો સેવાયજ્ઞનું કાર્ય સમાજ માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બની રહે, આપના કાર્યને હું અભિનંદ આપતા, મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

**ડૉ. (પ્રોફે.) કિરીટ પી. સોલંકી**
M.S, FICS
સાંસદ-અમદાવાદ (પ) લોકસભા
ચેરમેનશ્રી- સંસદીય સમિતિ
અનુ.જાતિ/જનજાતિ કલ્યાણ

Chairman Office : 137, 3rd Floor, Parliament House, New Delhi-110 001. Tel. : 011-23034680 / 011-23015975 (Telefax)
E-mail : sansadkiritsolanki@gmail.com, Kirit.solanki@sansad.nic.in , ahmedabadwestmp@gmail.com
SAANSAD SEVA KARYALAY : Ground Floor, Pandit Dindayal Bhavan, J.P. Chowk, Khanpur, Ahmedabad-1 Tele Fax : 079-25502229

**Prof. Dr. KARSANDAS SONERI**
(M.A., Ph.D., LL.B.)

(Ex. Minister of Education & Health)
Gujarat, Gandhinagar

**પ્રો. ડૉ. કરસનદાસ સોનેરી**
(એમ.એ., પી.એચ.ડી., એલએલ.બી.)

(પૂર્વ શિક્ષણ અને આરોગ્ય મંત્રી)
ગુજરાત, ગાંધીનગર

તા. ૨૦-૦૮-૨૦૨૦

# શુભેચ્છા સંદેશ



પ્રતિ.
અધ્યક્ષશ્રી,
રજતજયંતિ અને નાથાભાઈ વણકર ષષ્ટિપૂર્તિ મહોત્સવ સમિતિ,
અડાદરાઃ જિ. પંચમહાલ
આત્મજન શ્રી જેઠાભાઈ

દલિતો અને વંચિતોના કલ્યાણની પ્રવૃત્તિ કરવી ઘણું જ કઠિન કામ છે અને જે વ્યક્તિ એ પ્રવૃત્તિ નિષ્ઠાથી ઉપાડી લે છે તેનું કલ્યાણ પણ થઈ જાય છે.

અહીં આપ બેવડો પ્રસંગ ઉજવી રહ્યા છો, તેમાં ભાઈ નાથાભાઈ એક અદનો માણસ તેમની ષષ્ટિપૂર્તિ ઉજવી રહ્યા છો તેનો મારે મન મોટો મહિમા છે. આદર્શો અને સુફિયાણીની વાતો સૌ કરતા હોય છે પણ અમલ કરવાનો આવે ત્યારે કોઈ તૈયાર થતું નથી. ભાઈ નાથાભાઈ ને મારો કોઈ પરિચય નહીં પણ જેઓ મને મળ્યા ત્યારે એમની છાપ મારી ઉપર ભારે પડી. તેમણે રજૂ કરેલો પ્રશ્ન મેં હાથ ઉપર લીધો તુરતજ એનું પરિણામ આવ્યું, આમ મારા હાથે એક છોડનું વાવેતર થયું જે આજે એક વટવૃક્ષ બનીને મહેકતું થયું છે. તેમાં નાથાભાઈની આવડત, જશ અને માબાપ તથા ઈશ્વરના આશીર્વાદ લેખે લાગ્યા છે. મારા જીવનમાં આવા અનેક છોડ ગુજરાત ભરમાં મારા હાથે વવાયા છે જે આજે વટવૃક્ષો બનીને ઉભા છે તેનો મને પરમ સંતોષ અને આનંદ છે.

રતીમાંથી અતી થવાનું સદ્‌ભાગ્ય શ્રી નાથાભાઈને પ્રાપ્ત થયું છે, હજુ વધુ કાર્યો કરી શકે એમ છે પછાત વર્ગોમાં આવા માણસોનો દુષ્કાળ વર્તાય છે એટલું જ નહીં પણ તેને ખંમા કહીને ખભે હાથ મૂકનાર પણ મળતા નથી.

ઉજવણી સમિતિના આપ સૌ સાથીઓ શિક્ષિત, વિદ્વાન અને ક્રમિક મિત્રો છો ત્યારે ઘણો આનંદ થયો છે. આપના દ્વારા નાથાભાઈને પોંખવાનું કામ આપ કરી રહ્યા છો તથા સંસ્થાની પ્રવૃત્તિને ઉજાગર કરવાનું કામ કરી રહ્યા છો ત્યારે હર્ષ અનુભવી આપ સૌને હૃદયથી આશીર્વાદ અને શુભેચ્છા પાઠવું છું. ભાઈ નાથાભાઈ અને સંસ્થા હજુ ખૂબ પ્રગતિ કરે અને એમના દ્વારા અનેકનું કલ્યાણ થાય એ ભાવના સાથે આપ સૌ મારા સ્વજનોને કોટીકોટી પ્રણામ- શુભેચ્છા.

આપનો અદનો સ્વજન,
કરસનદાસ સોનેરીના સ્નેહ સ્મરણ.

Resi. : Raj Tilak, Plot 821, Sector-6 /C, Gandhinagar-6, Gujarat. Mo. 94266 21008

**PRABHATSINH P. CHAUHAN**
M.P. (Lok Sabha), Panchmahal(Guj.)

**Member :**
- Consultative Committee - Ministry of Finance
- Parliamentary Standing Committee - Science & Technology Environment & Forest

33, Ferozshah Road, New Delhi - 110 001
Mob. 09013180256, Fax: 022-66459493
mp.panchmahal@prabhatsinh.com

www.prabhatsinh.net



પ્રતિ શ્રી ,જેઠાભાઇ વણકર
અધ્યક્ષશ્રી
રજતજયંતિ અને નાથાભાઇ જી.વણકર
ષષ્ઠીપુર્તિ મહોત્સવ સમિતિ.

વંદે માતરમ

મારા નજીકના નાથાભાઇ વણકરની ષષ્ઠીપુર્તિ ઉજવી રહ્યા છો તે જાણી ખૂબ આનંદ થયો વીસેષ આનંદ એ થયો કે તેઓની સેવાઓને ધ્યાનમાં લઈ સમિતિ દ્વારા અભિનંદન ગ્રંથ પ્રકાશિત કરી રહ્યા છો. શ્રી નાથાભાઇ નો ગણા સમયથી છે.આપના અભિનંદન ગ્રંથનું નામ ખૂબ જે યર્થથ છે.

અનુસુચિત જાતિ /અનુસુચિત જનજાતિ ની સેવા કાજે ભાઈ શ્રી નાથાભાઇ વણકરે સ્થાપેલા સંસ્થાબીજ વિસ્તરીને વટવૃક્ષ બન્યા છે તેના હું સાક્ષી છું. ને તેવોના દરેક કાર્યમાં મારાથી બને તેટલી મદદ કરેલ છે. તેમની સુવાસ વધુંને વધુ પ્રસરતી રહે એ માટે દિલથી શુભેચ્છા પાઠવું છું.

સામન્યરીતે વ્યક્તિ સાઇઠ વર્ષે પહોચે ત્યારે પ્રવુતિઓ સમિટી લઈને નિવૃતિ પ્રયાણ કરે છે.હું જે રીતે ઓળખુ છું તે રીતે સાઇઠ વર્ષે તરવરિયા નવયુવાનની ઇચ્છાશક્તિ અને સેવા માટે જોમ ધરાવે છે.

"પમરાટ પુરુષાર્થના" અભિનંદન ગ્રંથ ઘર-ઘર ની જ્યોત બની રહે તેની અંતકંરણ ની શુભેચ્છાઓ પાઠવું છું.

સમગ્ર પ્રસંગના આયોજન બદલ સૌ આયોજકો ને ધન્યવાદ .

PRABHATSINH P. CHAUHAN ★ EX. MEMBER OF PARLIAMENT ★ Loksabha

(PRABHATSINH P. CHAUHAN)
**Ex. Member Of Parliament**
**18-Panchmahal, Loksabha, GUJARAT**
**Mo. : 94274 80256**

**Constituency Office:** At & Post Mehlol, Teh - Godhra, Dist. Panchmahal(Gujarat) - 389 340

# C. K. Raulji

MLA Godhra. (Gujarat)

"SHIVSHAKTI" Bapunagar, Vavdi Buzarg, Godhra - 389 001. Dist. Panchmahal.

Tele-Fax : (O) (02672) 252474 E-mail : ckraulji01@gmail.com / ckraulji01@yahoo.com

Office : 4, Shantinivas Society, Godhra.


Dt. ૦૧/૧૫/2020


**આદરણીય**

**શ્રી નાથાભાઈ જી. વણકર**

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,

શ્રી પંચમહાલ અનુસુચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ.

અડાદરા, કાલોલ



## શુભેચ્છા સંદેશ

સાદર નમસ્કાર

આપશ્રીને સનિનય જણાવતા આનંદ અનુભવીએ છે કે શ્રી પંચમહાલ અનુસુચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરા તા. કાલોલ જી. પંચમહાલ ચાલુ વર્ષ ૨૫ વર્ષ પુરા કરી રહ્યા છો અને સાથે સાથે આ સંસ્થાના સર્વેસર્વા અને મેનેજીંગ ટ્રસ્ટી આદરણીય શ્રી નાથાભાઈ જી. વણકર પણ પોતાની જીવનયાત્રાના ૬૦ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે તેથી આ પ્રસંગે સંસ્થાની રજત જયંતી અને શ્રી નાથાભાઈ નો "ષષ્ટીપૂર્તિ" ઉજવણી બાબતે શુભેચ્છાઓ પાઠવું છું.

શ્રી નાથાભાઈએ સંસ્થા દ્વારા બહેરા-મૂંગા, અપંગ, આદિવાસી, દલિત, નિરાધાર વિદ્યાર્થીઓ અને જીરૂરીયાતમંદ લોકો માટે સતત ઉમદા કાર્ય કરેલ હોઈ અને આ સંસ્થાએ ઉત્તરોતર પ્રગતિ કરેલ હોઈ વધુ ઉત્તરોતર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ.

વંદે માતરમ.

Member of Legislative Assembly
126-Godhra Guj.

આપનો,

(સી.કે.રાઉલજી)

ધારા સભ્ય
૧૨૬, ગોધરા
ગુજરાત રાજ્ય

જય જય ગરવી ગુજરાત

विधानसभा

गुजरात

# શ્રીમતિ સુમનબેન પી. ચૌહાણ

ધારાસભ્ય
૧૨૭ વિધાનસભા – કાલોલ
પંચમહાલ

જા. નં. તા.



પ્રતિ શ્રી .જેઠાભાઇ વણકર
અધ્યક્ષશ્રી
રજતજયંતિ અને નાથાભાઇ જી.વણકર
ષષ્ઠીપુર્તિ મહોત્સવ સમિતિ.

વંદે માતરમ

આપ સમિતિના સભ્યશ્રીઓ પંચમહાલ અનુસુચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરાના કર્ણધાર નાથાભાઇ વણકર ની ષષ્ઠીપુર્તિ ઉજવણી પ્રસંગે અભિનંદન ગ્રંથ " પમરાટ પુરુષાર્થના" પ્રકાશિત કરો છો. તે વિગત જાણી અનહદ આનંદ થયો.

નાથાભાઇ વણકર અમારા પરિવારના સજ્જન છે. મૂળ સમાજ સેવાના જીવ. કચડાયેલા અનુસુચિત જાતિ વર્ગો માટે ભારે મમતવ અને ઊંડી ભાવનાઓ ધરાવતા સેવા પુરુષ છે.

નાથાભાઇની ષષ્ઠીપુર્તિ અને સંસ્થાની રજતજયંતિ પ્રસંગે અંતરની શુભેચ્છા પાઠવતા એટલું જરૂર કેહવાનું મન થાય છે કે તેઓની સેવાઓને અનુરૂપ "પમરાટ પુરુષાર્થના" અભિનંદન ગ્રંથનું નામ આપવામાં આવે છે.જે અનુસૂચિત જાતિ સમાજ માટે દર્પણરૂપ બની રેહસે. ગણું જીવો નાથાભાઇ.

સુમનબેન પી.ચૌહાણ
ધારા સભ્યશ્રી
૧૨૭,વિધાનસભા-કાલોલ

રહે. મુ.પો. મહેલોલ, તા. ગોધરા, જી. પંચમહાલ – ૩૮૯૩૪૦ મો. ૯૯૦૪૧૦૨૮૩૭
બ્લોક નં. : ૨/૨ સદસ્ય નિવાસ, સેક્ટર–૨૧, ગાંધીનગર



Lajja Communications

**પ્રદિપ પરમાર**
**ચેરમેન**
**અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ**

વિધાનસભા
ગુજરાત

ધારાસભ્ય-૫૬, અસારવા
ફોન : ૦૭૯-૨૨૬૮૧૨૫૦
email : mlaasarwa@gujarat.gov.in
**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
વિઠ્ઠલભાઇ પટેલ ભવન, સેક્ટર-૧૦,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
તારીખ :



**<u>શુભેચ્છા સંદેશ</u>**

તા. ૩૦/૧૨/૨૦૨૦

પ્રતિશ્રી,
જેઠાભાઇ જે. વણકર,
અધ્યક્ષ, રજત જયંતિ અને ષષ્ઠીપૂર્તિ મહોત્સવ સમિતિ,
અડાદરા.

નમસ્કાર...

વદે માનરમ્ સાથે જણાવવાનું કે...

શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરા તા. કાલોલ, જી. પંચમહાલ ચાલુ વર્ષે ૨૫ વર્ષ પુરા કરી રહ્યા છે. અને આ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી નાથાભાઇ જી. વણકર પણ પોતાની જીવનયાત્રાના ૬૦ વર્ષ પુરા કરી રહ્યા છે.

શ્રી નાથાભાઇ એ સંસ્થા દ્વારા બહેરા-મુંગા, અપંગ, આદિવાસી, દલિત, નિરાધાર વિદ્યાર્થીઓ અને લોકો માટે સતત કાર્ય કર્યું છે. આવા અવિરત સેવાયજ્ઞ માટે સંસ્થાની રજત જયંતી અને નાથાભાઇ જી. વણકરની "ષષ્ઠીપૂર્તિ" મહોત્સવ ઉજવણી કરવામાં આવી રહી છે.

આ પ્રસંગે હું સંસ્થાને શુભકામનાઓ પાઠવું છું, આ સંસ્થા પ્રગતિશીલ રહે અને આજ પ્રકારે સમાજ સેવા સાથે જોડાયેલી રહે તેવી શુભેચ્છાઓ....

આપનો,

પ્રદિપ પરમાર
ધારાસભ્ય, ૫૬ – અસારવા વિધાનસભા

ઓફિસ સરનામું : ૭, તાતાનગર સોસાયટી, મેઘાણીનગર, અમદાવાદ-૧૬ ફોન નં. : ૦૭૯-૨૨૬૮૧૨૫૦

# ભારતીય જનતા પાર્ટી
## પંચમહાલ જિલ્લો

ભા.જ.પા.કાર્યાલય, ગૌરવ પથ,
પાંજરાપોળ રોડ,ગોધરા.
ફોન. : ૦૨૬૭૨-૨૪૮૨૮૨
E-mail. : bjppanchmahal1980@gmail.com

તા. ૨૩/૧૨/૨૦૨૦



પ્રતિ
સંપાદકશ્રી ,
ષષ્ટિપૂર્તિ રજતજયંતી ગ્રન્થ,

વર્ષો પૂર્વે  કાલોલ તાલુકાના અંતરિયાળ ગામ અડાદરામાં આવી નાનકડી નોકરી કરતાં કરતાં નાથાભાઈએ સમાજ સેવાનું સ્વપ્ન સેવ્યું અને ટાઢતડકો,ભૂખ,દુઃખ વેઠી ગરીબ બાળાઓ માટે છાત્રાલય ઊભું કર્યું. અને પછી તો અનેક શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરી ગરીબ બાળકોને વિદ્યાવાન બનાવ્યાં. આજે એ સંસ્થાને પચ્ચીસ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે, તો સાથે સાથે નાથાભાઈ પણ ૬૦ વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યા છે. આ આનંદની બેવડી ઘટના નો રાજીપો વ્યક્ત કરી એના ઉત્સવ અને ગૌરવ ગ્રન્થ પ્રાગટ્ય નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી અભિનંદન આપું છું. મારી જ ભૂમિમાં વિદ્યાના વડલા ઊગાડી વિદ્યાર્થીઓને જ્ઞાનશાળી બનાવવા બદલ ધન્યવાદ.

(અશ્વિનભાઈ પટેલ)
પ્રમુખ,
ભારતીય જનતા પાર્ટી
પંચમહાલ જીલ્લો



Lajja Communications




ભારતીય જનતા પાર્ટી મહીસાગર જિલ્લો

તા. ૧૫-૧૨-૨૦૨૦

પ્રતિ, જેઠાભાઈ વણકર
અધ્યક્ષ શ્રી.
નાથાભાઈ જી વણકર ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ
સમિતિ.

સમાજ સેવા અને શિક્ષણ ને સમર્પિત જીવન માં ડગ પળે અમૃત સિંચન થતું રહે છે. નામ પુરુષાર્થ થી વિકસાવેલી વલ્લરીઓ નિહાળીને જેના હૈયા માં હરિયાળી પ્રસરી રહે છે એવા ગુણિયલ વ્યક્તિ ઓની ગુણાનુવાદ કરવો સંસ્કૃત સમાજની પહેલી ફરજ બને છે.

મને આનંદ છે કે ધર્મ નિષ્ઠા, શિક્ષણ ને સમર્પિત, તથા બહેરા મૂંગા બાળકો માટે મૂક બધિર શાળાઓ ચલાવતા શ્રી નાથાભાઈ ના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ ઉજવવાનું આયોજન કરાયું છે. શિક્ષણ ની જ્યોત જગાવનાર ના અભિવાદન પ્રસંગે.. "પમરાટ પુરુષાર્થના" અભિનંદન ગ્રંથ પ્રકાશન થનાર છે હૃદય પૂર્વક ની શુભેચ્છા. ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ માટે શુભ કામનાઓ પાઠવું છું.

આપનો વિશ્વાસુ

(દશરથભાઈ બારીયા)
પ્રમુખ.
ભારતીય જનતા પાર્ટી
મહીસાગર જિલ્લો

॥ હરિઃ ૐ ॥

**હરિઃૐ આશ્રમ**

પબ્લિક ટ્રસ્ટ રજી. નં. ખેડા ઈ.૧૩૦૧
પોસ્ટ બોક્ષ નં. ૭૪, નડીઆદ-૩૮૭ ૦૦૧.

Phone : 7878046288

Web. : www.hariomashram.org
E-mail : hariommota10@gmail.com

રેફ. નંબર : ૨૦૨૦/૨૧/૦૬૧     તારીખ : ૦૧/૦૮/૨૦૨૦



**સ્નેહી શ્રી જેઠાભાઈ વણકર**
અધ્યક્ષશ્રી, રજતજયંતી અને નાથાભાઈ વણકર
ષષ્ટિપૂર્તિ મહોત્સવ સમિતિ.

હરિઃ ૐ

આપવો પણ મળ્યો. શ્રી પંચમહાલ અનુ. જાતિ એજ્યુકેશન ટ્રસ્ટની રજતજયંતિ અને શ્રી નાથાભાઈ વણકરની ષષ્ટિપૂર્તિની ઉજવણી સૌ કાર્યકર મિત્રો કરી રહ્યા છો તે જાણી ખૂબ આનંદની લાગણી અનુભવું છું. તથા આ પ્રસંગે શ્રી નાથાભાઈ વણકરનો સ્મરણિકા પુસ્તક "પુરુષાર્થનો પરમાટ" પણ પ્રકાશિત કરી રહ્યા છો તેનો વિશેષ આનંદ છે. હું મરા પપ્પા સ્વ. ગોવિંદભાઈ માયાવંશીના સમયથી નાથાભાઈને પ્રત્યક્ષ રીતે ઓળખું છું. તેઓની સંસ્થાઓમાં અવારનવાર જવાનું પણ થાય છે. તેઓએ શૈક્ષણિક સંકુલોની સ્થાપી, વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખી, શૈક્ષણિક પ્રવૃતિઓ દ્વારા ભાવિ નાગરિકો તૈયાર કરવાની જવાબદારી અદા કરે છે.

શ્રી નાથાભાઈની શૈક્ષણિક, સામાજિક, પ્રવૃત્તિઓનો હું નજરોનજર સાક્ષી છું તેમની પ્રવૃત્તિઓ પ્રત્યક્ષ નિહાળી છે. શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા તેમણે જે સુંદર કાર્ય કર્યું છે. તે તેમની શિક્ષણનીતિ અને વ્યવસ્થા શક્તિની સાક્ષી છે. તેમજ આ શૈક્ષણિક સંકુલોના માધ્યમથી અનેક વિદ્યાર્થીઓએ પોતાનું ભાવિ જીવન ઘડતર તથા સંસ્કારોનું સિંચન કરેલ છે.

સંસ્થાની 'રજતજયંતિ' પ્રસંગે તથા શ્રી નાથાભાઈની ષષ્ટિપૂર્તિ મહોત્સવ પ્રસંગે તેઓ સુદીર્ઘ અને સ્વાસ્થ્યપૂર્ણ જીવન જીવે અને તેમનાં શૈક્ષણિક, સામાજિક સેવાનાં કાર્યો વિકસતાં રહે તેવી પૂજ્યશ્રી મોટાને પ્રાર્થના.

આપનો સ્નેહાધિન
(જીતેન્દ્રકુમાર અમીન)
મેનેજીંગ ટ્રસ્ટી
હરિ : ૐ આશ્રમ, નડિયાદ
જિ. ખેડા




Lajja Communications

# સન્માનપત્રો

ગુજરાત સરકાર

## સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

મહાત્મા ગાંધી એવોર્ડ



## પ્રશસ્તિપત્ર

**શ્રી પંચમહાલ અનુ.જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ**, અડાદરા, તા. કાલોલ, જિ. પંચમહાલની સ્થાપના ૧૯૯૫માં થયેલી છે. ત્યારથી સંચાલકશ્રી અને ટ્રસ્ટી મંડળે આ સંસ્થા દ્વારા અનુસૂચિત જાતિના તથા સમાજના નબળા વર્ગના ઉત્કર્ષ માટે મહત્વનું યોગદાન આપ્યું છે. સંસ્થા દ્વારા શિક્ષણ તેમજ આરોગ્ય અંગેની કામગીરી કરવામાં આવે છે. અનુ.જાતિ, જનજાતિ અને વિકલાંગ બાળકો માટે નિવાસી શાળાઓ, બહેરા-મૂંગા બાળકોની શાળા, છાત્રાલયો, વ્યવસાયિક તાલીમ કેન્દ્રો ચલાવવા જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી છે, જેનો ૫૦૦ જેટલા ગરીબ વિદ્યાર્થીઓ લાભ લે છે.

સંસ્થાની ૧૯૯૫ માં સ્થાપના થયા બાદ છેલ્લાં ૧૮ વર્ષથી દલિત, આદિવાસી, ગરીબ, શોષિત સૌઓ અને પીડિતોની સેવા, શૈક્ષણિક જાગૃતિ અને લોક સશક્તીકરણ દ્વારા સમાજ પરિવર્તન કરવાનું સમાજ ઉત્થાન, સમાજ સુધારણા જેવાં વિવિધ કાર્યોની વિકાસ યાત્રા અવિરત ચાલુ રહી છે. સંસ્થાની વિવિધ સામાજિક શૈક્ષણિક પ્રવૃત્તિઓ બદલ માન-સન્માન મળ્યાં છે.

શ્રી પંચમહાલ અનુ.જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરા, તા. કાલોલ, જિ. પંચમહાલ દ્વારા સમાજ કલ્યાણક્ષેત્રે કરવામાં આવેલા ઉપર્યુક્ત વિશિષ્ટ પ્રદાનની કદર રૂપે વર્ષ, ૨૦૧૩-૧૪ નો ₹ ૧,૦૦,૦૦૦/- (₹ એક લાખ પૂરા)નો **મહાત્મા ગાંધી એવોર્ડ** એનાયત કરતા ગુજરાત સરકાર આનંદ અને ગૌરવ અનુભવે છે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧/૧/૨૦૧૪

સંજય પ્રસાદ
**સંજય પ્રસાદ**
**અગ્રસચિવ**

Lajja Communications



શ્રી કીકુભાઈ ગુલાબભાઈ નાયક ચેરીટેબલ ટ્રસ્ટ - કછોલી

# કીકુભાઈ નાયક પુરસ્કાર

## બધિર કલ્યાણ ક્ષેત્રે

### વર્ષ : ૨૦૧૫

**નાથાભાઈ ગલાભાઈ વણકર**

બહેરાં-મૂંગાની શાળા - ગોધરા

ગાંધી વિચાર હૃદયમાં ઉતારી સમાજના શોષિતોના શક્તિસ્રોત, પારદર્શક, સરળ, કર્મઠ અને નિઃસ્વાર્થ જીવન જીવનાર, બધિરોના વિકાસમાં રચ્યાપચ્યા રહેનાર કીકુભાઈનાં કાર્યો આપ સમા આજીવન સમાજસેવકે બધિરોના ઉત્થાનમાં સતત કાર્યરત રહી સમાજને સ્વાસ્થ્ય બક્ષતા રહીને સ્વ. કીકુભાઈની મનપસંદ રાહને જીવંતતા બક્ષી તે બદલ આપનું અભિવાદન કરતાં અમો ગૌરવ અનુભવીએ છીએ.

આપને નિરામય દીર્ઘાયુષ્ય મળે અને આપ નિઃસ્વાર્થ પણે સમાજ સેવાની સમર્પિત સુવાસ હજીયે વધુ પ્રસરાવતા રહી સમાજ તથા રાષ્ટ્રને સૌરભમય બનાવતા રહો એ જ અભિલાષા.

લિ. અમે છીએ,

| | | |
|---|---|---|
| (ડૉ. અબ્બાસઅલી તાઈ) | (ડૉ. ઈશ્વરચંદ્ર દેસાઈ) | (બળવંતરાય નાયક) |
| મંત્રી | ઉપ-પ્રમુખ | પ્રમુખ |

કછોલી

તા. ૯-૪-૨૦૧૬

તથા

ટ્રસ્ટી મંડળ

શ્રી કીકુભાઈ ગુલાબભાઈ નાયક ચેરીટેબલ ટ્રસ્ટ - કછોલી

મુ.પો. કછોલી - ૩૯૬ ૩૭૦, રે.સ્ટે. અમલસાડ (પ.રે.) તા. ગણદેવી, જિ. નવસારી (ગુજરાત)
ફોન : (ઓ.) (૦૨૬૩૪) ૨૭૦૭૫૯, ૨૭૨૨૫૯

# BHAGWAN MAHAVEER FOUNDATION

**961, Pounsmallee High Road, Chennai – 600084**

## 22nd MAHAVEER AWARD FOR EXECLLENCE IN HUMAN ENDEAVOUR IN THE SPHERE OF EDUCATION

### Shree Panchmahal Anusuchit Jati Education Trust (PAJET), Adadara, Gujarat

Shree Panchmahal Anusuchit Jati Education Trust (PAJET), Adadara, is a non political and non governmental voluntary organization working in the Panchmahal and Dahod Districts of Gujarat for the educational development of tribal and rural people. These Districts are predominantly inhabited by people belonging to the Bhil tribe. Under challenging circumstances, the NGO has established schools and hostels and vocational training centers for improving the quality of life of the tribals.

The Organization has established and is amintaining following educational institutions:

- Gandhi Special School for Deaf & Dumb Chileren at Godhra, Dist. Panchamahal. Students come from Panchmahal, Dahod, Mahisagar, Chhota Udepur etc. At present 102 students (Boys & Girls) are given free education with boarding and lodging facilities.
- Ashram Shala. It is a Residential School for Scheduled Tribe children in Adadara. The School has 1st to 10th Standard Classes with separate hostel facility for girls.
- Girls' Secondary School, Adadara. It provides free deucational, boarding and lodging facilities to 166 SC/ST girls and boys of Kalal Taluka.
- PAJET has established 4 Hostels, namely Smt. Jayaben Bhadrasen Khot Hostel, Ku. Resha Patel Girls' Hostel, Nayanaba F. Chauhan Girls' Hostel, Swami Vivekanand Boy's Hostel. Free lodging and boarding facilities are provided to the students of remote areas. At present more than 300 students are availing the benefits.
- PAJET is providing vocational and skill development training to persons with disabilities for a minimum of 6 months and maximum of 12 months.
- Computer Classes have also been started benefitting more that 1000 boys and girls.

The Bhagwan Mahaveer Foundation is pleased to confer the Twenty Second Mahaveer Awards in the field of Education on Shree Panchmahal Anusuchit Jati Education Trust in recognition of its significant services. We believe many would be inspired by the services and emulate them.

CHENNAI — 29th JANUARY, 2021

# સામાજિક સદ્ભાવના મિશન

ગુજરાત પ્રદેશ મોટીસરસણ

## સન્માન પત્ર



**શ્રી નાથાભાઈ જી. વણકર**
**અડાદરા**


આપશ્રીએ શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ આપનું સન્માન કરતા સામાજિક સદ્ભાવના મિશન, ગુજરાત પ્રદેશ, મોટી સરસણ હર્ષ અને ગૌરવ અનુભવે છે. આપશ્રી હજુ વધુ ઉત્તરોત્તર પ્રગતિ કરી સિદ્ધિના નવા સોપાનો સર કરી ભવ્ય સફળતા પ્રાપ્ત કરો અને સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં સદૈવ શ્રેષ્ઠ પ્રદાન કરતા રહો તેવી અભિલાષા તેમજ શુભેચ્છાઓ સહ....

150 YEARS OF CELEBRATING THE MAHATMA

સ્થળ : મોટી સરસણ
તા. સંતરામપુર જી. મહીસાગર
તા. ૦૧-૧૦-૨૦૧૯ વણકર દિવસ

(અમિત પરમાર)
પ્રમુખ
સામાજીક સદ્ભાવના મિશન
ગુજરાત પ્રદેશ-મોટી સરસણ




INTERNATIONAL INSTITUTE OF EDUCATION & MANAGEMENT
IIEM
JEWEL OF INDIA AWARD
PRESENTED TO
MR. NATHABHAI GALABHAI VANKAR
FOR OUTSTANDING ACHIEVEMENTS



# અનુક્રમ


» **અર્પણ**
» **ડોનર**
» **આશીર્વાદ**
» **સંદેશા**

» **લેખ**
» નિવેદન..................................................
» સંપાદકના બે બોલ.................................
» સર્જનનું પ્રતિક........................................
» મારા ખાસ મિત્ર નાથાભાઈ.....................
» કુનેહબાજ :- શ્રી નાથાભાઇ ....................
» कृतं मे दक्षिणे हस्ते जयो मे सव्य आहित: ....
» શ્રી નાથાભાઈ એટલે શૂન્યમાંથી સર્જન....
» તું તારો દીવો થા.. ...............................
» રણમાં કેડી કંડારી..................................
» કર્તવ્ય એજ પૂજા....................................
» શ્રી નાથાભાઈ વણકર : પુરુષાર્થનો પુલકિત પમરાટ.......................................
» વણકર સમાજનું વિરલ વ્યક્તિત્વ...........
» તળેટીથી ટોચ સુધી ...............................
» પરિશ્રમના પાકટ પમરાટનું પ્રતીક - નાથાભાઈ...............................................
» નાના માણસની મોટી વાત.......................
» નાથાભાઈની સેવકથી સમાજસેવક અને શાળા સંચાલક સુધીની અનોખી સફર.....
» એક સમર્પિત લોક સેવક .........................
» જિંદગીની આગને બાગમાં ફેરવનાર કર્મયોગીને શત શત વંદન (શ્રી નાથાભાઇ ગલાભાઇ વણકર)..................................
» કર્મવીર નાથાભાઈ..................................
» અડાદરામાં એકલોવીર...........................
» દલિતોના શિક્ષણના સૂત્રધાર...................
» પ્રતીક પાંસરોડાનું...........! .......................
» પંચમહાલની ધરતી પર સામાજીક સેવા કાર્યોની જયોત પ્રગટાવતા મુરબ્બીશ્રી નાથાભાઇ જી.વણકર..............................
» પાંસરોડાનો પનોતો પુત્ર. .........................
» વામનમાંથી વિરાટ દીવાદાંડી રૂપ વ્યક્તિત્વ................................................
» અમારું ગૌરવ નાથાભાઈ.........................
» તળેટીથી શિખર સુધીની સફર.................
» કપરી ભૂમિમાં ઉગેલ વટવૃક્ષ...................
» પરિશ્રમની સિધ્ધિઓનું પુષ્પક નાથાભાઈ.
» આનોખા માણસ.......................................
» સ્નેહીજનની કલમે..................................

» ઘેઘૂર વડલો............................................
» સમાજના પ્રહરી નાથાભાઈ.....................
» મારી નજરે નાથાભાઈ ............................
» રાંકનું રતન ............................................
» સમાજસેવા, શિક્ષણ, અને રાજકારણના પ્રહરી : શ્રી નાથાભાઈ વણકર ................
» એકમાં અનેક થઈને જીવતો માણસ- નાથાલાલ વણકર ...............................
» ભણતર નહિ પણ ગણતર ......................
» નાથાભાઈ...............................................
» શિક્ષણપ્રહરી નાથાભાઈ ..........................
» ઘસાઈને ઉજળા થવાય ...........................
» ઉદ્યમ અને ઉત્સાહના પર્યાય : નાથાભાઈ વણકર....................................................
» આંબાની ડાળે મોરલો ટહુક્યો.................
» ફૂલની ખુશ્બુ..........................................
» બુલંદ વ્યક્તિત્વ......................................
» કાદવમાંથી કમળ ખીલ્યું..........................
» વર્ષાનું જળ પુષ્પની સુગંધ.......................
» સ્મરણો..................................................
» સાચો સેવાભાવી....................................
» શ્રી નાથાભાઈ ગલાભાઈ વણકર જીવન ઝલક ..........................................
» પ્રેરણામૂર્તિ- નાથાભાઈ............................
» પ્રેરણાદાયી પગદંડી કંડારનારા શ્રી નાથાભાઈ...............................................
» નાથાભાઈ એક વિરાટ વ્યક્તિત્વ ...........
» સાચો મનુષ્યાવતાર ...............................
» જેને ગાવું જ છે તેને ગીત મળી રહે છે જેને ઉડવું જ છે, તેને ગગન મળી રહે છે
» મારી વાત.............................................
» આશિર્વાદ.............................................
» વણથંભી યાત્રા નાથુજી એક વિરલ મનખો ...............................................
» પ્રેરણાનું પુષ્પ એટલે નાથાલાલ................
» તળેટીથી શિખર સુધીની સફર એટલે સપનાના વાવેતર..................................
» સમાજના સેવક .....................................
» અમારા પૂજ્ય પિતા...............................
» આકાશને આંબવાની હિંમત...................
» અનુસૂચિત જાતિનું રતન........................
» આદર્શરૂપ નાથાભાઈ ............................
» કઠોર પુરુષાર્થનો કોઈ વિકલ્પ નથી .........
» વાત્સલ્યનું ઝરણું : ડાહીબેન ..................
» અનાથના નાથ – નાથાભાઈ ..................
» વ્યક્તિ વિશેષ.........................................
» ઓળખ નાથાભાઈની..............................
» સત સત પ્રણામ.....................................
» મનખા દેહને સાર્થક કરી બતાવ્યો...........
» આપણને લાગે કે આ ના થાય..... એ કરી બતાવે તે નાથાભાઈ..............................
» પાંસરોડા પાદરનું રતન નાથાભાઈ..........


Lajja Communications

# નિવેદન

# તળેટીથી શિખર સુધીની સફર

**નરસિંહ નાથાભાઇ ચૌહાણ**
મંત્રીશ્રી, શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ,
અડાદરા.

મન હોય તો માળવે જવાય. અંગ્રેજીમાં કહેવાયું છે કે, If there is will, there is way. ઈચ્છા હોય તો રસ્તાઓ આપો આપ મળી રહે છે. ખેડા જિલ્લાના નાનકડા પાંસરોડા ગામમાં શ્રમજીવી ખેડુ તરીકેના જીવનમાં ખેતરમાં બીજ વાવવાની જગ્યાએ અમે સપનાં વાવેલાં. એ સપનાં સમાજની જરૂરિયાતોમાંથી અને કેટલાક સારી દિશામાં મથતા પુરૂષાર્થકોને જોઈને અમારી આંખમાં ઉગેલા. મથીએ તો માર્ગ મળે. ઓછું ભણતર, પણ ગણતર વધુ, તે ગણતર.. જીત્યું. ભણતરે ચોથા વર્ગની નોકરી અપાવી, અડાદરા તા.કાલોલની એમ.આર. હાઈસ્કૂલમાં. ત્યાં સાથી મિત્ર રમેશભાઈ હિરાભાઈ વણકરનો સાથ મળ્યો. સાથે માવજીભાઈ વણકર પણ જોડાયા અને એક ટ્રસ્ટ રજીસ્ટર થયું તા.૫/૮/૧૯૯૫ના રોજ જે ટ્રસ્ટ દ્વારા અખંડ પંચમહાલ, છોટાઉદેપુર જેવી જગ્યાઓના અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ધો.૧ થી ૧૨નું શિક્ષણ મળે તે હેતુથી હાઈસ્કૂલની કર્મચારી મંડળીની લોનથી અડાદરા ખાતે સંસ્થા માટે જમીન ખરીદી. પ્રથમ શ્રીમતી જે.બી. ખોત કુમાર છાત્રાલય નામે સંસ્થા શરૂ કરી. ૨૦ વિદ્યાર્થીઓની મંજૂરી ગાંધીનગરની સમાજકલ્યાણ નિયામકશ્રીની કચેરી દ્વારા. એ વર્ષ હતું ૧૯૯૬નું. આ કુમાર છાત્રાલયનું મકાન બાંધવામાં દાતાશ્રી સ્વ.ગોવિંદભાઈ માયાવંશીએ રૂા.૨૫,૧૧૧/- દાન આપેલું. આઠમી મેએ સ્વ.ગોવિંદભાઈ માયાવંશીના હસ્તે એનું ભૂમિપૂજન થયું. આમાં કેટલાક દાતાઓ મળતા ગયા.

કુમાર છાત્રાલયનું ઉદ્ઘાટન આદર્શ કેમીકલ, સુરતના મેનેજરશ્રી વિનોદ ડી. ચૌહાણે કર્યું હતું. તે કાર્યક્રમના અધ્યક્ષ ધારાસભ્યશ્રી પ્રભાતસિંહ ચૌહાણ તથા મુખ્ય મહેમાનો ગોવિંદભાઈ માયાવંશી, પાંડવા તથા રસિકભાઈ શાહ, અડાદરા તથા નવીનભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા. તે તારીખ હતી ૨૮/૧૨/૧૯૯૭. પહેલી જાન્યુઆરી ૧૯૯૮માં કન્યા છાત્રાલયની મળેલી મંજૂરીના અનુસંધાને સંસ્થાએ ભાડાના મકાનમાં શરૂઆત કરી. સ્વાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, બોરીવલી, મુંબઈના ટ્રસ્ટીશ્રી હરીશભાઈ ખોત અને મંત્રીશ્રી જયંતિલાલ શાહે કુમાર છાત્રાલયના ભોજનાલય માટે ઉદાર સખાવત દાખવી હતી. તે ભોજનાલયનું ભૂમિપૂજન સ્વાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, મુંબઈના માનદ મંત્રીશ્રી જયંતિલાલ એમ. શાહના વરદ હસ્તે કરવામાં આવેલું જેના મુખ્ય મહેમાનશ્રી કનુભાઈ વી. શેઠ અને

રસિકભાઈ સી. શાહ તથા મુકેશભાઈ વી. શેઠ ઉપસ્થિત રહ્યા હતા. એનું સ્મરણ આભાર સાથે આજે પણ કરીએ છીએ.

પણ કન્યા છાત્રાલય માટે જમીન અને મકાન બાંધકામની અત્યંત જરૂર હતી. પણ કહેવાય છે કે ઈશ્વર જાતે મદદ કરવા આવતો નથી. એ કોઈકને પ્રેરણા આપે છે. તે રીતે સંતરામ મંદિર, નડીયાદના મહંત પરમ પૂજનીયશ્રી નારાયણ બાપુની પ્રેરણાથી અમેરીકા નિવાસી રોહિતભાઈ પટેલે જમીન અને મકાન બાંધકામમાં આર્થિક મદદ કરી. આ મકાનનું ભૂમિપૂજન સંતરામ મંદિર, નડીયાદના હાલના મહંતશ્રી અને તે સમયના સંતરામ મંદિર, કરમસદના મહંત પરમ પૂજનીયશ્રી રામદાસજી મહારાજશ્રીના વરદ હસ્તે કરવામાં આવ્યું જેના પ્રમુખ સ્થાને તે સમયના વન અને પર્યાવરણ મંત્રીશ્રી પ્રભાતસિંહ ચૌહાણ અને મુખ્ય મહેમાન પદે સાંસદ ભૂપેન્દ્રસિંહ સોલંકી તથા માજી શિક્ષણમંત્રીશ્રી કરસનદાસ સોનેરી તથા દાતાશ્રી રોહિતભાઈ પટેલ, અમેરીકા અને ગોવિંદભાઈ માયાવંશી તેમજ જે.એમ. શાહ, મુંબઈ ઉપસ્થિત રહ્યા હતા. આજ સિલસિલાનું એક ત્રીજું સોપાન અનુસૂચિત જનજાતિનું કન્યા છાત્રાલય એની પણ મંજૂરી મળી. જેની શરૂઆત પ્રારંભે તા.૧૦/૬/૧૯૯૯થી ભાડાના મકાનથી થઈ પણ ૨૦૦૧માં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા મળેલી ગ્રાન્ટમાંથી આનું મકાન થયું અને ઉપયોગમાં લેવાયું.

આંખો આદિજાતિ અને અનુસૂચિત જાતિના બાળકોનાં શિક્ષણનાં સપનાં હજુયે સાકાર થવાની રાહ જોતી હતી. સાચો પુરૂષાર્થ હંમેશાં વાસ્તવિકતામાં પરિણમે જ છે. આદિજાતિ વિકાસ વિભાગે આશ્રમ શાળા માટેની માગણીના સંદર્ભે ધો.૧ થી ૭ની મંજૂરી આપી જેના મકાન માટે અને અંગત બચતમાંથી જમીન ખરીદી અને તબક્કાવાર સરકારી ગ્રાન્ટમાંથી એ મકાન બંધાતું ગયું. હવે પૂર્ણ પણ થયું.

ભાગ્યશાળીને ભૂત પણ રળી આપે છે, એ કહેવતના સંદર્ભે શિક્ષણ સેવાની ક્ષુધાતૃપ્તિ કરવા માટે અમારી સંસ્થાને ૨૦૦૧-૦૨માં ગોધરા ખાતેની બંધ પડેલી બહેરા-મુંગા બાળકોની શાળા માટેની મંજૂરી પણ મળી. જે શાળા શરૂઆતમાં ગોધરા ખાતે ભાડાના મકાનમાં ચલાવી, પણ અંતે સરકારી પડતર જમીનમાંથી એક વીઘા જેવી જમીન અમારી સંસ્થાને ફાળવવામાં આવી. એ વર્ષ હતું ૨૦૧૩. આ જમીનમાં બાંધકામ માટે ઓ.એન.જી.સી., દિલ્હીના સી.એસ.આર. ફંડનો પણ લાભ મળ્યો. પણ ગાંધી સ્પેશ્યલ ટ્યુબ, હાલોલના ડિરેક્ટરશ્રી મનુભાઈ ગાંધી તથા શ્રી ભૂપતભાઈ ગાંધીએ માતબર રકમ ખર્ચી આધુનિક સગવડવાળું બીલ્ડીંગ બનાવી આપ્યું જેનો ખર્ચ રૂ.ત્રણ કરોડ જેવો થયો. આ મકાનનું ભૂમિપૂજન સંતરામ મંદિર, ઉમરેઠના મહંતશ્રી પૂ.ગણેશદાસજી મહારાજના વરદ હસ્તે થયું. ત્યારના સાંસદ માન.શ્રી પ્રભાતસિંહ ચૌહાણ આ કાર્યક્રમના અધ્યક્ષ



Lajja Communications

હતા. આજે આ બીલ્ડીંગ એની ભવ્યતાથી શોભે છે. પણ દાતાશ્રીઓ અને સંતો મહંતોના આશીર્વાદનું તેજ ઝળહળે છે.

તા.૧૭/૪/૨૦૧૬ના રોજ આ બીલ્ડીંગનું ઉદ્‌ઘાટન પંચમહાલ જિલ્લાના સાંસદ માનનીયશ્રી પ્રભાતસિંહ ચોહાણ સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું. તેમાં મુખ્ય મહેમાન તરીકે માર્ગ્યસ્મિત સ્વામી, વડોદરા તથા દાતાશ્રીઓ શ્રી મનુભાઈ ગાંધી તથા શ્રી ભૂપતભાઈ ગાંધી, ધારાસભ્યશ્રી અરવિંદસિંહ રાઠોડ અને નગરપાલિકાના પ્રમુખશ્રી વિદ્યાબેન હરવાણી, ગોધરા તથા જિલ્લા સમાહર્તા હાજર રહ્યા હતા.

વર્ષ ૨૦૦૫માં નોન ગ્રાન્ટેડ કન્યા માધ્યમિક શાળા પણ શરૂ કરાઈ જેમાં સ્વાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, બોરીવલી, મુંબઈ દ્વારા મકાન બાંધકામ માટે દાન પ્રાપ્ત થયું.

આશ્રમશાળાના બાળકોને અલગથી બેસાડીને વિશેષ સુવિધાયુક્ત ભોજનાલયમાં જમવાની વ્યવસ્થા કરવાની જરૂરિયાત રૂા.૧૫ લાખના માતબર દાનથી પૂર્ણ થઈ, જે ઓ.એન. જી.સી., ન્યુ દિલ્હીના ફંડમાંથી મળેલ. આ ભોજનાલયના કાર્યક્રમમાં તા.૨૧/૩/૨૦૧૫ના રોજ સ્પોટ મેનેજર શ્રી કે. જે. રાવ, ઓ.એન.જી.સી., વડોદરાના વરદ હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું. તે સમયના સાંસદ માનનીયશ્રી પ્રભાતસિંહ ચૌહાણે પણ આ વખતે અધ્યક્ષપદ શોભાવ્યું હતું અને મુખ્ય મહેમાન તરીકે ઓ.એન.જી.સી., દિલ્હીના એચ.આર. મેનેજર સ્વાતિબેન ઉપસ્થિત રહ્યા હતા.

ઓ.એન.જી.સી., ન્યુ દિલ્હીના ૧૭ લાખના દાનથી તેયાર થયેલ આઠ રૂમનું ઉદ્‌ઘાટન તા.૮/૧૦/૨૦૧૭ના રોજ સાંસદશ્રી પ્રભાતસિંહ ચોહાણના વરદ હસ્તે થયું. તેમાં મુખ્ય મહેમાનપદે તત્કાલીન માનનીય ધારાસભ્ય સ્વ.શ્રી અરવિંદસિંહ રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઓ.એન.જી.સી., વડોદરાના ઈ.ડી. અરૂણકુમાર અને અતિથિ વિશષ તરીકે કાલોલ તાલુકા પ્રમુખશ્રી નરેન્દ્રસિંહ તથા એચ.આર. મેનેજર, ઓ.એન.જી.સી., વડોદરાના શ્રી તેજપાલસિંહ પણ હાજર રહ્યા હતા.

ઓ.એન.જી.સી., ન્યુ દિલ્હીના ૧૮ લાખના દાનથી તૈયાર થયેલ બીજા ૧૦ વર્ગ ખંડોનું તા.૨૮/૧૦/૨૦૧૮ના રોજ ઉદ્‌ઘાટન સંત સવૈયાનાથ સમાધિ સ્થળ ઝાંઝરકાના મહંત ૧૦૦૮ મહામંડલેશ્વર અને રાજ્ય સભાના સાંસદ પૂજ્યશ્રી શંભુનાથજી ટુંડિયાના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ વખતે તે સમયના સાંસદ માનનીયશ્રી પ્રભાતસિંહ ચૌહાણ તથા ઓ.એન.જી.સી., વડોદરાના ઈ.ડી. અરૂણકુમાર સુતરીયા તથા ધારાસભ્યશ્રી સુમનબેન ચૌહાણ તથા જિલ્લા પ્રમુખશ્રી રાજપાલસિંહ અને તાલુકા પ્રમુખ શ્રીમતી પુષ્પાબેન

ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

આ સંસ્થા દ્વારા ચાલતા તમામ શૈક્ષણિક એકમો અને નિવાસી વ્યવસ્થાઓમાં ઉપર જણાવેલ દાતાશ્રીઓ, સંસ્થાઓ, સંતો, મહંતો, રાજકીય મહાનુભાવો અને સરકારી અધિકારીશ્રીઓ તથા વ્યાપક સમાજના શુભેચ્છકશ્રીઓનો મોટો ફાળો રહેલ છે. ગાદલાં, પલંગ, ફર્નિચરથી માંડીને અત્યાધુનિક કોમ્પ્યુટર્સ જેવી સાધન સુવિધાઓમાં દાતાઓએ હાથ લંબાવ્યો છે. જેનું ઋણ અમે આજીવન ચૂકવી શકીએ તેમ નથી.

અમારી સંસ્થા ભવિષ્યમાં મહાશાળા / કોલેજો તથા ઔદ્યોગિક તાલીમ મળી રહે તેવા એકમો શરૂ કરવા માગે છે. અહીં ભણતા બાળકો સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી શકે તેવા તાલીમવર્ગો પણ કરવા ઈચ્છે છે. આધુનિક સગવડોવાળી લાયબ્રેરી, ઈ-લાયબ્રેરી માટે પણ સંસ્થા સ્વપ્ન સેવે છે.

આ સંસ્થાના રજત જયંતિ મહોત્સવ નિમિત્તે આપની સામે આ પેટછુટી વાત કરતાં અમને ગૌરવ થાય છે. અમારી સફળતાઓને ધ્યાને લઈ એવોર્ડના મણિમુગટોથી અમારી સંસ્થાઓને શણગારનાર મહાનુભાવો અને સંસ્થાઓનો ઋણ સ્વીકાર કરીએ છીએ. પણ હાલ પૂરતું એ વાતોને વિસ્તારભયે લંબાવતા નથી. જાહેર હિતની સંસ્થાઓ માર્ગના કિનારે ઊભેલા આમ્રવૃક્ષ જેવી હોય છે. જેના સુફળો, આમ્રફળો પંથીઓ માટે સુલભ બની રહે છે. જે બાળકો સમાજની હિતચિંતાઓ કરતી સંસ્થાઓમાં ભણી ગણી આગળ આવે છે, એમના હૃદયમાં પણ સેવાભાવનાઓ ઊગતી હોય છે. જીવન પરમાર્થે કરીને જ સફળ થાય છે. જે દિશામાં કેવળ ઈશ્વર જ પ્રેરતો હોય છે. આજે અમારી સંસ્થાનો રૂપેરી ચંદ્ર ઊગીને તેજ પાથરે છે. ભવિષ્યમાં સોનેરી સૂરજના દર્શન ભવિષ્યની પેઢીઓ કરશે એ જ અભ્યર્થના સાથે દાતા, સહાયકો, સમાજને વંદન કરી વિરમું છું.

આ ગ્રંથનું પ્રકાશન થાય છે ત્યારે હૈયું આનંદથી નાચે છે. સંબંધે પિતા, પણ વહીવટ અને કામમાં ગુરુ સમાનને અમે વંદીએ છીએ.

❀ ❀ ❀



Lajja Communications

# સંપાદકના બે બોલ

**જેઠાભાઈ જે. વણકર**
સંપાદક
પમરાટ પુરુષાર્થનો
ષષ્ટિપૂર્તિ અભિનંદન ગ્રંથ.

લોકસેવક શ્રી નાથાભાઈ વણકરના ષષ્ટિ પૂર્તિ મહોત્સવ-પ્રસંગે આપના કરકમળમાં આ "પમરાટ-પુરુષાર્થનો" અભિનંદન ગ્રંથ મૂકતાં અત્યંત હર્ષની લાગણી અનુભવીએ છીએ. મુ.શ્રી નાથાભાઈ વણકર એટલે કેળવણીકાર... અનુસૂચિત જાતિની સેવા કાજે સતત કાર્યશીલ રહેલા. ૬૦ વર્ષની ઉંમરે તેઓ તરવરિયા નવયુવાનની ઈચ્છા શક્તિ ધરાવે છે. જેની આજે રજતજયંતી ઉજવાઈ રહી છે તે પંચમહાલ જિલ્લા અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરાના માધ્યમથી એમણે જે સેવા પ્રવૃત્તિઓ આદરી અને તેના સુખદ સંસ્મરણો અનેક-લોકોના માનસ પટ પર છવાયેલા છે. તે પૈકીના કેટલાક યાદગાર-સંસ્મરણોને પુષ્પો રૂપે આપની સમક્ષ રજૂ કરીએ છીએ.

શ્રી. નાથાભાઈ વણકર એક સંનિષ્ઠ, અભ્યાસનિષ્ઠ, નીડર તેમજ સક્રિય કાર્યકર્તા તરીકે સુંદર છાપ ઊભી કરી આજે ૬૦ વર્ષની જૈફ વયે પણ એમણે અણિ શુધ્ધ અનુસૂચિત જાતિના સેવક અને કેળવણીકાર તરીકેની નામના જાળવી રાખેલ છે. તેઓ શિક્ષણ-સમાજ અને જનસેવાને ધર્મ માનીને તન-મન-ધનથી આગળ વધી રહ્યા છે. તેઓએ સંસ્થાઓના વિકાસ માટે અવિરત પ્રવાસ ખેડ્યો છે. સંસ્થાઓને નંદનવન બનાવી છે.

પ્રભાવશાળી અને જ્વાજલ્યમાન વ્યક્તિત્વ, લોંખડી મનોબળ ઝંઝાવાતો સામે ઝઝૂમનાર, ધાર્યું કામ પાર પાડવા કૃતસંકલ્પ. ભલભલા પડકારોને પહોંચી વળવાની હૈયે હામ. અવરોધો વચ્ચે અડીખમ, સામે પૂર તરવાનું અખૂટ સાહસ-સ્પષ્ટ વક્તા- નિર્મળ વ્યક્તિ અને-પારદર્શક વ્યક્તિત્વ ધરાવે છે.

૬૦ વર્ષના વિશાળ વડલાને આજે થડ સમા તેમના ધર્મ પત્ની શ્રીમતી ડાહીબેન, રામ-લક્ષ્મણ જેવા મુખ્ય ડાળ સમાન બે દીકરા નરસિંહ-રમેશ. વાત્સલ્યનું ઝરણું વહેવડાવનાર દીકરી જ્યોત્સ્ના. ઉપરાંત બહુજ બહોળો ચાહક વર્ગ, મિત્રો, સંબંધીઓ શુભેચ્છકો-અને દાતાઓનું પીઠબળ ઓછું આંકી શકાય તેમ નથી. સૌથી ટોચે તેમની આગવી કોઠાસૂઝ અને "વેરી પણ જેના વેણવખાણ" કરે એવી મધુર વાણી... બેનમૂન કાર્ય પ્રણાલી વગેરે સમયાંતરે-સૌને પોતાના કરીલે છે.

વણકર સમાજના સંનિષ્ઠ હિંતચિંતક... સમાજના અદના સેવક તરીકે સમૂહ લગ્નોનું

આયોજન કર્યું સાત ગામ વણકર સમાજ સાઠંબાના "સમાજ ઘર"નો પાયો નાખ્યો. તેમના જીવન કાર્યના અનેક પ્રસંગો-દષ્ટાંતો એક સમાજ સેવક તરીકેના વ્યક્તિત્વને ઉત્તમ રીતે ઉજાગર કરે છે. સમાજની કલ્યાણલક્ષી પ્રવૃત્તિમાં મોખરે રહ્યા છે. તેઓ જે સમાજ માં જન્મ. ઉછેર-સંસ્કાર પામી પાગર્યા એ સમાજના ઉત્કર્ષ માટે જૂનવાણી વિચારો-કુરૂઢિઓ-કુરિવાજો દેખાદેખીથી થતાં ગજા બહારના મોટા ખર્ચાઓથી દૂર રહેવા સમાજને અંગૂલિ નિર્દેશ કર્યો છે. સંસ્થાના અંગોને સુદઢ અને સુંદર બનાવ્યા. નાણાં એકત્ર કરવા એકલપંડે પ્રયત્નો કર્યા. અડચણો આવીતો માત્ર પોતાના પ્રયત્નોમાં અડગ અને અથાગ, પ્રયત્ન કરી પાર પાડ્યું.

મહયોગી શ્રી અરવિંદ રચિત મહાકાવ્ય "સાવિત્રી"માંથી બે-ત્રણ અવતરણો અહીં અસ્થાને નહિ ગણાય.

જમને પલટો દેતી પ્રભુની આવશે ઘડી,
સઘળુ જગમાં ત્યારે પલટો નિજ પામશે,

******

રોપાશે મૃત્યુની ભોમે સ્વર્ગની એકડાળખી
સૌંદર્ય સ્વર્ગ લોકનું
પૃથ્વીને પદ આવીને પગલી પાડશે સ્વયં.

આ "પમરાટ પુરુષાર્થનો" અભિનંદન ગ્રંથમાં યોગદાન કરનાર પ્રો. વિનોદ ગાંધી, ડૉ.ધનંજય ચૌહાણ, ડૉ. રાજેશ વણકર, ડૉ. ડી.એમ. વણકર, પ્રો. વિજય વણકર, જીતેન્દ્ર કુમાર અમીન, ડૉ. પ્રવીણ અમીન, રામજી ભાઈ વણકર, પ્રૉ. ખંડુભાઈ પરમાર, શ્રી વી.ડી. પરમાર રમણભાઈ ચૌહાણ સર્વ નો આભાર માનું છું. આ મિત્રો રાત-દિવસ જોયાવિના કામે વળગ્યા એની ખાસ નોંધ લઉં છું.

અભિવાદન ગ્રંથ એ નાથાભાઈ વણકરના તમામ સ્વજનોના સહિયારા યોગદાનનું જ ફળ છે. એમાં રહી જવા પામેલી ત્રૂટીઓની જવાબદાપરી અમારી સંપાદકોની રહેશે, એનો સ્વીકાર કરીએ છીએ.

અભિવાદન ગ્રંથના સુઘડ મુદ્રણ બદલ લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગરનો આભાર માનીએ છીએ. કનુભાઈએ પોતાના સાલસ અને સરળ સ્વભાવ મુજબ બધું સુઘડ કર્યું છે.

❀ ❀ ❀

# સર્જનનું પ્રતિક

- સ્વામી માર્ગ્ય સ્મિત, વડોદરા

રાષ્ટ્ર વ્યવસ્થાના અમુલ્ય કર્તવ્ય રૂપે શિક્ષણનાં માધ્યમે કેળવણીનું અભિયાન સમૂહજીવનના સામાજિક માળખામાં પ્રગતિ અને ક્રાંતિનાં મહાન મૂલ્યોનું આવિષ્કાર શિક્ષણ દ્વારા જ સાકાર થઈ શકે. અને પરસ્પરનાં જીવન વ્યવહારને લઈને આદાન-પ્રદાનનું સુનિયોજિત માળખું ઊભું થાય એ પાયાના કાર્યોમાં શિક્ષણએ આશીર્વાદ સમાન પુરવાર થયું.

ભાઈ નાથાભાઈ દેશના કલંકિત એવી વર્ણ વ્યવસ્થાના પરિવારમાં જન્મ થયો. બાળપણમાં પિતાજીનું છત્ર ગુમાવ્યું. ગ્રામ્ય જીવન વર્ણ વ્યવસ્થાનાં એ દ્રષ્ટિકોણ વાળો ગામનો એ માહોલમાં આપ બળે ગરીબ લાચાર અને અભણ બાળકોના તારણહાર તરીકેની સંમવેદના આકાર લેતી રહી. પરંતુ રોજગારી મજૂરી શ્રમ અને સંઘર્ષ આ બધા જ પ્રશ્નોની વચ્ચે ગૂંથાઈને જીવવું જ પડે એ માનસિક વિચારોની વ્યાધિમાં એક ગરીબનો તારણહાર છુપાયેલો હતો. બાળપણમાં તેઓ નિરીક્ષણ કરીને નાથાભાઈને પ્રમાણમાં પ્રોત્સાહિત કરવાનો અવસર નહિવત હશે.પરંતુ નાથાભાઈએ નામની સાર્થકતા પુરવાર કરવા માટે સમાજિકરૂપે ઉપેક્ષિત થયેલા એવા ગરીબ પરિવારના બાળકો માટે શિક્ષણની સંસ્થાની સ્થાપના કરીને સ્વાભિમાન જીવનનું રાષ્ટ્રનું નાગરીકત્વ સાબિત કરવા માટે પંચમહાલ જિલ્લામાં અડાદરા ગામે આરંભ કર્યો.

સતત ગ્રામ્ય ઉત્થાનનો મંત્ર જેના જીવનનો ધબકાર છે. એ નાથાભાઈ એકલા હાથે આ આલહેક જગાડી છે.

સંસ્થાઓ ઊભી કરવામાં અનેક રીતે સરળતા અને સજ્જનતા બતાવીને આજે ચાર(૪) સંસ્થાઓ સાકાર કરી શક્યા છે.

કોઈ રીતે કોઇની મદદ મળે એ પ્રકારની શોધ સર્જનનાં પ્રતિક સમાન નાથાભાઈ જે કરી શકયા છે. એ પ્રત્યક્ષ નિહાળવા માટે એક વખત આવો. એક એકલવીરનું સાહસ કેમ પ્રમાણીત કરવું એ અડાદરાનાં આંગણે દેખાય છે. નાથાભાઈને સમાજમાથી આવ્યા એ સમાજમાથી આર્થિક મદદ થાય એવી એ સમાજ નથી. એ સમાજના પ્રત્યેક વ્યક્તિને "આજે કેમ જીવવું ?" એ પ્રાણ પ્રશ્ન છે. ગામડાનું ખેત મજૂર જેવુ જીવન એમાં કોઈ આર્થિક ઉપાર્જનનું સાધન જેની પાસે નથી એવો વર્ગ, કરે તો શું કરે ?

૨૧મી સદીનાં આંગણે ઉભેલુ વિશ્વ અનેક ટેકનૉલોજિ અને સાધનોની વચ્ચે આ ભારતનું ગામડું અટકે એ સંજોગોમાં નાથાભાઇનું કેન્દ્રબિંદુ આજના વિદ્યાર્થી જીવનને આધુનિક યુગમાં મૂકવાની તમન્નાઓને હું સલામ કરું છું.

જ્યારે મળીએ ત્યારે નાથાભાઇનો એક જ મંત્ર :-

'પ્રત્યેક બાળકનો સ્વાભિમાન જાગે એવું શિક્ષણ આપવું.'

શહેરના વિદ્યાર્થી સાથે બરોબરી કરી શકે એવી ઉન્નતિનાં પર્યાય તરફ બાળકને પ્રોત્સાહિત કરવું. આ સાથે અનેક દાતાઓનાં સહયોગથી અને વિશેષ પંચમહાલ જિલ્લાનાં સાંસદ શ્રી પ્રભાતસિંહ ચૌહાણનો ખૂબ સહયોગ રહ્યો છે.

સંસ્થાના કર્મચારીઓ, સ્ટાફનો પણ એટલા જ પ્રમાણનો સહયોગ દેખાય આવે છે. અને નાથાભાઈની ઉડાન તો મંગલયાન જેટલી વિશાળ છે. સ્વયં કોઠાસૂઝથી શાંતિ ભાઈચારો અને ગ્રામ્ય શ્રમને યુવાનોની શ્રમ શક્તિને સર્જનાત્મકરૂપે લઈ જવાનો દુરંદેશી પ્રયાસ ધન્યવાદને પાત્ર છે.

આ સામાજીક કાર્યનાં પ્રમાણ રૂપે સમાજના કેટલાક કુરિવાજો વ્યસન મુક્ત સમાજનાં સંકલ્પને સાકાર કરનાર નાથાભાઈને ધન્યવાદ આપવા પડે તે એની કાર્યદક્ષતાનાં પ્રમાણમાં ઓછા છે.

છેલ્લા વર્ષોથી બાયડ તાલુકાની આજુબાજુમાં નાથાભાઈનું યોગદાન પ્રશંસાને પાત્ર છે.

ક્રમશઃ આ ગતિવિધિ કરતાં ભાઈની ઉંમર ૬૦ વર્ષ થઈ ગઈ. આ જીવનનાં અનુભવોએ સમાજ અને રાષ્ટ્ર આપનાં માધ્યમે કેળવણીનાં વિશાળ કામોની અપેક્ષા રાખે છે. ગ્રામ્ય કક્ષાના યુવાનો ગ્રામ્ય ઉત્થાનની અભિગમની અપેક્ષા સેવે છે.

આપની કાર્યનિષ્ઠાનાં આદર્શની આપની પાસે યુવાનો અપેક્ષા રાખે છે.

નાથાભાઈ એકલા હાથે સરળ અને સજ્જનતા પૂર્વક જે કામ, જે સંસ્થાઓ, સાથી મિત્રો સૌનાં સજ્જન રૂપે અડાદરાની સંસ્થાના બાળક વિદ્યાર્થીઓ આપણને આદર્શ પાત્ર ગણી આપના જીવનમાંથી પ્રેરણા લઈ સ્વયંની ઉન્નતિ કરશે ત્યારે આપની ૬૦ વર્ષની તપસ્યા કેટલાક જીવનનાં પરીવર્તનની સાક્ષી રહેશે.

સંસ્થાના ૨૫, આપનાં ૬૦ વર્ષ એમ સંયુક્ત રીતે આપ સાથે જોડાયેલા સૌ સાથી મિત્રોને હું આશીર્વાદ પાઠવું છું.

સંસ્થાની અને આપની નિરામય શુભેચ્છા સહ.

❁ ❁ ❁



Lajja Communications

# મારા ખાસ મિત્ર નાથાભાઈ

**વિનોદ ચૌહાણ**

કેટલાક લોકો ભૂતકાળમાં જ જીવે છે. એમની જિંદગીમાં કહેવા માટે કે વાત કરવા માટે વિતેલા દિવસો સિવાય ખાસ કશું હોતું નથી. કેટલાક લોકો ફક્ત ભવિષ્યમાં જ જીવે છે. તેમની પાસે 'પ્લાન્સ' હોય છે. આજ થી પાંચ વર્ષ પછી એ શું કરશે, એ વિષે હમણાં અંહી બેસીને કેટલાક લોકો પૂરી વિગતો આપી શકે છે. હું વાત કરું છું, નાથાભાઈની. તેઓ મારા ખાસ મિત્ર છે. નાથાભાઈને હું સારી રીતે જાણું છું. તેમના વ્યવહારમાં ભવિષ્યના 'પ્લાન્સ' હોય છે.

સમાજના ઉત્થાન માટે તો કોઈએ તો ઘસાવું જ પડે છે. તે પણ સ્વેચ્છાએ. અમે વધારે વખત મળી શકતા નથી જ્યારે પણ મળીએ છીએ, અમે ગાઢ મિત્ર ભાવથી પેટ છૂટી વાત કરીએ છીએ અને મદદ ! ખાલી કહેવાની જ વાત છે એવું નથી કે તેમણે નવરાશ હોય છે. આટલી બધી જવાબદારીઓ વચ્ચે તમને મદદ કરવા તત્પર રહે છે અને સમય કાઢી જ લે છે. આટલા આટલા સંઘર્ષો વચ્ચે તેઓ સંતુલિત જીવન વિતાવે છે. તેમણે હમેશા મજબૂત ઇરાદાઓનું પ્રદર્શન કર્યું છે. તદુપરાંત વિઝન સાથે પ્લાનિંગનો અમલ કર્યો છે. ઈચ્છા સર્વે દુ:ખોની માતા છે. પરંતુ એમણે તેથી વિપરીત એ સાબિત કરી બતાવ્યુ છે કે....

'ઈચ્છા શક્તિ મહાન છે.!' આ સફળતા તેમણે ઘણી મહેનત અને ધીરજથી પ્રાપ્ત કરી છે. આ સેવાનું કાર્ય તેમણે અનુદાનથી કર્યું છે. કૌટુંબિક જવાબદારીઓ નિભાવતા નિભાવતા આ ઊંચાઈ પ્રાપ્ત કરી છે. મને ખબર છે કે એમનું એક જ સૂત્ર છે કે 'શિક્ષણ એ જ વિકાસ ' છે.

નાથાભાઈ કોઈપણ નિર્ણય લેતા પહેલા તેનું તટસ્થ રીતે મૂલ્યાંકન કરે છે. સાથે સાથે પારિવારિક જવાબદારીઓ તેઓ યોગ્ય રીતે નિભાવે છે. એમણે એમની નાનકડી દુનિયાનું નિર્માણ કરવામાં સફળતા મેળવી છે. ઉપરાંત તેમણે પરિવાર અને કાર્ય સ્થળ વચ્ચે સંવાદિતા જાળવી રાખી છે. આ સામાજિક કાર્ય તેમણે ઉમદા ભાવથી ઉપાડી લીધું છે.

હવે તેઓ આટલેથી જ સંતોષ માનીને બેસી રહેવાના નથી. તેમની મહેચ્છા હવે કંઇક વધારે કરવાની છે. તે પણ થશે. તેઓ તેમાં પણ જોઈ શકાય તેવો વિકાસ સાધશે જ. એમના ભવિષ્યના પ્રોજેકટ માટેનો પાયો તેમણે મજબૂત કરી લીધો છે.

તેમનું સપનું હવે મહાશાળા, કોલેજો અને ઔધોગિક તાલીમ મળી રહે એવા એકમો સ્થાપવાનું છે. તેમની અદભૂત પ્રતિભામાં મને ખુબજ વિશ્વાસ છે. એ બધાજ કામોમાં

એમને પૂરેપુરી સફળતા મળશે જ. મને ખબર છે કે તેમને પ્રસિધ્ધિમાં જરા પણ રસ નથી તેમને મોટા પ્રજાલક્ષી કાર્યોમાં જ આનંદ આવે છે. તેના બદલામાં એમને શું મળે છે? સંતોષ. એક વાત સ્પષ્ટ છે કે તેઓ વધારે સ્કૂલો બનાવશે તો હોસ્પિટલો ઓછી બનાવવી પડશે. ભણતર એ બધા જ નાગરીકોનો જન્મ સિધ્ધ અધિકાર છે. એમાય નાથાભાઈ સ્કૂલો બનાવવામાં ગરીબ વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખે છે. તેમનું ભણતર ઓછું હોવા છતાંય તેમની દીર્ઘદ્રષ્ટિથી તેમણે વિશાળ સામ્રાજય ઊભું કરી દીધું છે. માનનીય ધીરુભાઈ અંબાણીની અહી કોઈ વાત કરી શકાય? આગળ પણ નાથાભાઈ ઘણું બધું કરવા માગે છે. આપણને જે અશક્ય લાગે છે તે બધું જ કરવામાં તેઓ સફળ થશે જ એવી મારી પ્રાર્થના છે અને વિશ્વાસ પણ છે.

આવા મિત્ર જીવનમાં પ્રાપ્ત થાય કે જેઓમાંથી તમામ સમાજના લોકો પ્રેરણા લઈ શકે એ જ હું મારા જીવનનું સદ્‌ભાગ્ય સમજું છું. નાથાભાઈ જેવા મિત્ર સૌને મળે એવી શુભેચ્છાઓ. નાથાભાઈને આગળ વધવા માટે શુભકામનાઓ.

❁ ❁ ❁



Lajja Communications

# કુનેહબાજ :- શ્રી નાથાભાઇ

**કે.પી.વાઘેલા**
નિવૃત્ત નાયબ નિયામક
પ્રમુખ વડોદરા જિલ્લા વણકર મહાજન ટ્રસ્ટ,
પ્રમુખ, ચાર પરગણા વણકર સમાજ કાલોલ ટ્રસ્ટ
સેક્રેટરી, ગો સંવર્ધન અને ગોપાલ ટ્રસ્ટ વડોદરા
ટ્રસ્ટી, ગુજરાત નશાબંધી મંડળ અમદાવાદ
એડવોકેટ ગુજરાત હાઇકોર્ટ

ભાઈ શ્રી જેઠાભાઈ સાહેબ અને સાથીઓ અંગ્રેજીમાં કહેવત છે કે' Zeero is the hero of world એન્ડ everything comes from 0' આ સત્યનું જીવતું જાગતું ઉદાહરણ એટલે નાથાભાઈ. નાથાભાઈની જીવન ઝરમર 60 વર્ષની જોતા તેઓ પરિસ્થિતિવશ સારું શિક્ષણ મેળવી શક્યા નથી પરંતુ સારા શિક્ષણની શું જરૂરિયાત છે અને સારા શિક્ષણથી શું થઇ શકે છે એ વસ્તુ તેમણે પોતાના છેલ્લા 25 વર્ષોમાં સાબિત કર્યું અને એ માધ્યમને પણ આજે 25 વર્ષ પૂર્ણ થતાં રજતજયંતિ ઉજવાઇ રહેલ છે અને નાથાભાઈની પણ ષષ્ટિપૂર્તિ ઉજવાઇ રહેલ છે ત્યારે સૌ આયોજક મિત્રોને આ પ્રેરણારૂપ સત્ય સમાજમાં મુકવા બદલ સૌને અભિનંદન. કોઈપણ વસ્તુની ઉણપ થકી વ્યક્તિ પ્રગતિ કરી શકતી નથી અથવા તો એ ઊણપ ને કેવી રીતે મહાત કરી શકાય તેનું જીવતુ જાગતુ ઉદાહરણ એટલે નાથાભાઈ. નાથાભાઈએ 1995માં માધ્યમ તરીકે સંસ્થા બનાવી અને આજે તેને 25 વર્ષ પૂર્ણ થઇ રહેલ છે. હું પણ એક અધિકારી તરીકે પંચમહાલ ગોધરામાં નિમણૂક થતાં નાથાભાઈના પ્રત્યક્ષ સંપર્કમાં આવ્યો જોકે સ્વર્ગસ્થ ગોવિંદલાલ માયાવંશી થકી નાથાભાઈનો આછોપાતળો પરિચય હતો જ પરંતુ તેમની સેવાકીય પ્રવૃતિઓનો હું પણ સાક્ષી છું જે કામ વર્ગ-૧ના અધિકારી પણ કરી શક્યા નથી તેવું કામ નાથાભાઈએ કરીને સમાજ સમક્ષ મૂક્યું છે. કામ કરવાની નાથાભાઈની કુનેહ ખુબજ સ્વીકારવા પાત્ર બાબત છે. સામાન્ય વ્યક્તિથી મંત્રીશ્રી સુધી કેવી રીતે કામ લેવું એ કુનેહ નાથાભાઈમાં છે આપણે સૌએ પણ આ બાબતની નોંધ લેવી જોઈએ નાથાભાઈ માત્ર સમાજ સેવામાં જ નહિ પરંતુ શિક્ષણ સાથે રાજકીય રીતે પણ ખૂબ મોટું કાઠું કાઢેલ છે આ જોતાં તેમની કોઠાસૂઝનો ખ્યાલ આવી શકે છે. હું પોતે લેખકના ગુણો ધરાવતો નથી અને લખવું એ મારો વિષય પણ નથી તેમ છતાં ધ્યાને આવેલી કેટલીક બાબતો જ માત્ર લખી છે. ભાષા દોષ ક્ષમ્ય ગણશો નાથાભાઈ જીવનમાં ખૂબ પ્રગતિ કરે ઈશ્વર નાથાભાઈનું સ્વાસ્થ્ય સારું રાખે એજ પ્રભુ પ્રાર્થના આપનો.

# कृतं मे दक्षिणे हस्ते जयो मे सव्य आहितः1

**શ્રી ભરતભાઇ પરમાર**
ચેરમેનશ્રી
ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી,
અરવલ્લી જિલ્લા શાખા – મોડાસા

મારા જમણા હાથમાં કર્મ છે તો ડાબા હાથમાં સફળતા રહેલી છે. (અથર્વ ૭-૫૦-૮)

આ લેખની શીર્ષક પંક્તિ જે વ્યક્તિ સ્વજીવનમાં ચરિતાર્થ કરી રહ્યો છે તેની વાત માંડવાનો ઉપક્રમ આ લેખમાં રહ્યો છે. નામ છે શ્રી નાથાભાઇ ગલાભાઇ વણકર.

વર્તમાન સમયમાં આપણે સહુ એવા યુગમાં જીવીએ છીએ કે કદાચ એટલા સંસાધનો, સુખ-સગવડ વચ્ચે રાજા મહારાજાઓ પણ જીવ્યા ન હોય. તેમ છતાંય પ્રત્યેક દાયકે કાર્યસિધ્ધી માટે બે વસ્તુ જોવા મળે છે.

1. ભૌતિક સંસાધનો, માનવ બળ અને વાતાવરણ અનુકૂળ હોય પણ ઇચ્છાશક્તિનો જ સંપૂર્ણ અભાવ હોય.
2. માત્ર પ્રબળ ઇચ્છા શક્તિ હોય બાકીનું કશુંય ન હોય.

આ બંનેના મેળાપથી જ મોટા કાર્યો સફળ થતા હોય છે. પરંતુ નાથાભાઇને જ્યાં લાગે વળગે છે ત્યાં ઇચ્છા શક્તિની પ્રબળતા શું શું લાવી શકે તે મુખ્ય છે. પરિણામે તે લેખનો વિષય બને છે. મહીસાગર જિલ્લાના સાવ નાના અને અંતરિયાળ પાંસરોડા જેવા ગામમાં જન્મેલા નાથાભાઇને માત્ર સાત ચોપડી શિક્ષણ નસીબ થયેલું. હજુ અન્ન ચાવવા માટે મુખમાં દાંતનું આગમન ન થયું હોય તેવી ઉમરે પિતાનું છત્ર ચાલી જાય ત્યારે આત્મ સમજણને કામે લગાડી સ્વ-પરિશ્રમ દ્વારા માતાનું છત્ર બનવાનો વ્યાયામ કરવો પડ્યો હોય, તેને દુનિયાનો કોઇ 'અભાવ' નડી શકે જ નહીં.

આપણે જોતાં આવ્યા છીએ તેમ અભાવ એ વિકાસનું કારણ બને છે. જો ઇચ્છાશક્તિ હોય તો-પરિણામે ૧૯૯૦ના દાયકામાં ચોથાવર્ગનાં કર્મચારીની નોકરી પ્રાપ્ત થઇ ત્યારે આ મહીસાગરના મોતીએ સંતોષનું કારણ ન માન્યું પણ શરૂઆત માની. વધારે પડતો સંતોષ એ પણ દુઃખનું, અવિકાસનું કારણ બને છે. વિકાસશીલ પુરુષ અસંતોષી હોવો જોઇએ. અધ્યાત્મ જગતમાં જે ગુણ ગણાય છે. તે વ્યવહાર જગતમાં અવગુણ ગણાય છે. આપણે ત્યાં અને તેમાંય ગુજરાતમાં 'અમારી પર પડી તેવી કોઇ પર ના પડજો' આવો અંતર્નાદ આપણા માણસોએ સેવ્યો છે. તેથી જ માત્ર નોકરીનાં પાંચ વર્ષ પછી શ્રી પંચમહાલ



Lajja Communications

અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટની અડાદરા મુકામે સ્થાપના કરવાનો વિચાર આવી વસ્યો. આપણાં દેશમાં તમામ પ્રાજ્ઞપુરૂષોએ ગરીબીની યાત્રા કરતાં કરતાં કેળવણીના પાયા પર જ દ્રષ્ટિ સ્થિર કરી છે. તે પ્રમાણે સર્વે સમસ્યાઓનું નિરાકરણ શિક્ષણથી જ થઇ શકે. એ હેતુ થી માત્ર ૧૯૯૫ થી ૨૦૦૫ એટલે દોઢ દાયકામાં બે કુમાર શાળા, ત્રણ કન્યાશાળા, એક આશ્રમ શાળા અને એક બહેરા-મૂંગા શાળાને શૃંખલા રચી આપી. જેમાં સમાજના બધા જ વર્ગના વિદ્યાર્થીઓ પોતાના ગજા પ્રમાણેની તરસ છીપાવી શકે.

આ લેખમાં એક નવા જીર્ણોદ્ધારની વાત માંડવી છે આપણે ત્યાં મંદિરોના જીર્ણોદ્ધાર પાર વગરના થાય છે. અનેક કારણોથી થાય છે. તેમાં બે મુખ્ય છે.

1. મોગલોએ ખંડિત કર્યા હોય અને પછી જીર્ણોદ્ધારને પામ્યા હોય.

2. આર્થિક સધ્ધરતા પ્રાપ્ત થતાં ફરીવાર વિશાળ બનાવતા થતો જીર્ણોદ્ધાર.

પરંતુ શિક્ષણ સંસ્થાઓમાં કેમ જાણે આ પવિત્ર શબ્દ વપરાતો નથી. Re-Construction પુનઃનિર્માણથી ચાલે ! જ્યાં ખરેખર જીવતા જાગતા દેવ-દેવીઓ આવે છે તેની 'જીર્ણતા' ખરી પડે તે જીર્ણોદ્ધાર. નાથાભાઇની હસ્તરેખામાં આવો જીર્ણોદ્ધાર પણ ટંકીત થયો હશે. એટલે ૨૦૦૧-૦૨ માં ગોધરા જેવા પછાત વિસ્તારમાં બંધ પડેલી બહેરા મૂંગા શાળા માટેની મંજૂરી મળી. મંજૂરી મળી તે કરતાં પડકાર મળ્યો તે વધારે ઉચિત રહેશે. આ પડકાર કેવો અને કેટલો મોટો હોય છે? તે શબ્દોનો ગમે તેટલો વિસ્તાર કરીએ તો પણ ખબર જ ન પડે. આ માટે આપની નજીક જે કોઇ મૂક-બધિર સંસ્થા હોય તેની મુલાકાત લેવી જોઇએ. વાચક તરીકે કોઇ પાસે આટલો સમય પણ ન હોય તો જાણીલો કે જે બહેરો હોય તે અવશ્ય મૂંગો હોય જ. કેમકે કોઇ શબ્દો સાંભળ્યા જ નથી! તો બાપડો બોલી તો ક્યાંથી શકે? આવા બાળકો સુખી ઘરે જ મોટાભાગે જન્મ લેતા હોય છે. સુખીનો અર્થ ખાધે પીધે એટલો જ કરવો પરંતુ સ્વયં આ બાળકો કેટલા દુઃખી હોય છે તેનું માપ વેકેશન પડે અને ઘરેથી વાલી તેડવા આવે ત્યારે થાય છે. કેટલાય બાળકો છાત્રાલયમાંથી ઘરે જવા તૈયાર થતાં નથી ! શા માટે? કારણકે ગમે તેટલા સુખી હશે ! શ્રીમંત, ગર્ભશ્રીમંત મા-બાપ ના પુત્ર-પુત્રીઓ હોય તો પણ ઘરમાં તેનું સન્માન જળવાતું નથી. કોઇને કોઇ ઉપેક્ષા તો થાય જ છે. ક્યારેક તો મા-બાપ દ્વારા પણ ઉપેક્ષા, અવહેલના થાય છે. કોઇ સંસ્કારી ઘરમાં કદાચ એમ ન થાય તો પણ તેની પાસે બેસી જીવનશિક્ષા આપવાનો કોઇને સમય જ નથી. બહુમાં બહુ તો ઘર કાઠાળું ને ખમતીધર હોય તો આવા બાળકોના ખિસ્સા કાજુ-બદામથી ઠાંસો ઠાસ ભરેલા હોય, બાકી ઠીક મારા ભાઇ?

આ વિસ્તૃત ભૂમિકા મૂક-બધિર સંસ્થાઓના સ્વકીય આધારે રચી છે. તે એટલા માટે કે તેમાં કામ કરવું કેટલું કઠિન અને પડકારરૂપ છે તે દર્શાવવા માટે જ સરકારી પડતર એક

વીઘા જમીનમાં ત્રણ કરોડ જેટલા ખર્ચથી બનેલ આ શાળાની પ્રાણ પ્રતિષ્ઠા સંતરામ મંદિર ઉમરેઠ ના પૂ. ગણેશદાસજી મહારાજના વરદ હસ્તે થયો. પણ કેવો પ્રાણસંચાર થયો તે પ્રત્યક્ષ નિહાળવો હોય તો તેમના વાર્ષિક કાર્યક્રમોની પ્રસ્તુતિ જોવી પડે. અદભુત શિસ્ત સાથે સંસ્કારનો સરવાળો, અથાક પરિશ્રમ સાથે સાતત્યપૂર્ણ વ્યવહાર, પાયાના મૂલ્યો સાથે વૈશ્વિક અનુસંધાન, અભિશાપને આશીર્વાદમાં પલટાવવાની કળા વગેરે અનેકાનેક દ્રષ્ટિબિંદુથી તમે મૂલવતાં રહો તેવું વાતાવરણ નિર્મિત થયું છે. મને આશા છે કે વિગત બે દાયકાથી 'શૈક્ષણિક પ્રવાસ એટલે શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત' આ સંદર્ભ ખુલ્યો છે. તો તેમાં ગુજરાતની શિક્ષણ સંસ્થાઓ આ સંસ્થાની મુલાકાત લે તો સાક્ષાત સંદર્ભ અલગ રીતે ખુલશે તેમાં બે મત નથી.

સ્વજીવન, સંઘશિક્ષણ, સમૂહજીવનના આધારરૂપ આશ્રમશાળા અને ભોજનાલય માત્ર વ્યવસ્થાના ભાગરૂપ નથી હોતા. પરંતુ તેના દ્વારા અછૂતપણું, ઉચ્ચ-નીચ, સામાન્ય-શ્રીમંત જેવા કેટલાય દ્વન્દ્વો નિર્મૂળ થઇ જતાં હોય છે. તે આશ્રમશાળાની મોટામાં મોટી સિદ્ધિ છે. આ દિશામાં જોઇએ તેવા અભ્યાસો થયા જ નથી. આવા સરાહનીય કાર્યમાં ઓ.એન. જી.સી. નું પંદર લાખનું દાન આધુનિક ભોજનાલય માટે મળે તે સ્તુત્ય છે.

નાથાભાઇ વણકરના પ્રયાસોથી અને તેજશીલા જેવી ઇચ્છાશક્તિથી સપ્તર્ષિ જેવી સાત સંસ્થાઓ શોભી રહી છે. સંસ્થાના અને સ્વયં નાથાભાઇની વિકાસયાત્રા તરફ નજર ફેરવીએ તો એક વાત ઊડીને આંખે વળગે તેવી છે. તે એ છે કે –

પ્રાણવાન માણસને સમય સમય પ્રમાણે પ્રાણવાન નેતૃત્વ નો સાથ મળ્યો છે. જેમાં સાંસદશ્રી પ્રભાતસિંહ ચૌહાણ, ભુપેન્દ્રસિંહ સોલંકી, માજી શિક્ષણમંત્રી શ્રી કરસનદાસ સોનેરી, ધારાસભ્ય અરવિંદસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ હરવાણી જેવી શક્તિઓનો સાથ મળ્યો છે તો દાતાઓ તરીકે ગોવિંદભાઇ માયાવંશી, કનુભાઇ શેઠ, રસિકભાઇ શાહ, મુકેશભાઇ શેઠ, રોહિતભાઇ પટેલ, મનુભાઇ ગાંધી, ભૂપતભાઇ ગાંધી, ઓ.એન.જી.સી. જેવા દાનવીરોનો ફાળો મુખ્ય છે તો

સંતોના આશીર્વાદ અને અનુકંપા, સંતરામ મંદિર નડિયાદ, ઉમરેઠ અને કરમસદના સંતોનો સહયોગ હરહંમેશ મળતા રહ્યા છે. તે તેમના શૈક્ષણિક સંકુલમાં પ્રવેશતા જ અનુભવી શકાય છે.

વિગત સમયમાં થોડો આગ્રહ, ઝાઝું કુતુહલ અને આત્મીય આનુપૂર્વીના કારણે આ શૈક્ષણિક મંદિરોમાં જવાનું થયું ત્યારે એક વાત ચોક્કસ પણે ફલિત થઇ કે –

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते । એ ગીતામાં કહેવાયું છે તે વાક્ય અર્થાત્ આ જગમાં જ્ઞાનથી વધારે પવિત્ર બીજું કશુંય નથી. તે સાર્થક લાગે છે.


Lajja Communications

કોઇપણ જ્ઞાન પવિત્ર જ હોય છે પરંતુ તેના નિર્માણ પાછળ પણ પવિત્ર સુગંધનો સહયોગ ભળે તો કેવો સુંદર સહયોગ રચાય તેનું ઉત્તમ ઉદાહરણ નાથાભાઇ વણકર અને શૈક્ષણિક વાતાવરણમાં જોઇ શકાશે.

સામાજિક નિસ્બત છે ત્યાં સુધી આવા યજ્ઞકાર્યોની મુલાકાત યથાવકાશ, તે બાજુએથી પસાર થયાં હોઇએ ત્યારે લઇએ તો પણ પ્રેરણારૂપી આહૂતિ જ છે. જે હંમેશા પૃષ્ટિકારક તેના કર્તા કાર્યકરો માટે બનતું હોય છે. આથી જ કહેવાયું છે કે – वाङ्मयं तप उच्यते।

સાઇઠના તકાજે દસ્તક દેતાં નાથાભાઇનું અડધું આયખું- ત્રણ દાયકા તો આ ‘તપ’ પાછળ વ્યતિત થયાં. શ્રમનું ગૌરવ અને મૂલ્યાંકન સમાજે હવે થોડું મોડેથી શરૂ કરવાનું કર્યું છે. જ્ઞાન વિતરણ – સંપાદન – સંમાર્જનની ભૂખ કેવી હોય તેનું ઉત્તમ ઉદાહરણ એટલે નાથાભાઇ ગલાભાઇ વણકર.

તેમનાં ભગીરથ પ્રયત્નો માટે ઇશ્વર ભગીરથ શક્તિઓ આપે તેવી અભ્યર્થના, ઝાઝેરી શુભકામના...

❀ ❀ ❀

પરમાત્મા મનુષ્યમાં વસે છે. એ માણસના સત્કર્મોમાં દષ્ટિગોચર થાય છે. સત્કાર્યો અવિનાશી છે. સત્કર્મો સત્ય છે. સત્યનો અંત ન હોય તેમ, સત્કર્મોમાં વસેલો ઇશ્વર પણ અનંત છે. મનુષ્યના વિશ્વાસમાં અને અવિશ્વાસમાં ઇશ્વર છે. માણસની શ્રદ્ધા અને અશ્રદ્ધા વચ્ચે પણ એ અસ્તિત્ત્વ ધરાવે છે! પરમાત્મા ક્યાં ક્યાં નથી?

- એસ. કે. રાઠોડ (જી.એ.એસ.)
એડી. કલેક્ટર, ગોધરા

# શ્રી નાથાભાઈ એટલે શૂન્યમાંથી સર્જન

**પરમાર માવાભાઈ અમરાભાઈ**
મુ.પો. વ્યાસડા તા.કાલોલ, જી.પંચમહાલ

'શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો' - જયભીમ

"કદમ અસ્થિર હો, તેને રસ્તો કદી નથી જડતો,
અડગમનનામુસાફિરને,હિમાલયપણકદીનથીનડતો."

માણસ કેટલું જીવ્યો એ બહુ મહત્વનું નથી, પણ એ કેવું જીવ્યો એ ખૂબ મહત્વનું છે. માણસ એના કાર્યો અને સેવા થકી ઓળખાય છે. નિઃસ્વાર્થ સેવા કરનારની સુવાસ ચારે બાજુ વાતાવરણમાં પ્રસરાય છે. એણે જીવનમાં કરેલા ઉમદા કાર્યોથી એનું નામ બને છે. 'સમાજ માટે જ સેવા' એવી ભાવનાને જીવનમાં ઉતારનાર શ્રી નાથાભાઈ વણકરના આયુષ્યના ૬૦માં વર્ષે જ્યારે કદર થાય, સન્માન થાય, આદર અને અભિવાદન થાય તેમજ 'ષષ્ઠી પૂર્તિ' મહોત્સવ ઉજવાય ત્યારે એનો સવિશેષ આનંદ દલિત વર્ગને થાય એ સત્ય હકીકત છે.

હાલના મહીસાગર જિલ્લાના વિરપુર તાલૂકાના પાંસરોડા ગામે એક સાધારણ ગરીબ તેમજ દલિત કુટુંબમાં પિતા ગલાભાઈ તથા માતા માંનીબેનને કૂખે જન્મ ધારણ કરી ભલે જન્મ ભૂમિ-માતૃભૂમિ મહીસાગર જિલ્લો હોય પરંતુ તેમની કર્મભૂમિ પંચમહાલ જિલ્લાને બનાવી સમાજમાં શિક્ષણનો ભેખ તથા સામાજિક કાર્યોની ધૂણી ધખાવી નાથાભાઈએ ચોમેર સુવાસ ફેલાવી છે. માત્ર ૧૬ માસની ટૂંકી વયમાં જ એમણે પિતાની છત્રછાયા ગુમાવી હતી. કદાચ તેમના પિતાને તે બરાબર ઓળખી પણ શક્યા નહીં હોય. આવા કપરા કાળમાં તેમના એકના એક પુત્રનો ઉછેર, શિક્ષણની કપરી જવાબદારી તેમની માતાના શિરે આવી પડી હતી. અત્યંત ગરીબ પરિસ્થિતિમાં ઉછરી માતાને ખેતીકામ, મજૂરીકામમાં તેઓ સહભાગી થતાં હતા.

તેમણે પ્રાથમિક શિક્ષણ પોતાનાજ ગામમાં ધોરણ ૧ થી ૭ સુધીનું મેળવ્યું. ત્યારબાદ નજીકમાં કોઈ માધ્યમિક શાળા ન હોવાથી તેમનો આગળનો અભ્યાસ કરવાની ખેવના (ઇચ્છા) અધૂરી રહી ગઇ હતી. પણ કુદરતે કઈક અલગ જ વિચાર્યું હતું. અને આ કોલસાની ખાણમાં પડેલા હીરાને બહાર કાઢી ચમકાવવાનું બીડું ઝડપ્યું હતું. અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાનાં હઠીપુરા ગામના શ્રીમતી ડાહીબેન સાથે તેમના દાંપત્ય


Lajja Communications

જીવનની શરૂઆત થઈ હતી. તેમના દાંપત્ય જીવનમાં બે પુત્રો અને પુત્રી સાથે પારિવારિક જીવનની શરૂઆત કરી હતી.

કહેવાય છે કે પેલી કહેવત અનુસાર "ખુદા દેતા હે તો છપ્પર ફાડ કે દેતા હૈ" તેમજ ભવિષ્યમાં લલાટે લખાયેલું કદાપિ મિથ્યા થતું નથી. એ મુજબ અત્યંત કપરું જીવન હોવા છતાં પણ તેમને અડાદરા જેવા ગામની હાઇસ્કૂલમાં એક ચોથા વર્ગના કર્મચારી તરીકે સેવકરૂપી કર્મ કરી જીવન વ્યતીત કરવાની જવાબદારી મળી હતી. જે ફરજ તેઓએ ખુબજ નિષ્ઠા અને ખંતથી નિભાવી હતી.

ઇ.સ.૧૯૯૧ના સમય ગાળા દરમ્યાન શ્રી નાથાભાઈ સાથે મારી મુલાકાત શ્રી નારણભાઇ સાહેબ તથા શ્રી રમેશભાઈ સાહેબ દ્વારા થઈ હતી. અને અમે એકબીજાના પરિચયમાં આવ્યા હતા. તેમજ સુખદુઃખના સહભાગી પાડોશમાં રહીને બન્યા હતા. ક્યારેક વાત વાતમાં તેઓ સમાજના ગરીબો, દલિતો, વંચિતોના બાળકોના શિક્ષણની વેદના વ્યક્ત કરતાં. અને સમાજ માટે કઈંક કરી છૂટવાની ભાવના વ્યક્ત કરતાં હતા. તેમાં અમો પણ સૂર પુરાવતા.

પૂજ્ય મહાત્મા ગાંધીજીએ આપેલ મંત્ર 'અસ્પૃશ્યતા એ હિન્દુ સમાજનું કલંક છે. તે દૂર થવું જોઈએ' તે અને સમાજના કચડાયેલા...દબાયેલા...શોષિત પીડિત જનોની સેવા થઈ શકે તેમજ સમાજમાથી સામાજિક કુરિવાજો......વ્યસનો દૂર થાય, સમાજ વ્યસન મુક્ત બને તે હેતુથી ઇ.સ.૧૯૯૫માં શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરાની સ્થાપના કરી. મેનેજિંગ ટ્રસ્ટી તરીકેની ફરજ નિભાવી. શૂન્યમાંથી સર્જન કરવું એ એક કઠિન કામ છે. આર્થિક સધ્ધરતા વિના કશુજ કરી શકાતું નથી.

ટ્રસ્ટની સ્થાપના કર્યા બાદ અડાદરા મુકામે શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવા માટેની દરખાસ્તો કરવામાં આવી. એક ચોથા વર્ગના કર્મચારીની નોકરી, કુટુંબના ભરણ પોષણની જવાબદારી, નાણાકીય સંકટ તેમજ સમાજના કાર્યોમાં સદાય અગ્રેસર જેવી મુશ્કેલીઓ હોવા છતાં પણ તેઓ અડાદરાથી ગાંધીનગરનો પ્રવાસ ખેડતા હતા. તેવામાં તે સમયના કાલોલ તાલુકાનાં ધારાસભ્ય સાહેબશ્રી તેમજ મંત્રી તરીકે રહી ચૂકેલા માનનીયશ્રી પ્રભાતસિંહજી પી.ચૌહાણ સાહેબની સાથે મુલાકાત થઈ અને તેમની આંગળી પકડી તેમણે બતાવેલા રાહે કાર્યો કરવામાં શ્રી નાથાભાઈએ કોઈપણ દિવસ પાછી પાની કરી નથી. આવા કપરા સમયમાં તેમણે પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. શિયાળાની કડકડતી ઠંડી, ઉનાળાનો આકરો તાપ, ગરમી તેમજ ચોમાસાના વરસાદની હેલીઓમાં પણ તેમણે આ ભગીરથ કાર્ય ચાલુ રાખ્યું હતું. મારી જાણ મુજબ તો તેઓ ગાંધીનગરથી અડધી રાતે વેજલપુર આવી વાહન વ્યવહારના અભાવે બસસ્ટેશન ને જ શયનખંડ સમજી બાંકડા પર સૂઈ રહીને સવારે ઘેર પરત ફરતા. તો ક્યારેક ગેંગડિયા ચોકડીથી ઘનઘોર રાત્રિના

અંધકારમાં પગપાળા ચાલીને અડાદરા આવતા. આવા અસહ્ય કષ્ટો વેઠીને શૈક્ષણિક સંસ્થાઓની જ્યોત જગાવી બાળકોમાં શિક્ષણની ચેતના જગાવી છે.

તેમની આવી નિષ્ઠાવાન, ઈમાનદાર અને સેવાભાવી કામગીરી જોઈને દાતાઓનો પણ તેમની ઉપર ઘણો વિશ્વાસ બેસી ગયો છે. અને દાનરૂપી ધોધની સરવાણી વહાવી રહ્યા છે. તેમણે તેમના જીવનમાં ઘણી લીલીસુકી જોઈ છે. અનેક પડકારોનો સામનો હસતા મુખે કર્યો છે.

શ્રી નાથાભાઈના આ શૈક્ષણિક યજ્ઞમાં અને રચનાત્મક પ્રવૃતિઓમાં સહદયી થઈ સહભાગી બનીએ, તેઓ વ્યક્તિ તરીકે નમ્ર, વિવેકી અને મિલનસાર પ્રકૃતિના છે. અલબત, આવી પડેલી આફત સામે પહાડ બનીને ટટ્ટાર ઊભા પણ રહેવાની શક્તિ તેમનામા છે. પરિશ્રમ, નિષ્ઠા, શિસ્ત, નિયમિતતા તથા શ્રધ્ધાપૂર્વક હાથમાં લીધેલું કાર્ય તેઓ પાર પાડીને જ જંપે છે. તેમણે જનસેવાને સાચા અર્થમાં પ્રભુસેવા માની છે.

"જીવી જાણો જગતમાં કરીને સારા કામ,
બદનામ થઈને મરશો નહીં, કરીને બૂરું કામ."

આ વિસ્તારની શ્રી નાથાભાઈએ કરેલી નિઃસ્વાર્થ સેવાઓ સદૈવ અવિસ્મરણીય બની રહેશે. ષષ્ઠીપૂર્તિ મહોત્સવ પ્રસંગે શ્રી નાથાભાઈ દીર્ઘાયુ બને અને દલિત તથા તમામ સમાજની વધુ ને વધુ સેવા કરતાં રહે તેવી પ્રભુ પ્રાર્થના !

આભાર

❀ ❀ ❀

ત્યાગનો શો અર્થ? ત્યાગ તો લાલસાઓ અને અપેક્ષાઓનો કરવો જોઇએ. પરાર્થના કાર્યો માટે સ્વાર્થને ત્યજવો એ ત્યાગ ખરો અને મોટો છે.

**- કાંતિભાઇ ડી. કાપડીઆ**

આઇ.એ.એસ.

(નિયામકશ્રી, અનુ. જાતિ કલ્યાણ વિભાગ)



Lajja Communications

# તું તારો દીવો થા..

**ડો. નરસિંહભાઈ એસ. પરમાર**
૧, સોનલ રેસિડન્સી, કરમસદ રોડ.
વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦
Email: narsinhparmar61@gmail.com
તા.૧-૬-૨૦૨૦

રાજકોટથી પ્રસિધ્ધ થતાં અનુસુચિત જાતી સૌરભમાં ગોધરામાં રૂ. ૨ કરોડના ખર્ચે પ્રજ્ઞાચક્ષુઓ માટે તૈયાર થયેલ શૈક્ષણિક સંકુલના ઉદઘાટનના સમાચાર વાંચ્યા. ત્યારે મને જાણ થઈ કે આવી એક સારી સંસ્થા ચાલે છે. તરત જ મેં સૌરભમાં આપેલ મોબાઈલ પર શ્રી નાથાભાઇને અભિનંદન આપ્યા.

મારી શૈક્ષણિક કારકિર્દીમાં મારે અનેક લોકોને મળવાનું થયું છે. શ્રી નાથાભાઇની જીવનઝરમર અને તેમના થકી થયેલ સંસ્થાઓના વિકાસની ગાથા મે વાંચી છે. તે જોતાં એવું લાગે છે કે બંને અભિન્ન છે. શ્રી નાથાભાઇ ગલાભાઇ વણકર અને તેમની સંસ્થાઓના વિકાસને અલગથી જોવા ઉચિત નથી. શ્રી નાથાભાઇની અભિવ્યક્તિ સંસ્થાઓમાં જીલાઈ છે. તો શ્રી નાથાભાઈના વ્યક્તિત્વનું ઘડતર સંસ્થાઓના સર્જનમાથી નિષ્પન્ન થયું છે. શ્રી નાથાભાઇને સમજવા હોય તો સંસ્થાઓને સમજવી પડે. પ્રત્યેક સંસ્થાની વિકાસ પ્રક્રિયામાં શ્રી નાથાભાઇની કોઠાસૂજ, વહીવટી આવડત, ધૈર્ય, વાતચીત કરવાની કળા પ્રતિબિંબિત થાય છે.

શ્રી નાથાભાઇ સાંપ્રત પરિસ્થિતિને ઓળખવાની ગજબની શક્તિ ધરાવે છે. CSR વિષેની જાણકારી મોટેભાગે ઉદ્યોગપતિઓ ને જ હોય છે. બહુજ ઓછા NGO આ બાબતમાં જાણકારી ધરાવતા હોય છે. આ કોમર્સ વિદ્યાશાખાનો વિષય છે. સમાજનો વિશાળ વર્ગ આ બાબતથી અજાણ છે. દેશ દુનિયાની લેટેસ્ટ માહિતીથી તેઓ અવગત છે. અને આ માહિતી, વિગતોનું વાસ્તવિક ધરાતલ પર કેવી રીતે ઉતરાણ કરાવવું તે દ્રષ્ટિ તેમનામાં સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે.

પોતાના કાર્યક્ષેત્રના સ્થળની પસંદગી અને તે સ્થળે જ વિકાસના નવા આયમો ઉમેરવા તે એક અસાધારણ દ્રષ્ટિ ધરાવનાર વ્યક્તિ જ કરી શકે. જે સમાજમાં જન્મ થયો , અને જે સમાજ સાથે કામ કરવાનું અને કામ લેવાનું થાય, તેમની સાથે સફળ સમાયોજન સાધવું તે સંતુલિત વ્યક્તિત્વ ધરાવનાર જ કરી શકે. મનોવૈજ્ઞાનિકો બુધ્ધિની વ્યાખ્યા આપતા કહેછે કે, Intelligence is the power of adjustment. શ્રી નાથાભાઇ સરકારી અધિકારીઓ, સરકારી વિભાગો, રાજકારણીઓ. શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ

સાથે સમન્વય અને સંકલન સફળતાપૂર્વક કરીને ઉભર્યા છે તેનાથી અનેક લોકો જુદીજુદી રીતે લાભાન્વિત થયા છે. ગ્રામીણ વિસ્તારમાં અનેકના જીવનમાં અજવાળું થયું છે.

તેમના બાળપણ અને કિશોરાવસ્થામાં તેમના માનસ પટ પર ઝિલાયેલી ઘટનાઓને અદભુત રીતે હકારાત્મકતામાં ફેરવી બતાવી છે. દલિત સમાજમાં જન્મેલી વ્યક્તિને તો ડગલે ને પગલે કડવા અનુભવો થતાં હોય છે. છતાં તેની કોઈ નકારાત્મકતાને ઝીલ્યા સિવાય પોતાનો પંથ સ્વયંમ કંડારીને એક એક પછી એક સોપાન સર કરતાં ગયા.

એક પછી એક નવી સંસ્થાઓના સર્જનની શૃંખલા જોતાં લાગે છે કે સારું અને શ્રેષ્ઠ શોધી કાઢી તેમનું સંકલન કરવાની ગજબની શક્તિ શ્રી નાથાભાઇ ધરાવે છે. આર્થિક રીતે સધ્ધર સંસ્થાઓનું નિર્માણ કરવું અને તેને સુપેરે ચલાવવી એ કુનેહ માગી લે તેવી બાબત છે. સંસ્થાઓનું નિર્માણ થતું ગયું. તેમ તેમ તેમની નજર નવા નવા શિખરો સર કરવા તરફ મંડાતી રહે છે. તેમના વિકાસ ગ્રંથમાં પૂર્ણ વિરામ આવતું હોય તેવું મને દેખાતું નથી. ગતિશીલતા અને પરીવર્તનશીલતાને શ્રી નાથાભાઇ બરાબર ઝીલે છે તેથી તે સમયની આગળ આગળ ચાલે છે. તેઓ કયારેય જુનવાણી બનવાના નથી તેમની નવી સવાર નિત્ય નવું શોધે છે અને અપનાવે છે. તેમની દ્રષ્ટિ બહુઆયમી છે અને ઊર્ધ્વગામી છે. એટલુ જ નહિ પણ પરંપરાગત ક્ષેત્રોની પેલે પાર આંબી જાય છે.

માનવશક્તિ અને ભૌતિકશક્તિનો સમન્વય કરીને વિકાસની શુંખલા રચવાની તેઓ સતત મથામણ કરે છે. તેમ કરતાં કરતાં એક પછી એક એમ સાત સંસ્થાઓનું સર્જન કર્યું. પંચમહાલ જેવા અલ્પવિકસિત પંથકમાં શિક્ષણની સરવાણી વહાવી. અનેકોના જીવન નવપલ્લવિત કર્યા. હજુય આ યાત્રા વણથંભી ચાલુ છે. શ્રી નાથાભાઇ સારું સ્વાસ્થ્ય ધરાવે છે. યુવાન છે. હજુ સમાજ માટે ઘણું પ્રદાન કરી શકશે. તેમના આ કાર્યમાં લાભાર્થીઓનો સંતોષ અને ઈશ્વરના આશીર્વાદ ભળે અને વધુ યશસ્વી કામ થતાં રહે તેવી મારા અંતરના ઊંડાણથી શુભકામનાઓ પાઠવું છું.

❀ ❀ ❀

દીપકના અજવાળાની ક્યારેય બત્તી ગુલ થતી નથી.

- એમ. એસ. પટેલ

મદદનીશ કમિશનર

આદિજાતિ કચેરી, ગોધરા



Lajja Communications

# રણમાં કેડી કંડારી

**ડૉ. ધનંજય ચૌહાણ**
પાંસરોડા.
એસોસિએટ પ્રોફેસર, નલિની આર્ટ્સ કોલેજ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

મહીસાગર જીલ્લા, વિરપુર તાલુકાના પાંસરોડા ગામે તા.૦૧/૦૬/૧૯૬૦ના રોજ ખેડૂત શ્રી ગલાભાઈ અને તેમના ધર્મપત્ની માંનીબેનના ઘરે જન્મેલા શ્રી નાથાભાઈ વણકર જન્મથી એક વિશિષ્ટ અને અસામાન્ય વ્યક્તિત્વ દ્વારા અવતર્યા. થાણાસાવલી નિવાસી અમારા સદ્‌ગુરુશ્રી પ્રેમદાસબાપુએ ભવિષ્ય ભાખેલું કે આ બાળક ચંચળ હોય પરિશ્રમ દ્વારા ભવિષ્ય ઉજ્જ્વળ બનાવશે. અને સંઘર્ષની શરૂઆત જનમથી જ થઈ ચૂકી હતી. જન્મ પછી લગભગ ૧૦ માસમાં પિતા શ્રી ગલાભાઇનું અકાળે અવસાન થયું. દુનિયાનું કોઈપણ જ્ઞાન કે વ્યવહાર જેને ખબર નથી તેવા સમયે શ્રી નાથાભાઈએ વિધવા માં ના સથવારે જીવનની પા પા પગલી શરૂ કરી. યુવાન વયે વિધવા થયેલી સ્ત્રીની વિટંબણઓ અને અંતર્નાદ જેને ભોગવ્યો હોય તેજ અનુભવી શકે. આવા સમયે સ્વાભાવિક છે કે ભગવાન પરથી ભરોસો પણ ઉઠી જાય છતાં તેમને પોતાની જાત ઉપર ભરોસો કરી અને સંઘર્ષો વચ્ચે ઘર સાચવ્યું, ખેતી અને સામાજિક વ્યવહાર પણ. બાળક નાથાભાઈને માતૃત્વની કોમળ લાગણીઓ સાથે ચોમેરથી અનુભવાયેલી પીડાઓ અને જીવનના ખાલીપાને લીધે વ્યક્ત કટુતાનો પણ અનુભવ થયો. છતાં એકના એક લાડકવાયા દિકરાને જીવની જેમ સાચવી ભણવા તરફ પ્રેર્યા. અમે સાથે ભણવા જતાં. થેલીમાં ભણતરનો બધોજ સમાન, એજ અમારું દફ્તર. શર્ટમાં ક્યારેક બાવળનો કાંટો બટનનું કામ કરે. નાહ્યા વગર શાળાએ જઈએ તો સાહેબ નાગા કરીને બે ચાર ગ્લાસ પાણી રેડાવી અમને નવરાવે. કલાકો સુધી અંગૂઠા પકડી અમે સ્થિતપ્રજ્ઞતાનો અનુભવ કરાવેલો. ભણવા કરતાં ઈતર પ્રવૃત્તિઓમાં અમારુ ધ્યાન વધારે રહેતું. ક્યારેક લેશન તૈયાર ન થયું હોઈ સાહેબના મારની બીકે ખેતરમાંથી તુવેર પાપડી કેરી તોડી લાવી લલચાવતા, ઘણીવાર માર પણ સારી રીતે પડતો.

ગ્રામ્ય સ્તરની રમતો પણ ખૂબ રમ્યા. નજીકના કોતરમાં નહાવા જતા. નાથાભાઈને તરતાં ખુબ સરસ ફાવે, મેં તેની પાસેથી તરતાં શીખવાનો પ્રયત્ન કરેલો પણ આજ સુધી તરતાં શીખી ન શક્યો. એકવાર તો નાથાભાઈ કહ્યું લે આ જીવતી માછલી ગળી જા તરતાં આવડી જશે. હું માછલી ગળી ગયો અને સીધો ભૂસકો માર્યો ધરામાં. ડૂબતાં ડૂબતાં માંડ બચ્યો ત્યાર પછી નદીમાં ન્હાવાનું બંધ.

અમે ઢોર ચરાવવા જઈએ તો ભેંસ, બળદ પર બેસી ગીતો લલકારતા. અમે ઊંટ, ઘોડા પર પણ બેઠા ગધેડા પર પણ બેસવાનો પ્રયત્ન કરેલો. હું માનું છું કે જે વ્યક્તિ ગધેડા પર બેસવામાં સફળ થયો તેની જિંદગીમાં ક્યાંય, ક્યારેય પાછો ન પડે, કારણ ગધેડા પર બેસવામાં સૌથી વધારે આયોજન અને સતર્કતાની જરૂર પડે. આ માણસ સારો વહીવટકર્તા અને આયોજક થઈ શકે. ક્યારેક ગધેડાના પૂંછડે ખાલી ડબ્બો બાંધી ગામમાં દોડાવતા, એ અમારૂં મનોરંજન.

અમારા ગામની શાળામાં ધોરણ સાત સુધીનો જ અભ્યાસ ચાલે આગળ ભણવાની સગવડ નહીં અને નાથાભાઇનું ભણતર છૂટી ગયું. કોમળ હાથોએ કલમ છોડી હળ, ધુંસરી અને બળદની રાશ પકડી ખેતી કરવાનું શરૂ કર્યું. પોતે એક બળદ રાખી સુઢેલમાં ખેતી શરૂ કરી. ખેતીની સાથે સાથે ખેત મજૂરી પણ કરી. મને ચોક્કસ યાદ છે તે સમયે અમારા ગામમાં પ્લોટમાં કોથળીઓ બાંધવાની બે રૂપિયા દાઢીયા મજૂરી ચાલે. જાણવા મળ્યું કે ખરોડ ગામે ધના ભવના ભરવાડના પ્લોટમાં મજુરીના અઢી રૂપિયા ચાલે છે. અમે દરરોજ રૂમાલમાં રોટલા શાક બાંધી ખરોડ ગામે ચાલતા પ્લોટમાં કોથળીઓ બાંધવા જતા. ત્યાં પણ ભરવાડે હિસાબ કરતી વખતે જૂઠું બોલી પચાસ પૈસા ઓછા આપેલા. પૂરા ત્રીસ દિવસ કામ કર્યું તો સાઇઠ રૂપિયા મળ્યા. પ્લોટ માલિક સાથે ઝગડો થતાં નાથાભાઈ સાથે ઝપાઝપી પણ થયેલી. એકવાર તો શાંતિપૂરા લાટમાં ચાર દિવસ સુધી કપાસ વીણવા ગયા તો મળ્યા પોણાચાર રૂપિયા. લગભગ સાત કિલોમીટર ચાલીને જવું, કામ પૂરું કરી પરત આવતા. ફુગ્ગામાંથી હવા નીકળી જાય તેમ ખાલી થઈ જતા. દુષ્કાળમાં કેરસીટી સમયે રોડ બનતા હોય કે તળાવ ઊંડા થતાં હોય ચોકડીઓ ખોદવા જતા. આ સમય મજુરી પેટે ઘઉંના ફાડા, ભૈડો, સુખડી મળતી.

ખેત મજૂરીનું આકાશ નાનું પડવા લાગ્યું. નાથાભાઈએ પરિસ્થિતી સામે ક્યારેય હાર નથી માની. વિધાતાના લેખ પર મેખ મારવાની હામ લઈને નિર્ધનતામાંથી બહાર નિકળવાનો માર્ગ હમેશા શોધતા રહ્યા. આવા કારમા દિવસોમાં બળદ, ગાય, ભેંસ વેચવાનો ધંધો શરૂ કર્યો અમે સાથે મળી યાત્રા પ્રવાસની બસો ઉપાડી. કાપડનો ધંધો શરૂ કર્યો. અને કેરીનાં આંબોળીયાનો પણ વેપાર કર્યો. દરેક કામોમાં નવા અનુભવ, સંપર્ક અને આત્મવિશ્વાસ વધતો ગયો. હવે થયું ખેતી અને ધંધામાં કંઈ બરકત નથી. ચાલો નોકરી કરીએ. સાત ધોરણ પાસને કઈ નોકરી મળે? છતાં પ્રયત્ન કર્યો. ને સદનસીબે માનનીય શ્રી ડૉ.કરસનદાસ સોનેરીના આશીર્વાદથી શ્રી એમ.આર.હાઈસ્કૂલ અડાદરામાં વર્ગ-૪ના કર્મચારી તરીકેની નોકરી મળી તારીખ ૪/૧૦/૧૯૯૦ના રોજ. આ સમય દરમ્યાન પાંસરોડામાં અમે વિશ્વ વિભૂતિ એજ્યુકેશન ટ્રસ્ટની સ્થાપના કરી. અમારા નોકરીના સ્થળો દૂર દૂર હોવાથી મંડળના હેતુઓ પાર પાડી શક્યા નહીં અને ટ્રસ્ટ સમય પહેલા લગભગ મૃતઃપાય થયું.


Lajja Communications

જે બાળકે જન્મથી જ પિતાની છત્રછાયા ગુમાવી હોય તેને સામાજિક રીતે ઓશિયાળી જિંદગી જીવવી પડતી હોવાના ઘણા દાખલાઓ છે. આમેય અમારું ગામ તાલુકા, જીલ્લા અને પરગાણામાં પછાત ગણાય. પરગાણાના ભડ મેતારો અમારા ગામને ટેરિયા ગામ તરીકે મૂલવે. અમારે તો હાથ જોડીને તેમની સેવા કરવાની એમનો પડતો બોલ ઝીલી લેવાનો, છતાં ગામમાં ગલાભાઈ મેઘાભાઈની શાખ, ઘરનો મોભો, જમીન જાયદાદ અને એકનો એક પુત્ર હોવાના નાતે નાથાભાઈની સગાઈ શૈશવસ્થામાં જ ગઈ. તે પણ હઠીપુરાના ભડમેતર પૂજાભાઈ ધૂળાભાઈની વણકરની ત્રીજી પુત્રી ડાહીબેન સાથે, નાથાભાઈના સસરાને અંત સુધી રંજ રહ્યા કર્યો કે ટેરિયામાં વિધવાના ઘરે મારી દિકરી પરણાવી. સગાઈ પછી થોડી અડચણો, વિક્ષેપો બાદ લગ્ન પણ થયાં. સુખદ સીમિત પરિવારમાં આર્થિક સંકડામણો વચ્ચેથી માર્ગ કાઢી જીવંત જિંદગી જીવતાં જીવતાં પ્રથમ દિકરી જ્યોત્સના બીજો દિકરો નરસિંહ અને રમેશનો જન્મ થયો. જે આજે તેમના અનુગામી બની સેવાકાર્યમાં જોતરાયા છે. નાથાભાઈના વિકાસમાં મા તો ખરાંજ પણ તેમનાં ધર્મપત્ની અને બાળકોએ કોઈપણ અપેક્ષા રાખ્યા વિના, કોઈ આક્ષેપો કર્યા વિના મુક સ્વીકૃતિ આપી છે. નાથાભાઈના કઈક પામવાના રઝળપાટમાં ડાહીમાસીએ ઘર-પરિવારને સંભાળ્યાં. બાળકોને યોગ્ય બનાવ્યા તે ઉમદા અને મહત્વની ભૂમિકા છે. નાથાભાઈ એક બાળવત્સલ પિતા, જવાબદાર પતિ, આદર્શ પુત્ર તેમજ મિત્ર પ્રિય માણસ રહ્યા છે.

નાથાભાઈમાં નેતૃત્વના ગુણો બચપણથી જ હતા. જેમાં રમત ક્ષેત્ર હોય ઝાડ પર ચડવાનું હોય કે કોઈપણ ક્ષેત્ર હોય તેમનું નેતૃત્વ અલગ જ તરી આવતું. સમાજમાં પણ મોટેરાઓ સાથે બેસી પંચાયતમાં રસ કેળવ્યો, અને મેતરાઈની આખી પરિભાષા બદલી નાખી. આધ્યાત્મમાં પણ નિર્ગુણ સંપ્રદાયના પૂજ્ય શ્રી સર્વેરામ બાપુને ગુરુ માની તેમના આશીર્વાદથી અનેરો ઉત્સાહ અને સાહસ સોંપડ્યા, અને આજે પણ ગુજરાતના સંતોના આશીર્વાદ પામી એક અલગ વ્યક્તિત્વ ઉપસાવી શક્યા છે. વિશેષ ઝાંઝરકા ધામના ગાદીપતિ પરમ પૂજય શ્રી શંભુનાથ બાપુના વિશેષ પ્રીતિપાત્ર છે. તેથીજ ગુજરાત પ્રદેશ અનુસૂચિતજાતિ મોરચાના મંત્રી તરીકેનો હોદ્દો પ્રાપ્ત કરી શક્યા છે. પરમ પૂજય શ્રી નારણદાસ બાપુ, શ્રી રામદાસ મહારાજ જેવી વિભૂતિઓએ તેમની ક્ષમતાને પીછાણી, વિશ્વાસ મૂકી દાન અપાવ્યાં છે. રાજકીય ક્ષેત્રે અનેક હસ્તીઓની સાથે માજી સાંસદ શ્રી પ્રભાતસિંહ ચૌહાણના વિશેષ ભરોસાપાત્ર બન્યા તે તેમની નિષ્ઠા સમર્પણ અને આગવી સૂઝ તથા કુનેહ છે. સરકારમાં મંત્રીઓ, સરકારી અધિકારીઓ અને કચેરીઓ પાસેથી કેવી રીતે કામ કઢાવવું એ તેમની આગવી સૂઝ છે. ગુજરાત રાજ્ય આશ્રમશાળા સંચાલક મંડળના મંત્રીની ભૂમિકા સાથે પંચમહાલ જિલ્લા અનુસૂચિતજાતિ મોરચાના પ્રમુખ તેમજ મંત્રી તરીકેની ભૂમિકા પણ બે ટર્મ સુધી નિભાવી છે. આ સાથે પંચમહાલ જિલ્લા એક્ટ્રોસીટી એક્ટ કમિટી ગોધરાના સભ્ય તરીકે પસંદ થયા. ગ્રામ પંચાયત

અડાદરામાં પણ સભ્ય તરીકે રહ્યા. સામાજિક સંસ્થાઓમાં સાઠંબા સાત ગામ વણકર વિકાસ મંડળના પ્રમુખ, સાઠંબા સાત ગામ વિકાસ મંડળ દ્વારા સમાજ ઘર બાંધકામ સમિતિના પ્રમુખ તેમજ બાયડ તાલુકા પાંચ પરગણા સમૂહ લગ્ન સમિતિના પ્રમુખ તરીકેની જવાબદારી સફળ રીતે નિભાવી રહ્યા છે.

હાઇસ્કૂલમાં વર્ગ-૪ની નોકરી મળ્યા પછી નાથાભાઈ આગળ ભણી ન શકવાનો અજંપો અનુભવ્યા કરતા. આગળ ભણવાની લાલસા કોરી ખાતી. ભણવાનું શરૂ કર્યું અને ન્યુ એસ.એસ.સી. તથા હાયર સેકન્ડરી પરીક્ષા પાસ કરી. સતત થયા કરતું કે હું જે નથી પામી શક્યો તે શિક્ષણ હાશિયાના છેવાડાના પછાત બાળકોને મળે તે હેતુથી ભાડાના મકાનમાં કુમાર છાત્રાલય શરૂ કર્યું. તે પોતે પરિવાર સાથે ભાડાના મકાનમાં રહે. અધ્યાત્મની દ્રષ્ટિએ પણ તેઓ માનતા કે આપણે આપણું જીવન પણ ભાડાના મકાનમાં વિતાવીએ છીએ. કાદવમાંથી કમળ ખીલે છે, પથ્થરમાંથી પ્રભુ થાય છે તો માટીનો માનવી મહાન કેમ ન થઈ શકે ? આમ સેવામય કર્તવ્ય જીવનનું ધ્યેય બન્યું. દ્રઢ મનોબળ, ગતિશીલ દ્રષ્ટિકોણ, અપ્રતિમ આત્મબળ અને પરિસ્થિતિઓ સામે લડવાની તાકાત, ઈશ્વરદત ઓજસ્વિતા, ઓજ, ઉત્સાહ, વિશાળ હદયભાવના, આખાબોલું વ્યક્તિત્વ વગેરે ગુણો નાથાભાઈ બનાવવામાં કામે લાગ્યા. વિશાળ આકાશની ઉડાન ભરવા સતત અને સખત પરિશ્રમ અને પ્રયત્ન કરતાં રહ્યા. આર્થિક સંકળામણ, સામાજિક પછતપણું અને ક્યારેક આખા બોલવાપણું સ્પષ્ટ વકતવ્ય પણ આડખીલીરૂપ બનતું. ચોવીસે કલાક વિકાસના વિચારોનો વંટોળ ચાલ્યા કરતો. મને ખ્યાલ છે છેલ્લે લગભગ ૨૫ વર્ષથી નાથાભાઈએ એક ટંક સાદું ભોજન લઈ દિવસો વિતાવ્યા છે. શરીરને પણ મનને અનુકૂળ થઈ જીવવાની આદત પડી ગઈ હતી. અમદાવાદ ગાંધીનગરથી પરત આવતાં મોડું થઈ જતું તો અડાદરા જવા બસ કે કોઈ સાધન ન મળે તો કેટલીય રાતો વેજલપુર, કાલોલ, ગોધરા સ્ટેશનના બાંકડા પર વિતાવી છે. જેમ જેમ સમય ગયો ઓળખાણ ને જ્ઞાનની બારીઓ ખૂલતી ગઈ, જુદી જુદી સેવાભાવી સંસ્થાઓ, સાધુ સંતો, મહંતો અને રાજકીય નેતાઓનો સંપર્ક અને આશીર્વાદ મળતાં મળતાં પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરા દ્વારા સંચાલિત સાત કરતાં વધારે સંસ્થાઓનું નિર્માણ થયું. જેમાં ૧. જે.બી.ખોત કુમાર છાત્રાલય અડાદરા-૧૯૯૬ ૨. કુ. રેષા પટેલ કન્યા છાત્રાલય અડાદરા-૧૯૯૭. ૩. નયનાબા કન્યા છાત્રાલય અડાદરા-૧૯૯૯. ૪. આદિજાતિ આશ્રમશાળા અડાદરા-૨૦૦૧ ૫. સ્વામી વિવેકાનંદ કુમાર છાત્રાલય મલાવ ૬. ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય ગોધરા-૨૦૦૨ ૭. કન્યા માધ્યમિક શાળા અડાદરા-૨૦૦૫. આમ સંસ્થાઓ આકાર પામતી રહી. આ સંસ્થાઓમાં સખાવત મળતું ગયું અને સૂકા રણમાં અંકુરિત, પલ્લવિત આ છોડ આજે વિશાળ વટવૃક્ષ બની જીવજંતુ પશુપક્ષી અને અન્ય અભાવગ્રસ્ત માનવીને છાંયડો આપે છે. સંસ્થાઓને મળતું સખાવત એ આ ગ્રંથનો અલગ વિષય બની શકે તેમ છે. જેમાં ગાંધી સ્પેશ્યલ

બહેરા મૂંગા વિદ્યાલય ગોધરાના મકાન માટે કોઈ એક જ સંસ્થા 250 લાખ એટલે કે અઢી કરોડ રૂપિયા એક વણકરના દિકરા નાથાભાઈને આપે તેને હું ચમત્કાર માનું છું. આ અગાઉ અમે પાંસરોડામાં વિશ્વ વિભૂતિ એજ્યુકેશન ટ્રસ્ટ પાંસરોડાની સ્થાપના કરેલી પણ તેમાં ઝાઝો પ્રતિસાદ ન મળ્યો. ટ્રસ્ટના હેતુઓ સિધ્ધ ન કરી શક્યા પણ ભવિષ્યની કેડી કંડારવામાં આ ટ્રસ્ટ માધ્યમ જરૂર બન્યું.

''જન્મના જયતે શુદ્ર, કર્મણા ભવેત બ્રહ્મ'' વ્યક્તિ પોતાનાં કર્મ અને આચરણથી, પોતાના પુરુષાર્થથી પોતાનું સ્થાન અને જીવન ઉચ્ચ બનાવી શકે છે. જેમ કે કબીર, રૈદાસ, દાદુ દયાલ, વાલ્મીકિએ પોતાનાં સત્કર્મ, આચરણ, ભક્તિભાવના, બુધ્ધિબળથી સમાજના સાચા રાહબર બન્યા, અને ઉચ્ચતમ સમાજ માનવજાતિના મસીહા સાબિત થયા. આ મહાપુરુષો આજેય અમર છે. કર્મ અને આચરણથી મનુષ્ય મહાન બને છે, નાત-જાત કે ધર્મથી નહીં. કેટલું જીવ્યા એ મહત્વનુ નથી પણ કેવું જીવ્યા એ મહત્વનુ છે. જીવનમાં સ્વાર્થની સાથે પરમાર્થ કરવો એ જ જીવનની સફળતા છે. જે વેઠે છે તે વિકસે છે. ધરતી પર જેના પગ છે અને નજર ક્ષિતિજ પર છે તેવી વ્યક્તિએ સફળ થવું હોય તો તેને પરિશ્રમ કરવો પડે. પરિસ્થિતીઓને પોતાને અનુકૂળ બનાવવા માટે મથવું પડે. પોતાની જાતને બદલીને અનુકૂલન સાધવું પડે, જે તક આવી છે તે તક ચૂકવી નહીં અને નવી તકો તૈયાર કરવી પડે. અભાવો, અગવડો, ને આશીર્વાદ માની હિંમતથી કામ લેવું પડે. આ બધુ સાતત્યપૂર્વક અને જાત બળે કરતો રહેનારો માણસ સફળ બને. પારકો આધાર ઝાઝો કામ નથી આવતો, ખરો આધાર તો છે આપણી અંદરનો આત્મવિશ્વાસ. નવું કરવાની ઝંખના, નિશ્ચય બળ, કામ કરવાની હામ.... ભાઈ શ્રી નાથાભાઈએ શૈશવકાળ, કિશોરાવસ્થા, યુવાવસ્થા અને આજે વાનપ્રસ્થ પ્રવેશ સમયે ઉપર્યુક્ત બાબતો સાથે પનારો પાડી ધારી મંઝીલે પહોંચવામાં સફળ થયા એ નિશ્ચિત છે. જીવનમાં સિધ્ધી અને પ્રસિધ્ધિ પ્રાપ્ત થવી તે સદનસીબ ગણાય, તેમ છતાંય પુરુષાર્થ અને પ્રારબ્ધનો જીવન યોગ એટલે ''કોર્યેષુ કૌશલમ્ યોગઃ'' અનેક વિટંબણાઓ વચ્ચે સ્વબળે પ્રજ્ઞા, પ્રતિભા અને પુરુષાર્થથી ભાગ્ય નિર્માણ કરવું તે આપણા સમાજ માટે કેટલું દોહ્યલું છે. તે તો આપણા કરતાં નાથાભાઈ વધારે જાણે છે.

આપણાં સમાજની સૌથી મોટી મર્યાદા છે કે કોઈ વ્યક્તિ કોઈપણ ક્ષેત્રમાં નામના મેળવે તો ઈર્ષાનો ભોગ અવશ્ય બને છે. નાથાભાઈના જીવનમાં એવા કેટલાય પ્રસંગો બન્યા છે. જેમાં હતાશાથી ઘેરાયા વિના સંઘર્ષ દ્વારા કુનેહથી રસ્તો કાઢ્યો છે. જેમાં સાઠંબા સાત ગામ પરગણાના નવા સુધારા કે સ્થાયી પ્રમુખની બાબત હોય, સાઠંબા સાત ગામ વાડીનો પ્રશ્ન હોય, સમૂહ લગ્નમાં આર્થિક અવિશ્વાસ સંદર્ભે પડેલી મડાગાંઠ હોય તથા એવા કેટલાય સામાજિક પ્રશ્નો ઉકેલવામાં આગવી સૂઝ અને કળનો ઉપયોગ કરી સુખદ

નિરાકરણ લાવેલ છે. મોટા દિકરા નરસિંહનાં લગ્નમાં વરઘોડો કાઢવા બાબતે ગામના દરબારો કરતાં ફળીયાના વણકરોના પેટમાં તેલ રેડાયું. નાથાભાઈને ત્યાંથી વરઘોડાની શરૂઆત થાય. ગામના નિવૃત્ત પી.આઇ. રણજીતસિંહને ચડામણી કરી કહ્યું, બાપૂ અમે તો તમારા એઠવાડામાં સમાઇએ. અમે તો ક્યારેય વરઘોડો નહીં કાઢીએ પણ નાથાભાઈનો વરઘોડો ના નીકળવો જોઈએ. પોલીસ બંદોબસ્ત માગ્યો અને વર ઘોડે ચડી આખા ગામમાં ફર્યો.

આ સમયે પૂર્વ સાંસદ મા.શ્રી પ્રભાતસિંહ ચૌહાણને રાજકીય કાર્યક્રમોમાં વ્યવસ્થાને લીધે એક કલાક પણ સમય ન ફાળવી શકે તેવી સ્થિતિમાં બે દિવસ સુધી વરઘોડામાં ખડેપગે રહ્યા. પી.આઇ. રણજીતસિંહ ગામ છોડી ભાગી ગયા. નાથાભાઈ અને અમે ગામમાં એઠવાડ સાફ કરવાની કોશીષમાં છીએ, વહેલા મોડા સફળતા મળશે જ.

રાજકારણ અને સંસ્થાકીય અંગત અદાવત, ઈર્ષા, દ્વેષ, ગંદી રાજનીતિનો પણ નાથાભાઇ ભોગ બન્યા. આ ક્ષેત્રે પણ દરેકને મહાત કરી તેઓ આગળ વધતા રહ્યા. ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલયમાં પણ કંઈક આવું જ બન્યું. સમાજનો ચોથો સ્તંભ ગણાતા પત્રકારોના જાતિવાદ, ઈર્ષા-દ્વેષ અને અંગત સ્વાર્થ વૃત્તિ. આર્થિક લાલચના કારણે ખૂબ જ સંઘર્ષ વેઠવો પડ્યો. આ જગ્યાએ નાથાભાઈ સિવાય કોઈ અન્ય વ્યક્તિ હોત તો સંસ્થા ગુમાવવાની નોબત આવત અને સજા થાત એ અલગ. આજે પણ પછાત સમાજના કોઈ વ્યક્તિને અન્યાય, અત્યાચાર કે કનડગત થતી હોય તો નાથાભાઈ ત્યાં પહોંચી જાય અને સુખદ સમાધાન સુધી ખડે પગે ઊભા રહે. આવા પ્રસંગોની, ઘટનાઓની સૂચિ એ અલગ ગ્રંથ બનાવી શકાય. આમ દરેક વિકટ પરિસ્થિતિ સામે તેમણે ક્યારેય શરણાગતિ સ્વીકારી નથી. વેદના અને સંવેદના બેઉને તેમણે પચાવી સંતુલન જાળવ્યું છે. પોતે ઘડતર પામેલ પિંડ પોતાની ઈચ્છા પ્રમાણે આકાર પામતો રહ્યો અને સ્થાપિત થતો ગયો.

જાહેર જીવનમાં પડેલા રાજકારણી તરીકે શ્રી નાથાભાઈમાં કેટલીક ખૂબીઓ છે કે કામ વગરના દુશ્મનો તેમણે ઊભા કર્યા નથી. દુશ્મનો ઊભા પણ થયા તો સાચવી લીધા. તથા મહાત કર્યા. રાજકારણમાં પ્રવેશવાનો આશય ધંધો નહીં પણ રાજકારણ થકી પોતાનું અને પોતાના પછાત સમાજનો વિકાસ કરવો. તેમને ખબર છે કે મારે અને મારા સમાજે જો આગળ વધવું હશે તો અન્ય સમાજનો સાથ લઈને આગળ વધાશે. એક રચનાત્મક વ્યક્તિ તે બાબતોનું ધ્યાન રાખવું જોઈએ કે તે પોતાનાથી ઉપર હોય તેની ઈર્ષા નહીં કરવાની પણ તેનો ટેકો લઈને તેની પાસેથી આગળ વધવાનું શીખવાનું. તથા જે પોતાનાથી પાછળ રહી ગયો છે તેમના પ્રત્યે ઘૃણા નહીં કરવી. પણ દયા અને પ્રેમ કરવાનો. તે ગમે તેવો હોય તો પણ મારા જ ભાઈઓ છે અને મારી માફક તેમને પણ આગળ લાવવા એ મારૂ કર્તવ્ય છે તેમ સમજીને પાછળ રહી ગયેલા માણસો પ્રત્યે દયા


Lajja Communications

અને પ્રેમ રાખવો. નાથાભાઈના આ ગુણોને કારણે જાહેર જીવનમાં તેઓ સરળતાથી અને ઝડપથી આગળ વધ્યા. આજ વિશેષતાઓને કારણે તેઓ ગુજરાત સરકાર અને અન્ય નામાંકિત સંસ્થાઓ દ્વારા સન્માન પામ્યા, એવોર્ડથી નવાજવામાં આવ્યા. જેમાં (૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર દ્વારા ૧ લાખ રૂપિયાનો મહાત્મા ગાંધી એવોર્ડ તત્કાલિન મુખ્ય મંત્રી માનનીય શ્રી આનંદીબેન પટેલના હસ્તે એનાયત કરાયો. (૨) બહેરા મૂંગા વિદ્યાલય ગોધરાની શ્રેષ્ઠ કામગીરી માટે ૧૧,૦૦૦/- રૂપિયાનો કીકુભાઈ એવોર્ડ મળ્યો. (૩) સામાજિક કાર્યમાં શ્રેષ્ઠ પ્રદાન બદલ દિલ્હીથી ઈન્ડિયા નેશનલ એવોર્ડ એનાયત થયો. ૪. મહાવીર ફાઉન્ડેશન ચેન્નઈ દ્વારા દસ લાખ રૂપિયાનો મહાવીર એવોર્ડ પ્રાપ્ત થયો જેને લેવા જવાનો લ્હાવો મને પણ મળ્યો. આ તેમની સંસ્થાકીય કારકિર્દીનું ઉજ્જવળ પાસું છે.

શ્રી નાથાભાઈ વિશે જેટલું કહેવું હોય તેટલું ઓછું છે. તેમણે સીમાઓને અતિક્રમીને જીવનપથ પર આગેકૂચ કરી છે. શૂન્યમાંથી સર્જન કરી એક ધ્રુવતારકની જેમ પ્રકાશ રેલાવ્યો છે. ઝીરોમાંથી હીરો બન્યા છે તેમ કહી શકાય. તેઓશ્રી અમારા ગામ પાંસરોડાનું અણમોલ રતન છે, ગૌરવ છે. હું પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું કે તેમના જીવનના અધૂરા ઓરતા, અભરખા અને આકાંક્ષાઓ પરિપૂર્ણ થાય. તેમનાં સ્વપ્નો સાકાર થાય અને સ્વપ્નસિધ્ધિના જીવનશિખર પર બિરાજે તેવી અંતઃકરણની શુભેચ્છાઓ. શ્રી નાથાભાઇ સદ્‌માર્ગે ચાલીને જીવન સાર્થક્ય સાધ્યું છે. એમની આ સેવા-સાધના અવિરત ચાલ્યા કરે અને સ્વસ્થ પૂર્ણ દીર્ઘાયુ સાથે શતાબ્દી વર્ષ સત્કર્મ યોગ કર્યા કરે તેવી મંગલ કામના સાથે એમને સત્‌ સત્‌ અભિનંદન. તેમની સેવા યાત્રા હંમેશાં સૂર્યમુખી તથા ઉર્ધ્વગામી બને એજ અભ્યર્થના.

અભિવાદન ગ્રંથ એટલે નર્યા ગુણ કીર્તન જ નહીં બલ્કે સંબંધો સામે ઝઝૂમીને જે-તે વ્યક્તિએ પોતાની ક્ષમતા પુરવાર કરી આપી હોય તેનુ તટસ્થ મૂલ્યાંકન અને જે મર્યાદાઓ નડતી હોય તે તેનું પણ નિરપેક્ષ ભાવે આલેખન. એક પ્રતિબદ્ધ, કર્મશીલ અને લેખકની હેસિયતે હું ઈચ્છું છું કે મિત્ર નાથાભાઈના અભિવાદનનું આ ટાણું ગુજરાતના દલિતો, આદિવાસીઓ અને હાંસિયાના તમામ તકવંચિતોના સાચા શ્રેયમંથનનું પર્વ સિધ્ધ થઈ શકશે.

આમ સ્વપ્રયત્ને અને સ્વબળે પામેલ સુવાસને ષષ્ટિપૂર્તિ કાર્યક્રમ (અભિવાદન ગ્રંથ) માં સંકોરવાનો નમ્ર પ્રયત્ન કરેલ છે. શ્રી નાથાભાઈનો ચાહક વર્ગ તેમના સહકાર્યકરો, શુભેચ્છકો, સ્વજનો અને મિત્રોની કાર્યશક્તિને કારણે તેમનો આ સંકલ્પ પાર પાડી શક્યા તેનો આનંદ છે.

❀ ❀ ❀

Lajja Communications

# કર્તવ્ય એજ પૂજા

**જીતેન્દ્રકુમાર ગોવિંદભાઇ અમિન**
ઇ.આચાર્ય શ્રી વી.સી.માયાવંશી વિદ્યાલય, પાંડવા તા. બાલાશિનોર જી.મહીસાગર.

મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના પાંસરોડા ગામે એક સાધારણ દલિત કુટુંબમાં જન્મેલા નાથાભાઈ વણકર. ખૂબ નાની ઉંમરમાં પિતાની છત્રછાયા ગુમાવી દીધેલી. માતા માંનીબેન તેઓને ઉછેરીને મોટા કરેલા. માતા માંનીબેન નાથાભાઇનું લાલન-પાલન-જતન કરેલું. કાલોલ તાલુકાની શ્રી એમ.આર.હાઈસ્કૂલ અડાદરામાં ડૉ. કરસનદાસ સોનેરીના માર્ગદર્શન હેઠળ વર્ગ-૪ના કર્મચારી તરીકે નોકરી મળી. ગરીબીમાં ઉછરેલા વ્યક્તિને ગરીબોની સેવા કરવાની તલાવેલી જાગે એ સહજ હોય શકે છે.

૧૯૯૫માં શ્રી નાથાભાઈ વણકરે શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજયુકેશન ટ્રસ્ટની સ્થાપના કરી. મેનેજિંગ ટ્રસ્ટી તરીકે ફરજ નિભાવી. મારા સ્વ. પિતાજી ગોવિંદભાઇ માયાવંશીએ સર્વોદય સેવા સંઘ, પાંડવાના પ્રમુખશ્રી તરીકે સમાજના કચડાયેલા.. શોષિત-પીડિતો માટે આશ્રમશાળા-છાત્રાલયો-હાઈસ્કૂલ-ટેકનિકલ શિક્ષણ માટેની સંસ્થાઓ-પી. ટી.સી. કોલેજની મંજૂરી મેળવી સંચાલન કરતાં હતા ત્યારે શ્રી નાથાભાઈ વણકર મારા પિતાજી પાસે આવી માર્ગદર્શન મેળવતા અને કહેતા, ગોવિંદભાઇ મારે પણ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરી સમાજ માટે ઋણ અદા કરવું છે. મને આ કામમાં મદદ કરો. અવાર નવાર પાંડવા આવતા સમાજ માટે કશુક કરી છૂટવાની વાત કરતા ત્યારે મને તેમના વર્તન વ્યવહારમાં પ્રામાણિક્તા-કર્તવ્યભાવના દેખાતી. તેઓએ વર્ગ-૪ના કર્મચારીમાંથી છાત્રાલયો - આશ્રમશાળા - કન્યાવિદ્યાલય અને વિશેષ તો તેઓ ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય ગોધરા મુકામે કરી રહ્યા છે એ કર્તવ્ય નિભાવી રહ્યા છે. એ સાચા અર્થમાં મારી દ્રષ્ટિએ “કર્તવ્ય એજ પૂજા છે”

કર્તવ્ય એટલે ફરજ. મનુષ્ય જુદા જુદા અનેક ક્ષેત્ર જેવા કે દેશ-સમાજ-નોકરી-ધંધો કે માતા-પિતા, ભાઈ-બહેન કે અન્ય સંબંધો એવા અનેક ક્ષેત્રમાં પોત-પોતાની ફરજો બજાવતો હોય છે. પરંતુ “કર્તવ્ય અને અધિકાર એ સિક્કાની બે બાજુ છે.” મનુષ્ય અધિકાર ભોગવે છે પણ કર્તવ્ય નિભાવતો નથી. જ્યારે નાથાભાઈએ ઊભી કરેલી સંસ્થાઓમાં તેઓએ કર્તવ્યને પૂજા તરીકે સ્વીકારેલી મને દેખાય છે. જ્યારે-જ્યારે અમારા વચ્ચે સંસ્થાઓ વિશે વાતચીત થાય ત્યારે હમેશા તેઓ બોલી પડતા, જીતુભાઈ આપણે આપણી ફરજ નિભાવવી જોઈએ. સ્વ.ગોવિંદભાઇ પોતાના કર્તવ્યને લીધે સમગ્ર ગુજરાતમાં “દલિત દીવડા” તરીકે પૂજાયા. આપણે કર્તવ્યને પૂજા તરીકે સ્વીકારવી જોઈએ.



Lajja Communications

ભગવાન શ્રી કૃષ્ણએ અર્જુનને ગીતામાં એમનું કર્તવ્ય નિભાવવા માટે ઉપદેશ આપ્યો છે. કર્તવ્ય ઈશ્વરની પૂજાથી પર છે. કર્તવ્ય એટલે સમાજને આપેલો સાચો ન્યાય. કોઈપણ મનુષ્ય પોતાની જાતિ, ધર્મ, હોદ્દો કે નોકરીથી મહાન નથી બનતો. પોતાનું કર્તવ્ય નિષ્ઠાથી નિભાવે છે. એજ મનુષ્ય ઊંચો અને મહાન ગણાય છે. મનુષ્ય પોતાનું કર્તવ્ય ન્યાય નીતિથી બજાવે તો તે ભગવાનની પુંજાનું પુષ્પ બની જાય છે. મારો અનુભવ છે કે તમે સારું કામ કરો એટલે કેટલાક લોકો સત્કાર્યના કર્તવ્ય પર તમારી ટીકા-નિંદા કરે. તમારા સત્કાર્યોનું સેવન બધાને સુખનું કારણ નથી બનતું. કોઈના દુ:ખનું કારણ પણ બને છે, નાથાભાઈ વણકર માટે પણ આવું જ છે. દલિત સમાજનો નાનો માણસ શૈક્ષણિક સંસ્થાઓનું સફળ સંચાલન કરે એ કેટલાક લોકોને ગમતું ન હોય. નાથાભાઈએ નિંદા ટીકાઓ સહન કરીને પોતાનું કર્તવ્ય નિભાવ્યું છે. તેઓએ કર્તવ્યની પૂર્ણાહુતિ કરી નથી. અવિરતપણે કર્તવ્ય કરતાં હોય છે. સાચા અર્થમાં નાથાભાઈ કર્તવ્યનિષ્ઠ વ્યક્તિ રહ્યા છે.

કર્તવ્ય નિભાવવાથી કોઈના જીવનનું અંધારું દૂર થતું હોય, કોઈના હોઠ પર હાસ્ય આવતું હોય, આનંદનો ઓવારો ઉભરાતો હોય તો કર્તવ્ય નિભાવવું જોઈએ એમ નાથાભાઈ માનતા. તેઓ કહેતા: કર્તવ્ય પ્રસન્નતાપૂર્વક કરવું જોઈએ. કર્તવ્યમાં સેવાનો ભાવ હોવો જોઈએ. કર્તવ્યના કામમાં ઉત્સાહ હોય તો કોઈ અભાવ રહેતો નથી. તેનું કર્મ એની મંજિલે જરૂર પંહોચે છે.

નાથાભાઈએ કર્તવ્યને પૂજા માની છે. કર્તવ્યો નિભાવતા તેમના જીવનમાં અનેક વિઘ્નો પણ આવ્યા છે. પણ તેઓએ પ્રતિકાર કરી વિઘ્નોનો પણ અંત લાવ્યા છે. મારે કહેવું જોઈએ કે "પાનખર ઝીલે તેને જ વસંત આવે છે." વિઘ્નો અને મૂસીબતોનું એકજ સોલ્યુશન જિંદગી છે. એમ સમજી નાથાભાઈએ કર્તવ્યની કેડી કંડારી છે. સમર્પણની ભાવના ચાલુ રાખી છે. નાથાભાઈની શરૂઆતની પ્રગતિમાં ડૉ.કરશનદાસ સોનેરીનો સિંહફાળો રહેલો છે એ ભૂલવું ન જોઈએ.

ભગવાનની કૃપા પામવા માટે કર્તવ્ય કર્મને ભગવાનની સેવા માની સમાજની સેવા કરવા તેમણે માં સરસ્વતીના મંદિરો બાંધ્યા. જરૂરિયાતમંદ ગરીબ વિદ્યાર્થીઓના બાળકો છાત્રાલયમાં રહી સંસ્કાર સાથે શિક્ષણ મેળવે તે માટે છાત્રાલયો શરૂ કર્યા. આ દુનિયામાં જન્મ લઈને બોલી શકતા નથી માત્ર ઇશારઓથી સમજી શકે એવા બાળકો માટે બહેરા મૂંગાની શાળા શરૂ કરી સેવાની ધૂણી ધખાવી. જેમ દીવો પોતે પ્રગટીને બીજાને અજવાળું આપે છે. ઘટાદાર વૃક્ષ બીજાને છાંયો આપવા તાપ સહન કરે છે. ફૂલો પોતાની સુગંધ ફેલાવવા માટે તાવડા પર ચડે છે. એમ કર્તવ્યનિષ્ઠ વ્યક્તિ બીજાને ખુશી રાખવા માટે પોતે સહન કરે છે. તેમ નાથાભાઈ તેમના જીવનમાં આચરણની આરસી દ્વારા.. સમાજના ઉત્થાન માટે કર્તવ્ય નિભાવી રહ્યા છે.

મારે નાથાભાઈની માતા માંનીબેન માટે આટલું જરૂર કહેવું છે. આજના માતા પિતા સંતાનોને ભણાવી ગણાવીને ધન-વૈભવ અને સંપતિ આપે છે. તેને પોતાનું કર્તવ્ય માને છે પણ નાથાભાઈની માતાએ સાચું કર્તવ્ય સંસ્કાર આપવાનું કર્યું છે. પોતાના દિકારને સારો અને સંસ્કારી વ્યક્તિ બનાવવા ભગીરથ કામ કર્યું છે. કેટલાક માં-બાપ સંતાનોને વૈભવ અને સંપતિ આપે છે પણ સંસ્કારોનું સિંચન કરતાં નથી જેથી સંતાનો કુમાર્ગે ચડી જાય છે સંપતિ વેડફી નાખે છે. માંનીબેન સાચા અર્થમાં કર્તવ્ય અને સત્કર્મની મૂડી નાથાભાઈને આપી... જેના કારણે નાથાભાઈએ સમાજની સાચી સેવા કરી જાણી.

પરમ વંદનીય મોરારી બાપુએ કહ્યું છે, " બે હાથ વડે મેળવવું એ નરપણું છે. ચાર હાથ વડે આપવું એ નારાયણપણું છે." આ ઉક્તિને નાથાભાઈએ પોતાની જિંદગીમાં સાર્થક કરી છે. તેઓએ પોતાના સાતગામ પરગાણામાં વણકર સમાજમાં " સમૂહ લગ્ન"ની શરૂઆત પોતાના સ્વજનો શુભેચ્છકોને સાથે રાખી કરેલ છે. સમાજ કોઈ બાવળ... લીમડો કે આંબાના ઝાડ નીચે બેસી સમાજની ચિંતા કરે એના બદલે તેઓએ "સમાજઘર"ની પણ ચિંતા કરેલ છે. આવા નાથાભાઈ ખરેખર "કર્તવ્ય એજ પૂજા" માં માનનારા છે. તેઓની "ષષ્ટિપૂર્તિ" ઉજવાઇ રહી છે ત્યારે પરમાત્માને પ્રાર્થના કરું છું કે, હે પરમાત્મા નાથાભાઈને તંદુરસ્તી બક્ષી.. અને સમાજ ઉત્કર્ષના કામમાં કર્તવ્ય નિભાવવા અખૂટ શક્તિ આપજો.

હરીઃૐ

❀ ❀ ❀

મનોરથથી કાર્યો સિધ્ધ નથી થતાં. પ્રયત્નો કરવાથી જ કાર્યો સિધ્ધ થાય છે. સૂતેલા સિંહના મોઢામાં શિકાર આપોઆપ આવીને પડતો નથી. તેથી કાર્યો માટે મથવું જરૂરી છે. નાથાભાઇના યત્નોના પરિણામો જાહેર છે.

- કે. પી. ડાભી

આશ્રમશાળા અધિકારી, દાહોદ



Lajja Communications

# શ્રી નાથાભાઈ વણકર : પુરુષાર્થનો પુલકિત પમરાટ

**ખંડુભાઈ પરમાર**
પૂર્વ પ્રોફેસર અને એફોશિયેટિંગ પ્રિન્સિપાલ, સંતરામપુર કોલેજ.

"જોયું સાહેબ કેટલી ગાડીઓ દેખાય છે. એક જમાનો હતોઃ ગામમાં જવલ્લે જ કોઈ મોટરકાર આવે. અને આવે ત્યારે ફાટેલી-તૂટેલી ચડ્ડી પહેરીને ફરતા ત્યારે, ભારે રોમાંચ સાથે ઊડતી ધૂળની સાથે-સાથે ગાડીની પાછળ...પાછળ...દોડતા અને ધૂળથી રંગાઈ જતા" .... આટલું કહેતાં કહેતાં ભીની થયેલી આંખ નીચે ઢળી અને બોલતાં બોલતાં અટકી ગયા.

કોણ હતા આ મહાનુભાવ? પંચમહાલ જિલ્લા અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટની રજતજયંતિની ઉજવણીના આયોજન માટેની તૃતીય મિટિંગ પૂર્ણ થયા બાદ અષાઢના ખરા બપોરે આમ્રરસનું સ્વાદિષ્ટ ભોજન કરાવીને બહેરા મૂંગા શાળાના પરિસરના ગેટ સુધી વળાવવા આવેલા સંસ્થાના વડાશ્રી નાથાભાઈ વણકરના શબ્દો હતા. સ્વાનુભવના શબ્દો હતા. ખરબચડા ભૂતકાળના સ્મરણાંકિત ઉદગાર હતા તો વળી વર્તમાનમાં ફળેલા પુરુષાર્થનો એક સંતૃપ્ત મિજાજ પણ હતો. આ નાથાભાઈ જ્યારે એમના જીવનમાં સાઇઠ વર્ષ પૂર્ણ થયાના અવસરે ષષ્ટિપૂર્તિ ઉજવી રહ્યા છે ત્યારે એમના જીવન ઉપર એક ઊડતી નજર .....

## પ્રારંભ : અભાવો વચ્ચે ઉછરતું બાળપણ

નાથાભાઇનું જન્મ વર્ષ પૂર્ણ પણ થયું નહીં અને પિતાનું છત્ર ગુમાવ્યું. વિધવા માતા માંનીબાનો એકમાત્ર સહારો. મજદૂરી કરીને દિવસો પસાર કરતાં માંનીબાની સ્ત્રી શક્તિને સલામ કરવી પડે કે અભાવો અને અડચણો વચ્ચે દિકરાનો વિશિષ્ટ રીતે ઉછેર થયો. નાથાભાઈને માતાની સાથે રહીને જ મજદૂરીના પાઠ ભણવા મળ્યા એટલે શ્રમ પ્રત્યેનો એક વિધાયક અભિગમ વિકસ્યો, જે આગળ આવનારા પડકારોને પહોંચી વળવામાં કામયાબ રહ્યો. પિતાશ્રીના અવસાનને કારણે નાથાભાઈના બાળપણના મુક્તજીવનનો લાભ તો પ્રારંભથી જ નાની ઉંમરે આવી પડેલ અણધારી જવાબદારીઓએ છીનવી લીધો. આવી અસાધારણ પરિસ્થિતિમાં પણ અભ્યાસ માટેની અનોખી લગન હતી. અને એથી કરીને પ્રાથમિક શાળાના સાત ધોરણ તો ગામની શાળામાં પૂર્ણ કર્યા. નબળી આર્થિક

પરિસ્થિતીના કારણે છૂટક છૂટક કરીને દસમું અને બારમું ધોરણ તો એમણે પાછળથી કર્યું.

## મુગ્ધાવસ્થા : મ્હોરતાં સપનાનો સાંકેતિક સાક્ષાત્કાર.

અભાવોમાં ઉછરેલા નાથાભાઈને સ્વપ્ન જગતમાં રાચવાનો વૈભવ પોષાય નહીં. એમ છતાં તેનાથી એ મુક્ત રહ્યા છે એમ પણ કહી શકાય એમ નથી. કેમ કે કંઈક સિધ્ધ કરવાને માટે પહેલા 'સપનું' સેવવું પડતું હોય છે પરન્તુ મુગ્ધાવસ્થાના પ્રારંભથી જ કડવી વાસ્તવિકતાને સ્વીકારી 'કામધંધે' લાગી જવું પડે એ વાત એમને સમજાણી હતી. તેથી જ સ્તો આદું અને લસણનો વેપાર કર્યો બળદ અને ભેંસોનો વેપાર પણ કર્યો. પંદર કી.મી. જવાના અને પંદર કી.મી. આવવાના એવા દિવસના ત્રીસ કી.મી. માથા પર એક મણ (૨૦ કિલોગ્રામ) ઘીનો ડબ્બો ઊંચકીને એક ગામથી બીજે ગામ લઈ જવાનું મહેનતાણું એક રૂપિયો મળે એવા વ્યવસાયો પણ કર્યા છે. (આ સમયે પરિવહન સેવાઓ ઝાઝી ઉપલબ્ધ નહોતી) ચાલતા ચાલતા દિવસના ત્રીસ કી.મી.નું અંતર કાપતા માણસને કેવા કેવા માણસોનો પરિચય થાય. કાર્લ માર્કસે બતાવેલા બે વર્ગો હેવ્સ અને હેવ્સ નોટ છાપરાવાળા, છાપરા વગરના. ગરીબો અને શ્રીમંતો. દુકાનને ગલ્લે બેસીને અઢળક કમાણી કરતો દુકાનદાર પણ જોયો હોય. વળી સમાજમાંથી આગળ વધેલા અનેક સંસ્થાઓના અધિપતિ એવા સ્વ.ગોવિંદભાઇ માયાવંશીને જોયા હોય તો વળી અધ્યાપકમાંથી ગુજરાત સરકારના મંત્રી બન્યા હોય એવા ડૉ.કરસનભાઇ સોનેરીને જોયા હોય, જાણ્યા હોય, એમાથી નાથાભાઇને આગળ વધવાનું સપનું કેમ ન જાગે ? હું માનું કે નાથાભાઈને આવા સામાજિક આગેવાનોના જીવનમાંથી પ્રેરણા મળી હશે. એમાં કોઈ શંકાને સ્થાન નથી. સપના ખાલી ખાલી રચાતાં નથી. એની રચનાના પણ બહુમૂલ્ય 'આધારો' હોય છે.

## પાંસરોડાથી અડાદરા વાયા ગોધરા : ટર્નિંગ પોઈન્ટ

છૂટક મજૂરીથી દહાડો નહીં વળે એ વાત નાથાભાઈને પાકા પાયે સમજાઈ હતી. ત્યારે સ્થાયી આવકવાળી સરકારી નોકરીમાં એમને ગરીબી સાથે સંકળાયેલા અપમાનો, અવહેલનાઓ, ઉપેક્ષાઓ આ તમામનો 'મુક્તિબોધ' દેખાયો. એટેલેજ ( તેઓ આદુ અને લસણનો વેપાર કરતા જ હતા.) તેઓ સરકારી નોકરીની પ્રાપ્તિ માટે આદુ ખાઈને પાછળ પડી ગયા અને એ પ્રાપ્ત કરી ને જ જંપ્યા. અડાદરાની માધ્યમિક શાળામાં ચોથા વર્ગના


Lajja Communications

કર્મચારી તરીકે તેઓ નિયુક્ત થયા. આ રીતે, પાંસરોડાથી અડાદરાનો સીધો રાજમાર્ગ (ધોરીમાર્ગ) તેમના જીવનનો ટર્નિંગ પોઈન્ટ બન્યો.

મનોવિજ્ઞાની જોન અબ્રાહમ મેસ્લો કહે છે એ મુજબ જ્યાં સુધી માણસની પાયાની જરૂરિયાતો (ભૂખ તરસ જેવી) પૂર્ણ ન થાય ત્યાં સુધી લક્ષ્યો તરફ એનું મન વળતું નથી. સ્થાયી આવક વાળી ભલે ટૂંકા પગારની નોકરી મળવાથી નાથાભાઈ એકબાજુ સાંધે તો તેર બાજુ તૂટે એવી રોજીંદી ચિંતાઓથી મુક્ત થયા. અને આવો ચિંતા મુક્ત માણસ જ કઈક વિધાયક વિચારી શકે. અંહી શાળાના 'સેવક વ્યવસાય'માં એમણે લઘુતાગ્રંથિ અનુભવવાને બદલે શિક્ષકોનો વ્યવસાય જોયો આચાર્યો, અધિકારીઓ વગેરેના સંપર્કમાં આવવાને કારણે પોતાના સ્થાનનું મૂલ્યાંકન કરવાનો અવકાશ મળ્યો. અને 'ઓછું ભણતર' એ એમનો ઉત્તર મળ્યો. સમાજમાંથી આગળ વધેલા આગેવાનોની જીવન કથાઓ પણ તેઓ જાણતા હતા. અને એમને પગલે પગલે આગળ ધપવાનો પુરુષાર્થપણ કરતા ગયા. તેમની જીવનયાત્રા બદલાવનો પ્રારંભ અંહીથી જ થવા પામ્યો. તેમની દિશા અને દર્શન, કહો કે સમગ્ર નક્શો નવા સ્વરૂપે આકાર પામ્યો. અને શૈક્ષણિક સંસ્થા શરૂ કરવાનો સંકલ્પ દ્રઢીભૂત થયો.

## રાજકારણ : તળેટીથી ટોચ : માસ્ટર સ્ટ્રોક

અડાદરાની શાળામાં મળેલી સ્થાયી આવકવાળી નિકરીને કારણે આર્થિક બોજ હળવો થયો. એ દિવસોમાં ગ્રામ પંચાયતના સદસ્ય બનીને તેમણે રાજકારણમાં પ્રવેશ મેળવ્યો. રાજકારણમાં પ્રવેશ મેળવવાને કારણે તાલુકાનાં તથા જિલ્લાના રાજકીય આગેવાનોના સીધા સંપર્કમાં આવવાની તકો પણ ઉપલબ્ધ થતી ગઈ. અંતે, એમના રાજકીય પરિચયો વધવા લાગ્યા. એમાં તે વખતના રાજ્યમંત્રીશ્રી પ્રભાતસિંહ ચૌહાણ (પાછળથી તેઓ સાંસદ પણ બન્યા) ના સંપર્કમાં આવ્યા અને આજપર્યંત એમના સબંધો અંતરંગ રહ્યા છે. નાથાભાઈની શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપનામાં અને તેના વિસ્તાર અને વિકાસમાં એમનો બહુમૂલ્ય ફાળો છે. એ વાત નાથાભાઈ આભાર સાથે જાહેરમંચ પરથી કહેતા આવ્યા છે.

અત્યારે નાથાભાઇના વડપણ હેઠળ અનેક સંસ્થાઓ કાર્યરત છે. એક વખતના ચોથા વર્ગના કર્મચારીની નિગરાનીમાં અનેક શિક્ષકો અને આચાર્યો સેવા બજાવી રહ્યા છે. મનોવિજ્ઞાની એલન એના ખુબજ જાણીતા પુસ્તક 'મેન થિંકેડ'માં કહે છે, માણસ ધારે તે થાય 'નાથાભાઈએ ધાર્યું અને અંતે એ પ્રમાણે કર્યું. આ નાની સિધ્ધી નથી. માણસને એક

‘ચોટ’લાગવી જોઈએ. વાગે, લાગે તો જાગે. નાથાભાઇના જીવનમાં આ ત્રણેય ઘટનાઓ બની ઇનો પરિપાક છે. તેમની અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓ, રાજકીય જીવનમાં પણ નાથાભાઇ તાલુકા, જિલ્લા અને અત્યારે રાજ્ય કક્ષાએ તેમના પક્ષના સંગઠન માળખામાં મંત્રી તરીકે કાર્યશીલ છે.

## એવોર્ડ અને પારિતોષિકો : પુરુષાર્થને પ્રસરતો પમરાટ

નાથાભાઇની ગોધરા સ્થિત ચેમ્બરમાં બેઠા હોઈએ તો તેમના કબાટોમાં અનેક શિલ્ડ, મળેલા એવોર્ડ, પ્રમાણપત્રો વગેરેના દર્શન થાય. અનેકવિધ સંસ્થાઓ દ્વારા તેમના કામની કદર થવા પામી છે. સ્થળ – સંકોચને કારણે અત્રે બધી વિગત પ્રસ્તુત કરવી શક્ય નથી પરંતુ કિકુભાઈ એવોર્ડ રૂા.૧૦, ૦૦૦/-ના પુરસ્કાર પેટે વલસાડની સંસ્થા દ્વારા ૨૦૧૬માં મળ્યો. મહાત્મા ગાંધી એવોર્ડ (૨૦૧૪)માં સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી મળ્યો અને તાજેતરમાં જેની ઘોષણા થઈ ચૂકી છે પરંતુ કોરોનાના કારણે વિલંબ થયો છે એ મહાવીર ફાઉન્ડેશન દ્વારા ચૈતન્ય પીસ એવોર્ડ દશ લાખ રૂપિયાના પુરસ્કાર સાથે મળી રહ્યો છે આ અનોખી સિધ્ધિઓ છે.

વ્યવસાયે ચોથા વર્ગના કર્મચારીથી પ્રારંભ કરીને અનુસૂચિત જાતિ સમાજમાંથી આવતો માણસ અનેક સંસ્થાઓનો ટ્રસ્ટી તો બને પરંતુ સંસ્થાઓના સુચારુ સંચાલનને કારણે આવા પુરસ્કારોને માટે લાયક ઠરે એ સર્વ સમાજને માટે ગૌરવપ્રદ ઘટના છે. નાથાભાઈની આ સિધ્ધિઓની સુવાસ અને પૂરુષાર્થની પમરાટ દૂર-સુદૂર પ્રસરતો રહે એ સૌને માટે આનંદનો વિષય બને છે.

નાથાભાઈના એજ્યુકેશન ટ્રસ્ટને મળેલા અનેક પુરસ્કારોમાં મુંબઈના જૈન બંધુઓ (ઉદ્યોગપતિ) દ્વારા મળેલા રૂપિયા બે કરોડનો માતબર પુરસ્કાર એ મારી સમજપૂર્વક એક વિશિષ્ટ પુરસ્કાર છે. એ દાનને કારણે ગોધરામાં બહેરા મૂંગા વિદ્યાર્થીઓએ માટેનું આધુનિક સંસોધનો સાથેનું ભવન નિર્માણ પામ્યું છે. અને એક અનોખુ વિદ્યા સંકૂલ સાકર થયું છે. જે એજ્યુકેશન ટ્રસ્ટની તથા તેના વડા તરીકે શ્રી નાથાભાઈની એક અજોડ અને અદ્વિતીય સિધ્ધી છે.

## સમાજકારણ : સેવા, સહકાર અને સંગઠનનો પર્યાય

નાથાભાઈએ ભલે તેમની કર્મભૂમિ અડાદરાને બનાવી હોય પરંતુ તેઓ સમાજ સાથે અને તેમના વતન પાંસરોડા સાથે હંમેશાં પ્રતિબધ્ધ રહ્યા છે. સાત ગામ સાઠંબા ઉત્કર્ષ

મંડળના તેઓ પ્રમુખ તરીકે સેવારત છે. પ્રતિ વર્ષ સમૂહ લગ્નોના આયોજન કરીને ગરીબ પરિવારને મદદરૂપ બની રહે છે. સાઠંબા ખાતે સાત ગામ પરગાણાનું એક સમાજઘર બનાવવા માટેનું પણ આયોજન છે. આતો, વતન સાથેની સામાજિક પ્રીતિની વાત થઈ પરંતુ કર્મભૂમી ખાતે અને પંચમહાલ તથા મહીસાગર જિલ્લાના સામાજિક સંગઠનો સાથે પણ તેઓ સંકળાયેલા હોય છે. અનુસૂચિત જાતિ પ્રત્યે સામાજિક ઉત્પીડનની ઘટનાઓ વખતે સામાજિક ન્યાય માટેની લડતોમાં પણ તેઓ સક્રિય ભૂમિકા નિભાવતા જોવા મળે છે. આ સિવાય ગોધરા ખાતે કાર્યરત ડૉ. બાબાસાહેબ આંબેડકર વિચારમંચ દ્વારા પ્રસંગોપાત આયોજિત થતા જનજાગૃતિના તથા ઉજવણીના કાર્યક્રમોમાં તેમની ઉપસ્થિતિ હમેંશા રહેતી હોય છે. કોરોનાકાળમાં પણ ગરીબોને કીટ વિતરણ કરતા જોવા મળ્યા છે.

## વ્યક્તિમત્તા : સ્વભાવ અને પ્રભાવ સમન્વય

નાથાભાઈ સાથેનો વ્યક્તિગત સંપર્ક ગોધરા નિવાસ (૨૦૧૫) પછી થવા પામ્યો. આ અગાઉ લુણાવાડા ખાતે તેજસ્વી તારલાઓના સન્માન સમારંભોમાં ક્યારેક મળવાનું શક્ય બનતું. ગોધરા આવ્યા બાદ અહી ગોધરા સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર વિચારમંચના ઉપક્રમે યોજાતા વિવિધ કાર્યક્રમોમાં નાથાભાઈની ઉપસ્થિતિ હોય અને એ રીતે સંપર્ક અને પરિચય વધ્યો. અહીં આવ્યા પછી એમની સંસ્થાઓની પ્રસંગોપાત સ્થળ મુલાકાતોને કારણે પારસ્પારિક પરિચય વધ્યો.

નાથાભાઈ પોતે સ્વભાવે મિલનસાર અને અંગત મિત્ર વર્તુળમાં રમૂજી પણ ખરા. બોલવામાં સ્પષ્ટ વક્તા ખરા, પણ ન બોલવાથી જો ચાલી શકે તો તે બીજો વિકલ્પ પસંદ કરે જાહેર જીવનમાં હોવાને કારણે તથા રાજકીય ક્ષેત્રે પ્રવૃત્તિશીલ હોવાને કારણે મુત્સદીગીરીનો ગુણ ખરો. પણ મિત્રોમાં મુત્સદીગીરીનો પ્રયોગ કરવાનું પસંદ ન કરે. તેઓ પોતાની સંસ્થાના કાર્યક્રમો અંગે આવનારા અવરોધો અને પડકારો પહેલેથી જ અભ્યાસ કરી લે જેથી કરીને તેમના કાર્યક્રમો ઘણું કરીને સફળ જ થાય. આ અર્થમાં એ વહીવટી કુશળતા ધરાવતા સંચાલક કહી શકાય.

પ્રારંભના વર્ષોમાં પોતે વેઠેલી આર્થિક સંકળામણોને લીધે આર્થિક બાબતોમાં ઝીણું જોવાની વણિક બુધ્ધિવાળા હોવાને કારણે તેમની અનેકવિધ સંસ્થાઓનું પારદર્શી સંચાલન કરી શકે છે. વ્યવહારિક જીવનમાં નાથાભાઈ પોતે સાહસિક અને હિંમતવાળા ખરા. જો કે આ સાહસ અને હિંમત ન હોત તો આટલી બધી સંસ્થાઓનું નિર્માણ અને સંચાલન ન કરી શકત. અડાદરામાં નવા નવા આવ્યા ત્યારે તેમના ઉપર અસામાજિક તત્વો દ્વારા હુમલા

થયાના પ્રસંગો પણ બન્યા છે. આવા બનાવો વખતે એકલે હાથે જઝૂમીને તેમણે વળતો ઉત્તર વાળ્યો હોય એવું બન્યું છે. નાથાભાઈની ધાર્મિક રીતે "નિઝાર" સંપ્રદાયના અનુયાયી હોવાનું મારી જાણમાં છે. જાહેર જીવનમાં પડેલા મહાનુભાવો મોટે ભાગે 'ધાર્મિક પોષાક' પહેરીને દંભ આચારતા જોવા મળતા હોય છે. જ્યારે નાથાભાઈ મને આ બાબતમાં થોડા નોખા અને વૈજ્ઞાનિક અભિગમ દાખવતા જોવા મળ્યા. એમની વાતોમાં પણ ક્યારેક કબીર સાહેબનો વૈજ્ઞાનિક અભિગમ ટપકતો દેખાય.

નાથાભાઈ એમના વૈયક્તિક જીવનમાં પ્રભાવશાળી વ્યક્તિત્વના આગ્રહી રહ્યા હોય એવું મને લાગ્યું નથી. પરંતુ સામાજિક સમસ્યાઓના ઉકેલમાં "રાજકીય પ્રભાવ"ની જરૂર વર્તાય ત્યારે તેમની રાજકીય વગનો ઉપયોગ કરીને પ્રભાવશાળી પરિણામો લાવી શકવાની રાજકીય કુશળતા દાખવે ખરા.

નાથાભાઈના સમગ્ર વ્યક્તિત્વને એક લેખમાં આલેખવો પ્રમાણમાં અઘરું કામ છે. અહી તો એમના જીવનની અને વ્યક્તિત્વની નોંધપાત્ર ઘટનાઓને પ્રગટ કરવાનો ઉપક્રમ સેવ્યો છે. કહો કે સાગરને ગાગરમાં સમાવિષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. અંતમાં નાથાભાઈ તેમના જીવનના છ દાયકાના અનેક પડાવો પૂર્ણ કરીને ષષ્ટિપૂર્તિ ઉજવી રહ્યા છે ત્યારે તેમને નિરામય સ્વાસ્થ્યની મંગળ કામના સાથે તેઓ પ્રગતિના સોપાન કરતાં કરતાં સમાજને પ્રેરણાના પિયુષ પાતા રહે એવી અભ્યર્થના સહ વિરમું છું.

જય ભીમ

❀ ❀ ❀

# વણકર સમાજનું વિરલ વ્યક્તિત્વ

**શ્રી વી. ડી. પરમાર**
(નિવૃત્ત) રેન્જ ફોરેસ્ટ ઓફિસર, ગોધરા, (મો.નં) ૯૬૩૮૭ ७६१७६

પંચમહાલ જિલ્લાના અનુસૂચિતજાતિ સમાજમાં શ્રી નાથાભાઈ ખૂબ જ જાણીતું અને માનીતું નામ. સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓમાં સક્રિય હોવાને કારણે મહીસાગર, અરવલ્લી તથા ખેડા જીલ્લાઓ સુધી એમની પહોંચ ખરી. સમૂહ માધ્યમોના કારણે હું એમના પરોક્ષ પરિચયમાં હતો પરંતુ ડો.બાબાસાહેબ આંબેડકર વિચારમંચ, ગોધરાના ઉપક્રમે યોજાતા અનેકવિધ કાર્યક્રમોમાં શ્રી નાથાભાઈ ઉપસ્થિત હોય અને એમ એ રીતે બાબાસાહેબના અનુરાગીયોના નાતે એમના વૈયક્તિક પરિચયમાં આવવાનું શકય બન્યું. ડો.બાબાસાહેબના પ્રેમી તરીકે પાંગરેલો પરિચય અનેકવિધ સામાજિક, સેવાકીય, રચનાત્મક પ્રવૃત્તિઓમાં સહ-ઉપસ્થિતિને કારણે વિસ્તૃત અને આત્મીય બનતો ગયો.

આજથી લગભગ બે વર્ષ પહેલા અડાદરા ખાતે એમની નવી શાળાના ઉદ્‌ઘાટન પ્રસંગે યોજાયેલ એક કાર્યક્રમમાં અમારે મિત્રો સાથે જવાનું થયું હતું ત્યારે તેમની જુદી જુદી સંસ્થાઓની સ્થળ- મુલાકાતનો નવો અનુભવ મારા સ્મરણમાં અંકિત છે. અડાદરા ખાતેનું એમનું શૈક્ષણિક સંકૂલ વિદ્યાર્થી અને શિક્ષકોથી ધમધમતું લાગ્યું. વળી, તેમના કેમ્પસમાં વિવિધ વૃક્ષો નિહાળીને એક, વન-કર્મી તરીકે અપૂર્વ આનંદ થયો. વિદ્યાર્થીઓનું જીવન ઘડતર કરતી સંસ્થાઓ પર્યાવરણની જાળવણી અંગે સભાન અને ચિંતિત હોઈ અને એ માટે કાર્યશીલ હોય ત્યારે વનપ્રેમી તરીકે સ્વાભિક રીતે મારા માટે એ આનંદ અને સંતોષનો વિષય બને છે.

નાથાભાઈની અનેકવિધ સંસ્થાઓની સ્થાપના પાછળ એમના બાળપણના અધૂરા રહેલા સ્વપ્નોને સાકાર કરવાની કોઈ પ્રબળ-પ્રેરણા કામ કરતી હશે એવું મને લાગે છે. માંડ માંડ માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરેળ એવા નાથાભાઈ અનેકવિધ શાળાઓનું નિર્માણ કરે અને તેના સંચાલનના વડા તરીકેનો કાર્યભાર વહન કરે એ વાત વણકર સમાજ માટે તો ખરી જ પરંતુ સમગ્ર અનુસૂચિતજાતિ સમાજને માટે પ્રેરણાદાયી તથા વિરલ અને ગૌરવપ્રદ ઘટના છે.

નાથાભાઈએ શૈક્ષણીક સંસ્થાઓ વિકસાવીને માત્ર એક કેન્દ્રિય કામ કર્યું છે એવું નથી. પરંતુ સંસ્થાઓના સંચાલનની વિશેષ જવાબદારીઓ સાથે સાથે સામાજિક સેવાની પ્રવૃત્તિઓમાં પણ એમને ભાગીદારી નોંધાવી છે. અનુસૂચિતજાતિ સમાજ ઉપર જ્યારે જ્યારે કોઈ અત્યાચારની કે અન્યાયની ઘટના બને ત્યારે તેમનું લોહી ઉકળી ઊઠે, તેઓ

જોઈને બેસી રહેવાવાળા માણસ નહી, પરંતુ આવી અણધારી ઘટનાઓ બાબતે સમાજના જુદા જુદા સંગઠનો દ્વારા થતી ન્યાય માટેની લડતોમાં પણ તેઓ અગ્રેસર ભૂમિકા નિભાવે. જાહેર જીવન સાથે સંકળાયેલા હોવાને કારણે ક્યારેક ક્યારેક તેમના ઉપર થયેલ દમનકારી હુમલાઓનો એમને એકલે હાથે ઉત્તર આપ્યો હોય એમ બન્યું છે. નાથાભાઈએ ગરીબીને નજીકથી જોઈ છે, અનુભવી છે એટલે જ્યારે જ્યારે સમૂહ લગ્નો જેવા પ્રસંગો હોય કે કોરોનાકાળ જેવી આપત્તિજનક ઘટનાઓ હોય એમને સેવાનો હાથ લંબાવ્યો ન હોય એવું બન્યું નથી.

નાથાભાઈનો રાજકીય ક્ષેત્રે ઘરોબો વધારે રહ્યો છે. એકાદ વર્ષ પહેલાં કોઠંબામાં ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાના સ્થાપના પ્રસંગે થયેલા વહીવટી વિવાદમાં રાજ્ય સભાના પૂર્વ સાંસદ માનનીય શ્રી શંભુનાથજીના કુનેહભર્યા સહયોગથી સુખદ ઉકેલ લાવવામાં નાથાભાઈની ભૂમિકા ખુબજ નિર્ણાયક બની હતી.

પંચમહાલ જિલ્લા અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરા દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થાઓને પચ્ચીસ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે આયોજિત રજતજયંતિ મહોત્સવ તથા સંસ્થાના વડા તરીકે શ્રી નાથાભાઈ પોતાના જીવનના સાઇઠ વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યા છે ત્યારે એ નિમિત્તે ઉજવાય રહેલ ષષ્ટિપૂર્તિ સમારંભની સફળતા માટે મારી હૃદયપૂર્વકની પ્રાર્થના છે. અંતમાં, એમનો શૈક્ષણિક સેવા રથ સતત આગળ વધતો રહે અને એ માટે એમને સારું સ્વાથ્ય મળે એવા મારા ચિત્ત તરફથી શુભ કામનાઓ સહ.

નમો બુધ્ધાય, જય ભીમ.

જીવનના ચાર પુરુષાર્થો છે. - ધર્મ, અર્થ, કામ, મોક્ષ! આગલા ત્રણ પુરુષાર્થોની સિધ્ધીથી જ ચોથો પુરુષાર્થ ફળે છે. આટલી સમજ કેળવાય પછી ચોથા પુરુષાર્થ માટે મથવું પડતું નથી.

- વિનોદ સક્સેના

ડેપ્યુ. કલેક્ટર, ગોધરા



Lajja Communications

# તળેટીથી ટોચ સુધી

**જયંતિભાઈ કે. શેઠ**
ન્યુ ભાવનગરી ફરસાણ માર્ટ, ગોધરા

નાથાભાઈ ગલાભાઈ એક જુદી જ માટીમાંથી પાંગરેલું વ્યક્તિત્વ છે. એક માણસ નાના ફલક પરથી મોટા ફલક પર કઈ રીતે વિકસીને મોટો થાય છે એનું ઉદાહરણ છે. એક પથ્થર પર કોતરણી થાય તો એક સુંદર પ્રતીમા નિર્મિત થાય છે. એક બીજ વૃક્ષ બને છે. પણ આ બધામાં પુરુષાર્થ જ મોટો ભાગ ભજવે છે.

નાથાભાઈ આમ તો તળેટીના માણસ. પણ મહેનતથી ટોચ લગી પહોંચ્યા. નાના ખેડૂત પણ ધરતીની ખેતી કરતાં કરતાં તેમણે શિક્ષણની ખેતી કરી.અનેક શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરી. દિવ્યાંગોની શિક્ષણ સંસ્થાને જીવંત કરી. આચાર્ય સૂરીશ્વરજી શીલચંદ્ર મ.સા.ના આશીર્વાદથી તથા અન્ય સંતો મહંતોના આશિષથી એમણે ગરીબ બાળકોને માટે શાળાઓ છાત્રાલયો શરૂ કર્યા. પ્રામાણિકતાથી વહિવટીતંત્રને પણ પ્રસન્ન કર્યું. સેવાભાવનાથી કામ કરનારની પ્રગતિ થાય જ થાય એમાં બેમત નથી. પણ એકલે હાથે તાળી ન પડે. એવું જાણી એમણે સૌને સાથે રાખ્યા છે. સમાજમાં પણ કામ કરે છે.

સમાજકારણ, રાજકારણ, શિક્ષણ, સેવા પ્રવૃત્તિઓ, વગેરેમાં સક્રિય રહીને એમણે નામ કમાયું છે. કશું કર્યા વગર કશું મળતું નથી.

સર્વ સમાજોમાં એ લોકપ્રિય છે, એમનો મિલનસાર સ્વભાવને લીધે.

ઓછું ભણેલો માણસ કોઠાસૂઝથી ઘણું બધું કરી શકે એનું ઉદાહરણ એટલે નાથાભાઈ. એમની સંસ્થાના રજતજયંતિ પ્રસંગે અને એમની ષષ્ઠીપૂર્તિ પ્રસંગે ખૂબ શુભેચ્છાઓ.

❀ ❀ ❀

આપણે વિચારીએ કે આપણે શું છીએ? આપણે જગતમાં જે જોઇ રહ્યા છીએ એ આપણું જ પ્રતિબિંબ છે, આપણી જ છબિ છે.

- જેઠાભાઇ કે. વણકર
બાયડ

# પરિશ્રમના પાકટ પમરાટનું પ્રતીક - નાથાભાઈ

**પ્રોફે. ડૉ. પ્રવીણ અમીન**
(એસોસિએટ પ્રોફેસર)
મો.નં. ૯૫૬૭૧ ૫૨૮૧૦

**પાશેરામાં પહેલી પૂણી, આ ભવમાં છું કોનો ઋણી,**
**ધરતી ચીરી આવે બહાર કૂપળ કયાં પહેલેથી કૂણી.**

નાથાભાઈ મૂળ ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકાના વીરપુરથી આઠ-દસ કિ.મી.ના અંતરે આવેલા પાંસરોડા ગામના વતની છે. પછીથી જિલ્લા, તાલુકા વિભાજનને કારણે હાલ મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાનું ગામ એટલે પાંસરોડા. મૂળ તો પાંચરસ્તા અને પછી પાંચરસ્તાનું અપભ્રંશ થઈને પાંસરોડ અને પછી પાંસરોડા થયેલું જણાઈ આવે છે. પૂર્વમાં સારીયા, દક્ષિણે ઝવરાખોંટનું મુવાડું પશ્ચિમે ખરોડ અને ઉત્તરે રોઝાવ, આ ચાર ગામોને જોડતુ ગામ એટલે પાંસરોડા. બીજો અર્થ એ થાય કે કોઈ સત્કાર્યમાં રોડા નાખે તો એને પાંસરા કરીને માર્ગ બનાવે એ પાંસરોડા.

આ પાંસરોડા ગામમાં વણકર જ્ઞાતિમાં પિતા ગલાભાઈ અને માતા માંનીબેનના ઉદરનું પ્રથમ અને એક જ સંતાન એટલે નાથાભાઈ. તેમનું અવતરણ ૧-૬-૧૯૬૦ ના રોજ થયું હતું. આ ગામમાં વણકર સમાજના ૩૦ ઘર આવેલા છે. આજથી અડધી સદી પહેલાં ત્યાં પાકા રસ્તા, વીજળી, પાણીની વિકટ સમસ્યાઓ હતી, અને આ સમસ્યાઓ બધે જ હતી. અને સૌથી મોટી ખાટલે ખોટ તો એ હતી કે તે જમાનાના જુનવાણી, રૂઢિ વાદી, આદિ પરંપરાના લોકો વણકર સમાજનો ઝાઝરમાન અને જાજ્વલ્યમાન ઈતિહાસ જાણતા ન હોવાથી અને આંખે દેખ્યાનું ઝેર. આ બધાને કારણે ઈતર સમાજના લોકોની નજરમાં વણકર સમાજ અસ્પૃશ્ય દેખાતો અને વાણી વર્તનમાં અનુભવાતું હોય તેવા સમયે નાથાભાઈએ પ્રથમ ૧થી૭ ધોરણનું પ્રાથમિક શિક્ષણ મેળવી લીધું, તે પણ પિતાશ્રીની છત્રછાયા જન્મના થોડા જ મહીનાઓમાં જેણે ગુમાવી હોય એતો અનુભવે જ સમજાય એવું છે કે પિતા એ પુત્ર માટે કેટલી મોટી મૂડી છે. તે સમયે શિક્ષણ મેળવવું અઘરું હતું. પાંસરોડા ગામની આજુબાજુ કોઈ માધ્યમિક શાળા ન હોવાથી આગળનું શિક્ષણ મેળવી શકયા ન હતા. પણ જેમ....



Lajja Communications

**કીસીકા ઉદય અચાનક નહી હોતા**
**સૂર્ય ભી ધીરે ધીરે નીકલતા હે,**
**જિસમે ધૈર્ય ઔર તપસ્યા હોતી હૈ**
**વહીં સંસાર કો પ્રકાશિત કરતા હે.**

આમ અમારા નાથાભાઈને જીવનમાં કંઈક કરવાની ઝંખના હતી. પરંતુ સમય સંજોગ, વ્યકિત, જગા ભોમના મિલન વગર કર્મનો ઉદય થતો નથી. એટલે પોતાનું જીવન ગુજરાન નિર્વાહ કરવા તેઓએ લોકોની જેમ લાચારી કે ગુલામી ભર્યું જીવન જીવવા કરતાં પરિશ્રમ કરી સ્વમાનભેર જીવન જીવવાના પ્રયત્નો શરૂ કર્યા, જેવા કે કેરીનો પાક તૈયાર થાય ત્યારે તેને વેચાણ રાખી તેને સાઠંબા અને અમદાવાદ જેવા મોટા માર્કેટમાં પરિશ્રમ પૂર્વક લઈ જઈને તેમાંથી મળતો નફો મેળવી જીવન ચલાવતા હતા. ત્યાર પછી નાનપણથી તેઓને પશુઓનો ભારે શોખ હતો. તેથી તેઓ ભેંસો અને બળદ વેચાતા લાવીને જરૂરિયાતવાળા લોકોને યોગ્ય નફો લઈ ' ઓછો નફો વધુ વેપાર' નું સૂત્ર સાથે રાખીને વેચતા હતા. એટલે મૂળે એ વેપારનો માણસ છે. એ વાણીયો છે. પણ કોઈકે કહયું છે કે...

**ઉડવાની હિંમત હોય તો પાંખ ફૂટે છે.**
**બાકી બેસી રહો તો કિસ્મત પણ ફૂટે છે.**

તે સિવાય તેઓએ અપાર ગરીબાઈને કારણે ખેત મજૂરી, ઈંતરમજૂરી અને ખેતીકામ પણ અપાર કર્યા છે. એક રૂપિયામાં આખો દિવસ કામ કરાવતા લોકોને ત્યાં પણ તેઓએ મજૂરી કરી છે. અને સ્વમાનભેર જીવ્યા છે. તેઓને કૃષિકાર તરીકેનો પણ અનુભવ કંઈ ઓછો નથી. અને આમ કરતાં કરતાં બાળપણથી યુવાનીની સફર ખેડી છે. તેવામાં એક દિવસે આકાશવાણી (આકાશવાણી એટલે અંતરના ઉંડાણના ઘટાકાશનો અવાજ) થઈ અને અવાજ આવ્યો. એ અવાજના શબ્દો હતો. તારે તારી પ્રગતિ કરવી છે ? તો આ જન્મભૂમિને નમન કરી નીકળી જા. અને કર્મભૂમિ પર પહોંચી જા. એટલે દિવસે નહી તેટલા રાતે અને રાતે નહીં તેટલા દિવસે નાથાભાઈ મોટા થયા. મોટા એમ જ નથી થવાતું. પણ મને લાગે છે કે નિશ્ચિયપણે માતા માંનીબાએ હાલરડું ગાયું હશે. અને એના શબ્દો હશે...

**હાલરડે હીરની દોરી રે ......**
**વીરો મારા ઘરની મૂડી રે ......**
**વાડામાં હાગનો હોટો રે .......**

**મારા નાથાનો જીવ મોટો રે .......**
**મારા દીકરાનો જીવ મોટો રે ..... હાલરડે હીરની**

આમ નાથાભાઈ ત્રણ ત્રણ દાયકા પરિશ્રમથી પસાર કરી ખરેખર મોટા થયા.

**બે અક્ષરનું લક, અઢી અક્ષરનું ભાગ્ય**
**ત્રણ અક્ષરનું નસીબ, સાડાત્રણ અક્ષરનં કિસ્મત**

આ બધા ચાર અક્ષરના શબ્દો પરિશ્રમ આગળ ઝૂકી ગયા. અને એ શ્રમથી પરિશ્રમ સુધીની સફરની મજા એટલે આપણા નાથાભાઈ અને પછી જુઓ ૧૯૯૦ માં પાંસરોડાથી અડાદરા આવેલા નાથાભાઈ શું એમનો સામાન ટ્રક કે ટેમ્પામાં લાવેલા ? બાળદગાડામાં લાવેલા ?

ના, ના હોં! એક તેલના કાપેલા ઢાંકણવાળા ડબ્બામાં મૂકી શકાય એટલો પણ ધન્ય તેમની અર્ધાગીની ને કે આવા કપરા સમયમાં નાથાભાઈનો સાથ'ન છોડયો. એ શકિત સ્વરૂપા ડાહીબાને પણ કેમ ભૂલાય કે જેણે ત્રણ ત્રણ સંતાનોને જન્મ આપીને નાથાભાઈની બધી ઈચ્છાઓ પરિપૂર્ણ થાય તેને માટે અડીખમ રહયા. તેમણે પણ નાથાભાઈને સંકેત આપ્યો કે દુઃખના સમયે ગભરાવુ નહી... હિંચકો જેટલો પાછળ જાય છે, એટલો જ આગળ આવે છે.

નાથાભાઈ અડાદરા આવીને એમ. આર. હાઈસ્કૂલ અડાદરામાં ચતૂર્થશ્રેણીના કર્મચારી તરીકે સેવાઓ શરૂ કરી તે શુભ દિવસ હતો. ૪-૧૦-૧૯૯૦ એ દિવસ પણ કેમ ભૂલાય ? અહીં પૂરા બાર વર્ષ પોતાની સેવાઓ આપી અને તે દરમ્યાન તેમના સત્કર્મ-સંચિત કર્મનું ફળ તૈયાર થયું. એટલે સમય, સ્થળ, વ્યકિત આ ત્રણના ત્રિવેણી સંગમથી તેમના કર્મનો ઉદય થયો. એને જ આપણે ભાગ્ય કે સદ્ભાગ્ય કહીએ છીએ. એટલે આદરણીય, સન્માનનીય, દયાળ, વિરલવિભૂતિ પ્રભાતસિંહજીના સુભગ સમન્વયથી નાથાભાઈનો સૂર્યોદય થયો. બીજો જન્મ થયો એટલે કહેવાયું છે કે .....

**જે તક ઝડપે છે તે તકદીર સર્જે છે.**
**જે તક ગુમાવે છે તે તકલીફ સર્જે છે.**

એટલે નાથાભાઈ સમય પારખુ માણસ અને તક ઝડપી લીધી. ૧૯૯૫ માં શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજયુકેશન ટ્રસ્ટ અડાદરા એવા એક ટ્રસ્ટની સ્થાપના કરી. અને પોતે એના મેનેજિંગ ટ્રસ્ટી બન્યા. પછી તો એ ગતિમાન બન્યું અને ગતિમાંથી પ્રગતિ શરૂ થઈ

અને સૌ પ્રથમ ૧૯૯૬ માં જે.બી. ખોત કુમાર છાત્રાલયની શરૂઆત કરી. શિક્ષણના બીજ વાવ્યા અને તેનું ખાતમુહુર્ત સમાજના સિંહપુરુષ અને પાંડવા ગામના વતની સ્વ. ગોવિંદભાઈ માયાવંશીના વરદ હસ્તે થયું અને એમના આશીર્વાદ મળ્યા અને આજે એ વટવૃક્ષ બની ગયું છે. પછી તો નાથાભાઈ રોજે રોજ અડાદરાથી ગોધરા અને ગાંધીનગર ફેરા શરૂ કર્યા. અને તે પણ સવારે ઘરેથી ચા પીને નીકળેલો માણસ રાત્રે ભૂખ્યા પેટે અનેક મુશ્કેલીઓને ઠોકર મારતા મારતા ઘરે પહોંચે ને રોજ એક ટાઈમ જમે. કેવો સમય હશે ? ......

**દિવસ ઉગે ત્યારે પૈસાની જરૂર લાગે**
**સાંજ થતાં જ શાંતિની જરૂર લાગે.**

એવા સમયની મહેનત રંગ લાવી અને શૈક્ષણિક સંસ્થાઓની વણજાર એક વટવૃક્ષ બની ગઈ.

૧. ૧૯૯૬ શ્રી જે. બી. ખોત કુમાર છાત્રાલય, અડાદરા

૨. ૧૯૯૭માં નયનાબા પી.કન્યા છાત્રાલય, અડાદરા

૩. ૧૯૯૯માં કુ. રેશા પટેલ કન્યા છાત્રાલય, અડાદરા

૪. ૨૦૦૧માં આદિજાતિ આશ્રમશાળા, અડાદરા

૫. ૨૦૦૨માં ગાંધી સ્પેશ્યલ બહેરા મુંગા વિધાલય, ગોધરા

૬ ૨૦૦૫માં સ્વામી વિવેકાનંદ કુમાર છાત્રાલય, અડાદરા

૭. ૨૦૦૫માં કન્યા માધ્યમિક શાળા, અડાદરા

૮. ૨૦૧૮માં ઉચ્ચતર માધ્યમિક શાળા, અડાદરા

આમ આઠ સંસ્થાઓ નાથાભાઈના જાણે અષ્ઠભુજા બની ગઈ હોય એમ લાગે છે. આમ શિક્ષણની જયોતને પ્રજવલિત રાખવા સાથે પોતાને પણ શિક્ષણની ભારે ભુખ એટલે પોતે આગળ ભણવાનો વિચાર કર્યો અને ...

**એક ઘા ને કટકા ત્રણ**
**એ જાણવા ગુજરાતી ભણ**

એમ ગુજરાતી માધ્યમમાં ૧૯૯૨માં વી.ડી. માયાવંશી વિધાલય પાંડવામાં ધોરણ-૧૦ની પરીક્ષા આપી ઉત્તિર્ણ થયા. ૧૯૯૪માં એમ. જી. એસ. હાઈસ્કૂલ કાલોલમાંથી ધોરણ-૧૨

પ્રથમ પ્રયત્ને પાસ થયા. એટલે પોતે શિક્ષણ મેળવવું અને સંસ્થાઓ ધ્વારા સમાજના નબળા વર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણ અપાવવું. અને આમ સમાજનું શિક્ષણનું સ્તર ઊંચું લાવવામાં જ તેમની મનોકામના રહી છે. એનું જીવતું જાગતું ઉદાહરણ એટલે આપણા નાથાભાઈ, એટલે નાથાભાઈ ને અર્પણ ...

**સફળતા હંમેશા અચ્છે વિચારોંસે હી મિલતી હૈ,**
**ઔર અચ્છે વિચાર અચ્છે લોગોંસે હી મિલતે હૈ.**

તેઓએ રાજકીય રીતે પણ સારું એવું કાઠું કાઢ્યું છે. તેઓએ ૧૯૮૦માં પોતાના ગામમાં પંચાયત સભ્યથી શરૂ કરીને ૧૯૯૦-૯૫ માં અડાદરા ગ્રામ પંચાયતમાં સભ્ય રહી ચૂકયા છે. તેઓ પંચમહાલ જિલ્લા અનુસૂચિત જાતિના મોરચાના મહામંત્રી અને પ્રમુખપદે રહીને તેઓએ તેને યોગ્ય રીતે નિભાવ્યો છે. પ્રમુખપદકાળ દરમિયાન ડો. આંબડેકર જન્મ જયંતિએ ઝાંઝરકાનાં મહંતશ્રી શંભુનાથજીને બોલાવેલા (ઝાંઝરકા વણકર સમાજની આસ્થાનું મોટું સ્થાન છે.) અને ડો. બાબાસાહેબની પ્રતિમા, તેમણે કંડારેલું સંવિધાન અને મહંત શંભુનાથજીને બગીમાં બેસાડી ગોધરા શહેરના માર્ગો ઉપર ડી.જે.ના તાલે શોભાયાત્રા કાઢીને ડાં. આંબેડકરની પ્રતિમાએ જઈને પુષ્પહાર કરી એ સરઘસને સરદારનગરખંડમાં સભાના સ્વરૂપમાં લાવીને ત્યાં જમણવાર સાથેનો કાર્યક્રમ કરેલો તેમાં મને વકતા તરીકે બોલાવેલો એટલે તેનો હું સાક્ષી છું. તેમાં માતબર ખર્ચો પણ કરેલો. આ સંભારણું આજેય આંખો આગળ તરવરે છે. એટલે તેઓ ઘસારો પણ વેઠી જાણે છે. એટલે મારે કહેવું છે કે,

**એક પત્થર ઘસાય તો પગથિયું બને છે.**
**એક પત્થર ઘડાય તો પરમેશ્વર બને છે.**

એટલે કયાં ઘસાવું અને કયાં ઘડાવું એ જો સમજાય જાય તો જીવન જીવતર બની જાય. અને એ નાથાભાઈ સારી રીતે જાણે છે. જે ઘસાય એ જ ચમકે છે. જીવનમાં અનેક નાના-મોટા ચઢાવ- ઉતારના અનુભવોનું ભાથું એમની પાસે છે.

હાલમાં તેઓ પ્રદેશ મહામંત્રી છે અને તે પણ જેના પ્રમુખ સ્થાને પ.પૂ.શંભુનાથજી મહારાજ હોય એ તો નાથાભાઈ માટે મોટી બાબત છે.

૨૦૧૫ માં મોચીવાડીઆ મુકામે મારા નવીન મકાનનું ગૃહપ્રવેશોત્સવ હતો ત્યારે સમગ્ર ગુજરાતની વણકર સમાજની મુખ્યગાદીઓના ગાદીપતિ મહંતોને આશીર્વચન માટે

બોલાવવાની મારી મહેચ્છા હતી. તેમાં બધા જ મહંતોની અનુમતિ મેળવી લીધી હતી. પરંતુ ઝાંઝરકાના મહંત શંભુનાથજીની જયારે વાત આવી ત્યારે હું અવઢવમાં હતો. કે કદાચ કોઈ કાન ભંભેરણી કરે તો ન પણ આવે પરંતુ તે વેળાએ આ નાથાભાઈ મને તેમની ગાડીમાં ઝાંઝરકા લઈ ગયા અને બાપુ સાથે સીધી વાત કરાવી હતી. ત્યારે બાપુએ ડાયરી મંગાવી ને તારીખ જોવા કહયું ત્યારે તો તે જ તારીખ મોચીવાડીયા ગામે ગૃહપ્રવેશના કાર્યક્રમમાં પ્રવીણભાઈ અમીનને ત્યાં જવું એવું લખેલું જ હતું. આ કામ નાથાભાઈએ કર્યું હતું. અને તેમના સહયોગથી જ શંભુનાથબાપુ પધાર્યા હતા. આમ મને અને પરિવારને આશીર્વચન અપાવ્યા હતા. તે મારા માટે જીવનનું એક સંભારણું બની રહયું છે. એટલે હું કહું તો ખોટું નથી.

**માણસ કર્તવ્યથી અમર થાય છે.**
**ઉત્સાહથી યુવાન થાય છે.**
**પ્રાર્થનાથી પ્રફુલ્લ બને છે.**
**પરોપકારથી ચિરંજીવ બને છે.**

નાથાભાઈ ધાર્મિક પણ એટલા જ છે. તેમને ભજનોનો ભારે શોખ. ગામમાં કે સગા-સંબધમાં જયારે કોઈ પ્રસંગોપાત ભજનનો કાર્યક્રમ હોય ત્યારે નાથાભાઈ ત્યાં જતા અને તે જમાનમાં ગવાતા કાંસી જોડા અને તબલાના તાલે ભજન ગાવાનું ચૂકતા નહી. એટલે પહેલેથી તેમનામાં આ બધું હતું. કહેવત છે કે કુવામાં હોય તો જ હવાડામાં આવે અને આમ આધ્યાત્મિકતાનો તેમનો નાતો બહુ જુનો અને લોહીના કણે કણમાં રહયો છે.

એટલે જ તો તેઓ કાઠીયાવાડ-સૌરાષ્ટ્ર બધી જાગતી જગ્યાઓ ઉપર જઈ આવ્યા છે. સંત સવૈયાનાથ ઝાંઝરકાની ભૂમિ પર અને ત્યાંના મહંતશ્રી શંભુનાથજી સાથેનો તેમનો નાતો જૂનો અને અતૂટ છે.

બીજું કે મૂળ કબીર-સાહેબસંપ્રદાયની ગુજરાતની નામાંકિત અને જાગતી ભૂમિ બાંદરાની ભૂમિ પર અનેકવાર જઈ આવ્યા છે. અને એ પણ સમાજના ઘણા મુમુક્ષુઓને, ભાવિક ભકતોને સાથે લઈ જઈને દર્શન કરાવી આશીર્વાદ અપાવવાનું પૂણ્ય કમાયા છે. અને એ ગાદીપતિ મહંત પ.પૂ.ગોરધનબાપા સાથે જયંતિબાપા ને સત્સંગ માટે આમંત્રિત કરીને ગોધરા અને આસપાસના આશરે ૧૦૦૦ માણસોને તેમની વાણી અને આશીર્વચનનો લાભ અપાવ્યો હતો. તે સમયે ગોરધનબાપા, જયંતિબાપા ઘણા વિરોધો વચ્ચે મારા ગોધરાના નિવાસ સ્થાને પધાર્યા, પાવન પગલાં પાડયા હતા. મારા પરિવાર અને અન્ય

ભાવિકોને આશીર્વાદ આપ્યા હતા. એ મુરબ્બી નાથાભાઈને આભારી છે અને આવો સાક્ષી ભાવ કેમ ભૂલાય ? એટલે એક સારી વ્યકિત પોતાના વ્યકિતત્વનું અને સામેવાળાના અસ્તિત્વનું હંમેશાં માન જાળવે છે. એટલે મારે કહેવું છે કે એ તો સર્વેરામબાપાનું શિષ્યત્વ પ્રાપ્ત કર્યું છે એ નાથાભાઈ છે.

**ગુરુ ઐસા કીજીએ જેસો પૂનમ કેરો ચાંદ,**
**તેજ આપે પણ તપે નહી મન ઉપજાવે આનંદ.**

નાથાભાઈને સમાજ અને સમાજના લોકોની પણ એટલી જ ચિંતા હોય છે. તેઓને તેમના વતત સાતગામ સાઠંબા વણકર સમાજનું સમાજઘર બનાવવા પ્રયત્નશીલ છે. તેને માટે જમીન ખરીદીને સમાજઘર બનાવવા માટેનું આયોજન પણ કરી રહયા છે. પણ કેટલાક લોકો હવનમાં હાડકાં નાખનારા પીશાચી આનંદ લેનારા લોકો વિધ્નો ઉભા કરી રહયા છે. તે હું જાણું છું પરંતુ મને કહેવા દો...

**કાગડો કોયલના અવાજને દબાવી શકે,**
**પણ પોતાનો અવાજ મધૂર ન બનાવી શકે.**
**આવા દુર્જન કદી સજ્જન ન બની શકે,**

એટલું નહીં પણ પાંચ પરગણા વણકર સમાજ બાયડ નો સમૂહ લગ્નોત્સવ યોજીને આપણા સમાજમાંથી લગ્ન સમયે થતા અપાર ખર્ચા બંધ કરી, ખર્ચા કેમ ઓછા થાય તેની ચિંતા કરીને તેમણે અત્યાર સુધી ઘણાં યુગલોને એક સાથે લગ્નોત્સવ યોજીને તેમના આશીર્વાદ મેળવ્યા છે. આ બધું સમૂહનું કામ કરવું એતો લોઢાના ચણા ચાવવા જેવું છે. કેમ કે બોલવું તો સહેલું છે....

**કહેણી મીસરી ખાંડ હૈ, રહેણી તાતા લોહ**

એટલે બોલવું તો ખાંડ જેવું ગળ્યું છે. પણ એમ રહેવું એ તો તપાવેલા ખાંડાની ધાર પર ચાલવા જેવું છે. પરંતુ તેમનો એક જ મંત્ર રહયો છે.

**હંમેશા મહેનત કરતા રહો કાં તો જીત મળશે, નહીં તો જીતવાની રીત મળશે.**

તેઓએ સમાજના હીત માટે રાજયસભાના સાંસદ અને ઝાંઝરકાના મહંત શંભુનાથજીની ગ્રાન્ટમાંથી ૧૪ ગામ વણકર સમાજ હાડોડ ને રૂપિયા દસ લાખ જેવી માતબર રકમ સમાજઘર માટે અપાવવા પ્રયત્ન કર્યા છે. એ મારી જાણમાં છે. તેઓએ લોકસભાના


Lajja Communications

સભ્ય માન.પ્રભાતસિંહની ગ્રાન્ટમાંથી રૂપિયા દસ લાખ જેવી માતબર રકમ ૪૫ ગામ વણકર સમાજ ગોધરા ને અપાવવા પણ સતત પ્રયત્નશીલ રહયા.

**પરંતુ ઓગળી જવું એ માત્ર ખાંડની જ જવાબદારી નથી.**
**સાથે દુધને પણ પોતાની ઉદારતા બતાવવાની હોય છે.**

તેમના જન્મસ્થાન પાંસરોડામાં જૂની પ્રણાલી હતી કે વણકર સમાજના લોકો બગી કે ઘોડા પર બેસાડીને વરઘોડો કાઢી શકે નહી. તેઓએ આ કુપ્રથાને દૂર કરવા પહેલી વાર તેમના દીકરાના લગ્નમાં તત્કાલીન લોકસભાના સાંસદશ્રી માન.પ્રભાતસિંહજીની મદદ મેળવીને બગી ઉપર બેસાડી વરરાજાનો ગામમાં વરઘોડો યોજયો હતો. જે લોકો વિરોધ કરવાના હતા તે લોકો અગાઉથી જ ગામ છોડીને બહાર જતા રહયા હતા. ધન્યવાદ છે એમના માવતરને, સલામ છે એમની હિંમતને અને સાહસને. અને આમ કરીને વર્ષો જુની કુપ્રથાને દૂર કરી હતી. અને નવો ચીલો ચાતર્યો હતો. એની ઉપર હવે સમાજ ચાલશે. આવું કામ અને વિચારો સામાન્ય નહી પણ અસામાન્ય વ્યકિત જ કરી શકે છે. તેઓ નીડર અને સાહસિક છે. સાહસનું પ્રતીક એટલે નાથાભાઈ. સંસ્કૃતમાં કહયું છે કે સાહસે પ્રાતિવર્સતિ લક્ષ્મીઃ એ વિધાન એમના માટે સાચુ છે. એટલે કહેવું છે કે ....

**કામ એવું ખાસ કર, જાત પર વિશ્વાસ કર,**

અને સૌથી મોટી વાત તો એ છે કે તેમની બહેરા મુંગા વિઘાલય માટે બે ભાઈઓ દાતાશ્રી મનુભાઈ ગાંધી અને ભૂપત ગાંધી મૂળ મુંબઈ અને હાલ હાલોલ ગાંધી ટયુબના માલીક છે. જેઓ ૨૨ કરોડ રૂપિયાનું દાન કર્યું છે. એ આપણા સમાજ માટે ગૌરવપ્રદ ઘટના છે. આ બધુ કંઈ બધાની પાસે ન હોય કેટલીક બાબતો અંદરથી હોય એવી પાંચ બાબતો છે. દિલની દાતારી, ચિતની ચતુરાઈ, મનની પ્રસન્નતા, ગૂમડાની રુઝ અને ટાઢીયા તાવની ટાઢ આ બધું અંદરથી હોય છે. એટલે કહેવું છે કે...

**શ્રીમંતો સાધનોથી બોલે છે, સાધુઓ સાધનાથી બોલે છે.**
**શ્રમિકો શ્રમથી બોલે છે, પણ શિક્ષકો હૃદયથી બોલે છે.**

ગોધરા ખાતે આવેલી બહેરા મુંગા વિદ્યાલય જયારે ગોધરા મુનલાઈટ સિનેમાંની બાજુમાં ભાડાના મકાનમાં ચાલતી હતી. ત્યારે લોકોને કાંટાની જેમ ખુંચતી હતી. તેથી અંદરના જ શિક્ષકોને હાથા બનાવીને નાથાભાઈ પાસેથી આ સંસ્થા ઝૂંટવી લેવા ભલભલા લોકો અંધારામાં મેદાનમાં હંતા. અંધારી રાતે મારી પાસે પણ લોકો આવી ગયા અને કહેવા

લાગ્યા કે તમે તૈયાર થાવ આ સંસ્થા તમને અપાવી દઈએ. પરંતું નાથાભાઈ માટે હું આવુ કેમ કરી શકું ? પરંતું ભયંકર વાવાઝોડામાં નાથાભાઈ ટકી શકયા. તે મોટી વાત છે. સંસ્થા પણ ટકી શકી તેમની હિંમતને દાદ આપવી પડે. એમા હર્ષદભાઈ અને જોત્સનાબેનને પણ ભુલાય એમ નથી. કે તેઓ ત્યાં સ્થળ ઉપર રહીને જોખમ વેઠીને બધુ મેનેજ કર્યું. એટલે નાથાભાઈ માટે મારે કહેવુ છે કે

**નાથાભાઈ વિશ્વાસ અને આશાના માણસ છે.**
**ભરોસા પર જીવનારો વાસ્તવિક માણસ છે.**

નાથાભાઈના સતકર્મોની સુવાસ એટલે સુધી પ્રસરી છે કે તેનો પમરાટ ગુજરાત સરકાર ગાંધીનગર સુધી પહોચ્યો છે. તેથી ૨૦૧૩-૧૪માં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા **'મહાત્મા ગાંધી એવોર્ડ'** થી તત્કાલીન મુખ્ય મંત્રી અને વિભાગીય મંત્રી રમણલાલ વોરાના વરદહસ્તે સન્માનિત થયા ત્યાર બાદ તે પમરાટ પવનમાં ભળી ગયો અને અસ્તિત્વ એનો વાહક બન્યો એટલે તે સુગંધી દિલ્હી પહોચી અને બધીરકલ્યાણ ક્ષેત્રની કામગીરીની ધ્યાને લઈ **'કિકુભાઈ નાયક પુરસ્કાર'** થી સન્માનિત કરવામાં આવ્યા. ત્યાર પછી અનુસૂચિત જાતિ-જન જાતિ અને દિવ્યાંગ બાળકોની સેવાને બિરદાવી 'નેશનલ ઈન્સ્ટયુટેશન એજયુકેશન એન્ડ મેનેજમેન્ટ ન્યૂ દિલ્હી' દ્વારા **જવેલ ઓફ ઈન્ડિયા એવોર્ડ** થી સન્માનીત કરવામાં આવ્યા. એટલે મને કહેવા દો યાર...

**શ્રધ્ધા જ્ઞાન દેતી હૈ, નમ્રતા માન દેતી હૈ, યોગ્યતા સ્થાન દેતી હૈ,**
**કિન્તુ તીનોં મિલ જાયે તો વ્યકિત કો હર જગહ 'સન્માન' દેતી હૈ.**

આપ નાથાભાઈએ પોતાની જીવન યાત્રાને છેક છ દસકાએ પહોંચાડી છે. આ બધુ ઘડીકમાં બની જતી ઘટનાઓ નથી. વર્ષોની સાધના હોય છે. તપ હોય છે. પરિશ્રમ હોય છે. આવા નાથાભાઈને શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજયુકેશન ટ્રસ્ટની રજત જયંતિ વર્ષ-૨૦૨૦ અને તેમની **'ષષ્ટિપૂર્તિ મહોત્સવ'** નિમિતે અમારા પરિવારની અઢળક શુભેચ્છાઓ છે. અને અપાર અભિનંદન છે. છેલ્લે એક શેર તેમને અર્પણ કરી મારી વાતને વિરામ આપું છું.

**દિવસે વિકસે રાતે વિકસે, વાત તો વાતે વાતે વિકસે.**
**દ્રોણ કરે અર્જુનની ચિંતા, એકલવ્ય તો જાતે વિકસે.**

❀ ❀ ❀

# નાના માણસની મોટી વાત

**પ્રો. વિનોદ ગાંધી**
ગોધરા, જિ. પંચમહાલ

માણસને આવતું સ્વપ્ન એ એના કદ પ્રમાણે આવતું હોય છે. હિમાલય જેણે જોયો નથી, એને હિમાલયનું સ્વપ્ન ન આવે. એવું જ કલ્પનાનું પણ છે. પણ જેમ જેમ માણસને અનુભવ થતો જાય છે તેમ તેમ એની કલ્પના, એના સ્વપ્નનો વિસ્તાર થતો જાય છે. સ્વપ્ન પણ એને જ આવે જેના માનસિક વિચારજગતમાં જે કંઈ ચાલતું હોય, ઘોળાતું હોય, એ Reflect થઈને અમૂર્તરૂપે પરિણમતું હોય અને એ પછી સ્વપ્ન જોનારના વાસ્તવિક પુરુષાર્થને કારણે એ મૂર્તરૂપે ફળીભૂત થવા જતું હોય છે. ઋષિઓ, બૌધ્ધિકો સ્વપ્નદ્રષ્ટા કહેવાય છે. પરંતુ ઋષિઓના સ્વપ્નો એમના આધ્યાત્મિક વિકાસ માટે કારણભૂત બને છે. જ્યારે ભૌતિક જગતના મનુષ્યોના સ્વપ્નો સ્વાર્થ અને પરાર્થે મૂર્તરૂપે બને છે.

એક માણસ પોતાની ઝોળીમાં ગરીબાઈનું ભાથું નાખીને ખેડા જિલ્લાના છેવાડાના નાનકડા ગામ પાંસરોડાથી આવી, પંચમહાલ જિલ્લાના અંતરિયાળ ગામ અડાદરાને પોતાની આજીવિકાનું સ્થળ બનાવે છે. ગામની હાઇસ્કૂલમાં સેવક તરીકે જોડાય છે. પોતાના કુટુંબના સભ્યોની સંખ્યા પણ અહીં જ વધતી જાય છે. બે પુત્રો અને એક પુત્રીનું કુટુંબ અડાદરાની વૃક્ષોથી આચ્છાદિત ભૂમિકામાં મોટું થતું જાય છે. પણ પાંસરોડા અને આજુબાજુના ગામ ના કેટલાક બે ત્રણ સમાજસેવકો સાથે પોતપોતાના સ્થળોએ જે નાનાં એકમોના સર્જનારાઓ પરિચય હોવાને કારણે અડાદરા બેઠા બેઠા પોતાના મનમાં પાંગરતા સ્વપ્નને સાકાર કરવાની તીવ્ર ખેવના જાગી. ઇચ્છાથી આગળનું એક પગથિયું એટલે જ ખેવના. એ ખેવનાને સાકાર કરવા મથવું પડે, પ્રારંભિક ભૂમિકાએ, વહીવટી રીતે, એ બધું કર્યા પછી રાજયની પાટનગર કચેરીઓમાંથી મંજૂરી મેળવવાની મહેનત કરવી પડે, એ તો કરવી જ પડે! એટલે સેવકના નાનકડા પદની, પગારની નાની રાશિમાંથી જવા આવવાના ભાડાનાં નાણાં કાઢવા કેવા અઘરા પડે. સૂર્યોદય પહેલાં નિકલળવાનુંને મધરાતે પરત ફરવાનું. ઘરેથી રોટલો ખાધો હોય, તે રાતે ઘેર રોટલો ખાવાનો, જો ખાવા મળે તો, નહીંતર તો વેજલપુર ગામના બસસ્ટેન્ડના બાંકડે પાસાં ઘસતાં ઘસતાં તંદ્રામાં રાત વિતાવવાની, સવારે પાછા કોઈ વાહનમાં અડાદરા પહોંચી સીધા નોકરીના સ્થળે જવાનું! નોકરી પણ નિષ્ઠાથી કરવાની! વાંચેલું છે કે ઋષિઓ તપ કરે ત્યારે, ગુફા કે વૃક્ષ તળે બેસી ધ્યાનસ્થ રહી વર્ષો સુધી ઇષ્ટ દેવને રીઝવવાનું કરે. વર્ષો નીકળે! પણ આ જણનું તપ તો મહેનતનુ. ભૂખ, તરસ, તપતડકો, ઠંડી, ઉજાગરા જેની પાસે કામ કરાવવાનું હોય એવાઓની આડોડાઈ! પદ નાનું એટલે મોટા પદવાળા હોય એના કરતાં વધુ વજનવાળા

બની પજવે. પણ અંતે ધીરજનાં ફળ મીઠાં! એ ધીરજમાં પરસેવાની સુગંધ વિશે કોઈ ન જાણે! મળ્યું એની મોટાઈ નહિં, પણ મળ્યું એટલે જેને ન મળ્યું હોય એવા જણો બળતરા પણ કરે, પણ એ બધાને સાથે લઈ, નાનાંઓને મોટા બનાવી, ઊભી કરેલી આ સંસ્થા શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરાની પ્રથમ સંસ્થા શરૂ કરી કુ. રેષા પટેલ કન્યા છાત્રાલય અને આ બધું કરનાર જણ એટલે નાથાભાઈ ગલાભાઈ વણકર. એમણે શરૂ કરેલ સંસ્થાઓ અને એમને મળેલ એવોર્ડ્સ વગેરેની વાત અન્યત્ર અહીં છપાઈ હશે, તેથી એની વિગતે વાત હું કરતો નથી.

માણસ સાઈઠનો થાય કે સોનો. શો ફર્ક પડે! એના જીવનનાં કુલ વર્ષો ખાલી ચણા જેવાં હોય તો! જીવનને ભર્યું ભાદર્યું કરવું અઘરું પણ છે અને સહેલું પણ છે. પોતાના ઘરની ભીંતોને રંગીન કરવા કરતાં અન્યના ઝૂંપડાંઓનો પણ ખ્યાલ કરવામાં જ જીવનનું સાર્થક્યછે. નાથાભાઈએ એ કર્યું છે. કંઈ કેટલાંયે ઝૂંપડાંમાં એમણે ભણતરનો દીવો પ્રગટાવી ઉજાસ પાથર્યો છે. એ ઉજાસ આવનારી પેઢીઓને માર્ગ બતાવશે, ત્યારે એમાં નાથાભાઇનો હાથ હશે એ કહેવું સત્ય પુરવાર થશે. એમણે કર્યું એ બધા ન કરી શકે. બધા કરી શકે, તો અન્ય માટે કરવાની નેમ ન હોય તો એ અર્થ વગરનું બની રહે! બીજાના ઘરેને અજવાળતા જવું અને સાથે સાથે પોતાના ઘરની ભીંતો અને ભીતર બંનેનો રંગ આછો ન થાય એ જોવુંય જરૂરી બની રહે છે. નાથાભાઈએ બંને સાચવ્યું છે. જે સમાજમાંથી ઉપર ઊઠી આવ્યા હોય એ સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવાનું નાથાભાઈ ચૂક્યા નથી. તેથી સમાજને પણ એમણે સાથે રાખ્યો છે. અને પોતે સમાજ સાથે રહ્યા છે. એ પણ એમનું જમા પાસું છે. જીવન અનેક ત્રિજ્યાઓમાં વિકસેલું છે. એ ત્રિજ્યાઓના ધ્યેયોને પાર કરતાં જવું એ બહુ મોટી વાત છે. તેથી નાથાભાઈએ તાકેલા તીરો ધ્યેયપ્રાપ્તિમાં પાછા પડતા નથી એ આનંદ !

તેમની ષષ્ટિપૂર્તિના આ વર્ષે અનેક શુભેચ્છાઓ સાથે તેમને અભિનંદન પાઠવી વિરમું છું.

Lajja Communications

# નાથાભાઈની સેવકથી સમાજસેવક અને શાળા સંચાલક સુધીની અનોખી સફર

**ડૉ રાજેશ વણકર**
પ્રાધ્યાપક,
સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, મોરવા હડફ, મો 9909457064

કલ્પના કરો કે કોઈ શાળામાં સેવક તરીકે કામ કરનાર વ્યક્તિ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરે અને એમાં એક પણ રૂપિયો લીધા વિના કે સરકારની પણ ગ્રાન્ટ લીધા વિના ગામડાનાં બાળકોને ભણાવે અને તો પણ કહે "મેં હજુ કશું નથી કર્યું, ઘણું ઘણું કરવું છે સમાજ માટે."

હા આવો જ સ્વપ્નનો સાક્ષાત્કાર એટલે નાથાભાઈ વણકર. એક સમયે પગમાં પહેરવાના ચપ્પલ નહોતા એટલે ઝાડનાં પાંદડાં પગમાં બાંધીને થોડું ઘણું વાંચવા લખવા પૂરતું ભણ્યા. પિતાજી તો એમણે જોયા જ નથી કારણ કે એકાદ વર્ષના નાથાભાઈને મા ના આશરે મૂકીને એ સ્વર્ગવાસી થઈ ગયા હતા. મા સાથે નાથાભાઈ ખેતરોમાં મજુરી કરવા જતા હતા. મહેનતુ પહેલેથી અને નિષ્ઠાવાન પણ ખરા. એટલે કોઈની નજરમાં આવ્યા ને શાળામાં સેવક તરીકે નોકરી અપાવી. પણ ત્યાં બેઠા બેઠા જ વિચારવાનું શરૂ કર્યું કે મારી પોતાની પણ આવી શાળા હોય તો ? અહીં જે પ્રશ્નો છે કે મુશ્કેલીઓ છે એનું નિરાકરણ હું પોતે લાવું. અને એ ધગશથી પચમહાલ જિલ્લા અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટની તેમને રચના કરી. નાનકડા ગામ અડાદરામાં ચોથા વર્ગના કર્મચારી મંડળની લૉન લઈને 20 બાળકોથી એક છાત્રાલયનો આરંભ કાર્યો. પછી તો તેમની નિષ્ઠા અને સેવાભાવના કારણે તેમને સતત મદદ મળતી રહી. આજે ત્યાં બાર ધોરણ સુધી ભણવા ઉપરાંત રહેવા જમવાની સુવિધા વાળી સંસ્થા છે. વિવિધ કંપનીઓ, દાતાઓ અને સંસ્થાઓ પાસેથી મદદ મેળવીને વધુમાં વધુ ઉત્તમ શિક્ષણ ગામડાનાં બાળકોને કઈ રીતે આપી શકાય એમાં જ તેઓ કાર્યરત રહે છે. ત્યાં આદિવાસી બાળકો અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ કોમ્પ્યુટર પર અભ્યાસ કરે છે એક પણ રૂપિયો ફી નહીં અને ઉત્તમ શિક્ષણ. અહીં શિક્ષણ મેળવીને વર્ગ 2, 3 કક્ષાના અધિકારીઓ પણ બન્યા છે. આખું પરિસર તદ્દન શિક્ષણ અને સંસ્કારનો અહેસાસ કરાવે છે.

આ ઉપરાંત તેઓએ ગોધરા ખાતે બહેરા મુંગા બાળકોની એક બંધ શાળાનું સંચાલન પણ સંભાળી લીધું આ શાળાના વિકાસ માટે કમર કસી, અનેક સંસ્થાઓ પાસે ગયા અને આજે ગોધરામાં વિશાળ મકાનમાં દુરદુરથી આવેલાં આ દિવ્યાંગ બાળકો મૉજથી

ભણી રહ્યાં છે. ત્યાં જઈએ ત્યારે એમનો આનંદ જોઈને નાથાભાઇના આ કાર્ય માટે નમન થઈ જાય છે અઢી કરોડથી પણ વધારે ખર્ચથી બનેલા આ મકાનમાં બાળકના વાલી કે સરકારનું કશું નથી. જે છે એ નાથાભાઇની નિષ્ઠાનું જ પરિણામ છે. 110 થી વધુ દિવ્યાંગ બાળકો અને 700 થી વધુ વિદ્યાર્થીઓ છાત્રાલય અને હાઈસ્કૂલમાં તદ્દન મફત ભણી રહ્યાં છે. આ ઉપરાંત બહેનોને સ્વરોજગારલક્ષી તાલીમો, આરોગ્ય જાગૃતિ, ખેતી તાલીમ, બેન્ક લૉન સહાય, ગરીબોને રહેવા ખાવાની જરૂર પડે ત્યાં મદદ, કોઈ પણ વ્યક્તિને થયેલા અન્યાય માટે તનમનધનનો સાથ આવાં આવાં તો અનેકવિધ કર્યો એમના જીવનના ચોપડે નોંધાયા છે. એમને સરકાર અને સંસ્થાઓએ વિવિધ પ્રકારના પુરસ્કારોથી અનેકવાર સન્માન આપ્યું છે. તો એમણે પણ યુવાનો, વડીલો, મહિલાઓ કોઈ ક્ષેત્રે આગળ આવે તો સન્માન પ્રોત્સાહન આપ્યાં છે. દેશભરના ઘણા લોકોએ તેમના આ સેવાયજ્ઞની મુલાકાત લીધી છે.

અનેક ઘટનાઓ એમના જીવનની લખી શકાય પણ એક ઘટના એમના જીવનની મહત્વની છે

એમના દીકરાનું લગ્ન હતું વરઘોડો ફેરવવાનો હતો, ગામના અમુક માનવતા વિરોધી લોકોએ ગામ વચ્ચે વરઘોડો લઈ જવાની ના પાડી, ગોળીબારની ધમકીઓ આપી, નાથાભાઈએ એ સમયના અમારા વિસ્તારના ધારાસભ્યશ્રી અને વનમંત્રીશ્રી પ્રભાતસિંહ ચૌહાણ સાહેબને વાત કરી, બાપુ પોતાની બદૂક લઈને આવ્યા એમની ગાડી આગળ ચાલે ને વરઘોડો પાછળ, આખા ગામમાં વરઘોડો ફર્યો તમામ વર્ગના લોકો જોડાયા, બધાએ મોજ કરી. ત્યારથી નાથાભાઇ માટે જ નહીં ગામના તમામ લોકો માટે નવી શરૂઆત થઇ.

નાથાભાઇ આમ ખૂબ મોટા માણસ ગણાય છે. આ વિસ્તારના વણકરોમાં તેઓએ જોરદાર પ્રગતિ કરી છે. રાજ્ય કક્ષાની અનેક સમિતિઓમાં તેઓ રહી ચૂક્યા રાજ્ય કક્ષાએ તેમને માન સન્માન મળ્યા તેમની સસ્થાને અન્ય રાજ્યોના લોકોએ મદદ પુરી પાડી અને માન સન્માન આપ્યું છે આ રાજ્યના હોદ્દેદારો અને પદાધિકારીઓ તથા રાજકીય ક્ષેત્રે આગળ વધેલા મહાનુભાવો એમને જાણે છે એમના પ્રશશક છે પણ તેઓ વ્યક્તિ તરીકે એકદમ સરળ અને સહજ સ્વભાવના રહ્યા છે. ક્યારેય પોતાની સિદ્ધિઓ તેઓ માથા પર લઈને ફરતા નથી પોતાની આવડતનું અભિમાન મેં તેમનામાં જોયું નથી નાનાથી મોટા દરેક માણસ સાથે ઝુકીને પ્રેમથી રહે છે. તેઓએ જીવનનમાં જે સંઘર્ષનો અનુભવ કર્યો છે એ અનુભવ તેમને નજર સામે જ રાખીને જીવન જીવ્યા છે. જ્યારે માણસ ઉપર જવાના પગથિયાં ભૂલી જાય ત્યારે પડે છે પણ નાથાભાઇ ક્યારેય અવરોધનો સામનો કરીને જીત્યા હશે પણ અટક્યા નથી એનું કારણ કે તેઓ સતત આગળ વધતી વખતે પોતાનો

ભૂતકાળ સાથે લઈને ચાલ્યા છે. સતત સેવાની ભાવના અને જીવનમાં કાયમ કંઈક કરી છૂટવાની તમન્ના તેમની પ્રગતિનું પ્રેરણા બળ છે

વિચારો વિચારો વિચારોની વચ્ચે
સૂરજ જેમ ઉગવું સિતારોની વચ્ચે
પહોંચી જઈશું સમંદર લગી પણ
સતત જો વહીશું કિનારોની વચ્ચે
ખડક છે અડગ તો થયું શુ સફરમાં
પ્રવાહી થશે એ બહારોની વચ્ચે
ફૂટીશું કૂંપળ થઈ જરા ભેજમાં પણ
ભલે બીજ વાવ્યું દરારોની વચ્ચે

આ મારી આખી ગઝલ જાણે કે તેમના જીવનની આરસી છે. અનેક વટોળો અને વમળોની વચ્ચે તેઓ પોતાના લક્ષ સુંધી પહોચે છે. ભલે ગમે ત્યાં હોઈએ પણ ઉંચાઈ મેળવીને જ જંપે છે. એ જ એમના વ્યક્તિત્વની મહાનતા છે.

આ નાથાભાઈ છેલ્લા 25 વર્ષથી વિવિધ સંસ્થાઓ દ્વારા સેવાનો ભેખ લઈને નીકળ્યા છે આજે એમના જીવનનાં પણ 60 વર્ષ પૂરાં થવા જાય છે પણ આજેય એટલી જ ધગશ, સ્ફુર્તિ અને કર્મઠ સેવાભાવના, એટલી જ નમ્રતા, એટલો જ પ્રેમાળ સ્વભાવ... બસ આ બધું સતત રહો...આપની તમામ સમાજસેવાની ઈચ્છાઓ પૂર્ણ થાય અને હજુ તમારા આશીર્વાદ અમને મળતા જ રહે એવી અભ્યર્થના સાથે પ્રણામ નાથાભાઇ.

❀ ❀ ❀

સંતો, દિવ્યપુરુષો, જ્ઞાનીઓનું મુખ્ય લક્ષ્ય સૃષ્ટિના જીવોનું કલ્યાણ છે. એ એમનો સ્વાર્થ હોવા છતાં એમાં સાત્ત્વિકતા દૃષ્ટિગોચર થાય છે. એમાં કર્તાપણાનો કે હુંપણાનો ભાવ હોતો નથી, તેથી તે કર્મો વાસ્તવમાં કર્મો હોવા છતાં, તાત્ત્વિક દૃષ્ટિએ, એ સંતોના ‘‘અકર્મો’’ જ છે.

- નરેશચંદ્ર એલ. પરમાર
એક્ઝીક્યુટીવ એન્જિ., મોડાસા

# એક સમર્પિત લોક સેવક

**ડૉ. ડી.એમ.વણકર**

**ગંધારી**

જૂનો ખેડા અને નવો મહિસાગર જિલ્લો અને નવા વિરપુર તાલુકાનાં પાંસરોડા ગામે એક સાધારણ દલિત પરિવારમાં પિતા ગલાભાઈ અને માતા માંનીબેનના કૂખે નાથાભાઈનો જન્મ આઝાદીના લગભગ એક દાયકા પછી થયો પણ કુદરતનો કરિશ્મા જોવો કે એક વર્ષની તદ્દન નાની વયે નાથાભાઈએ પિતાની છત્રછાયા ગુમાવી. માતા માંનીબેનના શિરે માતા અને પિતાની ભૂમિકા ભજવવાની દોહરી જવાબદારી આવી પડી. કદાચ માતા માંનીબેનને સ્વપ્નમાં પણ ખબર નહીં હોય કે મારો દિકરો આવનાર સમયમાં નાથાભાઈ નહીં પરંતુ નાથાલાલની એક આગવી ઓળખ ઊભી કરશે અને આજે આપણે સૌ નાથાભાઈ નહીં પણ નાથાલાલથી જ અવગત છીએ.

સામાન્ય રીતે માણસ સપનાઓમાં જીવતો હોય છે. એવા સપના જે સાર્થક કરવા વ્યક્તિ જિંદગી અને અસ્તિત્વને દાવ પર લગાડી દે છે. સુખનું સપનું, સફળતાનું સપનું, સંબંધનું સપનું. જેમ ઈચ્છાઓ અને અપેક્ષાઓ સપના બનીને આપણી આંખમાં તરવરતા રહે છે. તેમ બધા એક દિવસની રાહ જોતાં હોય છે. જ્યારે એના સપના હકીકતમાં પરિણમે સપના વગરની જિંદગીનો કોઈ મતલબ હોતો નથી. જ્યાં સુધી સપનાં છે ત્યાં સુધી જ જિજિવિષા છે. જે દિવસે માણસ સપનાં જોવાનું બંધ કરી દે છે એ દિવસથી એના પતન અને અંતનો પ્રારંભ થઈ જાય છે. અંત માત્ર મોતથી નથી આવતો. ઘણા જીવતા લોકો પણ જીવન વગરના હોય છે. સપનાં ઘણી વખત સાચા પડતા નથી. સ્વપ્ના સાચા પાડવા અને ન પાડવા પાછળ ઘણા કારણો હોય છે. પરંતુ હોડીમાં બધા એક તરફ હલેસા મારતા હોય તો જ હોડી આગળ વધે.

નાથાલાલના પ્રારંભિક જીવનની વાત કરીએ તો પિતાનું અકાળે અવસાન માતા માંનીબેન અને પુત્ર નાથાલાલ એકલા જીવન ગુજારતા. પ્રાથમિકશાળાનું શિક્ષા પોતાના ગામમાં જ લીધું. ગામમાં માધ્યમિકશાળા ન હોવાથી માધ્યમિક શિક્ષણથી શરૂઆતમાં વંચિત રહ્યા. આર્થિક અભાવના પરિણામે ખેતીકામ અને મજૂરી કામ કરી માતા પુત્ર જીવન નિર્વાહ કરતાં. પરંતુ કુદરતની કમાલ જુઓ કે છેક ૧૯૯૦માં શ્રી એમ.આર.હાઈસ્કૂલ અડાદરામાં વર્ગ-૪ના કર્મચારી તરીકે નિમણુંક પામ્યા. ધોરણ-10ની પરીક્ષા Ex વિદ્યાર્થી તરિકે સને-1992માં શ્રી વી.ડી.માયાવંશી વિદ્યાલય પાંડવા તા.બાલાશિનોરમાં પાસ થયા. ધોરણ-12ની પરીક્ષા શ્રી એમ.જિ.એસ.માધ્યમિક અને ઉ.માધ્યમિક હાઈસ્કૂલ કાલોલમાથી



Lajja Communications

Ex વિદ્યાર્થી તરીકે પાસ થયા.

ત્યારબાદ સાંસારિક જીવનની શરૂઆત કરી. અને તેમા પણ Ex-Student નહીં પરંતુ Regular Student તરીકે ફૂલ્લી પાસ થયા. કેમકે સંતાનમાં એક દિકરી અને બે દિકરારૂપી જીવંત પ્રમાણપત્રોથી આપણે સૌ પરિચિત છીએ. વગેરે......

સમાજની વાત કરીએ તો સમાજના કચડાયેલા, દબાયેલા, શોષિત, પિડિતજનોની સેવા થઈ શકે અને દલિત સમાજ શિક્ષિત બને સંગઠિત બને, વ્યસન મુક્ત બને તેવા ઉમદા હેતુથી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરાની સ્થાપના કરી. મેનેજિંગ ટ્રસ્ટીની ફરજ નિભાવી વર્ષ 1996થી વર્ષ 2005 સુધી કુમાર છાત્રાલય, કન્યા છાત્રાલય, આદિજાતિ આશ્રમશાળા, માધ્યમિકશાળા અને બહેરા મૂંગા દિવ્યાંગ વિદ્યાલય જેવી અનેક સંસ્થાઓની સ્થાપના કરી. આજે તેમની અનેક સંસ્થાઓમાં ગરીબ લાચાર વંચિત બાળકો હજારોની સંખ્યામાં શિક્ષણ અને સંસ્કાર લઈ રહ્યા છે. તે તેમના અને આપણા સૌના માટે આનંદ અને ગૌરવની વાત છે.

એક સેવક તરીકે નોકરીમાં જોડાયેલા વ્યક્તિ પોતાના સ્વપ્નોને સાકાર કરવા નોકરીમાં જોડાયા પછી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિકનું શિક્ષણ મેળવી રાત દિવસ એક કરી સ્વપ્નાં સાકાર કરતાં જાય છે. તેમના જીવનમાં જે તે સમયના સાંસદ માનનીય પ્રભાતસિંહ ચૌહાણ સાહેબનો ભેટો થાય છે. અને નાથાલાલના નવજીવનનું પ્રભાત થાય છે. એટલુજ નહીં સ્વ.ગોવિંદભાઇ માયાવંશી પણ તેમના પ્રેરણા પુરુષ રહ્યા છે. તેમ કહેવામાં કશું જ ખોટું નથી. તેઓ આજીવન એક જ પક્ષ સાથે રહ્યા. અને આજે પણ પક્ષની સાથે જ છે. અને તે તેમનો ગુણ ગણી શકાય. બાળકો સિવાયની વાત કરીએ તો આજના હરીફાઈના યુગમાં તેમણે જાણે અજાણે ઘરના અને બહારના અનેક માણસોને રોજગારી પણ આપી છે. અને તેમના પરિવાર પણ ફાલ્યા-ફૂલ્યા છે. તે આપણાથી કેમ ભૂલાય? બદલાયા વગર આગળ વધી શકાતું નથી. બદલાવું પડે છે. કારણ કે આપણે જેવા બનવું હોય છે એ સ્વરૂપે ભગવાન આપણને જન્મ નથી આપતો. છેલ્લે એક વાત કહીશ કે કોઈ દાર્શનિકે સરસ વાત કરી છે. તેને કહ્યું કે તમારે જો આગળ ચાલવું હોય તો એકલા ચાલો પણ જો તમારે બહુ દૂર સુધી ચાલવું હોય તો બધાને સાથે લઈને ચાલો. ટૂંકમાં આ 'ષષ્ટિપૂર્તિ'ના પવન પર્વ પર નાથાલાલનું શેષ જીવન સપરિવાર નિરોગી સુખમય અને નિરંતર પ્રગતિ દાયક રહે તેવી મંગલ કામના.

જય ભીમ

# જિંદગીની આગને બાગમાં ફેરવનાર કર્મયોગીને શત શત વંદન (શ્રી નાથાભાઇ ગલાભાઇ વણકર)

**પ્રોફેસર એમ. એન. પરમાર**
ડીન (ઓ.એસ.ડી.), ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ
પૂર્વ ડીન, ફેકલ્ટી ઓફ સોશીયલ વર્ક
ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા.

**કોઇ કવિએ કહ્યું છે :**

"એક હતો અંગૂઠો, એ પણ કાપી લીધો દ્રોણ,
બોલો, હવે એકલવ્યનું કોણ ?"

પુરાણકાળમાં બનેલી આ ઘટના પછી જાણે કે સમાજમાં દલિત-પીડિત, શોષિત વર્ગની સંખ્યામાં ઉમેરો થતો જ ગયો. વીસમી સદીના મધ્યમાં ભારતને રાજકીય આઝાદી પ્રાપ્ત થઇ હોવા છતાં પણ સામાજિક અને આર્થિક આઝાદી વચ્ચે તેને આભ ધરતીનું છેટું રહી ગયું. શ્રીમંતો વધુ ને વધુ શ્રીમંત થતા ગયા તો બીજી બાજુ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો માટે જીવન જીવવું દુષ્કર બનતું ગયું. તો, દીન-હીન લોકોની પીડાના સંહારક અને લોક-ઉદ્ધારક તરીકે દરેક યુગે કોઈને કોઈ મહાન વિભૂતિએ આ પૃથ્વી પર જન્મ લીધો, અને આ સામૂહિક પીડાને પોતીકી પીડા ગણીને તેને દૂર કરવા માટે ભગીરથ પ્રયત્નો કર્યા છે. વીસમી સદીમાં જ્યોતિબા ફૂલે, ગાંધીજી અને ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રયત્નોએ સામાજિક ; DFGTF અને સામાજિક ઉત્થાનની એક જ્યોત જલાવી, જે દિવ્ય જ્યોતને સમયના આગલા પડાવ પર પ્રજ્વલિત રાખનાર આપના જેવા માનવીએ એક મિશનરૂપ કાર્ય કરી સમાજના જરુરિયાતમંદ ખૂણાને હૂંફ આપી છે.

આપ-નાથાભાઈ ગલાભાઈ વણકર-એટલે એક એવું વ્યક્તિત્વ કે જેના માટે એમ કહી શકાય કે,

"હોય દિશા ધૂંધળી તો તેને રસ્તો જડતો નથી,
અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી."

માંડ પ્રાથમિક શિક્ષણ પૂરું કરી શકેલા ને જન્મતાની સાથે જ પિતાની છત્રછાયા ગુમાવી બેઠેલા આપ જેવા અદના આદમીએ અને અલ્પશિક્ષિત માણસે જે કાર્ય કરી બતાવ્યું છે તે વિશ્વવિદ્યાલયોની મોટી મોટી ડિગ્રીઓ ધરાવતા વિદ્વાનો માટે પણ જાણે અશક્યવત છે.



Lajja Communications

મહિસાગર જિલ્લાના વિરપુર તાલુકાના પાંસરોડા નામના એક મુઠ્ઠી જેવડા ગામમાં જન્મેલા આપ જેવા મહામાનવીએ પોતાનાં કાર્યોના તેજ પુંજથી હજારો લોકોના અંધકારમય જીવનને આલોકિત કર્યું છે. સાવ સામાન્ય શિક્ષણ પામીને વર્ગ-૪ની નોકરી મેળવીને એક સરેરાશ માણસ સાધારણ અવસ્થામાં જ પોતાનું જીવન પૂરું કરી નાંખે, જ્યારે આપે કંઈક કરી છૂટવાની ભાવનાથી ગાંધીજીએ આપેલો મંત્ર, 'અસ્પૃશ્યતા હિન્દુ સમાજનું કલંક છે, તે દૂર થવું જ જોઈએ' તેને ચરિતાર્થ કરવા માટે અને સમાજના અતિ પછાત, શોષિત, દલિત, પીડિત લોકોની સેવા થઇ શકે અને સમાજમાંથી કુરિવાજો, કુરૂઢિઓ અને વ્યસનો નાબૂદ થાય તે ઉમદા હેતુસર ૧૯૯૫માં 'શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરા'ની સ્થાપના કરી, અને તેના મેનેજિંગ ટ્રસ્ટી બની આ સંસ્થાને દિશા દોરવણી આપી. આ ટ્રસ્ટરૂપી રોપાયેલું બીજ આજે પચ્ચીસ વર્ષ પછી અનેક સંસ્થાઓની શાખા પ્રશાખાઓ રૂપે વિકસી એક વિરાટ વટવૃક્ષ બન્યું છે. તેમાં આપશ્રીની દીર્ઘદષ્ટિ, સેવાકાર્યો પ્રત્યેની નિષ્ઠા અને પરગજુ વ્યક્તિત્વનો જ સિંહફાળો રહ્યો છે. આ સેવાકાર્યો માટે સ્થપાયેલી સંસ્થા એ માત્ર એક સંસ્થા ન રહેતાં અનેક સેવાકાર્યો, શિક્ષણકાર્યો અને ઉત્થાન કાર્યોની ત્રિવેણી રૂપે અતિ પછાત વિસ્તારોમાં વહેવા લાગી અને જે જરૂરિયાતમંદ લોકોની વચ્ચેથી આ ત્રિવેણી પસાર થઈ એ સૌના જીવનને તેણે પાવન કર્યા. આ સંસ્થાની પ્રશાખાઓ જેવી કે; જે. બી. ખોત કુમાર છાત્રાલય અડાદરા, કુ. રેષા પટેલ કન્યા છાત્રાલય અડાદરા, નયનાબા કન્યા છાત્રાલય અડાદરા, આદિજાતિ આશ્રમશાળા અડાદરા, ગાંધી સ્પેશ્યલ બહેરામૂંગા વિદ્યાલય ગોધરા, સ્વામી વિવેકાનંદ કુમાર છાત્રાલય મલાવ, કન્યા માધ્યમિક શાળા અડાદરા વગેરે અનેક શાખાઓએ 'પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ' અંતર્ગત સતત વહેતા રહીને અનેક લોક ઉત્થાનનાં કાર્યો કર્યા છે. આજે જ્યારે આ ટ્રસ્ટની સ્થાપનાને ૨૫ વર્ષ પૂર્ણ થયાં છે ત્યારે તેનો રજત જયંતી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે, ત્યારે આ સંસ્થાનાં કાર્યો આવનાર સમયમાં વધુ વેગવંતા બને, જોશીલા બને અને સામૂહિક ફલક ઉપર એક નવો જ માર્ગ ચીંધી આપે એવી મારી ઊંડા અંતરની શુભકામનાઓ છે. સાથે, આપના જેવું ઉમદા વ્યક્તિત્વ દીર્ઘાયુ ભોગવી આ સંસ્થાની પ્રશાખાઓનો હજુ પણ વિસ્તાર કરે, સંસ્થાએ જે ઉજ્જ્વળ ભાવિનાં સ્વપ્નો સેવ્યાં છે તે સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો, અદ્યતન સગવડોવાળી લાયબ્રેરી અને ઈ-લાયબ્રેરી વગેરેનું શુભ પ્રસ્થાન આદરી, શિક્ષણ અને સંસ્કારનો સમાજમાં દિવ્ય પ્રકાશ પાથરવામાં આપના પ્રયત્નોને બળ પૂરું પાડે એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના. સાથે, આ કાર્યો માટે અનેકાનેક શુભેચ્છાઓ અને અભિનંદન. આપનાં સૌ કોઇ માટે પદાર્થપાઠ રૂપ સત્કાર્યો ને કોટિ કોટિ વંદન.

આપનો ગુણાનુરાગી

# કર્મવીર નાથાભાઈ

**રસિકભાઈ.સી.શાહ**
આચાર્યશ્રી
શ્રી એમ.આર.હાઇસ્કૂલ અડાદરા

શ્રી નાથાભાઈ ૧૯૯૦માં વર્ગ-૪ના કર્મચારી તરીકે એમ.આર.હાઇસ્કૂલમાં જોડાયા. મારી સાથે તેમને પાંચ વર્ષ સેવા આપી. વ્યક્તિની પરખ તેના કામ પરથી થાય છે. વર્ગ-૪ના કર્મચારી તરીકે બહુજ હોશિયાર કોઈપણ કામ તેમને સોંપો તો તુરંત જ સારી રીતે તેઓ કરે. પાંચ વર્ષ દરમ્યાન મારે તેમને કોઈ ઠપકો આપવો પડ્યો નથી. ભગવાને માનવ બુધ્ધિ તેની જાતિ જોઈને આપી નથી. બુધ્ધિ એ ભગવાને આપેલી અમૂલ્ય ભેટ છે. બધા મનુષ્યને મળતી નથી. કોઈક જ પર ભગવાનની કૃપા થાય ત્યારે તેને સાત્વિક બુધ્ધિ મળે છે. આમાંના એક નાથાભાઈ હતા. નોકરી સાથે તેમની બુધ્ધિ સમાજ સેવામાં લાગી. તેમને સમાજના તરછોડાયેલા વર્ગ માટે કંઇક કરવાની ઇચ્છા થઈ. ભગવાનની તેમના પર કૃપા થઈ અને એક સમાજ સેવક તરીકે સમાજમાં સ્થાન મેળવ્યું. વર્ષ ૧૯૯૬ થી ૨૦૦૫ સુધી તેમને સાત શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરી. મનુષ્ય જન્મ શા માટે? ખાવા પીવા માટે મનુષ્ય જન્મ મળ્યો નથી, જીવનમાં કંઇક સત્કાર્ય કરી માનવ જીવનને સફળ બનાવવું છે. તેમને માનવ સેવાને પ્રભુ સેવા તરીકે સ્વીકારી અનેક અજ્ઞાત બાળકોનો જીવન પંથ ઉજાળ્યો. અડાદરા ગામ નસીબદાર કે તેમને આવી વ્યક્તિ મળી, જેને લીધે અડાદરાનું નામ ગુજરાત રાજયમાં પ્રખ્યાત થયું. ઉત્તરોત્તર તેઓ સંસ્થાઓનો વિકાસ કરે અને ભગવાન તેમનું સ્વાસ્થ્ય સારું રાખે તેવી પ્રાર્થના.

કર્મણેવાધિકારસ્તે મા ફલેશુ કદાચન

તારો કર્મ કરવાનો અધિકાર છે ફળ નો નહીં, ફળતો ઈશ્વર આપે છે.

❁ ❁ ❁



Lajja Communications

# “અડાદરામાં એકલોવીર”

**ખેતાભાઈ પી. સોલંકી**

**પરિચય :-**

ખેતાભાઈ પી. સોલંકી લીંબડી જી.સુરેન્દ્રનગર મેં સાથી મિત્રોના સહકારથી “ગ્રામીણ સેવા ટ્રસ્ટ” સ્થાપના લીંબડીમાં કરી. સંસ્થામાં મંત્રી તરીકેની ફરજ ૧૯૯૧ થી બજાવું છું. સંસ્થાના માધ્યમથી અને કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર, જર્મની અને લગ્ઝમ્બરના આર્થિક સહયોગથી ગ્રામીણ વિકાસને લગતા અનેક કાર્યો સફળતાપૂર્વક પાર પાડ્યા. પછાત વિસ્તારોમાં ગરીબ પરિવારના બાળકો, મહિલા અને નાના ખેડૂતો માટે જરૂરિયાત વાળી યોજનાઓ અમલમાં મૂકી.

શ્રી નાથાભાઈનો પરિચય ઝાંઝરકા મુકામે આવેલ સંત સવૈયાનાથની જગ્યાના મહંત અને સાંસદ પૂજયશ્રી શંભુનાથજી ટુડિયાના માધ્યમથી થયો. દેખાવમાં સરળ, શાંત, લાગતાં અને સરળતાથી સૌની સાથે ભળી જતા. મને નાથાભાઈની જીવનશૈલી ઘણી સરળ લાગી. તેમની સાથેના સબંધો વધતાં તેઓને લીંબડી અવાર-નવાર આવવાનું થતું અને મારે પણ અવાર-નવાર અડાદરા જવાનું થતું અને મને જે તેમના વિશે લાગ્યું તે અત્રે રજૂ કરું છું.

“જે માણસ ઠાકતો નથી તેના કાર્યો પણ થાકતા નથી”

જે માણસ ધોરણ-૭ પાસ હોય અને આ કક્ષાએ પંહોચ્યા હોય તેવું ભાગ્યે જ જોવા મળે છે.

શૂન્યમાંથી સર્જન કરવું અઘરું હોય છે. ભૂખ્યા પેટે દોડવું અને કામ પાર પાડવા એ તો કોઈ અલગારી વ્યક્તિ કરી શકે. આવું વ્યક્તિત્વ અને પુરુષાર્થ મને નાથાભાઈમાં જોવા મળયા. “સ્નેહને કોઈ સીમાડા હોતા નથી તેમ સેવા કરનારને કોઈ સીમાડા હોતા નથી.”

નાથાભાઈને જ્યાં તક મળી ત્યાં શિક્ષણ કર્યો શરૂ કરી દીધા. આ વિસ્તારના જરૂરિયાતમંદ અને ગરીબ પરિવારોના બાળકોને રહેવા, ખાવા અને ભણવા માટે શ્રેષ્ઠ સ્થાન ઊભું કારયું. પોતાના વતન કે વિસ્તારનો ક્યારે પણ આગ્રહ રાખ્યો નથી.

“હદયમાં ઉછળતા ત્યાગ ને સેવાના તરંગો
અને ઉમળકાને કોઈ રોકી શકતું નથી.”

ભણતર ઓછું, આર્થિક સ્થિતિ નબળી, પરિવારનો સાથ મળ્યો ન મળ્યો પણ ભોળા હૃદયના માનવીને પ્રભુનો સાથ હોય છે. એમ એક પછી એક કુદરતી રીતે સાથ સહકાર મળતો ગયો. અને મનમાં ધારેલા ઊંચા શિખરો સર કરતાં ગયા.

"પવિત્ર ભાવનાથી થયેલા કાર્યો
પ્રભાવશાળી સ્વચ્છ અને સુંદર હોય છે."

અડાદરા આશ્રમશાળાઓના કેમ્પસમાં પ્રવેશ કરીએ અને ગોધરા બહેરા મૂંગા શાળાના કેમ્પસમાં પ્રવેશતાની સાથે જ તેના બાંધકામ, તેની વિશાળતા અને સ્વચ્છતાથી પ્રભાવિત થઈ જવાય છે. બાળકો મન મૂકીને જ્યારે રમતા જોઈએ ત્યારે એમ લાગે કે જાણે કુદરતના ખોળામાં રમતા હોય બાળકો માટે રહેવાની, ભોજનની અને ભણવાની જે ઉત્તમ વ્યવસ્થા ઊભી કરી છે, એ જોતાં મને લાગે છે કે આ બાળકો નાથાભાઈને ક્ક્યારેય નહીં ભૂલે.

"વિરલાઓ અન્યોના ભલા માટે
પોતાનું જીવન સમર્પિત કરી નાખે છે."

ભાવનગર જીલ્લામાં સ્વ. મનુભાઈ પંચોલી "દર્શક અને વેડછીમાં સ્વ. જુગતરામ દવેને પોતાનું જીવન વિદ્યાર્થીઓએ માટે સમર્પિત કરી નાખ્યું. તેઓએ વિદ્યાર્થીઓનું જીવન સરળ વ્યસન મુક્ત અને સમાજ ઉપયોગી બનાવ્યું. શ્રી નાથાભાઈએ અડાદરામાં શિક્ષણની ધૂણી ધખાવીને નાના છોડમાંથી વિશાળ વટવૃક્ષ બનાવ્યું છે. વિશાળ શૈક્ષણિક સંકુલો અને બહોળા વિદ્યાર્થી સમુદાયની હાજરી જોતાં એમ લાગે છે કે નાથાભાઇનું સમર્પણ ઉપસી આવ્યું છે.

"શુભ કાર્યની જે શરૂઆત કરે છે. તેનું કામ પ્રભુ પૂરું કરે છે."

ગોધરા બહેરા મૂંગા બાળકો માટે શાળા અને હોસ્ટેલ બનાવવી એ ખુબા જ અઘરું કામ હતું પણ કાર્યની શરૂઆત તો નાથાભાઈએ કરી દીધી હતી. અનેક અડચણો વચ્ચે ઊભી થઈ પણ અંતે તેઓનું લાંબાગાળે કાર્ય ખુબજ સફળતાપૂર્વક પાર પડ્યું. આજે આ વિશાળ બિલ્ડિંગ જોતાં અને એક સો બાળકોને ભણતા, રમતા અને આનંદ કિલ્લોલ કરતાં જોઈએ છીએ ત્યારે એમ લાગે છે કે આમાં પ્રભુનો આશીર્વાદ જરૂર છે.

સંસ્થાની રજતજયંતિ મહોત્સવ પ્રસંગે અને શ્રી નાથાભાઈના ૬૦ વર્ષ પૂરા થઈ રહ્યા છે તે પ્રસંગે ગ્રામીણ સેવા ટ્રસ્ટ વતી અમો આપણે શુભ કામનાઓ પાઠવી છીએ.પ્રભુ સતકર્મોની પ્રેરણા અને બળ પૂરું પડે અને તમારી તદુરસ્ત જળવાઈ રહે તેવી પ્રભુને પ્રાર્થના.

❀ ❀ ❀



Lajja Communications

# "દલિતોના શિક્ષણના સૂત્રધાર"

**પ્રો.ડો. મનુભાઈ એચ.મકવાણા**
૪૫/આદિત્ય બંગલોઝ, છાણી જકાતનાકા, વડોદરા-૨૪

ગોધરા કલેક્ટર કચેરીના કમ્પાઉન્ડમાં એક દિવસ હું મારા અધ્યાપક મિત્ર પ્રિ. ખંડુભાઈ પરમાર સાથે ઊભો હતો. મારે ચા પીવી હતી અને ખંડુભાઈ તેની શોધમાં નજર દોડાવતા હતા. ત્યાંજ અવાજ આવ્યો, અરે પ્રિન્સિપાલ સાહેબ કોને શોધો છો ? મારી અને ખંડુભાઈ સાહેબની નજર અવાજ તરફ ગઈ અને સાદા પહેરવેશધારી વધુ ઊંચા પણ નહીં પરંતુ સાધરણ ખડતલ દેખાતા શરીરવાળા ભાઈ જોવા મળ્યા. હું તેઓને ઓળખતો નહોતો. તેઓ પાસે આવતા જ ખંડુભાઈ સાહેબે આવકાર આપતા આવો નાથાભાઈ. આમને મળો પ્રો.મનુભાઈ મકવાણા અમદાવાદ યુનિવર્સિટીમાં પ્રોફેસર અને અધ્યક્ષ હતા. નાથાભાઈએ સાહેબનું નામ સાંભળ્યુ છે. ચતુરભાઈને મદદ કરી હતી તે આ જ સાહેબને ? ત્યાં જ અન્ય બીજા એક સજ્જન આવતાં અમે બધા ચાની લારી તરફ વળ્યા. પાછળથી ખંડુભાઈ કહે, નાથાભાઈ શિક્ષણના માણસ છે. તેમની શાળા છાત્રાલય સાથે કેટલીક સંસ્થાઓ ચાલે છે. ખૂબ મહેનતુ અને પ્રેમાળ માણસ છે. નાથાભાઈ સાથે મારો આ પ્રથમ પરિચય. ત્યાર પછી હું ગોધરા જતો ત્યારે ક્યારેક ક્યારેક તેમને મળવાનું થતું. તેમના વિશે પરિચિતો જે કાંઇ કહે તે સાંભાળતો રહેતો. તેના ઉપરથી એક તારણ એવું મેળવ્યું. "સ્વબળે, મહેનત કરી, ખંતથી ધ્યેયને વળગી રહી વિકાસ સાધનારાઓમાંના એક એટલે શ્રી નાથાભાઈ ગલાભાઈ વણકર"

ઉપરોક્ત પરિચય પછીનાં થોડાં વર્ષો પછીથી એક દિવસ ખરા બપોરે 'કારોના-૧૯' ના સકંજામાં સપડાઇ ઘરમાં પુરાયેલા એટલે બપોરે જમીને આરામ કરવાનું જ નિવૃત્તોનું એક કામ હોય, તે હું કરતો હતો અને મોબાઈલ ફોનની ઘંટડી રણકી. શરૂઆતમાં તો થોડી ખલેલ જેવુ લાગ્યું, પરંતુ છતાંય ફોન ઉપાડયો. એક અજાણ્યો નંબર દેખાયો, અવાજ સાધારણ ક્યાંક સાંભળ્યો હોય તેમ લાગ્યું, પૂછ્યું આપ કોણ ? સામેથી કહેવાયું સાહેબજી, હું નાથાભાઈ યાદ આવે છે.? આપણો છેલ્લે ગોધરા સર્કિટ હાઉસમાં મળેલા. હું અન્ય સ્થાનિક આગેવાનો સાથે ત્યાં હતો. પછીથી આપણે સંતરામપુર કાર્યક્રમમાં ગયેલા. મેં કહ્યું હા નાથાભાઈ બોલો કેમ યાદ કરવા બપોર માથે લીધી ? તે હસ્યાં, કહે સાહેબ તમારા જેવા વિદ્વાનોને જરૂર યાદ કરવા પડે એવો પ્રસંગ આવે એટ્લે. આમ તો સંતરામપુર કાર્યક્રમ સમયે જ મારે તમોને મારી સંસ્થા બતાવવા લઈ જવા હતા, પરંતુ

તમારે નીકળવાની ઉતાવાળ હતી, એટ્લે શક્ય નહોતું. બન્યું. પરંતુ હવે મારી સંસ્થા પચ્ચીસ વર્ષો પૂરા કરે છે. અને મારા પણ ૬૦ વર્ષો પૂરા થાય છે. મે વચમાં જ કહ્યું તો તો તમોને સન્માનવા હું જરૂર આવીશ. તે કહે સાહેબ તે તો આવવું જ પડશે, પરંતુ સાથે તે અવસરે અમે એક સોવેનિયર કરવાનું વિચારીએ છે. તમારા જેવા સાહેબ તેમાં કાંઈક લખે તેવું કહેવા આ બપોર માથે લીધી. મે કહ્યું જુઓ વધારે તો નહીં કહી શકાય, પરંતુ જેટલું જાણું છું. તેના આધારે લખવા પ્રયત્ન કરીશ. અને આમ આ લેખમાં લખી રહ્યો છું.

પિતાની છત્રછાયા સિવાય માતાના પ્રેમાળ, હૂંફાળા ખોળામાં ઉછરેલા નાથાભાઈના ગામની નજીકના વિસ્તારમાં માધ્યમિક શાળાના અભાવે ગામની શાળામાં ધોરણ-૭ સુધીનો અભ્યાસ પૂરો કરીને માતા સાથે મજૂરી કામે લાગી ગયેલા. આ તેજસ્વી યુવાન જે તે સમયના રાજકીય આગેવાનોની નજરમાં આવ્યો. અને યુવાન શ્રી એમ.આર. હાઈસ્કૂલમાં વર્ગ-૪ના કર્મચારી તરીકે નોકરીએ લાગ્યો. નોકરી કરતાં કરતાં બહારના વિદ્યાર્થીઓ તરીકે ધો-૧૦ અને ધો-૧૨ની પરીક્ષા પસાર કરી. આ જ સમયગાળા દરમ્યાન તેઓના લગ્ન ડાહીબેન સાથે થયા. જેનાથી તેઓના સુખી દાંપત્ય જીવનમાં ત્રણ પુષ્પો જ્યોત્સનાબેન, નરસિંહભાઈ, અને રમેશભાઈ ખીલ્યા. સુખી જીવનનો બાગ મહેકી ઉઠ્યો. નાથાભાઈ સ્વભાવે પગવાળીને બેસી રહેનારાઓમાના નહીં. સતત સમાજ ઉત્થાન અને સમાજ સુધારણા માટે વિચારે. તેમને સ્વાનુભવે સમજાયેલું કે શિક્ષણ સિવાય વિકાસ શકય નથી. મિત્રો સાથે ચર્ચા વિચારણા કર્યા પછીથી શ્રી રમેશભાઈ હિરાભાઈ વણકર અને માવજીભાઇ વણકરના સહકારમાં રહી તા.૦૫/૦૫/૧૯૯૫ના રોજ ટ્રસ્ટ રજીસ્ટર કર્યું. જેનો મુખ્ય હેતુ સમાજના વિદ્યાર્થીઓને શિક્ષણ મળી રહે અને છાત્રાલય પણ થાય જેમાં જરૂરિયાતવાળા ગરીબ વિદ્યાર્થીઓ રહી શકે. ટ્રસ્ટ રજીસ્ટર થવાની સાથે અડાદરા ખાતે સૌ પ્રથમ જે.બી.ખોત કુમાર છાત્રાલયની ૨૦ વિદ્યાર્થીઓ સાથે શરૂઆત કરી. બીજા વર્ષે સ્વ. ગોવિંદભાઇ માયાવંશી પંચમહાલ જીલ્લામાં સમાજના આગેવાન શિક્ષણશાત્રીએ નાથાભાઈની સંસ્થા માટે રૂ! ૨૫, ૧૧૧/-નું દાન આપ્યું. તેમની સાથે અન્ય દાતાઓના હાથથી કુમાર છાત્રાલયના મકાનનું ભૂમિપૂજન સ્વ. ગોવિંદભાઇના હસ્તે કરાવાયું. આ શરૂઆતબાદ નાથાભાઈની મહેનત, ધગશ અને કાર્યશીલતાને કોઈ રોકી શક્યું નહીં. તેઓ એક પછી એક સંસ્થાઓ શરૂ કરતાં ગયા. વર્તમાનમાં તેઓ,

(૧) જે.બી.ખોત કુમાર છાત્રાલય

(૨) કુ. રેષા પટેલ કન્યા છાત્રાલય

(૩) નયનાબા કન્યા છાત્રાલય

(૪) આદિજાતિ આશ્રમશાળા

(૫) ગાંધી સ્પેશ્યલ બહેરા-મૂંગા વિદ્યાલય

(૬) સ્વામી વિવેકાનંદ કુમાર છાત્રાલય

(૭) કન્યા માધ્યમિક શાળા

જેવી સંસ્થાઓનું સંચાલન મેનેજિંગ ટ્રસ્ટી કે અન્ય હોદાઓ સાથે કરી રહ્યા છે.

શ્રી નાથાભાઈને વ્યવહાર કુશળ, સારા વહીવટદાર સામાવાળાની રગને પારખનાર અને તે મુજબ પોતાની વાતની રજૂઆત કરી સામાપક્ષને ગળે વાત ઉતારનાર તરીકે સમજુ અને સજ્જન હોવાની છાપ ધરાવનાર તરીકે મે જોયા છે. જરૂર જેટલી જ વાત કરે. બીજાને પણ સાંભળે, ક્યારે, ક્યાં, કોનો કેવી રીતે ઉપયોગ કરી સમાજ હિતનું, સંસ્થાનું કામ આગળ વધારવું તે હમેશા વિચારીને આગળ વધે. બને ત્યાં સુધી કોઇની સાથે સબંધ બગાડવામાં માને નહીં. ને આથી જ તેઓને પોતાના સમાજ ઉપરાંત કહેવાતી ઊંચી જ્ઞાતિના મહાજન શ્રેષ્ઠીઓ અને સખાવત કરનારાઓનો ઉદાર હાથે ફાળો અને સહકાર સાંપડ્યો છે. આવી મદદ કરનારાઓમાં વિસ્તારના રાજકારણીઓ અને તેમાથી થયેલા મંત્રીઓ, મુંબઈમાં રહેતા ઉદ્યોગપતિઓ અને અન્ય ટ્રસ્ટનાં આગેવાનો, સમાજના રાજકારણીઓ ઉપરાંત સરકારના ઔદ્યોગિક સાહસોનો સમાવેશ થાય છે. મુંબઈના ટ્રસ્ટીઓ તરફથી તેઓને બહેરા-મૂંગાની શાળા અને છાત્રાલય માટે રૂપિયા બે કરોડ જેવી માતબર રકમનું ફંડ દાનમાં મળ્યું. આ તેમના સારા કાર્યો, નિષ્ઠાપૂર્વક કરે સમાજસેવા અને સંનિષ્ઠ, નિઃસ્વાર્થ કરેલા પ્રયાસોનું પરિણામ કહેવાય, આવીજ રીતે ઓ.એન.જી.સી. દિલ્હી તરફથી કામણીના સી.એસ.આર ફંડમાથી પણ જમીન બાંધકામ માટે ફાળો મળ્યો. આ સફળતા તેમના ઉપર વર્ણવેલા ગુણોને કારણે જ મળેલી કહેવાય. આજે વિદ્યાર્થીઓ માટે ઘણા બધા ખંડોને પૂરતી સુવિધા સાથે બનાવાયા છે. તેમાં સમાજ સરકાર અને સરકારી અધિકારીઓ અન્ય સમાજના સખાવત કરતાં દાનવીર શ્રેષ્ઠીઓ સાથેના તેમના સંબધોનું પરિણામ તો છે. જ પરંતુ તે ઉપરાંત સંસ્થાઓમાંથી ફક્ત કમાણીનો જ આશય તેમણે નથી રાખ્યો આવેલ ફંડ ફાળો દાનનો ઉપયોગ જે માટે તે મેળવાયુ હોય તેમાં યોગ્ય રીતે કરવામાં આવ્યો. અને તે આપનાર સમાજના લોકો અને સરકાર તમામે જોયું હોય તો જ શકય બને.

વિદ્યાર્થીઓએ વર્તમાન સમયમાં ટેકનોલોજીથી માહિતગાર, પરિચિત રહે તેઓ તેનો ઉપયોગ કરી શકે તે માટે પૂરતી સંખ્યામાં કોમ્પ્યુટર સાથેની લેબની વ્યવસ્થા તેમણે કરી છે. જેથી માહિતી યુગમાં સંસ્થામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ પાછળ રહી જાય નહીં મારી સાથે જ્યારે તેઓએ ચર્ચા કરી ત્યારે સમાજના શિક્ષિત યુવાનોને તાલીમ મળી રહે તેઓ જુદી જુદી સ્પર્ધાત્મક પરિક્ષામાં સફળતા પૂર્વક આગળ આવે તે માટે આવી તાલીમ આપવાના વર્ગો શરૂ કરવાની મહેચ્છા બતાવી. યુવાનો વ્યવસાય મેળવે એટલુંજ નહીં પરંતુ ઊચી મોભાદાર નોકરીઓમાં અધિકારી તરીકે જઇને સમાજ કલ્યાણના યજ્ઞમાં ભવિષ્યમાં પોતાનો ફાળો આપે, પોતે સુખી થાય, સમાજનો વિકાસ કરે તેવી ભાવના તેમની આ ઇચ્છા પાછળ જોઈ શકાય છે.

સ્વ વિકાસ સાથે સમાજ વિકાસની તેમની પ્રબળ ઇચ્છા સૌના સાથ સહકારથી પરિપૂર્ણ થાય તેમાં અમારો પણ થોડો ફાળો હોય તેવી ઇચ્છા સાથે શ્રી નાથાભાઈ ગલાભાઈ વણકરના કાર્યોના તેજ ભાવિ પેઢીને ઝળહળાવે તેવી શુભેચ્છા.

❀ ❀ ❀

માનવતા હૃદયમાં હોય તો ઇશ્વરને શોધવાની જરૂર નથી. ઇશ્વર બાળકમાં વધુ રહે છે. બાળકના કલ્યાણ માટે કામ કરનારને માટે ઇશ્વર હાથ લંબાવવા જેટલો જ છેટો છે.

- ડી. ડી. મકવાણા

(નિવૃત્ત) ડી.વાય.એસ.પી., બાયડ



Lajja Communications

# પ્રતીક પાંસરોડાનું..........!

**પ્રો. ડો. બાબુભાઇ અમિન**
મોચીવડિયા, જી. મહીસાગર.

"હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,
કલેજા ચીરતી કંપાવતી અમ ભય કથાઓ.......!"

ભારતીય સમાજના સંદર્ભમાં મારે વાત મૂકવી હોય તો હું એમ કહી શકું કે કહેવાતા સવર્ણ સમાજમાં ૧૦% બાળકો પ્રતિભા સંપન્ન જન્મતાં હોય તો વંચિતોમાં પછાતવર્ગમાં કે લઘુમતી સમાજમાં જેની ૮૫% આબાદી છે. તેમાં ૨૦% પ્રતિભાશાળી બાળકો જન્મે જ અહી માવજાતનો અભાવ એ અહીની વર્ણ વ્યવસ્થા પર નિર્ભર છે. ઈંગ્લેન્ડના અર્થશાસ્ત્રી આલ્ફ્રેડ માર્શલે એનું અવલોકન કર્યું કે પ્રતિભાનું વિતરણ એ પ્રકૃતિ આધારિત છે. તેથી સમાજના બધા જ વર્ગોમાં પ્રતિભા સપન્ન બાળકો જન્મે જ છે.

પ્રતિભાનું બીજ લઈને જન્મેલા આવા બાળકો યોગ્ય માવજાતના અભાવે વિકાસ ન પામી શકે તેમાં કેવળ બાળકોના કુટુંબોને જ ભોગવવું પડે છે. સમાજને પણ નુકશાન ભોગવવું જ પડે છે. છતાં પણ આવી પારાવાર ગરીબી, સામાજિક શોષણ અને પરંપરાઓના શિકાર બનેલા શ્રી નાથાભાઈએ બાલ્યાવસ્થામાં જ પિતાની છત્રછાયા ગુમાવી માતૃશ્રી માંનીબાઈએ પોતાની જાતના જોરે આ પાંસરોડાના પ્રતિકને જાહેર જીવનમાં પહોંચાડવાનું સરાહનીય કામ કર્યું તે બદલ માતૃ શક્તિને નમન કરવા ઘટે. મરીઝ સાહેબના અંદાજમાં મને કહેવાનું થાય છે કે.........

જીવન ભરના તોફાન ખાળી રહ્યો છું,
ફક્ત એના મોઘમ ઇશારે ઇશારે............
ગમે ત્યારે ડૂબું, ગમે ત્યાં હું નિકળુ,
છે મારી પ્રતીક્ષા કિનારે..... કિનારે......

માંનીમાંએ વતનની વીતક કથા કર્યા વગર અપરંપાર આપત્તિમાં પોતાના કલેજાના ટુકડા સમા શ્રી નાથાભાઈને પ્રાથમિક શિક્ષાના બીજરૂપ સંસ્કાર પ્રાપ્ત કરવા માટે મૂક્યા તો ખરા...! પણ અકળ પરિસ્થિતિનો ભોગ બનનાર શ્રી નાથાભાઈને પ્રાથમિક શિક્ષા પૂર્ણ કરીને અન્યની જેમ ઉચ્ચ શિક્ષા માટે પરિસ્થિતિને વશ બનીને આગળનું શિક્ષણ છોડવું પડ્યું. માની સાથે મજૂરી કામ, ખેતરનું કામ કરવું પડ્યું. આવી જવાબદારી સગીર વયના સંતાનને આવી પડી. નસીબ અવળું ફરીને બેઠું એટલે આવી પડેલા ન છૂટકે આ બધા જ

કામ નાથાભાઈએ બચપણમાં પણ નિભાવી જાણ્યા અને તેઓ શ્રી ધારદાર બનતા ગયા.

આમ આવી વિપરીત પરિસ્થિતિમાં એમને માટે એક દિવસ સોનાનો સૂરજ ઊગ્યો........

એટલેજ તો બંગાળી બાબુ-શ્રી રવીન્દ્રનાથ ઠાકુરના શબ્દોમાં કહું તો.....

ઘોર સાહસ તણા મસ્ત આકર્ષણે,
લૈ જશે પાંખ તું ને રઝળવા,
તારા વેગ વંટોળે સિંધુના
નીલ દૂધલ ઊછળશે તરંગો.......
પંખીના.... !! નિર્ભય નિરુયવેગે જાજે ધસ્યો......!!

કર્મ જ્યારે કર્મઠ બને છે ત્યારે કહેવાતું નસીબ સામે આવીને બાંગ પોકારે છે કે આવ ભાઈ આવ તારું સ્વાગત છે. અને સ્વાગત એટ્લે ૧૯૯૦ના દાયકામાં શ્રી નાથાભાઈ પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાનાં અડાદરા ગામમાં ચોથા વર્ગના કર્મચારી તરીકે હાઇસ્કૂલમાં જોડાય છે. તેઓશ્રી ત્યાંની પરિસ્થિતિને પામવાની કુનેહ મેળવીને થોડાંક વર્ષોમાં પ્રગતિના સોપાન સર કરવાની નેમ લીધી.

તેમના અંદરનો અવાજ બોલ્યો કે.......
મારા હૈયાની હોડલી નાની
સાગરરાજ ધીરા વહો ;
એમાં જોજો ભરાય ના પાણી
સાગરરાજ ધીરા વહો ;

આમ ધીર ગંભીર પ્રકૃતિના નાથાભાઈ એક્સ વિદ્યાર્થી તરીકે શ્રી વી.ડી.માયાવંશી ઉચ્ચ માધ્યમિક વિદ્યાલય, પાંડવા ગામેથી ધો-૧૦ ની પરીક્ષા પાસ કરી.તરત તેમણે ધોરણ ૧૨ ની પરીક્ષા ઉત્તીર્ણ કરી એટલે બાબાસાહેબે કહ્યું છે 'શિક્ષા શેરની કા દૂધ હૈ જો પીએગા વો દહાડેગા' (બાબા સાહેબના શબ્દો)

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાનાં હઠીપૂરા ગામના પુજાભઇની દીકરી ડાહીબેન સાથે લગ્ન થયાં. નામ પ્રમાણે જેમના ગુણ છે તેવા તેમના જીવન સંગિની તેમની સાથે પરંપરાને નિભાવતાં નિભાવતાં નાથાભાઈના કાર્યક્ષેત્રમાં આગળ વધવાની પ્રેરણાસ્ત્રોત બન્યાં, કહેવાય છે કે "ગૃહિણી ગૃહમ ઉદ્યતે" જેના ઘરમાં સારી સ્ત્રી હોય એને જ ઘર કહેવાય. બાકી તો ઘણા લોકોને મે બોલતા સાંભળ્યા છે કે "દરવાજા, ભીંતો, બારીઓ કોઈ નથી મારું મહેમાન થઈને રહું છું. મારા મકાનમાં", આમ નારી ના સહારે જ ઘર બને છે.


Lajja Communications

તેઓશ્રીની દીકરી જ્યોત્સના અને પુત્રો નરસિંહ તેમજ રમેશે માતા પિતાની નિશ્રામાં પોતાની ફરજ અદા કરવાનું શરું કરી દીધું છે. તેઓશ્રી ઉત્તરોતર પ્રગતિ કરશે જ કેમ કે-'મોરના ઈંડાને ભલા ચીતરવા પડે....!!'

સર આંબેડકરી અને ગાંધી વિચારધારાને ક્યારેક બાખડતા તમે જોયા હશે, પણ-એને એક સાથે જોવા એ નાથાભાઈના જીવનમાંથી રમશે. આપણું-આત્યંતિક ન બનવું એવું બાબા સાહેબ પણ તેમના સાહિત્યમાં વાતને સેરવે છે એટ્લે શ્રી નાથાભાઈ આ બે વિચારધારાઓને સાથે લઈને ચાલે છે. તે એમની કામ કરવાની કુનેહથી તમને સમજાઈ શકે.

વંચિત સમાજના આ જે કંકણમાથી હીરામણી નિપજ્યાં છે. તે આંબેડકરી વિચારને વર્યા હોય તેવું તેમની કરણીમાંથી તમને દ્રશ્યમાન થઈ શકશે. આ પર્વે મને એક વાત યાદ આવે છે શ્રી બાબા સાહેબ આંબેડકર જ્યારે ૧૯૩૦માં લંડન મુકામે બ્રિટિશ સરકારે બોલાવેલી ગોળમેજી પરિષદમાં હાજર હતા ત્યાં આગળ ગાંધીજીએ જાહેર કર્યું કે અંત્યજ કોમના અલગ અલગ મતદાર મંડળો બનાવી બાકીના હિન્દુઓથી અળગા પાડવામાં આવશે તો તેનો વિરોધ તેઓ-પ્રાણાર્પણથી કરશે.

આ ગોળમેજી પરિષદના બે વર્ષ પછી એટ્લે કે તા. ૨૦/૦૯/૧૯૩૨ના રોજ ગાંધીજીએ યરવડા જેલમાં ઉપવાસ શરૂ કર્યા. ઉપવાસના આગલા દિવસે બાબા સાહેબનું સ્ટેટમેન્ટ વંચાતું હતું ત્યારે ગાંધીજીએ કહયું એમનાથી મને જરાય રોષ નથી. એમને એ બધું કહેવાનો અધિકાર છે. આજે અંત્યજો જે બધું કરી રહ્યા છે તેના દાવનો હું છું. બાકીના કહેવાતા સવર્ણો પણ એજ દાવના છે.

ઉપવાસને ત્રીજે દિવસે બાબાસાહેબ-ગાંધીજીને મળ્યા ત્યારે બાબાસાહેબ બહુ ઉગ્રતાથી ગાંધીજીને લડ્યા. ગાંધીજી વૈશ્ય હતા. પાક્કા વૈશ્ય એટ્લે તેમણે કહયું મારે બહિષ્કૃતોની સેવા કરવી છે. તેથી મને તમારી સામે સહેજેય રોષ નથી. તમે કોઈ અપમાનજનક કે ક્રોધજનક શબ્દ વાપરો છો ત્યારે મારા દિલને તો હું એમજ કહું છું કે તું એજ લાગનો છે ! તમે મારા ઉપર થૂંકો તો પણ હું ગુસ્સો ના કરું...! ભગવાનને આડમાં રાખી ગાંધીજી કહે છે કે તમને જીવનમાં અહીંની વ્યવસ્થાને કારણે કડવા અનુભવો થયા છે તે હું જાણું છું પણ મારો દાવો અસાધારણ છે. તમે અસ્પૃશ્યમાં જન્મેલા છો પણ હું સ્વેચ્છાથી અસ્પૃશ્ય બનેલો છે. આંબેડકરે કહ્યું તમે દાયણ છો, હું વંચિતોની "માં" છું.

છતાં પણ ગાંધીને બમણો લાભ સમાજે આપ્યો છે. બહિષ્કૃતોની પ્રત્યે આવી સહાનુભૂતિ અને તેમની સેવા કરવા બદલ ગાંધીજીને કટ્ટર સનાતની હિંદુઓની કેટલી ગાળો ખાધી અને કેટલીયે વાર સનાતનીઓએ તેમને મારવા લીધા તે વાતનો ખ્યાલ આજના

બહિષ્કૃતોને (યુવાનોને) આપવો મુશ્કેલ છે. અંત્યજોમાં આજે એક બોલકણો વર્ગ ઊભો થયો છે જે વંચિતોના નામે બૂમ-બરાડા તો બહુ નાખે છે, પરંતુ છેક છેવાડે આવેલા ગરીબડા વંચિતો માટે કશું કરવા કે નક્કર પગલાં લેવા તૈયાર તો નથી જ સાથે સાથે બાબાસાહેબના સંવિધાનને લીધે, ભણેલા અને આગળ વધેલાં ડો બાબાસાહેબ ન સ્વીકારે તેવી ગાળો અને આક્ષેપો ગાંધીજી પર મૂકીને ગાંધીજનોને પોતાની વિરુધ્ધમાં કરવાનું કામ કરી રહ્યા છે.

આમ ગાંધીજીને આજના યુગમાં બેવડો લાભ મળી રહ્યો છે. કહેવાતા સવર્ણો કહે છે કે ડોસાએ આ કોમને બૌ ચડાવી મારી છે. અને બહુજનો કહે છે કે ડોસાએ પૂના કરાર ન થવા દઈને અમારી બહુજન પ્રજાને પછાત રાખવાનું પાપ કર્યું છે.

સાચ્ચે જ તો સર આંબેડકર બહુજન પ્રજાને રાજદ્વારી સત્તા પ્રાપ્ત કરાવા માગતા હતા. તેઓ કહેવાતા સવર્ણો પાસે સદવ્યવહારની ભીખ માગવા તૈયાર ન હતા. વંચિતોના રાજકીય ઉધ્ધારથી બધું બરાબર થઈ જશે એમ ગાંધીજી માનતા ન હતા. ગાંધીના આ વિચારને સમજીએ........

"તમે તો અસ્પૃશ્યને ગમે તેટલી રાજદ્વારી સત્તા આપો, તેથી શું થાય ? એ તો કાઇ ચંગીઝખાન આવે અને બધા સવર્ણો ને એમના ઘરમાથી કાઢીને તેમાં અંત્યજોને વસાવે પણ તેથી શા દહાડા વળે ? આ તો ચાર કરોડ ગુલામનું સ્વરાજ છે, ગુલામો કરતાંય બદતર એ લોકોને જાનવર બનાવ્યા. એમને માટે ધર્મ બનાવ્યો કે એ લોકો કર્મના ફળ ભોગવે છે...! આ તો ખરેખર ધર્મનું રાક્ષસી સ્વરૂપ કહેવાય, હિન્દુ ધર્મનો જો આવો અર્થ થતો હોય, તો હું પણ 'ગીતા' મનુસ્મૃતિ અને એવા બીજા ગ્રંથોને પણ બાળું. આમ ગાંધીજીનો હરીજન શબ્દ કે પૂના કરાર જેવી બાબતોમાં સૂંઘ આવતી હોય તેવા ચિંતકોને મારુ નમ્ર નિવેદન છે કે કલમના કસાઈ ન બનો આત્યંતિક ન બનો. આવતી કાલ આંબેડકરની છે. કાળક્રમે પૈડાના આરાઓની જેમ જગત પણ બદલાશે, એવી સંગઠન શક્તિમાં તાકાત રાખીને કામ બોલે તેવું અચૂક કરીએ......

આજે સ્વરાજ મળ્યાના ૭ દાયકાઓ પછી પણ સમાજનો ૮૫% વર્ગની સ્થિતિ તો બહું સુધારી નથી. બંધારણીય અધિકારો મળ્યા પણ પ્રજાને શિક્ષણ ના મળ્યું, તેથી અધિકારો પામવાનું ન બન્યું, જે બંધારણના હકથી નેતાઓ બન્યા, તેમણે નક્કર સેવાકાર્ય કરીને વંચિતોમાં શિક્ષણનો પ્રસાર કરવાનું ટાળ્યું. બાબા સાહેબના નામે પ્રેશર જૂથો અનેક બન્યા છે. પણ છેવાડે પડેલા પછાતોને ભણાવીને નવજીવન આપવાનું રચનાત્મક કામ જોવા મળતું નથી. આમ જુઓ તો બાબાસાહેબને પણ તેમણે અન્યાય જ કર્યો છે. કોઈ મહાનુભાવની ઝનૂની પ્રશંસા કરવી અને તેમના નામે કામ કરવાને બદલે તેમના નામથી નક્કર કામો ટાળવા ન જોઈએ.

ઉપર્યુક્ત કથની એટલા માટે મે કરી કે શ્રી નાથાભાઈ આંબેડકરજી અને ગાંધીજીના તાલમેલ સાથે શૈક્ષણિક સંસ્થાઓના મેનેજિંગ ટ્રસ્ટી તરીકેની સેવાઓ તેઓશ્રી અસ્ખલિત આપી રહ્યા છે.

સરકાર સાથેનું જોડાણ, સરકારની રીતિ-નીતિમાં રહીને તેઓ આજની સરકારમાં સારો ઘરોબો ધરાવે છે. અને તેઓશ્રી ચાર ચાર છાત્રાલયો એક આશ્રમશાળા અને બે વિદ્યાલયોના સ્થાપનામાં તેઓશ્રીની અહમ ભૂમિકા રહી છે. શ્રી નાથાભાઈને અવાર નવાર મળવાનું થાય ત્યારે તેઓશ્રીના વિશાળ પ્રેરક અને પુરુષાર્થનો મને પરિચય થયો છે. કેળવણી ક્ષેત્રે તેમનું યોગદાન અને કન્યા કેળવણી પ્રત્યેની તેમની અભિરુચિ એ સરાહનીય છે. મુરબ્બી નાથાભાઇ શિક્ષા, સંસ્કાર અને સદવર્તન દ્વારા પોતાના કચડાયેલા સમાજની સાથે-સાથે સૌની સેવા કરો જેથી આપનું મંગલપ્રભાતએ અવિરત બને....!!

આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !
શ્રીનાથ વિકાસના પંથે આગે કદમ !
આગે કદમ ! દરિયાવની છાતી પરે,
નિર્જળ રાણે ગાઢા અરણ્યે ડુંગરે
પંથે ભલે ઘન ઘૂઘવે કે લૂ ઝરે,
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

અંતે ! "તમે જીવનમાં શું કર્યું ? એમ કોઈ પૂછે તો તમે શો જવાબ આપો, તમારે કહેવું કે "મન ગમતા અને જરૂરી કામો કરવામાં જાત ઘસી નાખી."

❀ ❀ ❀

# પંચમહાલની ધરતી પર સામાજીક સેવા કાર્યોની જયોત પ્રગટાવતા મુરબ્બીશ્રી નાથાભાઇ જી.વણકર.

સંકલન- આલેખન
**ભાનુભાઇ દવે,** ગાંધીનગર
માહિતી અધિકારી (નિવૃત)
શુભેચ્છાકો
**શ્રી ગૌતમભાઇ ગેડીય,**
પૂર્વ અધ્યક્ષશ્રી, ર્ડા. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ. જા.) ગાંધીનગર
**શ્રી સતિષભાઇ સોલંકી,**
કાર્યાલય મંત્રી, અ.જા.મોરચો, ભા.જ.પ.

સમાજ સેવા થકી વ્યકિત સહજપણે રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બને છે. સમાજમાં શિક્ષણ, કન્યા કેળવણી સંસ્કાર સિંચન જેવા કાર્યો સમાજની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા માટેનો મહત્વનો આધાર છે. બાળકો અને મહિલાઓમાં જાગૃતી કેળવી. નૂતન સમાજની રચનાના પાયાને વધુ મજબુત બનાવી શકાય. પણ આથી સમાજ પ્રત્યેની નૈતિક ફરજ બહુ જુજ લોકોમાં જોવા માળે છે. સમાજના બાળકો માટે શિક્ષણનું સિંચન કરવાનું તેમજ અન્ય સામાજિક સેવા કાર્યો કરવામાં યોગદાન આપી રહેલા શ્રી નાથાભાઇ જી.વણકરની આજે વાત કરવી છે.

પંચમહાલ અને દાહોદ જીલ્લાના આદિજાતિ વિસ્તારોમાં વિશિષ્ટ કામગીરી કરીને ષષ્ઠીપૂર્તિ ઉજવી રહેલા નાથાભાઇ વણકરે પંચમહાલ અનુસૂચિત જાતિ એજયુકેશન ટ્રસ્ટ, અડાદરા, તા.કાલોલ દ્વારા ૨૫ વર્ષની સફળ યાત્રા કરી છે. અને આ વિસ્તારમાં દાતાઓના સહયોગથી કુમાર છાત્રાલય ઉભુ કરેલુ. તેમણે જીવનમાં જેમ ખેતરમાં બીજ વાવે તેમ શિક્ષણ વિકાસના સપના વાવેલા. ઓછુ ભણતર પણ વધુ ગણતર. તેમના મિત્ર હિરાભાઇ અને માવજીભાઇના સહયોગથી જમીન ખરીદી અને બન્યુ કુમાર છાત્રાલયનું મકાન. જરૂર હતી કન્યા છાત્રાલયની! સંતરામ મંદિરના મહંત પૂ.નારાયણ બાપુની પ્રેરણાથી અને રોહિતભાઇ પટેલના સહયોગથી કન્યા છાત્રાલય પણ તૈયાર થયુ. સાચો પુરૂષાર્થ હંમેશા વાસ્તવિક બને છે. શ્રી નાથાભાઇએ શિક્ષણ સેવાની ભૂખ તૃપ્ત કરવા વર્ષ:૨૦૦૧-૦૨માં બહેરા-મુંગાની શાળાની મંજુરી પણ લીધી અને હાલોલના મનુભાઇ ગાંધી તથા ભુપતભાઇ ગાંધી અને ઓ.એન.જી.સી., દિલ્હીના સી.આર.સી. ફંડના રૂા.૩-૦૦ કરોડની માતબર રકમ ખર્ચીને આધુનિક સગવડવાળુ મકાન બનાવી દીધુ. સ્વાતી એજયુકેશન ટ્રસ્ટ, બોરીવડી, મુંબઇના સહયોગથી નોન-ગ્રાન્ટેડ કન્યા માધ્યમિક શાળા

પણ શરૂ થઇ. આ બધાજ કાર્યોમાં તેઓને આ વિસ્તારના પણ મુંબઇ અને અમેરીકા જઇને સ્થિર થયેલા દાતાઓ સંતરામ મંદિરના મહંતશ્રીઓ, પંચમહાલ જીલ્લાના સાંસદશ્રી પ્રભાતસિંહજી ચૌહાણ, ધારાસભ્યશ્રી અરવિંદસિંહ રાઠોડ અને નગરપાલિકાનો સહયોગ ખૂબ જ પ્રાપ્ત થયો. કાલોલ તાલુકાના પદાધિકારીશ્રીઓ તેમજ ઝાંઝરકા સંત સવૈયાનાથ સમાધિ સ્થાનના મહંત અને પૂર્વ સાંસદશ્રી શંભુનાથજી ટુંડીયા, ધારાસભ્યશ્રી સુમનબેન ચૌહાણ સહિત અનેક લોકોએ શ્રી નાથાભાઇનું શૈક્ષણિક વિકાસનું સ્વપ્ન સાકાર કરવામાં મદદ કરી. શ્રી નાથાભાઇના શબ્દોમાં કહીએ તો.....તેઓ મહીસાગર જીલ્લાના વિરપુર તલુકાના પાંસરોડા ગામે તા.૦૧/૦૬/૧૯૬૦માં જન્મેલા. માત્ર ૧૬ માસની ઉંમરે પિતાજીની છત્રછાયા ગુમાવી. પાંસરોડા પ્રાથમિક શાળામાં ધો.૧ થી ૭ નું શિક્ષણ મેળવ્યુ. ગરીબાઇના કારણે મજુરી કરવા ખેતરોમાં જતા. ૧૯૯૦માં વડોદરા ખાતે વર્ગ-૪ના કર્મચારી તરીકે નિમણૂંક મળી. ત્યારબાદ ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા પાસ કરી સમાજના શોષિત, પિડિતોની સેવા કરવી, સમાજમાંથી સામાજીક કુરિવાજો, વ્યસનો દુર કરી, સમાજને વ્યસન મુકત બનાવવો આવા હેતુથી તેમણે પંચમહાલ અનુસૂચિત જાતિ એજયુકેશન ટ્રસ્ટ, અડાદરાની સ્થાપના કરી. ત્યારબાદ તો તેમના કાર્યોને ઉત્તરોત્તર લોક સમર્થન મળ્યુ અને કુમાર છાત્રાલય, કન્યા છાત્રાલય, આદિજાતિ આશ્રમ શાળા, બહેરા-મુંગા વિદ્યાલય, કન્યા માધ્યમિક જેવી સંસ્થાઓથી લઇને મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા શિવણની તાલીમ, દિવ્યાંગ લોકો માટે મેડીકલ સર્ટીફીકેટ, બસના પાસ, સંત સુરદાસ યોજના હેઠળ રોજગાર યોજના જેવા અનેકવિધ વિકાસ કાર્યો તેમણે પૂર્ણ કર્યા અને તળેટીથી શિખર સુધીની તેમની યાત્રા હજુ ચાલુ છે. તેઓ ભવિષ્યમાં મહાશાળા, આઇ.ટી.આઇ., સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમવર્ગો, આધુનિક સગવડવાળી લાયબ્રેરી ઉભી કરવાનું સ્વપ્ન સેવી રહયા છે. તેમની સંસ્થા મુંબઇ પબ્લીક રજી.એકટ-૧૯૫૦ અન્વયે રજીસ્ટ્રડ થયેલી છે. નિતિ આયોગ, ઇન્કમટેક્ષમાંથી માફી ફોરેન ફંડ સર્ટીફીકેટ અને વિકલાંગધારા અંતર્ગત પણ સંસ્થા રજીસ્ટડ થયેલ છે. તેઓ કહે છે કે, “બધાને સારા થવુ છે. સારા કહેડાવવુ છે પણ સારા થવા માટે સારા સાચા રસ્તે નથી જવુ પછી સારપ કયાંથી આવે? શિક્ષણ માટે સમાજના વિકસિત અને પૈસાદાર વર્ગે ગરીબ બંધુઓના શિક્ષણ માટે આગળ આવવુ પડશે, મદદ કરવી પડશે, શિક્ષણની દિશામાં વિચારવા સામર્થ પ્રપ્ત કરવુ પડશે. તો જ સમાજનું નવનિર્માણ થઇ શકશે.”

પાંસરોડાના સાધારણ દલિત પરિવારમાં જન્મેલા નાથાભાઇ ગલાભાઇ વણકરે સૌના સહયોગથી જે સંકુલનું નિર્માણ કર્યુ છે તે સમગ્ર ગુજરાતમાં નોંધપાત્ર અને પ્રેરક રહયુ

છે. સંસ્થાની વિકાસ કૂચ અવિરત ચાલુ રહે અને ભવિષ્યમાં ખૂબ ઉંચી સિધ્ધિઓ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ સાથે શ્રી નાથાભાઇ વણકરને ષષ્ટિપૂર્તિ નિમિત્તે અને સંસ્થાને રજત પર્વ નિમિત્તે વંદન સહ અભિનંદન પાઠવીએ છીએ.

પંચમહાલની પ્રકૃત્તિ સોળે કલાએ ખીલી છે દોસ્તો,
આનંદે અનહદ સીમાઓ વટાવી છે દોસ્તો,
આજે ઉજવાય છે રજત જયંતિ–ષષ્ઠી પૂર્તિ મહોત્સવ દોસ્તો,
ત્યારે સમાજનું ભવિષ્ય ઉજજવળ બની રહયુ છે દોસ્તો...
અગર બાત પ્રગતિ કી હો, તો પાની તરહ બહતે જાઓ,
અગર બાત સિધ્ધાંત કી હો, તો સૂરજ કી તરહ તપતે રહો.

કવિ મકરંદભાઇ દવેના શબ્દોમાં કહીએ તો શ્રી નાથાભાઇ વણકરની સેવાઓને આ રીતે વર્ણાવી શકાય.

"પગલું માંડુ હું અવકાશમાં, જોઉ નીચે હરિવરનો હાથ.
અજંપાની સૂની કેડીએ, ગાતો આવ્યો સંગાથ."

હરિવરના હાથના આશીર્વાદ અનેક નામી અનામીઓનો સંગાથ મેળવીને નાથાભાઇએ શિક્ષણના ફુલોની ફોરમથી ભર્યો-ભર્યો ગુલદસ્તો આ પંથકની જનતા સમક્ષ મૂકયો છે અને પંચમહાલ-દાહોદ જીલ્લામાં એક જળહળતો દિપ પ્રગટાવ્યો છે. એની આભાથી આ વિસ્તાર આજે ચેતનવંતો થયાના અહેસાસ થાય છે.

❀ ❀ ❀


Lajja Communications

# પાંસરોડાનો પનોતો પુત્ર.

**ડૉ. જયંત માયવંશી**
વતન પાંડવા તા. બાલાશિનોર, જી. મહીસાગર.
નિર્વૃત સિવીલ સર્જન-ગોધરા

સ્નેહાધીન શ્રી નાથાભાઈ વિષે શરૂમાં કોઈ કવિના શબ્દોમાં કહું તો........

"કાંટે કાંટે અટકું છું ને ફૂલે ફુલે ભટકું છું, રંગ
અને ફોરમની વચ્ચે મારી મહેફિલ શોધું છું."

શ્રી નાથાભાઈ ગલાભાઈ વણકર, હાલ અડાદરા તા.કાલોલ, જી.પંચમહાલ-તેઓના જીવનના સાઇઠ વર્ષ પૂરા થઈ રહ્યા છે. તે "ષષ્ઠીપૂર્તિ મહોત્સવ" પ્રસંગે તથા તેઓ દ્વારા સ્થાપિત શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરા.ના રજતજયંતિ પ્રસંગે નાથાભાઈને મારા હાર્દિક અભિનંદન પાઠવું છું. પ્રસ્તુત પ્રસંગે માતા માનીબેનને શત શત વંદન અને નાથાભાઈના પરિવાર-તેમના પત્ની –ડાહીબેન અને પુત્રી જ્યોત્સનાબેન અને પુત્રો નરસિંહભાઈ અને રમેશભાઈને શુભેચ્છાઓ પાઠવું છું.

નાથાભાઇનું મૂળવતન-મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાનું પાંસરોડા ગામ. દારુણ ગરીબી વચ્ચે ઉછર્યા. એમાંય વળી લગભગ એક વરસની ઉંમરે પિતાજીની વસમી ચિરવિદાય. ત્યારથી માતા માત્ર એમનો સહારો. વિકટ પરિસ્થિતિમાં પાંસરોડામાં પ્રાથમિક શિક્ષણ (ધો.૧થી૭) લીધું. પછી સમયાંતરે વતન બહાર ધો-૧૦ અને ધો-૧૨ની પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયા.

ગામ પાંસરોડા (જિલ્લો.મહીસાગર)થી ગામ અડાદરા(જી.પંચમહાલ) માં રહેવા આવ્યા. કારણ-તેઓને શ્રી એમ.આર.હાઈસ્કૂલ, અડાદરામાં વર્ગ-૪ના કર્મચારી તરીકે નિમણૂંક મળી. અહીં પાંચેક વર્ષ પછી તેમણે શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરાની સ્થાપના કરી અને એના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે ફરજો નિભાવી રહ્યા છે. ટ્રસ્ટની સ્થાપના થઈ પછી વિવિધ તબક્કે શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા કોઈને કોઈ તબક્કે જાતજાતના પ્રચ્છન અને પ્રગટ વિષમ સંજોગો પણ ઊભા થયા. પરંતુ તેમની ધગશ અને આત્મ વિશ્વાસ અડગ રહ્યા, પ્રગતિ-સફાળતાની કુચ ચાલુ રહી.

કોઈકની ઉક્તિ ----

"રસ્તા ક્યા હૈ મંઝીલ ક્યા હૈ
હોંસલા હૈ તો ફાસલા ક્યા હૈ"

એ ઉક્તિ મુજબ તેઓ આગળ વધતાં રહ્યા અને અડાદરા-મલાવ-ગોધરા પંચમહાલની ભૂમિને કાર્યક્ષેત્ર બનાવ્યું. આ વિસ્તારમાં સમાજનો વંચિત વર્ગ લાભાન્વિત થાય એ માટે સરકારશ્રીની મંજૂરી તથા આર્થિક સહાય અને માનનીય દાતાઓની આર્થિક સહાય મેળવી સાત જેટલી શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરી. જે સુચારુ રીતે કાર્યરત છે. કાર્યક્ષેત્રવાળા પંચમહાલ જીલ્લામાં સ્થાયી થયા ત્યારે શૂન્ય પાલનપુરીનો એ શેર અંહી બંધ બેસે છે.

"શૂન્ય માટે વતનની કોઈ મર્યાદા નથી,
શ્વાસ જ્યાં હું લઈ શકું ત્યાં વતન થઈ જાય છે"

મૂળ વતન પ્રત્યે, સમાજ પ્રત્યે પ્રીતિ છે જ એટ્લે સમગ્ર વિસ્તારમાં અને ખાસ કરી સાતગામ પરગણા (સાઠંબા) માં તેઓ લોકપ્રિય છે અને પંચમહાલમાં આવીને વતનની જેમ સામાજિક પ્રીતિ એટલી જ અકબંધ છે.

ભણતર સાથે ગણતર તેમના શરીરના બંધારણમાં ગૂંથાઇ ગયું છે. જાતજાતની વ્યક્તિઓ અને જુદાજુદા સ્તર/ક્ષેત્રની વ્યકતિઓ, વ્યક્તિ વિશેષો સમક્ષ તેઓએ પોતાના વ્યક્તિત્વની એક અમીટ છાપ ઊભી કરી છે. જોશ અને હોશ તેમના વ્યક્તિત્વમાં ભરપૂર છે. એટ્લે તો પ્રગતિની પ્રશશ્ય ઊંચાઈએ તેઓ પંહોચી શક્યા તે માટે મને આદર છે. મારા હમવતન જીલ્લાના વ્યક્તિ તરીકે પણ તેઓ પ્રતિ મારો અંગત આદર અને ભાવ રહ્યા છે. મારી અંગત વાત જવા દઉ તો નાથાભાઈની કેટલીક સંસ્થાઓએ પારિતોષિકો/એવોર્ડથી સનમાન્યા છે. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તરફથી "મહાત્મા ગાંધી એવોર્ડ" ના તેઓ હકદાર બન્યા છે. નાથાભાઈના પ્રમાણિક વ્યક્તિત્વને પ્રમાણીને હાલોલના ગાંધી પરિવારે રૂપિયા બે કરોડ જેટલી મકાન સહાય કરી છે. ગોધરા ખાતે બહેરા મૂંગા બાળકોની શાળા માટે આધુનિક સગવડવાળું મકાન બનાવી આપ્યું છે એ ગાંધી પરિવાર જેવા એક સ્રોત પાસેથી આટલી માતબર રકમની સહાય (મકાનનારૂપમાં) મેળવી શક્યા એ તેમના (નાથાભાઈના) વ્યક્તિત્વને શિખરે પંહોચાડી દે છે.

સામાજિક સંપર્કો અને શૈક્ષણિક સ્થાપના વચ્ચે રાજકારણના સંપર્કો થતાં રાજકારણમાં પણ જોડાયા બાલાશિનોર તાલુકા સર્વોદય સેવાસંઘ પાંડવાના ભૂ.પૂ. પ્રમુખ મા.ગોવિંદભાઇ વિરાભાઈ માયાવંશી તેઓના સહાયક અને પ્રેરણા સ્રોત રહયા છે તો માજી શિ.કેબિનેટ મંત્રિશ્રી, મા. કરશનદાસ સોનેરી પણ તેમના માર્ગદર્શક સમા છે.

વતનમાં હતા ત્યારે કબીર-રવિ-ભાણ સંપ્રદાયના પૂ.ગુરુ સરવેરામ બાપુનું શિષ્યત્વ સ્વીકાર્યું. કબીર-રવિ-ભાણ સંપ્રદાયની વિચારધારા મૂળ કબીરની રેશનલ વિચારધારાને આગળ ધપાવતી ગુરુશિષ્ય પરંપરા છે. આ પરંપરામાં તેઓના માનસિક અભિગમનું ઘડતર થયું છે.

પંચમહાલ ગોધરા ખાતે ડો.બાબા સાહેબ આંબેડકર વિચારમંચ હેઠળ આયોજિત કાર્યક્રમોમાં પણ તેઓની સક્રિય ઉપસ્થિતિ હોય છે. પાંસરોડાના આ પનોતા પુત્ર વિષે લખતા અટકું એ પહેલા-નાથાભાઈના જીવનમાથી શું બોધ લેવો ?

- એવો વિચાર આવ્યો ત્યારે સહજતાથી આદિલ મન્સૂરીનો શેર રજૂ કરવાનું મન થાય....

"કોઈ રણને ઠોકર તો મારી જુઓ,
છે સંભવ કે મીઠું ઝરણું નીકળે."

❀ ❀ ❀

સંસારમાં દરેક મનૃષ્ય સર્વગુણ સંપન્ન નથી હોતો. તેથી દરેક મનુષ્યની નાની મોટી મર્યાદાઓને ધ્યાનમાં લીધા વિના સંબંધ જાળવી રાખવો જરૂરી છે.

- ડૉ. બી. એસ. પાટીલ
(ગાબટ)

# વામનમાંથી વિરાટ દીવાદાંડી રૂપ વ્યક્તિત્વ

**મનોજકુમાર ત્રિકમભાઈ પરમાર**
કાર્યપાલક ઈજનેરશ્રી સિંચાઇ વિભાગ, જિલ્લાપંચાયત આણંદ.

બૃહદ મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના પાંસરોડા ગામમાં ૬૦ વરસ પહેલાં એક સાધારણ દલિત કુટુંબ ગલાભાઈ અને માંનીબેન દ્વારા દીવો પ્રગટ્યો અને તે અસધારણ ગરીબીમાંથી તથા સામાજીક નાતજાતના કપરા સમયે ઝઝૂમીને આ દીવો એવો તે ઝગમગ્યો કે તેના પ્રકાશની નોંધ દલિત સમાજ જ નહીં પણ દરેક સમાજે ફરજિયાત સ્વીકારવી પડી.

આ પ્રકાશમાન દિપક એટૂલે માતા માંનીબેનની મહત્વાકાંક્ષી તથા પિતા ગલાભાઇનું ગૌરવ એવા આપણા લોકલાડીલા નાથાભાઈ. ફકત દોઢ વરસની નાની ઉંમરે પિતાનું છત્રછાયા ગુમાવી દીધું. પણ માતા માંનીબેને ગરીબીમાં ખેતીકામ વ્યવસાય મજૂરી કરીને પુત્રને ભણાવ્યો. એક જ આશાએ કે મારો પુત્ર એક દિવસ ખુબજ મોટો બને અને આગળ વધે, અને તેમનું સપનું નાથાભાઈએ પરિપૂર્ણ કર્યું.

આમ નાથાભાઇનું ભણતર ગામની શાળામાં ૧ થી ૭ ધોરણ સુધી મેળવ્યું. ગામમાં નજીકમાં માધ્યમિક શાળા ન હોવાથી તથા કુટુંબની પરિસ્થિતિને લઈને આગળ ન ભણી શકાયું. પરંતુ કુદરતને આ મંજૂર ન હતું. જેથી આગળનું ધોરણ ૧૦ તથા ધો.૧૨ “એક્સ” સ્ટુડન્ટ તરીકે પરીક્ષા આપી પાસ થયા. પણ “મૂળ વિકાસનો જીવ એટલે વિકાસનો વિચાર” તો મનમાં ધરબાવેલો હતો અને તેના ફણગા ફૂટતા જ રહ્યા. આ અરસામાં બાયડ તાલુકાનાં હઠીપુરા ગામના ડાહીબેન સાથે લગ્ન થયેલ. તેની જવાબદારી સ્વીકારી હતી. અને આર્થિક રીતે પગભર થયા. શ્રી એમ.આર.હાઇસ્કૂલમાં વર્ગ-૪ના કર્મચારી તરીકે નિમણુંક મેળવી આમ પગપર થવાની શરૂઆત થઈ. તથા કુટુંબમાં સમયાંતરે બે પુત્ર રત્ન તથા એક પુત્રીના જન્મથી ઘર ભર્યુંભાદર્યું બન્યું.

નાથાભાઈ મૂળ દૂરંદેશી મહાત્વાકાંક્ષી પુરુષ, તેમનામાં સામાજીક કુરિવાજ મુશ્કેલીને દૂર કરવા તથા સમાજને બેઠો કરવાની તત્પરતા તો ઠાંસી ઠાંસીને ભરેલી હતી.

વિદ્યાક્ષેત્રની નોકરીમાં તેમણે જોયું કે સમાજના વિકાસ કરવા માટે સમાજમાં શિક્ષણ ખૂબજ જરૂરી છે. આ સમયમાં તેઓનો પરિચય શિક્ષણ ખાતાના આગેવાનો રાજકારણીઓ સાથે થયો, અને તેમની શિક્ષણક્ષેત્રે વિકાસની વૃત્તિને વેગ મળ્યો. શિક્ષણની નોકરીમાં વિવિધકક્ષાના વ્યક્તિઓ સાથે મળવાનું થયું. જેમાં તેઓએ સારી સારી વ્યક્તિઓ સાથે


Lajja Communications

નિકટતા કેળવી અને તેઓના માર્ગદર્શન હેઠળ અને ૧૯૯૬માં પ્રથમ કુમાર છાત્રાલય અડાદરા ખાતે શરૂ કરી.

પ્રથમ શરૂઆત છાત્રાલય થકી થઈ અને તેના વિકાસશીલ ધ્યેયને લીધે ૧૯૯૭, ૧૯૯૯માં છાત્રાલય તથા વર્ષ ૨૦૦૧માં આદિજાતિ આશ્રમશાળા ઊભી કરી. અને ત્યારબાદ અન્ય સંસ્થાઓ જેવી કે બહેરા મૂંગા વિદ્યાલય તથા અન્ય સામાજીક સંસ્થાઓ ઊભી કરી.

વધુમાં સમાજ લક્ષી કામોને લઈને નાથાભાઈની સુવાસ સમાજમાં પ્રસારવા માંડી. લોકસેવકો, અધિકારીશ્રીઓ સાથે નાતો વધ્યો અને તેમનાથી પ્રગતિનો પંથ પવન પામીને વેગવાન બની ગયો. આ તેમની આગવી કોઠાસૂઝને આભારી છે.

દાતાઓએ પણ તેમની કામગીરી નિહાળી અને તેમના વૃક્ષોનું સિંચન જોયું. તેથી તેમના દાનનો પ્રવાહ પણ નાથાભાઈની સંસ્થાઓને મળતો ગયો. અને નાથાભાઈની આ કુનેહને લઈને તેમના ટ્રસ્ટનું વૃક્ષ હવે વિરાટવૃક્ષ બનવા માંડ્યુ. જેનો છાંયો સમાજ લઈ રહ્યો છે. અને સમાજ પણ વિસ્તૃત વિકસિત થઈ રહ્યો છે.

આવા શૂન્યમાંથી સર્જન કરનારા નાથાભાઇનું વિરાટ વ્યક્તિત્વ એક સમાજ માટે દીવાદાંડીરૂપ છે. જે પોતે ઝળહળે છે. અને બીજાને પ્રકાશ આપે છે.

અંતમાં એટલું કહી શકાય કે અભાવમાંથી ઉછરેલ બાળક પોતાની નિષ્ઠાથી કોઠાસૂઝથી પોતાના ઉચ્ચ વિચારો દૂરંદેશી દ્રષ્ટિ સંતો મહંતોના આશીર્વાદ તથા દિનરાત જોયા વિના કરેલી મહેનતનુ ફળ આજે તેઓ તેમનો પરિવાર સમાજ તથા રાજ્ય ભોગવે છે. અને તેઓનો વિકાસ અપરંપાર થાય તેવી શુભકામના રાખીએ છીએ.

❀ ❀ ❀

પોતાના માટે જીવવા કરતાં, અન્ય માટે જીવવામાં જે આનંદ આવે એ જ સાચો આનંદ છે. પોતાના માટે તો પ્રત્યેક પ્રાણી જીવે જ છે ને!

- પ્રવીણભાઇ અંબાણી

(નિવૃત્ત) પી.એસ.આઇ.

# અમારું ગૌરવ નાથાભાઈ

**કેવળભાઈ પી.વણકર**
મદદનીશ શિક્ષક, શ્રી વી.ડી.માયાવંશી વિદ્યાલય પાંડવા તા. બાલાશિનોર જી.મહીસાગર.

"અપ્પોત દીપો ભવ "(સંસ્કૃતમાં લખવું) ને ચરિતાર્થ કરતું વ્યક્તિત્વ.....

અદભૂત રહસ્યમય સચરાચરમાં માનવ એટ્લે કુદરતનું અપ્રતિમ સર્જન. વૈવિધ્યસભર માનવીઓના મેળામાં જગતે જેને 'જિંદગી' એવું રૂપાળું નામ આપ્યું છે. એ અનાયાસપણે સહજતા અને સરળતાથી જીવાતી જાય છે. ક્ષણોનો હિસાબ કલાકો, દિવસો, મહિનાઓ અને વરસો બનીને શૈશવ, યુવાની, પ્રૌઢત્વ અને વૃધ્ધત્વ તરફ સરકતો જાય છે. જીવનયાત્રાની આ સફરમાં ક્યારેક ગમતાં તો ક્યારેક અણગામતા દ્રશ્યો આંખ સામે ભજવાતા જાય છે. કેટલાક ક્ષણિક તો કેટલાક શાશ્વત પણ હોય છે. કવિ અનિલ ચાવડા કહે છે.

"આમ જુઓ તો દરેક માણસ, હરતી ફરતી સંવેદનની થપ્પી તો નહીં તો બીજું શું છે ? ડૂમાં ઉપર, ડૂસકાં ઉપર, હીબકાં ઉપર, સપના ઉપર, બીજું પણ કઈ ઘણું બધુ છે. ઘણું બધુ છે કહી દીધાની ઘણી બધીયે ભ્રમણા ઉપર બીજું પણ કઈ ઘણું બધુ છે."

કહેવાયું છે કે આ સંસારમાં ઘણી બધી કળાઓ છે. પણ એ બધી કળાઓમાં સર્વશ્રેષ્ઠ છે. બીજાના હદયને સ્પર્શી જવું. અન્યના હદયને એવું વ્યક્તિત્વ જ સ્પર્શતું હોય છે જે સેવા, સંવેદના, સમર્પણ અને સૌહાર્દની ચોમેર ફોરમ ફેલાવતું હોય. એ સર્વ વિદિત અને ચિરંતન છે કે વ્યક્તિમાથી વ્યક્તિ વિશેષનું પ્રમાણ સૌ કોઈ માટે સરળ નથી. પથ્થરમાથી પ્રતિમા બનવામાં જે ટાંકણાના ઘા સહન કરવા પડે કે ખાણના પથ્થરમાથી ચમકદાર હીરો બનવામાં જાતને ઘસાવતા ઘસાવતા જે વેદના અનુભવવી પડે એથી લગીરે સહેલું આ કેડીનું પ્રયાણ નથી.સફળતાના પર્યાય એવા વ્યક્તિ વિશેષ વિશે વાત કરતાં મને આ પંક્તિઓનું સહેજે સ્મરણ થવા અલગે છે--

"જીનમે અકેલે ચલને કે હૌસલે હોતે હૈ,
ઉનકે પીછે એક દિન કાફિલે હોતે હૈ."

ગુલાબ બાગમાં ખીલે, સરોવરમાં ખીલે કે કહેવતાનુસાર રણમાં ખીલે, એના સૌંદર્ય કે



Lajja Communications

સુવાસમાં ક્યારેય ફરક પડતો નથી. આવું જ વિકસિત અને સુવાસિત વ્યક્તિત્વ એટલે શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નાથાભાઈ ગલાભાઈ વણકર. સમજણની આંખ ખૂલે પહેલાજ પિતાની છત્રછાયા ગુમાવનાર એકાદ વરસના ઉજ્જવળ ભવિષ્ય માટે જે માતા આંખમાં આંસુની ધાર વહાવનાર નસોને કાયમ માટે સૂકવી દઈ, સ્ત્રી સહજ મૃદુ હૈયાને વજ્ર સમાન કઠોર બનાવી, જીવનની તડકી છાયડીમાં સૌ દુખ ભૂલી વહાલ સોયા પુત્રને લાડકોડથી ઉછેરી, પરણાવી, નોકરીએ ચડાવી એજ પુત્રની સફળતાના સાઠ વર્ષની ઉજવણીના સાક્ષી બને એ ઘટનાજ વિરલ કહી શકાય. તેઓની માતા ગં.સ્વ. માનીબા માટે તો આ ભાવનું જીવન સાર્થક થયું !

બૃહદ ખેડા જિલ્લાનો નયનરમ્ય પ્રકૃતિથી શોભતો બાલાશિનોર તાલુકો. આ તાલુકાનું ઉત્તર પશ્ચિમ પટ્ટીનું પ્રથમ હરોલનું પાંસરોડ ગામ. જિલ્લાઓનું વિભાજન થતાં આજે આ ગામ મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકામાં આવે છે. છેલ્લા વીસેક વરસોમાં એક આખો યુગ બદલાયો. સાઇકલ, બળદગાડુ, કાચા રસ્તાઓના યુગમાંથી બહાર આવી સ્માર્ટ ફોનની સાથે સાથે માણસ પણ સ્માર્ટ થતો ગયો. કાચા રસ્તાઓ પણ પાકા થયા. સાયકલ અને બળદગાડાનું સ્થાન ટુ વ્હીલર ગાડી, ટ્રેક્ટર અને ફોર વ્હીલરે લઈ લીધું છે. પણ મારે તો અહી વાત કરવી છે વ્યક્તિવિશેષ શ્રી નાથાભાઈ વણકર વિશે. આ વિકાસ પુરુષને મે ત્રણેક દાયકા પહેલા કાચા રસ્તાઓ ઉપર ચાલતા કે સાઇકલ પર સવાર થયેલા નિહાળ્યા છે. જીવન નિર્વાહ કરવા માટે ગામડાનો ખેડૂતપુત્ર જે કરી શકે એ બધાજ પ્રકારની પ્રવૃતિ કરતાં જોયાનો સાક્ષી બનેલો છું. સમાજના શુભ-અશુભ પ્રસંગોમાં વડીલ મોભીઓ સાથે ભાંજગડ કરતાં જોયેલાનું સ્મરણ આજેય જેમનું તેમ છે.

સરકારી નોકરી મળતા જન્મભૂમિ પાંસરોડા છોડી પંચમહાલ જિલ્લાના અડાદરામાં સ્થાયી થઈ શિક્ષણની જ્યોત જગાવવા કર્મભૂમિ પણ ત્યાંજ બનાવી. વર્ષ ૧૯૯૬માં સર્વોદય સેવા સંઘ પાંડવાના પ્રમુખ અને લોકસેવાના સાચા ભેખધારી, કેળવણીકાર સેવામૂર્તિ સ્વ.ગોવિંદભાઇ માયાવંશીના વરદ હસ્તે શ્રી જે.બી. ખોત કુમાર છાત્રાલય અડાંદરાનું ભૂમિપૂજન થયા પછી ક્રમશઃ એક પછી એક સંસ્થાઓનું નિર્માણ થતું ગયું. ગોધરાની ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય એમના સફળ સુકાનનું ઉત્તમ ઉદાહરણ જોઈ શકાય છે.

જીવનના આ ઉત્તરાધમાં ધર્મ ભક્તિ તરફનો લગાવ એમના પૂર્વજન્મના સંસ્કારોનું પરિણામ કહી શકાય. મારો પ્રિય કવિ કહે છે.

"એક એવો આદમી સધ્ધર મળે
જેના સરનામે મને ઈશ્વર મળે."

ઈશ્વરને પામવા માટેની એમની લાગણી ગોધરાથી સૌરાષ્ટ્રના બાંદરા અને ઝાંઝરકાધામ સુધી ભજન–સત્સંગના કાર્યક્રમમાં એમને દોરી જાય છે. સમયે સમયે સાધુ સંતોનો આતિથ્ય સત્કાર એમને આંગણે થતો રહે છે. વતનમાં પણ સમૂહલગ્નો કે સામાજિક કાર્યોમાં ઉદાર હાથે એમનો ફાળો નોંધતો રહે છે. સમમાજિક કુરિવાજો અને વ્યસનમુક્તિ માં એમનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે.

સમાજ અને બુધ્ધિજીવી વર્ગ એમની સેવા અને સમર્પણને ચિરસ્મરણીય બનાવવા એમનો ષષ્ઠીપૂર્તિ મહોત્સવ યોજી રહ્યા છે. ત્યારે અને તેઓ પણ એમની સંસ્થાઓનો રજત જયંતિ સમારોહ ઉજવી રહ્યા છે. એવા બેવડા શુભ પ્રસંગે સફળતા માટેની જવાબદારી જેમના શિરે છે એવા સમિતિના અધ્યક્ષ આદરણીય શ્રી જેઠાભાઇ વણકર સાહેબ અને સમગ્ર ટીમનો હદયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

“अप्पो दीपो भव” (સંસ્કૃતમાં લખવું) એ ન્યાયે તેઓ પોતેજ પોતાનો દીપક બની, કોઇની પરવા કર્યા વિના, બીજાની લીટીને છેડછાડ કર્યા વિના સિધ્ધિના સોપાન સર કરતાં રહ્યા છે. હજુ પણ આવનારા સમયમાં માં સરસ્વતીના મંદિરોનો વિકાસ કરી એમાં જરૂરિયાતમંદ દલિત, પીડિત અને શોષિત બાળકૃષ્ણોને વૃંદાવન સમું વાતાવરણ પૂરું પાડી સીમાચિન્હ રૂપ કાર્ય કરતાં રહે એવા જગતનિયંતાને પ્રાર્થના કરી શ્રી નાથાભાઈ જી. વણકરને शतम जीव शरदः। (સંસ્કૃતમાં લખવું)ની શુભકામના પાઠવી વિરમું છું.

❀ ❀ ❀

સેવા અપેક્ષા વગર થાય, એ જ ઇષ્ટ છે. સેવાનું અભિમાન ન હોય. સેવામાં અભિમાન આવે તો એ દૂધમાં લિંબુના રસના ટીપાં જેવું કામ કરે છે.

- ગિરીશકુમાર કે. પરમાર

ડેપ્યુ. એન્જિનિયર, જી.ઇ.બી., થર્મલ



Lajja Communications

# તળેટીથી શિખર સુધીની સફર

**શ્રી એમ.પી.પરમાર**
નિવૃત્ત નાયબ નિયામક અનુસૂચિતજાતિ કલ્યાણ, બાયડ (હઠીપૂરા)

તળેટીથી શિખર સુધીની સફરમાં અનેક અડચણો પાર કરી શિખર પર પંહોચે તેને જ તેના મૂલ્યની ખબર હોય. બાકી અન્યો તેને નસીબની બલિહારી સમજે છે. ડો બાબા સાહેબ આંબેડકરે દલિતોના એક જાહેર પ્રવચનમાં કહ્યું હતું કે “પ્રત્યેક પ્રગતિ માટે મૂલ્ય ચૂકવવું પડે છે. અને એ મૂલ્ય ચૂકવે એ પ્રજા કે વ્યક્તિ જ પ્રગતિ હાંસલ કરે છે.” આ વાતને શ્રી નાથાભાઈએ સાર્થક કરીને બતાવી છે. ઘણી બધી વિષમ પરિસ્થિતિ અને આર્થિક અભાવ વચ્ચે ફકત ગામમાં જ પ્રાથમિક શિક્ષણ મેળવી માધ્યમિક શિક્ષણની નજીકમાં સગવડ ના હોય શિક્ષણ અધૂરું મૂકી જીવન નિર્વાહ માટે ખેતી અને ખેતમજુરી વિવિધ છૂટક વ્યવસાયો અજમાવી જોયા, છેવટે અંતરિયાળ આદિજાતિ વિસ્તારમાં એક શૈક્ષણિક સંસ્થામાં વર્ગ-૪ની નોકરીમાં જોડાયા. અડાદરા ખાતેની આ સંસ્થાના ટ્રસ્ટીઓમાં વણિક વેપારીઓ પણ હતા. એમના સંપર્કમાં આવતા એક નવી દિશા મળી. પોતાના વિસ્તારમાં નજીકમાં માધ્યામિક સ્કૂલ ના હોઈ પોતાનો આગળનો અભ્યાસ ના કરી શકવાનો વસવસો અને દુઃખ તેમણે અનુભવ્યું હતું. અને આ વિસ્તારમાં પણ તેમણે એવી સ્થિતિ જોઈ અડાદરા સિવાય આજુબાજુના નાના ગામોમાં ૮ થી ૧૦ કી.મી.ની ત્રિજ્યામાં માધ્યમિક સ્કૂલ નથી તો આ નાના ગામોના બાળકોની અભ્યાસની શું સ્થિતિ હશે ? પોતાની આપવીતી તાજી થઈ અને નોકરીમાં દાખલ થયાના પાંચ વર્ષ બાદ એક સેવાકીય ટ્રસ્ટ શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટની સ્થાપના કરી. પ્રથમ ૧૯૯૬માં કુમાર છાત્રાલય અને કન્યા છાત્રાલય ૧૯૯૭ બંને અનુસૂચિતજાતિ વર્ગના શરૂ કર્યા. સારા આશય અને સેવા ભાવથી કરેલ કાર્ય એક સેવા યજ્ઞ બની જાય છે.

અને એ વાત સાચી છે કે શુભ આશયથી શરૂ કરેલ કોઈપણ કાર્ય વિઘ્નો આવવા છતાં અટકતું નથી. તેમના સેવા કાર્યમાં ગામના (અડાદરા) મુંબઈ ખાતે રહેતા વેપારી મહાજનોનો અપાર સહયોગ મળ્યો. સ્થાનિક ધારાસભ્યશ્રી અને પૂર્વ મંત્રીશ્રી સાંસદ એવા શ્રી પ્રભાતસિંહ ચૌહાણ એક રાજનેતા કરતાં તો વિશેષ સંવેદનશીલ અને માનવતા પ્રેમી વ્યક્તિત્વવાળા નેતાનો હથોપો મળ્યો. ગોવિંદભાઇ માયાવંશી જેવા અનુભવી અને કર્મશીલ સંચાલકની દોરવણી મળી. ધાર્મિક સંતો શ્રી નારાયણ બાપુ શ્રી રામદાસ મહારાજ શ્રી સંતરામ મંદિર નડીઆદ અને સંત શ્રી સવગુણદાદા ગુરૂગાદી ઝાંઝરકાના મહંતશ્રી માન. શંભુનાથ બાપુ કબીર મંદિર વડોદરાના મહંતશ્રી માર્ગે સ્મિત સ્વામીના

Lajja Communications

વિશેષ આશીર્વાદ તેમની સફળતામાં અગ્રેસર રહ્યા. પોતાના અધૂરા પ્રાથમિક શિક્ષણ બાદ ઘણા સમય પછી બહારના વિદ્યાર્થી તરીકે ધો-૧૦ અને ધો-૧૨ પાસ કર્યું. જો અનુકૂળતા અને સમય હોટ તો ગ્રેજ્યુએશન પણ કરતાં. છતાં તેમની કુશાગ્ર બુધ્ધિ અને તીવ્ર નિર્ણય શક્તિ એક એમ.બી.એ.(MBA) થયેલ વ્યક્તિ જેવી છે. કઈ વ્યક્તિવિશેષનો ઉપયોગ કયાં કરવો? કઈ એન.જી.ઓ છે.? ક્યાં ઉદ્યોગપતિ વેપારી મહાજન મદદ કરશે દાન આપશે તે સુપેરે આત્મસાત કરેલું દેખાય છે. શૂન્યમાથી સર્જન કરી ૧૯૯૬માં જે.બી.ખોત કુમાર છાત્રાલયથી શરૂ કરી ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય ગોધરા જેવી સંસ્થાઓ પચ્ચીસ વર્ષથીય ઓછા સમયમાં ઊભી કરી અવિરત પ્રગતિ ચાલુ રાખી છે. જે તળેટી થી શિખર સુધીની સફર સમાન છે.

સામાજિક સગા તરીકેનો અમારો જૂનો નાતો છે. તથા અમારા ગામના જમાઈ પણ છે. અને એથીય વિશેષ અનુસૂચિતજાતિ કલ્યાણના અધિકારી તરીકે પંચમહાલ જીલ્લામાં વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૧ની ફરજ દરમ્યાન તેમની સાથેના નજીકના સબંધો કેળવાયેલ છે. અમોએ તેમની ધગશ અને આવડત અને પરિશ્રમને જોયા છે. ગુજરાતમાં અનુસૂચિતજાતિ અને અનુસૂચિતજનજાતિની અનુદાન મેળવતી સેંકડોની સંખ્યામાં એન.જી.ઓ. કામ કરે છે. જેમાં કર્મઠતાથી કામ કરનાર આંગળીના વેઢે ગણી શકાય તેટલી સંસ્થાઓ છે. તેમાંની શ્રી નાથાભાઈની આ સંસ્થાને ગૌરાંવિત રીતે ગણી શકાય. તેઓ શિક્ષણની મહત્તા સમજી શક્યા છે. અને અવિરતપણે શિક્ષણમાં પોતાની સંસ્થામાં નવી ટેકનોલોજિ અપનાવી સાંપ્રત શિક્ષણની હરીફાઈમાં રહે છે. ડો.બાબા સાહેબનું સૂત્ર તેમણે સુપેરે આત્મસાત કર્યું છે. "શિક્ષિત બનો, સંગઠિત બનો, અને સંઘર્ષ કરો." કર્મભૂમિ પંચમહાલમાં અથાગ પરિશ્રમ અને પરિસ્થિતી સામે સંઘર્ષ કરી શિક્ષણનો સેવા યજ્ઞ ઉદ્દીપ્ત કર્યો છે. અને જન્મભૂમિ સાઠંબા (પાંસરોડા) સાતગામમાં સંગઠનની નવરચના કરી વણકર સમાજને એકત્રિત કરી સામાજિક સુધારા અને વણકર સમાજવાડીનું આયોજન કરી સાઠંબા ખાતે ઝાંઝરકા ગાદીપતિ મહંતશ્રી શંભુનાથ બાપુના વરદ હસ્તે ભૂમિ પૂજન કરાવી તેમની આગવી સૂઝ અને સંગઠન શક્તિની પ્રતીતિ કરવી છે. આ સંસ્થાની રજત જયંતિ અને શ્રી નાથાભાઈની ષષ્ઠીપૂર્તિ ઉજવણી વર્ષ નિમિત્તે હું તેઓને અભિનંદન સહ શુભેચ્છા પાઠવું છું. તથા સાઠંબા સાતગામ વણકર સમાજ પરગણાવતી સમગ્ર પરિવારને નિરામયતા સાથે સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહી જોડાયેલા રહે તેવી શુભકામના.

❀ ❀ ❀



Lajja Communications

# કપરી ભૂમિમાં ઉગેલ વટવૃક્ષ

**પ્રવિણચંદ્ર એસ.સોનેરી**
B.Sc. (Agri), રીટાયર્ડ મેનેજર, બેન્ક ઓફ બરોડા
૩, હરસિધ્ધિનગર કો.ઓ.હાઉસિંગસોસાયટી, ધનસુરા. જી. અરવલ્લી. મો. 99092 32856

મારા સ્નેહી મિત્ર શ્રી નાથાભાઈ વણકરની જીવન ઝરમર સૌનું ધ્યાન ખેંચે તેવી હકીકત બની રહી છે. અને તેમનો લ્હાવો લેવાનું સરળ થાય તેવા હેતુથી આયોજકો તરફથી તેમના ષષ્ઠીપૂર્તિ ગ્રંથ અને તેમના જીવનના અંતરંગ બની રહેલ શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટની રજત જયંતિ સંયુક્ત રીતે ઉજવવાનું નક્કી કર્યું છે. તે જાણીને હર્ષની લાગણી અનુભવું છું.

શ્રી નાથાભાઈ સામાજિક રીતે સંબંધથી જોડાયેલ હોવાથી તેમના કપરાકાળની બાલ્યાવસ્થાથી જોડાયેલી વિપરીત પરિસ્થિતિએ સમયના સથવારે વ્હેણ બદલ્યો, હોય એવું લાગે છે.

આપણે માનીએ તો પરાભવનું લેણ-દેણ ન્યાયે માનનીય પ્રભાતસિંહ સાહેબ સાથેનું મિલન એમના જીવનમાં નવો ઉલ્લાસ લઈને આવ્યૂ. અને આજે વિકાસના પંથે બુલેટ ટ્રેનની ગતિએ દોડતી તેમની જિંદગીમાં ઘણુબધું તેના ડબ્બાઓમાં સાચવીને તેના માર્ગ આગળ ગતિ કરી રહેલ છે. આપણે જાણીએ છીએ કે બીજમાથી વૃક્ષ બનવા મથતા કુમળા અંકુરને હવા પાણી અને વાતાવરણ મળતું હોવા છતાં અંકુરને ભૂમિનું પડ તો તેની જાતે જ તોડીને બહાર નીકળવું પડે છે. શ્રી નાથાભાઈનું જીવન સંઘર્ષમય અને ઘણા ઓછા લોકોની નજરે ચઢે છે. તે પ્રકારે કુદરતી રીતે બન્યું છે.

વ્યક્તિના બાહ્ય દેખાવને જોઈને તેનું મૂલ્ય આંકવું અઘરું છે, જે દેખાતું નથી. તે અમ્રુત ઝરણા સમાન ભીતરમાં અકબંધ રહે છે.

શ્રી નાથાભાઈ સરળ સામાન્ય જણાય છે જ્યારે તેમને ઓળખનારાને અમ્રુત ઝરણાંની ઝાંખી થતાં જ પૂર્ણ દાન કરવા માટે અમી નજરમાં આવી જાય છે. કારણકે કુદરતની કરામતે બહેરા મૂંગા બનેલા વિકલાંગ બાળકોને આશ્રય સ્થાન આપવાનું કામ તો પ્રભુ સેવા જ છે. જે શ્રી નાથાભાઈને લોહીના રંગમાં ભળી ગયું છે.

શ્રી નાથાભાઈના કામની શરૂઆત શિક્ષણના માધ્યમથી શરૂ કરીને ભાઈ બહેનો માટે છાત્રાલયો, આશ્રમશાળા તેમજ બહેરા મૂંગા માટેનું વિશાળ સંકુલ બનાવી સમાજને સમરસ કરવાનું બનાવી રહ્યા છે. તેમના સ્વભાવના કારણે ગુજરાતનાં તમામ જાતિ ધર્મના

દાતાઓનો સહકાર મેળવી શક્યા છે. જ્યારે વિદ્યાર્થીઓ પણ સમાજના તરછોડાયેલ વર્ગ ઉપરાંત અન્ય સમાજના ભાઈ બહેનોને સંસ્થામાં આવકારીને પ્રેરણાદાયક કામ કરી રહ્યા છે. મને જણાવતા આનંદ થાય છે કે શ્રી નાથાભાઈના લગભગ બધાજ જાહેર કાર્યક્રમ વખતે તેમની કામગીરીને નિહાળવાનું સદભાગ્ય સાંપડ્યું છે. અને અનુસૂચિત જાતિ સૌરભ મેગેઝીન જે રાજકોટથી પ્રત્યેક માસે છેલ્લા ૧૫ વર્ષથી ગુજરાતનાં સમસ્ત અનુસૂચિત જાતિ સમુદાયની સંવૈધાનિક સામાજિક એક્તા અને સાક્ષરતાને સમર્પિત સામાયિક પ્રસિધ્ધ થાય છે. તેમાં શ્રી નાથાભાઈ દ્વારા થતી કામગીરીની નોંધ નિયમિત રૂપે મેગેઝીનમાં પ્રકાશિત કરવા મેગેઝીનના એક શુભચિંતકની રૂએ અદા કરીને તેમના કામની સુવાસ ફેલાવવાનું કાર્ય કર્યાનો આનંદ છે.

શ્રી નાથાભાઈ એમના ટ્રસ્ટ હેઠળ અનેક સંસ્થાઓનું સંચાલન કરી રહ્યા છે. તેમજ સમાજના લગ્ન પ્રસંગો, સામાજિક સંગઠન તેમજ રાજકીય રીતે ઉચ્ચ હોદ્દા ઉપર રહીને સમાજને ઉપયોગી થવા માટે તેમની દોરવણી અભિનંદનને પાત્ર થાય છે.

શ્રી નાથાભાઈની સેવાનો વધુને વધુ લાભ મળી રહે તે માટે તેઓની ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે અને પ્રભુ એમને દીર્ઘાયુ બક્ષે તેવી પ્રાર્થના.

❀ ❀ ❀

સામાન્ય રીતે દરેક વ્યક્તિ અન્ય સૌને સામાન્ય જીવ તરીકે જૂએ છે, આત્મા કે પરમાત્માના દિવ્ય અંશ તરીકે નહીં. આ દૃષ્ટિભેદના કારણે કે વિચારભેદના કારણે મનુષ્યના જીવનમાં સમસ્યાઓનું સર્જન થાય છે.

- સુરેશકુમાર કે. પરમાર

પી.ડબલ્યુ.ડી., કપડવંજ



Lajja Communications

# પરિશ્રમની સિધ્ધિઓનું પુષ્પક નાથાભાઈ

**શ્રી રમણભાઈ ડી. વણકર**
ગોવિંદપાર્ક સોસાયટી, ગોધરા.જી.પંચમહાલ.

આત્મીય સ્નેહી શ્રી નાથાભાઈ ગલાભાઈ વણકર આપની પંચમહાલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓની રજત જયંતિ અને તે સંસ્થાઓના કુશળ અને પ્રામાણિક સંચાલક મેજેજિંગ ટ્રસ્ટી શ્રી આદરણીય નાથાભાઈ જી.વણકરની સુંદર જીવન યાત્રાના ૬૦ વર્ષ પૂર્ણ થાય છે. ત્યારે આપને તથા આપની સંસ્થાઓને શુભેચ્છા.

"બડા સૌભાગ્ય મનુજતન પાવા
સબ દુર્લભ સબ ગ્રંથ હી ગાવા"

મનુષ્યનો અવતાર મળવો તે મોટું સૌભાગ્ય કહેવાય અને અવતાર મળ્યા પછી ભગવાને બનાવેલી દુનિયાને અને ભગવાને બનાવેલા માનવની સેવા જ્ઞાન યજ્ઞ કરવા મળે તે ખૂબ મોટું સૌભાગ્ય કહેવાય છે.

જન્મ ક્યાં થયો કેવા પરિવારમાં થયો એ મહત્વનુ નથી, કારણ હરેક જીવ પરમાત્માનો અંશ છે. માત્ર તેની ઓળખાણ થવી જોઈએ.

શ્રી નાથાભાઈએ નાનપણમા જ પોતાનું પાલન પોષણ કરનાર પિતાની છત્રછાયા ગુમાવી પણ તેમના માતૃશ્રી માંનીબા એ માતપિતા તરીકેનો ખરા અર્થમાં જીવન સંઘર્ષ કરી બાળકનું કેવું ઘડતર કરવું કેવા સંસ્કાર આપવા એ "મા" આપી શકે છે. જીજાબાઈએ શિવાજીને નાનપણમાં પિતાની છત્રછાયા ગુમાવી પણ માએ ખરાબ પરિસ્થિતિમાં કેમ જીવવું અને આગળ ધપવું તેનો બોધ કરાવ્યો. જે આગળ જતાં મરાઠાઓનો શ્રેષ્ઠ પ્રતાપી રાજા બન્યા.

બસ એ જ રીતે માતૃશ્રી માંનીબાઈ મહેનત મજૂરી કરી, પરસેવો પાડી સાચી કમાણી કરી પુત્રનો ઉછેર કર્યો. જે સાચા અર્થમાં સમાજ સેવકને તૈયાર કર્યો. જેને બાળપણમાં ગરીબી અને સાદું જીવન જીવ્યા છે. તેવા વ્યક્તિઓ જ સાચા સેવક અને મહાનતાને પામ્યા છે. માટે નાથાભાઈના જીવનમાં "મા" નું આગવું સ્થાન છે.

વ્યવસાયની શરૂઆત પંચમહાલની શ્રી એમ.આર.હાઈસ્કૂલ અડાદરામાં વર્ગ-૪ના કર્મચારી તરીકે નિમણૂક થઈ. નિમણૂકની તારીખ પણ કેટલી અદભૂદ છે ? ૦૪/૧૦/૧૯૯૦ જેનો અંકોનો સરવાળો ૨૪ થાય છે. આ શરીર પણ ૨૪ તત્વોનું બનેલું છે. અવતારો પણ

૨૪ છે. સદ્‌જ્ઞાન સદબુધ્ધિની દેવી ગાયત્રી મંત્ર પણ ૨૪ અક્ષરનો છે. જે સદબુદ્ધિથી વ્યક્તિ પોતાનું જીવન મહાન બનાવે છે. જે સ્થળ અડાદરા અડ+આદરા અડગ મનનો માનવ કામ આદરે તો તે ક્યારેપણ રોકાઈ શકતું નથી. બસ અંહીથી શૈક્ષણિક જગતમાં છાત્રાલયથી શરૂઆત કરી. ગરીબ અને વંચિત સમાજના બાળકોને શિક્ષણ, રહેવાનુ, ભોજન સાથેની સેવાયજ્ઞની શરૂઆત કરી. આજે અડાદ્દરામાં ખૂબ સુંદર શૈક્ષણિક સંકૂલ બનેલ છે. જે તેમની મહેનત અને આગવી સૂઝનું પરિણામ છે.

ગોધરામાં પણ બનેલ બહેરા મૂંગા બાળકો માટેનું સંકૂલ બાળકોને સ્વર્ગીય વાતાવરણ તેની વ્યવસ્થા ખુબજ સરાહનીય છે. અદભૂત છે.

નાથાભાઈના લગ્ન જીવનમાં પણ સુસંસ્કારી પરિવારના શ્રીમતી ડાહીબેને ગૃહસ્થ જીવનમાં પત્ની ધર્મ નિભાવેલ છે. કહીવાય છે કે કોઈપણ પુરુષને મહાનતા ત્યારેજ મળે છે. જ્યારે સ્ત્રીનો સાથ સહકાર મળે. પુરુષની પ્રગતિમાં ૧૦૦% ફાળો નારીનો છે. પરિવારપણ ખૂબ સુંદર છે. બે પુત્રો સાથે એક દીકરી છે. ગૃહસ્થ જીવન એક તપોવન છે. જેમાં સેવા, સંયમ અને સહકારથી પરિવાર શ્રેષ્ઠ બને છે.

શૈક્ષણિક સેવાથી હજારો બાળકોનું જીવન નવ પરીવર્તન કરી સમાજને સારા નાગરિક પ્રદાન કરેલ છે. તેમણે તેમના નાનપણમાં અભ્યાસ કરવા ચાલતા દૂર દૂર જવું પડતું. તે અનુભવેલી જિંદગીની પળો કોઈના જીવનમાં ન આવે તેવા વિચાર સાથે શૈક્ષણિક સંસ્થાઓની શરૂઆત કરી. નહીં તો વર્ગ-૪ના કર્મચારી આટલું મોટું કાર્ય ન કરી શકે. તેમના વતનમાંથી આવા વિચારે ચાલતા રહેતા હતા. કહેવાય છે કે જેવુ વિચારે છે તેવો જ તે બને છે. ઉત્તમ વિચાર માનવને શ્રેષ્ઠતા સુધી લઈ જાય છે.

સમાજમાં પણ ચાલતા રીતિરિવાજો બદલવા માટે પણ સતત પ્રયત્નશીલ રહ્યા છે. સમાજમાં સમૂહલગ્નો થાય તે માટે પોતાનાથી શરૂઆત કરી. સમાજમાં ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ. પોતાના દીકરાનું લગ્ન અને આગવો ફાળો આપી શરૂઆત કરી સમાજમાં મૃત્યુ પ્રસંગોમાં ચાલતા ખોટા ખર્ચ રીતિ રિવાજો શાંતિ પ્રાર્થનાના માધ્યમથી શરૂઆત કરી સમાજનું એક સારું સંગઠન બનાવી “સમાજ ઘર” અને શહેરમાં દલિત વસવાટ કરે તે માટે બાબા સાહેબના સ્વપ્નને સાકર કરવા માટે એક સોસાયટીનું આયોજનપણ પોતાના વતનના શહેરમાં આયોજન કરી સમાજ શિક્ષિત બને સંગઠિત બને તેનું ઉત્તમ ઉદાહરણ પોતાના સરળ અને માયાળું સ્વભાવથી એક્તા લાવી એજ્યુકેશન ટ્રસ્ટની સંસ્થાઓના રજત જયંતિ વર્ષની ઉજવણી સાથે મનેજિંગ ટ્રસ્ટી આદરણીય નાથાભાઈ તેમણે કારકિર્દીના વર્ષમાં સાદું જીવન, ઉચ્ચ વિચાર, સમાજ સેવા, અસ્પૃશ્યતા નિવારણ, વ્યસન મુક્તિ, સામાજિક ખોટા રીત રિવાજોના ઉત્તમ કાર્ય માટે રાજ્ય સરકારે તેમને


Lajja Communications

મહાત્મા ગાંધી એવોર્ડથી પણ નવાજેલ છે. જે સમાજનું ગૌરવ છે. આધ્યાત્મિક સત્સંગી પણ છે. સત્સંગ દ્વારા પણ સમાજમાં સારા વિચારો ફેલાય માનવ સારો માનવ બને તે માટે પોતા આગવા ખર્ચની સંતોને બોલાવી સમાજને આધ્યાત્મિક વાણીનો પણ લાભ અપાવડાવેલ છે. તે બધાં કાર્ય કરતાં કરતાં જીવનની ૬૦ વર્ષની યાત્રા સમાજસેવા કરવામાં વિતાવી છે. બાકીનું વાનપ્રસ્થ જીવન સમાજ સાથે પરિવાર સાથે સ્વસ્થ અને નીરોગી તંદુરસ્ત જીવન સાથે ભગવાન ખૂબ ખૂબ શક્તિ આપે.

છેલ્લે આપની સંસ્થાઓના ૨૫ વર્ષ પૂર્ણ રજત જયંતિ વર્ષ તમારા જન્મ દિવસની શુભ કામના સાથે અભિનંદન સાધુવાદ..........

"જય ગુરુદેવ"

❀ ❀ ❀

ખરું જોઇએ તો આમ આદમીના પ્રશ્નો જ સમાજને ઘડવામાં અને તોડવામાં મોટો ભાગ ભજવે છે. ગણ્યાંગાંઠ્યા, અલ્પસંખ્યક સમજુ અને જ્ઞાની લોકોની ઇચ્છાઓ ત્યારે જ બર આવે કે જ્યારે સમગ્ર સમાજ એક થઇને એમની પડખે ઊભો રહે!

- હરપાલસિંહ રાઠોડ

ડી.વાય.એસ.પી., હાલોલ

# આનોખા માણસ........

**શૈલેષ પંડ્યા 'ભીનાશ'**
પ્રોગ્રામ ડિરેક્ટર-GTPL, અખાત્રીજ-૨૦૭૬

આજે અખાત્રીજ છે. હું અમારા સારીયા-પાંસરોડાના એક આનોખા માણસ વિશે લખવા જઈ રહ્યો છું. ભૂતકાળ મને ચારેબાજુથી ઘેરી વળે છે. અને છેક ૧૯૮૬-૮૭માં લઈ જાય છે. પ્રાથમિક શાળા પાંસરોડા જ્યાં હું પાંચમા ધોરણથી લઈ સાતમા ધોરણ સુધી ભણ્યો હતો એ શાળાની પાછળ બિરાજેલા જોડિયા હનુમાનજીને વંદન કરું છું. એજ સમયમાં શાળાથી સહેજ આગળ મારા નીલકંઠ મહાદેવની પ્રતિષ્ઠા થઈ હતી. એ પણ યાદ છે. ગજાનંદ ગણપતિદાદા, મા પાર્વતિ અને મહાદેવને નતમસ્તક થાવું છું. હું આજે પણ ઘરે જાઉં તો આ ભૂમિના દર્શન કરવાનું ચૂકતો નથી. અત્યારે તો પાંસરોડામાં પ્રવેશતા જ માં બ્રહ્માણી બેઠા છે. હું જે વ્યક્તિ વિશે વાત કરવાનો છું તેમના ફળિયામાં માં ચંડીચામુંડા બિરાજે છે. પાંસરોડાએ જાગૃત ભૂમિ છે. દેવોનો વાસ છે. હવે સારિયામાં પણ માં હરસિધ્ધિ, બળિયાદેવ અને ગણેશજી સાક્ષાત છે. સારિયાનો વિકાસ પણ ૧૯૯૭ પછી સ્થગિત થયો છે. મને યાદ છે. સૌ પ્રથમ સારિયામાથી ૧૯૯૬-૯૭માં અમે પાંચ જણ પગપાળા અંબાજી ગયા હતા. આ અગાઉ ગામમાં બલી અને બેડીયુ નીકળતું ત્યારબાદ આ પ્રથા બંધ થઈ ગઈ. અત્યારે તો દર વર્ષે અંબાજી સંઘ જતો હોય છે. હું ત્યાર બાદ જઇ શક્યો નથી, પરંતુ અત્યારે જઈએ તો થોડીક હાશ થાય. પહેલા તો મજૂરી માટે સવારે આખું ગામ કંપામાં અથવા સાઠંબા જતું. અત્યારે સ્વાવલંબીપણું વિકસ્યું છે. પશુપાલન, ખેતી, શાકભાજીથી સૌ સમૃધ્ધિ તરફ વળ્યા છે. કહેવાય છે એવું કે સારિયા-પાંસરોડાની વચ્ચેથી હિડમ્બાવન શરૂ થાય છે. અત્યારે અમે કરિયાણું, દૂધ, શાકભાજી લેવા પાંસરોડા જઈએ છીએ. અત્યારે તો સારિયામાં પણ બધુ મળે છે. છતાં પાંસરોડનો વ્યવહાર પણ ચાલુ છે. અને પાંસરોડાની અંતિમક્રિયા અમારી લાવરી નદીના ભેંમકંડે થાય છે. અહી ભેમ એટ્લે ભીમના પગલાં પણ થાય છે. ખેર આટલી અમારા સારિયા-પાંસરોડાની પૃષ્ઠભૂમિ બાદ હું મૂળ વાત પર આવું છું.

ગામ પાંસરોડાના વતની શ્રી નાથાભાઈ વણકર જેમનો જન્મ ૧૯૬૦માં થાય છે. સરકારીશાળા પ્રવેશ નિમિત્તે લેવાયેલી ૦૧-૦૬-૧૯૬૦ તારીખ એમની જન્મની મળે છે. આમ પહેલી જૂન ગ્રામવિસ્તારમા કોમન શાળા પ્રવેશ જન્મ તારીખ ગણાય છે...... ગણાતી હતી હવે સાચી લખાય છે. જમાનો આધુનિક થયો છે. પરંતુ ગમે તે હોય શ્રી નાથાભાઈ પ્રાથમિક શિક્ષણ પાંસરોડાની શાળામાં લે છે. પિતાશ્રીની છત્રછાયા દોઢ વર્ષની



Lajja Communications

ઉમ્મરેજ ગુમાવી દે છે. એમના માતૃશ્રી માંનીબેન મજૂરીકામ, ખેતીકામ કરી પુત્ર શ્રી નાથાભાઈને ઉછેરે છે.

ધોરણ-૪ પછી હું સારિયા પ્રાથમિક શાળા છોડીને પપ્પાના આગ્રહના કારણે પાંચમા ધોરણમાં પાંસરોડામાં પ્રવેશ લઉં છું. અત્યારે મારો દીકરો પાંચમું પાસ કરીને છઠ્ઠામાં પ્રવેશ્યો છે. એ કેટલો નાનો છે. હું એ વખતે એના જેવોજ લાગતો. દોઢ-બે કી.મી. ચાલીને જાઉં છું. ૧૯૮૬-૮૭ની વાત છે. શ્રી નાથાભાઈ ભણ્યા હતા ત્યાંજ મે પાંચ, છ અને સાત પાસ કર્યું. મારા પપ્પાની આંગળી પકડીને હું અનેકવાર પાંસરોડાની ભૂમિમાં ફર્યો છું. મને બરાબર યાદ છે. પ્રજાપતિ મનોરભાઈની દુકાન એ વખતે દેશી જૂના ઘરની પાછળ ચાલતી હતી. અત્યારે તો એમણે નવી દુકાનો બનાવી છે. મે સૌ પ્રથમ આ દુકાનમાં શ્રી નાથાભાઈને જોયા હતા. એ વખતે ખાસ પરિચય નહીં. એમના માતૃશ્રી અને કંકુકાકી પાંસરોડા એકલો ભણવા જાઉં એટૂલે અનેકવાર સંભાળ રાખતા. એ બરાબર યાદ છે. પછી તો હું ધો-૮ માટે મોહનપુર ભણવા જાઉં છું, અને રહ્યો સહયો પાંસરોડાનો સંપર્ક કપાય જાય છે. પપ્પાએ એ વખતે મને પ્રાથમિક શિક્ષણ પાંસરોડામાં અપાવ્યું માધ્યમિકશાળા પાંસરોડામાં હોવા છતાં મને બહાર મોકલ્યો અને આ પરિબળોએ મને તૈયાર કર્યો. જે અત્યારે આ લખવા સમર્થ બન્યો. શ્રી નાથાભાઈને એકવાર ગોધરા ૨૦૦૫માં મળ્યાનું યાદ આવે છે. ખેર શ્રી નાથાભાઈને વર્ગ-૪ના કર્મચારી તરીકે ૦૪/૧૦/૧૯૯૦માં શ્રી એમ.આર.હાઇસ્કૂલમાં નિમણૂક મળે છે. અને આ બધા સમાચાર મલતા રહે છે. પપ્પા મને સારિયાથી પાંસરોડાની દરેક નવી બાબતોથી માહિતગાર કરે છે. શ્રી નાથાભાઈની ઉન્નતિના દ્વાર ૧૯૯૦ પછી ખૂલતાં જાય છે. ૧૯૯૨માં ધો-૧૦ એક્ષટર્નલ પરીક્ષા પાસ કરે છે. ધો-૧૨ કાલોલમાથી જ એક્ષટર્નલ પરીક્ષા પાસ કરે છે. હઠીપુરામાં ડાહીબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયાબાદ ત્રણ સંતાનો એક દીકરી જ્યોત્સનાબેન અને બે દીકરા નરસિંહભાઈ, રમેશભાઈ થાય છે. સાંસારિક સુખની લેશ માત્ર કમી નથી. પરંતુ હદયમાં સમાજના દબાયેલા, કચડાયેલા, શોષિત પરિવારોની મદદ થાય એવો ભાવ રહેતો હોવાના કારણે અને આજ હેતુથી ૧૯૯૫માં શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરાની સ્થાપના શ્રી નાથાભાઈ કરે છે. અને એનો મેનેજિંગ ટ્રસ્ટી તરીકે કાર્યભાર સંભાળી આ સંસ્થાના માધ્યમથી અનેક કામો કરે છે. જેમાં,

જે.બી.ખોત કુમાર છાત્રાલય-૧૯૯૬માં શરૂ કરી કૂ.રેષા પટેલ કન્યા છાત્રાલય, નયનાબા કન્યા છાત્રાલય, આદિજાતિ આશ્રમશાળા, ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય, સ્વામિ વિવેકાનંદ કુમાર છાત્રાલય, કન્યા માધ્યમિક શાળા આ બધી સંસ્થાઓ અડાદરા, ગોધરા, મલાવમાં ફુલે ફાલે છે. વિચારો તો ખરા....!! વર્ગ-૪ના કર્મચારી એમની નીતિ, સત્ય અને શ્રધ્ધાપૂર્વક, ખંતપૂર્વક અનેક સમાજસેવાની સંસ્થાઓને કાર્યાન્વિત કરે છે. અડાદરા એમને રિધ્ધિ સિધ્ધી આપે છે. શ્રી ગણેશજીના એમના પર ચારેય હાથ છે. આ એટલા

માટે શક્ય બને છે કારણ કે પોતે નિષ્ઠાવાન છે. પરોપકારવૃત્તિ ધરાવે છે. આપણે સમાજને શું શું આપી શકીએ એ વૃત્તિમાં માનનારા છે. કહેવાય છે એવું કે તમે જો તમારું અને ઘરનું વિકાસ કરો તોય સમાજની સેવા ગણાય, પરંતુ આનાથી સહેજ આગળ જઈને સાંપ્રત સમયની સાથે સમાજલક્ષી કાર્યો કરોતો આ વાત પરમ સુધી પહોચી જાય છે. સૌ પ્રથમ સંસ્થા માટે હાઈસ્કૂલની કર્મચારીની મંડળીમાથી લોન લઈ જમીન ખરીદી સંસ્થાનો પાયો નાખ્યો. અત્યારે તો ત્રણ કરોડ અને તેનાથી વધુ કિમતની ગોધરાની બહેરા મૂંગા વિદ્યાલય છે. આ બધુ બોલવું લખવું સહેલું છે. પણ કરી બતાવવું ખૂબ અઘરું છે. અનેક સંસ્થાઓ અને શ્રીમંતો પાસેથી દાન મળે છે. આ દાન અમસ્તું મળતું નથી. એની પાછળ નક્કર પ્રવૃતીઓ શ્રી નાથાભાઈ ધમધમતી રાખે છે. આપણો સમાજ હજી એટલો સમૃધ્ધ નથી કે એ લાખો કરોડોનું દાન આપી શકે, આ દાન ઉચ્ચ વર્ગ પાસેથી તથા સરકારશ્રી પાસેથી ગ્રાંટના સ્વરૂપે આવે છે. આપણે શિક્ષિત થવાનું છે, સંગઠિત થવાનું છે. સંઘર્ષ કરવાનો છે. પણ આપણે જાતિવાદના નામે મોરચા માંડવાના નથી. શ્રી બાબા સાહેબને અનેક મદદો ઉચ્ચજાતિમાથી મળી ત્યારેજ આટલું વિશાળ કાર્ય એ કરી શક્યા હતા. એ આપણે ભૂલવું ના જોઈએ. સંઘર્ષ તો આપણે આપણી જાત સાથે કરવાનો છે. સંગઠનની સુવાસ તો સકારાત્મક હોય... અને શિક્ષણ આપણને સારા નરસાનો અનુભવ કરાવે. અનુભવ કરતાં કરતાં સારા ખોટાનો અને સત્ય અસત્યનું મૂલ્યાંકન કરતાં શીખવે આપણે નિર્ણય લેતા થઈએ પોતાના વિચારો પર ઉન્નત થઈએ. સાચુ શિક્ષણ આનાથી વિશેષ શું હોય શકે ?

મને એમ કહેતા સહેજ પણ ખચકાટ થતો નથી કે શ્રી નાથાભાઈએ સૂક્ષ્મ દ્રષ્ટિથી અનેક આયામ પર વિચરણ કરીને અનેક વિટંબણાઓને પાર કરીને પોતાનું કામ કરતાં ગયા. એ મૌન રહીને પોતાના કામોને બોલતા કરે છે. અહોભાવ ! પણ કેવો ! દરેકની મદદ એમને ક્ષણ ક્ષણ સાંભરે છે. અને આજ જ જીવન છે. ડિપ્લોમેટિક એક હદ સુધી થવાય. જીવન સાથે વ્યાપાર એક હદ સુધી કરી શકીએ. પછી તો તટસ્થ બનવું પડે. દ્રષ્ટા બનવું પડે અને શ્રી નાથાભાઈ આ કરી શક્યા છે. એનો આનંદ છે.

મારી મમ્મીએ મને ફોનમાં એકવાર કહ્યું હતું કે શ્રી નાથાભાઈએ પાંસરોડામાં એના દીકરાના લગ્નનો વરઘોડો પોલીસ પ્રોટેકશન સાથે કાઢ્યો હતો. મને આનંદ થયો હતો. છતાં દુખ પણ ભારોભાર હતું કે પાંસરોડામાં આવું સામાજિક કામ સંસ્થાઓ સ્થાપી કોઈ કરી શક્યું નથી. આવા માણસને વતન પોંખી ન શકે ? પણ ના.... આ ભેદભાવના મૂળિયાં ખૂબ ઊંડા છે. એટ્લે ક્યારેક ગાંધીજી નામે સંસ્થા બહેરા મૂંગા વિદ્યાલય ચલાવનારે ક્યારેક ભગતસિંહ અને બાબા સાહેબની લડાયક વૃત્તિપણ રાખવી પડે છે. અને આ સર્વથા યોગ્ય છે. કારણ કે બાબા સાહેબે કહ્યું હતું "બલિ તો બકરાનો લેવાય છે, તમે સિંહ બનો તમારી સામે આંખ ઉઠાવીને જોવાની કોઈ હિમ્મત નહીં કરે." આઝાદીના


Lajja Communications

આટલા વારસો પછી બીજા પ્રકારની વૃત્તિ આપણે અમુક જાતિવાદી માનસિકતાની વિરુધ્ધ આચરવી પડતી હોય છે. અને આ ના થાય એનું ધ્યાન વિશેષ સમૃધ્ધ સમાજે રખવાનું છે.

આ બધુ કરતાં કરતાં એ રાજકીય ફલક પર પણ વિસ્તરે છે. અનેક સરકારી, અર્ધસરકારી મદદો મળતી રહે છે. અનેક લોકોને શ્રી નાથાભાઈ પોખે છે. અનેક સામાજિક કાર્યો કરતા રહે છે, અનેક જગ્યાએ એમના કામની કદરરૂપે એ પોખાયા પણ છે. જે એમને જાણે છે એ બધા સામાજિક સંદર્ભના નિસ્બતે એમને નત મસ્તક વંદન કરે છે.

ખેર આ તો મારે શ્રી નાથાભાઈને જે હું થોડાક ઓળખું છું. એમના વિશાળ કાર્યના અને એમની સંસ્થા ૨૫ વરસ પૂરા કરે છે એ નિમિત્તે રજત જયંતિ દર્શન કરાવવા છે. 'ગમતાનો કરીએ ગુલાલ'. ૬૦ વર્ષ શ્રી નાથાભાઈ પણ પૂરા કરે છે. અને આ નિમિત્તે એમને પણ અનેક શુભકામનાઓ. શ્રી મહાકાલ કોમ્યુનિકેશન વતી પાઠવું છું. તેઓશ્રી બધી રીતે મસ્ત અને વ્યસ્ત રહે..... એમના પરિવારમાં પણ શ્રી નાથાભાઈનો સંઘર્ષ સંસ્કાર બની ઉતરી આવે એવી પ્રભુને પ્રાર્થના.

મારી જ ગઝલના એક શેરથી વાત પૂરી કરું

"કદી ઘટના બનીને પણ હદયની પાર જાવું છે,
સમય જો સાથ આપે તો સામાની પાર જાવું છે."

❀ ❀ ❀

# સ્નેહીજનની કલમે......

**શ્રી અરવિંદભાઇ પુંજાભાઈ વણકર**
પ્રાથમિક શિક્ષક, મુ.પો. ખરોડ, તા.વિરપુર, જી. મહીસાગર.

શ્રી નાથાભાઈ વણકર
મેનેજિંગ ટ્રસ્ટી,
શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરા.

શતમ જીવમ શરદઃ !

સૂરજના કોમળ કિરણોની પૃથ્વી પર પધરામણી થાય ને આખી ધરતી પર નૂતન સંચાર પેદા થઈ જાય એવું જ કઈક.... હા...... એવું જ કઈક ત્યારે થાય. જ્યારે કોઈ સામાન્ય માનવીનું મહીસાગર જિલ્લાના વિરપુર તાલૂકાના પાંસરોડા ગામની ધરતી પર જન્મ થાય ને કોઈ કચડાયેલા દબાયેલા સમાજને નવી દિશા મળે અને વિચારોનું નવું જ ઘોડાપૂર પેદા થાય. વર્ષોથી દબાયેલી લાગણીઓ સંવેદનાઓનું વાચા આપવાનું કામ કોઈ દલિત દિવડાથી થાય એવા શ્રી નાથાભાઈના ૬૦ વર્ષ પૂરા થયા. તેમનો જન્મ દિવસ તથા સંસ્થાને પણ ૨૫ વર્ષ પૂર્ણ થવાથી ‘રજત જયંતિ’ પ્રસંગ એ અદભૂત સંયોગ જ કહેવાય.

આ પ્રસંગે કેળવણીપ્રેમી, સમાજપ્રેમી, શાળા પરિવારપ્રેમી ગુજરાતનાં પંચમહાલ, મહીસાગર, અરવલ્લી છોટાઉદેપુર જિલ્લાઓમાં પોતાના કાર્યોની સુવાસ

પ્રસરાવનાર એવા આદર્શ શ્રી નાથાભાઈ સ્મરણિકા પુસ્તક પ્રગટ કરી રહ્યા છે. ત્યારે સંચાલક અને સંસ્થાનો સુભગ સમન્વય એટલે જ શ્રી નાથાભાઈ.......

નૂતન સમાજનું નિર્માણ સજ્જન અને સારા માણસો દ્વારા થઈ શકે. જે સમાજ સારા માણસોને સાચવે છે, તે સમાજનું ભાવિ ઉજ્જવળ હોય છે. ભૂતકાળ પાસેથી શીખીએ વર્તમાનમાં જીવીએ અને ભાવિ માટે વિચારીએ એવા દૂરંદેશી શ્રી નાથાભાઈએ સંસ્થાને સમાજના વિકાસ માટે અવિરત પ્રયત્નો કર્યા છે.

શ્રી નાથાભાઈના જીવન ઝરમરની વાત કરીએ તો બાળપણમાં પિતાની છત્રછાયા ગુમાવનાર પિતાનો ચહેરો પણ ઓળખી ન શક્યા. કેટલી નાની ઉમરમાં ગરીબીમાં જીવન જીવવું કઠીન હતું. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ તેમણે પોતાના જ ગામ પાંસરોડામાં ધોરણ-૭ સુધી અભ્યાસ કર્યો. ગરીબ પરિસ્થિતી અને આગળ ભણી શકાય તેવી સગવડતાઓ ન હોવાથી તેઓ ભણી શક્યા નહીં. પરંતુ આગળ જતાં તેમણે ધોરણ-૧૨ પાસ સુધીનો


Lajja Communications

અભ્યાસ પૂર્ણ કર્યો. પરિસ્થિતી વિકટ હોવા છતાં સાહસિકતાથી આગળ વધ્યા. આળસ અને પ્રમાદ એમના જીવનમાં જોવા ન મળે.

ગરીબીમાં મોટો થયેલો માણસ જિંદગીમાં ક્યારે હારતો નથી. અને ગરીબીમાંથી ઉપર આવેલ માણસ સુખમાં ક્યારેય છલકાતો નથી. વિચારો અને કાર્યો બીજાને વિચારતા કરી દે તેવું આ ઉદાહરણ આપણાં શ્રી નાથાભાઈ છે.

શ્રી નાથાભાઈના લગ્ન બાયડ તાલુકાનાં હઠીપૂરા ગામે સુશીલ અને સંસ્કારી ડાહીબેન સાથે થયા. લગ્ન જીવનમાં તેમને બે દીકરા અને એક દીકરી છે. આશીર્વાદના વૃક્ષ સમાન માતા પણ તેમની સાથે છે. પારિવારિક જવાબદારી વચ્ચે ૩૦ વર્ષની ઉંમરે નોકરી મેળવી. બાકીના ૩૦ વર્ષમાં આપણને તેમની ઝળહળતી કારકિર્દી અને વટવૃક્ષ બનેલી સંસ્થાઓ દેખાય છે. કપરો સમય લાંબો સમય ટકી શકતો નથી. પરંતુ મજબૂત માણસ જરૂર લાંબો સમય ટકી રહે છે. પ્રતિકૂલ પરિસ્થિતિમાં પીછે હઠ કરવી એ પણ એક જાતની પ્રગતિ છે. તે શ્રી નાથાભાઈએ ૩૦ વર્ષની ઉંમરે નોકરી મળ્યા પછી પણ કરી બતાવી છે. તેમણે શિક્ષણના ક્ષેત્રે સારું યોગદાન આપ્યું છે. દાતા તરફથી મળેલા દાનને અનોખી દાનગંગા દ્વારા શ્રી નાથાભાઈએ તેમના પુરુષાર્થથી આ સંસ્થાઓ ઊભી કરી છે.

સમાજમાં પણ કઈક કરવાની પ્રેરણા ધરાવતા શ્રી નાથાભાઈએ સાતગામના લોકોનો પ્રેમ સંપાદન કરી સાતગામ વણકર સમાજના પ્રમુખ બન્યા છે.

આમ સંસ્થાઓ અને સમાજ સાથે સંકળાયેલા શ્રી નાથાભાઈને આ કલ્યાણકારી ભાગ્યશાળી દિવસે ખરોડ ગામના પરિવારજનો જગત સૃષ્ટિના પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે કલ્યાણકારી શ્રી નાથાભાઈને પ્રભુ દીર્ઘાયુષ્ય અર્પે..... નિરોગી રહે...... સંસ્થા અને સમાજના વિકાસમાં અવિરત સેવા આપતા રહે તેવી શુભ કામનાઓ સહ.....

❀ ❀ ❀

# ઘેઘૂર વડલો

**શ્રી નરસિંહ એન. માયાવંશી**
મ.શિ.બી.એ.બીએડ., જીવન પ્રકાશ વિદ્યાવિહાર.અમદાવાદ, (પાંડવાવાળા)

પાંસરોડા ગામ વિરપુર તાલુકામાં સમાવિષ્ટ છે. આ ગામ તેમાં એક વણકર સમાજના ગરીબ પરિવારમાં ઉછરેલા શ્રી નાથાભાઈ વણકરે ખૂબ હાડમારી, ગરીબી અને સામાજિક અન્યાયની પરિસ્થિતિમાં પોતાનું બાળપણ ગુજારેલ. વરસો પહેલા વિરપુર ગાળાના ગામોમાં વણકરજ્ઞાતિને સામાજિક અસમાનતા અને અસ્પૃશ્યતાના કલંક સાથે જીવવું પડતું આ પરિસ્થિતિ અને અપમાનને આ ખમીરવંતા વ્યક્તિના હૃદયને વલોવી દીધું. સમાજમાં પ્રવર્તતા કૂરિવાજો વ્યસનો અને અંધશ્રધ્ધાઓથી તેઓ ખુબજ વ્યથિત હતા. સમાજને આ ઊંડી ખાઈમાથી બહાર કાઢવાની તેમણે મનોમન એક ટેક લીધી. સમય અને સંજોગોને આધીન નાની ઉમ્મરે આવી પડેલ ઘરની જવાબદારીને કારણે ઉચ્ચ શિક્ષણથી વંચિત રહ્યાનો તેમણે સતત અફસોસ રહેતો, આવા સમયે તેમણે અનુભવ્યું કે આ પરિસ્થિતિ મારા એકલાની નહીં પણ મારા સમાજના અનેક બંધુઓની છે. તેમણે વિચાર્યું કે સમાજમાં ઉન્નતિ લાવવી હોય તો શિક્ષણ એ પાયાની જરૂરિયાત છે. સમાજને જો શિક્ષણની તક મળશે તો આગળ ઉન્નતિ થશે. શિક્ષણ એક માત્ર સમયની માંગ અને વિકલ્પ છે. તેવું તેઓ દ્રઢપણે માનતા.

પંચમહાલ જિલ્લાના અડાદરા ગામે તેમણે શાળામાં ચોથા વર્ગના કર્મચારીની સેવામાં લાગ્યા. અડાદરાને જ પોતાની કર્મભૂમિ બનાવી. ત્યાં સેવા પ્રવૃત શિક્ષણના જીવે એક શૈક્ષણિક સંકૂલ બનાવવાનું સ્વપ્ન જોયું. તેમને સમાજને બેઠો કરવા ઝઝૂમી રહેલા મહાત્મા ગાંધી પુરસ્કારથી સન્માનીત તેવા સન્માનનીય કર્મશીલ શ્રી ગોવિંદભાઇ માયાવંશી (પાંડવાવાળા)નું માર્ગદર્શન અને પીઠબળ મળ્યું. અડાદરાની પાવનભૂમિ પર એક શૈક્ષણિક સંકૂલનું બીજ રોપાયું, ઉમદા ઉદ્દેશથી શરૂ થયેલા આ યજ્ઞમાં અનેક મહાનુભાવો...... દાતાઓ..... સમાજના, અગ્રણીઓ અને રાજ નેતાઓનો સાથસહકાર મળ્યો. શોશિત... કચડાયેલા... વંચિત....ગરીબ અને સમાજની મુખ્યધારામાં પાછળ રહી ગયેલા સમાજના બાળકો માટે સરકારી અનુદાનથી શૈક્ષણિક સંસ્થા શરૂ થઈ. ઇ.સ.૧૯૯૫માં રચાયેલ શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ આજે અનેક શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન કરે છે. આ સંકૂલ આજે એક વટવૃક્ષ બનીને ઊભું છે. જેની અનેક શૈક્ષણિક શાખાઓના શીતળ છાંયડામાં સમાજના બાળકો કેળવણીના આશિષ મેળવી રહ્યા છે. કોમળ હૃદયમાં માનવીય અનુકંપા ધરાવતા મારા માસા શ્રી નાથાભાઈને બહેરા મૂંગા બાળકો પ્રત્યે અનુકંપા હોય તે સ્વાભાવિક છે.



Lajja Communications

શ્રી નાથાભાઈ વણકરના સંચાલન હેઠળ ગોધરા મુકામે બહેરા મૂંગા બાળકોની એક નિવાસી શાળા ચાલે છે.શૈક્ષણિક સંસ્થાઓની સેવા ઉપરાંત વણકર સમાજના વિવિધ પાસાઓનું ઉત્તમ કાર્ય કરી રહ્યા છે. સામાજિક કુરિવાજો ખોટી માન્યતાઓ-વ્યસનો જેવી સમાજની નબળાઈઓને દૂર કરવા સામાજિક સંગઠનો બનાવી તેમાં રચનાત્મક કાર્યો કરી રહ્યા છે. સમાજના શિક્ષિત, સરકારી ઉચ્ચ હોદ્દાઓ પરના અધિકારીઓએ, સામાજિક કાર્યકરો અને સમાજના રાજકીય નેતાઓ દરેકને એક મંચ પર ભેગા કરીને સામાજિક ચિંતન અને ચિંતા કરાવવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે.

સમાજને ઉન્નત દિશા ચિંધનાર આ ઘેઘૂર વડલાને રાજકીય રીતે પણ સમાજનું પ્રતિનિધિત્વ કરવાની તક મળેલ છે. ગુજરાત પ્રદેશ અનુસૂચિતજાતિ મોરચો ભા.જ.પા. શાસક પક્ષમાં સંગઠનમાં મંત્રી તરીકે પ્રતિનિધિત્વ કરીને રાજકીય ફલક પર પણ સમાજનું ગૌરવ વધાર્યું છે. તેમની સમાજ પ્રત્યેની નિષ્ઠા –સેવાભાવના અને જીવનમાં કેળવાયેલી પ્રબળ ઇચ્છાશક્તિ અને સાહસ સમાજ માટે પ્રેરણા સ્ત્રોત છે.

"કોન કહેતા હૈ આસમાનમે સુરાગ નહીં હોતા ?
યારો । તબિયત સે એક પત્થર તો ઉછાલો."

સમાજને શીતળ છાંયડો આપનાર આ ઘેઘૂર વડલો અનંતકાળ સુધી વધુને વધુ વિકસે. પોતાની શાખાઓ વિસ્તારે તેવી હદયથિઉ શુભેચ્છાઓ. આ ષષ્ઠીપૂર્તિ કાર્યક્રમમાં ભગવાન તેમને નીરોગી, નિરામય, દીર્ઘાયુ બક્ષે અને સતત તેમને સમાજને બેઠો કરવાની શક્તિ પ્રદાન કરે તેવી અંતઃહૃદયથી પ્રાથના.

અસ્તુ

❁ ❁ ❁

છાંયડાની શું ખબર આકાશ ઊંચા તાડને
એ વિશે તું પૂછ જઇને લીમડાના ઝાડને!

(મણિલાલ હ. પટેલ)
- ધૂળાભાઇ કે. ચૌહાણ
પાંસરોડા.

# સમાજના પ્રહરી નાથાભાઈ

**રાજવી નરસિંહભાઈ નાનજીભાઇ**
એમ.એ.બી એડ (સરસ્વતી હાઈસ્કૂલ મોડસામાંથી-નિવૃત શિક્ષક)
૨૦૮ પ્રણામીનગર મેઘરજ રોડ મોડાસા, જી. અરવલ્લી-મૂળ વતન ઇન્દ્રાણ તા. બાયડ

શ્રીમાન નાથાભાઈ જી. વણકર

ગુજરાતની પશ્ચિમમાં આવેલો મહિસાગર જિલ્લો અને મહીસાગર જીલ્લામાં આવેલો વિરપુર તાલુકો અને વિરપુર તાલુકામાં અરવલ્લીની ગિરિમાળાઓમાં પંખીઓના કલરવથી ગુંજતું પંખીના માળા જેવુ નાનકડું ગામ પાંસરોડા. પાંસરોડનો મારો પોતાનો અર્થ છે કે ગમે તેટલા રોડા નખોને તોય પાંસરા થઈ જવાય એટ્લે પાંસરોડા.

આમતો મારા મામાના દીકરા થાય છે પણ અમારા સમાજના બીજા ઘણા સબંધોથી તેમની સંકળાયેલો છું. તેમજ મારા બાળપણના સખા પણ છે. વિશેષમાં અમે બંને ૧૯૬૦ની સાલમાં જન્મેલા છીએ અને વૃશ્ચિક રાશિવાળા છીએ.

આજથી લગભગ ૪૦ વર્ષ પહેલા હું પાંસરોડા જતો ત્યારે શ્રીમાન નાથાભાઇના માતૃશ્રી બિલકુલ હેતાળ સ્વભાવથી માથે ફેરવતા જાય અને નળિયાવાળા એ માટીના મકાનમાં અમે બંને સાથે જમતા જમીને વછેરા જેવો(લાલ) ભૂરા રંગનો વાછરડો લઈ અમે ખેતરે જતાં એ વાછરડો ખેતરના શેઢા પર ચરે અને અમે આંબલીયો તથા કાચી કેરીઓ ખાતા અને અલક મલકની વાતો કરતાં. એમના ખેતરોની બાજુમાં જ નાનું ઝરણું (વાંઘુ કહેતા) વહેતું અને સામે જ બે નાનાભાઇ જેવા ડુંગરો અડીખમ ઊભા છે. તેની વચ્ચે પણ વહેતું ઘણી રમતો પણ રમતા આ બધુ આજે મને બરાબર યાદ છે. મારી આંખો સમક્ષ તરવરે છે.

એ જમાનામાં ગામમાં કોઈ મરી જાય તેની પાછળ બારમું કરતાં એ બારમાની રાત્રે મરણ પાટ કરવામાં આવ તો તેની પાછળ ભજનો ગાવામાં આવતાં. આવા સમયે હું પણ રોકાતો તો નાથાભાઈ ખૂબ સારા ભજનો ગાતાં. ગાતાં જાય અને હાથમાં રાખેલ કાંસાજોડ વગાડતા જાય. ત્યારે હું નરગા (તબલા) વગાડતો ભજન પૂરું થયા પછી શ્રીમાન નાથાભાઈ આધ્યાંત્મિક સત્સંગ કરતાં એ વખતે પણ એમની વાતોમાં તો ખુમારી હતી જ આજેય બધુ બરાબર યાદ છે અને આજે જ્યારે કોરોનાની મહામારી આવી રહી છે. ત્યારે એ ગામડું ખૂબ યાદ આવે છે. મોઢે બોલુમાં મને હાચે નાનપણ હાંભરે પછી મોટપની મજા મને કડવી લાગે કાગડા.

શ્રીમાન નાથાભાઈએ નાની ઉમરથી જ પિતાશ્રીની છાયા ગુમાવેલ તેથી ઉચ્ચ શિક્ષણ લઈ



Lajja Communications

શક્યા નહીં, છતા ગામનીજ પ્રાથમિક શાળામાંથી ધો.૧ થી ૭ સુધીનું શિક્ષણ મેળવેલૂ પરંતુ જીવનમાં કઈક કરવું જોઈએ તેવા વિચારો તો તેમના અંતર આત્મામાં તો પડેલા હતા જ. તે પોતે ઉચ્ચ અભ્યાસ ન કરી શક્યા પણ તેમના બાળકોને ઉચ્ચ આભાસ કરાવીને પોતે ઉચ્ચ અભ્યાસનો સંતોષ માન્યો.

શ્રીમાન નાથાભાઈ યુનિવર્સિટીનો ઉચ્ચ અભ્યાસ ન કરી શક્યા પણ તેમણે તેમના મનમાં જ પોતાની યુનિવર્સિટી ઊભી કરી કેવી આગવી કોઠાસૂઝ, હિંમત, નિડર બનીને સતત બાળકોની ચિંતા કરતાં શૈક્ષણિક સંકુલો બનાવવાની હિમાયત કરી ત્યારે એમના ધર્મપત્ની, માતૃશ્રી અને બાળકો સાથે રહીને પણ બધાને ન્યાય આપીને જીવન જીવવાનું શરૂ કર્યું. આ બધા કાર્યોમાં તેમના ધર્મપત્નીનો પણ સુંદર સહયોગ મળ્યો સમયનો ભોગ પણ આપ્યો જેના કારણે સફળતામાં પણ તેમનો સહયોગ સવિશેષ કહેવાય.

મારા મતે આગવી પોતાના મનની યુનિવર્સિટી એટ્લે આમાં બધુજ આવી જાય

"રાગ પાઘ ને પારખું નાડીને વળી ન્યાય
તરવું, તંતરવું ને તરકરવું એ આઠે આપ કળાય"

આ બધી કળાઓ કોઈ યુનિવર્સિટીમાં શીખવવામાં આવતી નથી જાતે પોતાના અનુભવથી હિંમત હાર્યા વગર એક ચોકકસ લક્ષ્ય સાથે જીવન નૈયાને આગળ ધપાવતા રહ્યા, જે અમારા સમાજ માટે તો ધન્યવાદને પાત્ર છે.

શિક્ષિત બનો, સંઘર્ષ કરો, સંગઠિત થાવ-આ ત્રણ સૂત્રોના જન્મદાતા વિશ્વવિભૂતિ બાબા સાહેબને કોટી કોટિ વંદન આપણાં બધાનો વિકાસ એમનેજ આભારી છે. મારો પોતાનો વિચાર છે કે દેશ દુનિયાને બાબા સાહેબે જે કઈ આપ્યું છે તેનો ઉપયોગ કરીને આ દેશમાં મારા જેવા હજારો આંબેડકર પેદા થશે અને જ્યારે એ આજ સ્વર્ગમાં છે એમ કહેવાય તો સ્વર્ગમાં બેઠા બેઠા જોતાં હશે કે મારા જેવા વિચારો હતા એ શ્રીમાન નાથાભાઈ બર લાવ્યા છે.

જય ભીમ

❀ ❀ ❀

# મારી નજરે નાથાભાઈ

**મહંતશ્રી બાલકદાસજી**
ગુરૂશ્રી કેશવસાહેબશ્રી ગુરૂગાદી- બાદરપુરા, તા. બાયડ, જી.અરવલ્લી, મો. 75675 17666

પરમ સ્નેહીશ્રી,
નાથાભાઇ વણકર, અડાદરા.

આપ સમાજ સેવાનો પરમાર્થી યજ્ઞ આરંભી જે પુણ્યશાળી ઉમદા કાર્યો કરી રહ્યા છો એ માર્ગે અવિરત પ્રગતિશીલ રહેવા પરમપિતા પરમાત્માને પ્રાર્થના કરી હદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

"મન હોય તો માળવે જવાય "અને" અડગ મન ને હિમાલય પણ નડતો નથી." આ બંને લોક કહેવતો આપે અથાગ રીતે સાર્થક કરી બતાવી છે.

એક તરફ માત્ર ડીગ્રી અને વ્યવસાયલક્ષી ભણતર....... અને બીજી બાજુ આંતરસૂઝ..... કોઠાસૂઝ સાવ છેવાડાના છૂટાછવાયા થોડાક ઘર ધરાવતું ગામ પાંસરોડા બૃહદ ખેડા અને સાબરકાંઠાની સરહદે શોધવું પડે. એવા વિસ્તારનો સાવ ઓછું ભણેલો માણસ છેક પંચમહાલના પંથકમાં સામે પૂરે તરીને પાર ઉતરે ત્યારે આજની ડીગ્રીઓ સામે કોઠાસૂઝ અગ્રેસર રહી છે, એમ માનવું પડે.

અનેક પ્રકારના અવરોધો........પડકારો વચ્ચે પણ પૂર્વેના કોઈ ઋણાનુબંધે આપનો સેવાયજ્ઞ જેમની અવિરત છત્રછાયા થકી અખંડ રહ્યો છે. એવા સાચા અર્થમાં સમાજસેવાના ભેખધારી માનનીય પ્રભાતસિંહ ચૌહાણ સાહેબની સહાનુભૂતિ કેમ વિસરાય..?

કેટલાક સંજોગોમાં સંસ્થા દ્વારા સમાજસેવાની પ્રવૃતિઓ કરવી એ કપરા ચઢાણ જેવી છે એ મેં પ્રત્યક્ષ અનુભવ્યું છે.

સરકારી સહાય ઉપરાંત ગરીબ દિવ્યાંગ બાળકો ખૂબ સારી સગવડ સાથેના વાતાવરણમાં સચવાય એ માટે આપે દેશનો ખૂણે ખૂણો તપાસી કેટલાક દાતાઓને પણ વાસ્તવિકતાથી પ્રભાવિત કરી એમની સહાય મેળવી છે એ અટપટું કાર્ય સાચે જ સરાહનીય છે. અનુસરણીય છે.

સમાજસેવા સાથે અધ્યાત્મમાં આપની શ્રધ્ધા અને રૂચિ સોનામાં સુગંધ સમાન છે.


Lajja Communications

૨૦૧૪ના વર્ષાન્તે ગુજરાત રાજયમાં "સતગુરૂ કબીર વિચારયાત્રા" લઈને હું નીકળ્યો હતો ત્યારે એક અવિસ્મરણીય યાદ રહી જાય એવું અમારી યાત્રાનું સામૈયું આપે કરેલું અને કડકડતી ઠંડીમાં આપની સંસ્થામાં આખીરાત ભજન આરાધ-સત્સંગ થયેલો.

અવાર નવાર યાદગાર પ્રસંગ પર્વે ગુજરાતમાં પ્રચલિત એક અનેરી આસ્થાનું કેન્દ્ર ઝાંઝરકાની સંત સવયૈયાનાથ બાપાની જગ્યાએ આપણે મળીએ છીએ, ત્યારે વર્તમાન ગાદીપતિ પૂ. શંભુનાથ બાપુ સાથેનો અને એ ગાદી સાથેનો અંતરભાવ પ્રત્યક્ષ અનુભવ્યો છે.

કારકિર્દીની પાયામાં ગુજરાતનાં વરિષ્ઠ રાજકીય આગેવાન અને તત્કાલિન શિક્ષણમંત્રી શ્રી માનનીય ડૉ. કરશનદાસ સોનેરી સાહેબના પ્રથમ આશીર્વાદ પણ સૂચક રહ્યા અને એ માર્ગે ખૂબ નિષ્ઠાપૂર્વક આપે યાત્રા ચાલુ રાખી....... નામી હસ્તીઓ એમાં સહભાગી બનતી રહી.

અનેક ગરીબ પીડિત અને દિવ્યાંગ બાળકોના આશીર્વાદે આપની તન્દુરસ્તી સારી રહી છે. બાયડ પંથકમાં પણ સમાજસેવાના કાર્યોમાં આપ કેટલાક સમયથી સક્રિય રહ્યા છો. રાજકીય ક્ષેત્રે પણ સક્રિય છો ત્યારે આ બધા ક્ષેત્રે સાચા અર્થમાં સેવા કરવા માટે પરમાત્મા આપને ખૂબ સારી તંદુરસ્તી અને દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના કરું છું.

સમગ્ર પરિવારને સમાજસેવાનો ભેખ પહેરાવી સમાજસેવામાં જોતર્યા છે. ત્યારે આપના સૌ પરિવારજનો....., આપના સેવા કાર્યમાં પ્રત્યક્ષ અને પરોક્ષ સહભાગી સૌની કુશળતા માટે સતગુરૂ પરમાત્માને પ્રાર્થના કરી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામના પાઠવું છું.

❀ ❀ ❀

> કેટલું જતું કરી શકો છો, તેના પરથી અંદાજ બાંધી શકાય છે કે તમે કેટલું પ્રાપ્ત કરી શકશો.
>
> - બુધેશ્વર કાપડીઆ
>
> છભૌ.

# “રાંકનું રતન”

**જીવણભાઈ ગણેશભાઈ વણકર**
મુ.પો.ઇન્દ્રાણ તા.બાયડ, જી. અરવલ્લી, મો. ન. ૬૩૫૧૬૮૫૨૯૧

આજના યુગમાં નાનપણથી મોટી ઉંમરના થવા સુધીમાં સખત મહેનત કરી એક મહાન વ્યક્તિની સિધ્ધી પ્રાપ્ત કરવી એક ગુણ નાથાલાલમાં છે. તેના મારા અનુભવ પ્રમાણેના દાખલા આપવા માગું છું.

એક છ માસની ઉમરે પિતાની છત્રછાયા ગુમાવી હોય અને બાળપણ વિતાવ્યું હોય તેવો વિરપુરુષ મારી દ્રષ્ટિએ એકમાત્ર નાથાલાલ જ હોઈ શકે.

તેમણે તેમનું બાળપણ ઘણા સંઘર્ષમય રીતે વિતાવ્યું છે. નાનપણથી જ ઉત્સાહી અને કંઈક કરી બતાવવાની વૃત્તિ વાળા હતા. એજયુકેશનમાં જોઈએ તો માત્ર ૭ પાસ હતા. જે સમય તેમણે ગુજરાન માટે ઘણા બધા ધંધા કર્યા હતા. અને સંજોગો વસાત તેમણે વર્ગ-૪માં અડાદરા જેવા ગામમાં નોકરી મળી હતી. ત્યાં તેમને રહેવામાં અને નોકરી કરવામાં ઘણી બધી મુશ્કેલીઓ વેઠી હતી. અને હું જ્યારે રૂબરૂમાં મળતો હતો અને તેઓ તેમની આપવીતીની વાત કરતા હતા. ત્યારે આપણાં રૂવાટા ઊભા થઈ જાઈ તેવી વાતો હતી. ચાલુ નોકરીએ તેમને કંઈક કરી બતાવવાની મનોવૃત્તિ હતી. જેથી એક છાત્રાલય ઊભું કર્યું. અને જીવનમાં આગળ ધપવાની પ્રગતિ કરી.

આટલું ઓછું ભણેલા અને મોટી મોટી વ્યક્તિઓ સાથે હિન્દી અને અંગ્રેજીમાં વાતો કરવાની થાય તે તેમના માટે નોખી બાબત હતી.

એક વખત મને તેમની સાથે અલંગ ભાવનગર જવાનો મોકો મળ્યો. તેમાં અમે દરિયા કિનારે ઘણું બધુ ચાલ્યા હતા. તેવામાં તેઓશ્રી મને વારંવાર પૂછતા કે વેવાઈ તમને થાક લાગ્યો છે. ચા પીવી છે ? જમવાનો સમય થયો છે. તો તમને ભૂખ લાગી હશે ત્યારે હું મનોમન તેમની સાહસિકતા અને નીડરતાને સલામ કરતો હતો. મે મારી જિંદગીમાં આવો બહાદુર વ્યક્તિ ક્યારેય જોયો ન હતો. અરે અનુભવ્યો પણ નહોતો.

બીજી વખત મારે તેમની સાથે બેંગલોર જવાનું થયું. રાત્રિની ટ્રેન હતી. બંનેએ આખી રાત પોતાના જીવનની વાતો કરી હતી. તેમાં તેમણે જરાપણ સંકોચ રાખ્યા સિવાય કઈપણ મનમાં રાખ્યા સિવાય પોતાના આત્માથી સત્યતાની હકીકતો જણાવતા જ રહ્યા હતા. તેમાં લોકોએ તેમને જે પરેશાન કરતાં હતા. તેની તો વાત કઈ અનોખી હતી. આમ વાત કરતાં અમે બંને બેંગલોર પંહોચી ગયા, અને સવારના ૧૦-૦૦ કલાકે મિટિંગ હતી. આ



Lajja Communications

મિટિંગમાં અમે હાજર થયા ત્યાં મે જોયું અને અનુભવ્યું છે તેનું એક ઉદાહરણ આપું છું.

મિટિંગમાં મહાન વ્યક્તિઓ હતા. ઉચ્ચકક્ષાના અભ્યાસુ હતા. પૈસે ટકે પણ સુખી સંપન્ન હતા. તેમને તો ગુજરાતી પણ બોલતા આવડતું નહોતું. અંગ્રેજી હિંદીમાં જ વાત કરતાં હતા. હું મનોમન વિચાર કરતો હતો કે મારા વેવાઈ તેમની રજૂઆત આ લોકો સાથે કેવી રીતે કરી શકશે. અને એક પછી એક તેમનો વારો આવ્યો હું તેમની સાથે જ હતો. તેઓએ જરાપણ સંકોચ રાખ્યા સિવાય કહ્યું કે હું માત્ર ભાંગી તૂટી ભાષામાં માત્ર હિન્દીમાં જ વાત કરીશ. અને તેમણે જે રજૂઆત કરી હતી તેનું સ્મરણ મને આજે પણ આંખો સમક્ષ તરવરે છે. અને તેમની વાતોથી ત્યાંના લોકોપણ ખુશ થઈ ગયા હતા. અને જે સ્વપ્નું લઈ આટલે દૂર ગયા હતા તે સિધ્ધ કરીને પાછા આવ્યા.

ગોધરામાં બહેરા મૂંગાની શાળા ઘણા લાંબા સમયથી બંધ પડી હતી તેને પુનઃજીવિત કવામાં નાથાલાલનો સિંહ ફાળો છે. ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અનુવાદ કરી ફાઈલો છેક દિલ્હી સુધી પંહોચાડી અને બહેરા મૂંગાની સ્કૂલ ગોધરામાં લાવ્યા હતા. આ એક નાનું સુનું કામ પણ નહોતું તેમના પરિશ્રમે તેમને સિધ્ધી અપાવી. અરે આ બિલ્ડીંગ તૈયાર કરી આપવા બે સગા ભાઈઓ જેમના નામ. શ્રી મનુભાઈ ગાંધી અને શ્રી ભૂપતભાઇ ગાંધી છે. તેમણે ૨ કરોડ જેવી માતબર રકમ આપી બિલ્ડીંગ બનાવી આપી. જેમાં આજે નિઃસહાય આદિવાસી વિસ્તારના ગરીબ ૧૨૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અને પોતાની કારકિર્દી બનાવે છે.

આવા અનેક કામ કર્યા છે. આટલાથી પૂરતું ન હોય તેમ સમાજના કામો પણ કર્યા છે. અમારા સાઠંબા સાતગામ વણકર સમાજ માટે સમાજ ઘર બનાવવાનું બીડું ઝડપ્યું છે. અને આવનાર સમયમાં તે પણ પૂર્ણ કરનાર છે. આમ સામાજિક કાર્યો પણ તેઓ અગ્રેસર રહ્યા છે.

આવા નાના મોટા જે કાર્યો તેમણે કર્યા છે. તે જોઈને મને થાય છે કે આ એક રાંકના પેટે રતન જન્મ્યું છે.

❀ ❀ ❀

માણસની સમગ્ર જિંદગી પર્યંત નીપજતાં એના સર્વ કર્મો સરવાળે
તો એના અસ્તિત્ત્વને ટકાવી રાખવાનું એક મહાયુધ્ધ જ છે.

- આર. કે. મકવાણા

પી.આઇ., બાયડ

# સમાજસેવા, શિક્ષણ, અને રાજકારણના પ્રહરી : શ્રી નાથાભાઈ વણકર

**ડો. ધીરજ વણકર** (M.A.M.Phil; P.hd)
મુ.પો. છભૌવ તા.બાયડ, જી.અરવલ્લી, હાલ જી.એલ.એસ.કોલેજ ફોર ગર્લ્સ, અમદાવાદ.

ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન એટલે મનુષ્ય. લખચોર્યાસી ફેરા પછી આ માનવ દેહ પ્રાપ્ત થાય છે. ખુદ દેવોને પણ માનવ દેહ દુર્લભ લાગે છે. દુનિયામાં જીવ-જંતુ, પ્રાણીઓ અગણિત છે. પરંતુ ચિંતન-મનન-બુધ્ધિ કેવળ માણસ પાસે છે. માણસ કેટલું જીવ્યો તે મહત્વનુ નથી, પરંતુ તે કેવું જીવ્યો એ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. માણસ દ્વારા કરવામાં કરવામાં આવેલા ઉમદા- જનહિતના કાર્યો તેને હજારો દિલોમાં સ્થાન આપે છે. મિત્રો વણકર સમાજને વાણિયા પછી નાનું મહાજન ગણવામાં આવે છે. વણકર એટલે વણાટકામ કરી બીજા સમાજને શરીર ઢાંકવાનું સરાહનીય કાર્ય કરતો આપ્યો છે. આજે આપણો સમાજ વિસરી રહ્યો છે, વિકાસના પંથે ચાલવા માંડ્યો છે. બંધારણના ઘડવૈયા, ભારત રત્ન ભીમરાવ આંબેડકરે આપણને સૂતેલા જગાડ્યા, સિંહ ગર્જના કરતાં કર્યા. અનેક અધિકારો અપાવ્યા. મને લાગે છે કે આજે આપણી પાસે જે કંઈપણ છે, તે મહામાનવ આંબેડકરની અમુલ્ય ભેટ છે. હજારો વર્ષોથી આપણે શિક્ષાથી વંચિત રહ્યા. બાબાસાહેબે સમગ્ર શોષિત, પીડિતો, વૂંચિતો માટે દ્વાર ખુલ્લા મૂક્યા. કોઈપણ સમાજ ઉત્કર્ષ-ઉત્થાન-પ્રગતિ શિક્ષણ દ્વારા જ કરી શકે તે માનવું જ પડે. શિક્ષણનું પરિણામ આપણે જોઈ રહ્યા છીએ. આજે કોઈપણ ક્ષેત્રે એવું નહીં હોય જ્યાં આપણું પ્રતિનિધિત્વ ના હોય. માનવી ધારે તો શું ન કરી શકે? જીવનરૂપી બાગમાં અનેક પુષ્પો ખીલે છે. પ્રીતિના પુષ્પો, સબંધના પુષ્પો, માનવતાના પુષ્પો, મિત્રતાના પુષ્પો, સેવાના પુષ્પો...... આ તમામ પુષ્પો ખિલતાં જીવન-બાગ મહેંકી ઊઠે છે. જીવન-બાગમાં ખિલતા ઉપરોક્ત બધા પુષ્પોમાં સુગંધિત સુંદર પુષ્પ છે 'સેવાનું'. જેના જીવનમાં સમાજસેવાનું ફૂલ ખીલે છે તેનું જીવન સુગંધમય બની જાય છે.

ગુજરાતની ભૂમિ એટલે સંતો, મહંતો, ભક્તો, કવિઓ, લેખકો ગાંધીજી-સરદાર પટેલ, વીરમાયાની ગૌરવશાળી ધરા. પ્રકૃતિની રમણીય ભૂમિ. પાંસરોડામાં તા. ૦૧/૦૬/૧૯૬૦માં જન્મેલા શ્રી નાથાભાઈ ગલાભાઈ વણકરની જીવન ઝરમર અભિનંદનગ્રંથમાં વિવિધ મિત્રો, શુભેચ્છાકો, લેખકો દ્વારા કંડારવામાં આવનાર છે. તે જાણી મારો રાજીપો વ્યક્ત કરૂ છું. નાની વયે પિતાની છત્રછાયા ગુમાવનાર શ્રી નાથાભાઈ સંઘર્ષો સામે સતત જઝૂમ્યા. આમ પણ આપણાં સમાજને હમેંશા વેઠવાનું જ હોય છે. શ્રી નાથાભાઈને મારે ત્રણ ચાર વાર સમૂહલગ્નો, સામાજિક પ્રસંગે મળવાનું થયેલ. જમીનથી જોડાયેલ

વ્યક્તિ છે. શૂન્યમાંથી સર્જન કરનાર આ સાહસી વ્યક્તિની ષષ્ઠિપૂર્તિ વેળાએ તથા તેમના ટ્રસ્ટની રજત જયંતીના આનંદ અવસરે ગ્રંથ પ્રકાશિત કરવો જરૂરી બની જાય છે. એમના વ્યક્તિત્વના અનેક પાસાઓ વિષે આપણને આ ગ્રંથ થકી જાણવા મળશે. કોઈપણ વ્યક્તિના ઉમદા કર્મોની નોંધ લેવાતી જ હોય છે. નાથાભાઈના વ્યક્તિત્વમાં સેવા, ત્યાગ, પ્રેમ, કરુણા, સહિષ્ણુતા, સંવેદના, સમાજ ઉત્કર્ષ અન્યને મદદરૂપ થવું. કચળાયેલા વર્ગના યુવાઓ શિક્ષણ મેળવી ઉત્તરોત્તર પ્રગતિ કરે જેવા ગુણો ધ્યાન ખેંચે છે. 'સેવા' શબ્દ બે અક્ષરથી બનેલો છે. સેવાના મૂળમાં કરુણા, સંવેદના, સહદયતાનો ભાવ તાણાવાણાની જેમ વણાઈ ગયો છે. સેવાએ આત્માનો સંસ્કાર છે. સેવાને પરમ ધર્મ માનનાર નાથાભાઈ 'સ્વ' થી ઉપર ઉઠી 'વસૂધૈવ કુટુંબકમ' ની ભાવના સાથે જોડાઈ ગયા તેવું કહેવામા કઈ ખોટું નથી. 'સમાજસેવા' શબ્દ ભારેખમ લાગે છે. સમાજસેવા માટે ખૂબ પૈસા જોઈએ, હોદ્દો જોઈએ, કાર્યકરોની મોટી ફોજ જોઈએ એવી ગ્રંથિ ઘણા માણસો ધરાવે છે. પરંતુ સેવા કોઈપણ રીતે થઈ શકે છે. તન મનથી પણ સેવા થઈ શકે.

**શિક્ષણપ્રેમી :** નાથાભાઈએ જ્ઞાનના હજારો દિવડાઓ પ્રગટાવ્યા છે. તેઓ સારી રીતે જાણે છે કે અનુસૂચિત અને અનુસૂચિતજાતિને આર્થિક શૈક્ષણિક રીતે સમૃધ્ધ બનાવવા માટે શિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરવી પડશે. અર્થશાસ્ત્રના પ્રખર વિદ્વાનના આ શબ્દો જુઓ- "દુનિયાની ભૌતિક સંપતિનો આકસ્મિક ઘટનાથી કદાચ નાશ થઈ જાય પરંતુ આવનારી પેઢીમાં વિચારોનો વારસો જો પુરોગામી પેઢી દ્વારા આપવામાં આવ્યો હોય તો તે વિચારો રૂપી મૂડી દ્વારા નાશ પામેલી દુનિયામાં ભૌતિક સંપતિનું સર્જન પળવારમાં વૈચારિક તાકાતથી કરી અનુગામી પેઢી દુનિયાને આશ્ચર્યચકિત કરી શકે છે. તેથી વિચારોનો વારસો જ ખરો વારસો છે." (કબીરવાણી- તંત્રી રીતબેન ભક્ત-મે-૨૦૧૫ પાન નં.૬૨) આવી વૈચારિક ક્રાંતિ લાવનારું પરિબળ શિક્ષણ અને સંસ્કાર છે. અનુસૂચિતજાતિ અને જનજાતિની શૈક્ષણિક તાસીરને ઊંચી લાવવામાં નાથાભાઈ પ્રવૃત જ નહીં ઓતપ્રોત છે. જનકલ્યાણ ટ્રસ્ટ અડાદરા શૈક્ષણિક સંસ્થાઓ પર નજર નાખીએ તો જે. બી. ખોત કુમાર છાત્રાલય અડાદરા, કૂ.રેષા પટેલ કન્યા છાત્રાલય અડાદરા, નયનાબા કન્યા છાત્રાલય અડાદરા, આદિજાતિ આશ્રમશાળા અડાદરા, ગાંધી સ્પેશ્યલ બહેરા-મૂંગા વિદ્યાલય ગોધરા, સ્વામી વિવેકાનંદ કુમાર છાત્રાલય મલાવ, કન્યા માધ્યમિકશાળા અડાદરા વિગેરેનો ઉલ્લેખ કરવો રહ્યો. ગોધરા ખાતે સને ૨૦૦૧થી દિવ્યાંગ મૂક બધિર બાળકોની શાળા શરૂ કરી જેમાં અનેક છાત્રો લાભ લઈ રહ્યા છે. આ સંસ્થા ખરેખર સક્રિય છે.

**વ્યસન મુક્તિના પ્રહરી :** આપણા સમાજે પ્રગતિના શિખરો સર કર્યા છે. જે આપણાં માટે ગૌરવની વાત છે. તેમ છતાં અંધશ્રધ્ધા- વ્યસનો પણ જોવા મળે છે. વિશેષ કરીને યુવાનો વ્યસનો તરફ દોરવાય છે. આદરણીય નાથાભાઈની દ્રષ્ટિ આવા વ્યસનોથી સમાજને દૂર રાખવા તરફની છે. 'વ્યસન અને ફેશન મનુષ્યના દુશ્મનો છે.' 'જે કરે નશો તે નથી

કશામાં' તથા 'પીએ સિગારેટ શોખથી અને મરે કેન્સરના રોગથી.' આવા સૂત્રો આપણને વ્યસનથી થતાં નુકશાનોની ચેતવણી આપે છે. યુવાનો આપણા દેશનું ભવિષ્ય છે. યુવાનો વ્યસનોથી દૂર રહે તે માટે નાથાભાઈ સતત વિવિધ જાગૃતિના કાર્યક્રમો કરતાં જોવા મળે છે. વ્યસનોમાં પરસેવાના પૈસા ના વેડફીએ અને આ પૈસા શિક્ષણ પાછળ વાપરીએ તે જરૂરી છે. વ્યસનથી માત્ર આર્થિક જ નહીં પણ શારીરિક નુકશાન થાય છે. માટે વ્યસનોને તિલાંજલિ આપીએ.

**રાજકીયક્ષેત્રે સક્રિય :** આનંદની વાત એ છે કે નાથાભાઈ રાજકારણક્ષેત્રે પણ એટલા જ પ્રવૃત છે. સમાજ સેવા શિક્ષણની સાથે સાથે રાજકીયક્ષેત્રે પણ તેઓ અનેક જવાબદારીઓ સુપેરે નિભાવી રહ્યા છે. આપણાં સમાજનું રાજકીયક્ષેત્રે પ્રતિનિધિત્વ જરૂરી છે. સરકારી યોજનાઓનો લાભ આનાથી મળી શકે. તેઓ શ્રી અનુસૂચિતજાતિ મોરચો પંચમહાલ ૨૦૦૪ થી ૨૦૦૭ સુધી ત્યાર બાદ પુનઃ અનુસૂચિતજાતિ મોરચો પંચમહાલ ૨૦૦૭ થી ૨૦૧૦ સુધી અને હાલ પણ કાર્યરત છે. તદ્દુપરાંત અડાદરા ગ્રૂપ પંચાયતમાં બિન હરીફ સભ્ય ૨૦૦૦ થી ૨૦૦૫ સુધી રહેલ છે. વિશેષમાં આપશ્રી શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરા તાલુકો કાલોલ, જી.પંચમહાલમાં આજદિન સુધી મેનેજિંગ ટ્રસ્ટી તરીકેની જવાબદારી બખૂબી નિભાવી રહ્યા છે.

**સેવાની કદર–એવોર્ડ :** શ્રીમદ ભગવદ ગીતામાં કર્મનું મહાત્મય દર્શાવવામાં આવ્યું છે. કર્મની સુવાશ માણસને ઊંચાઈ પર પંહોચાડે છે. કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી, અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી. આ ઉક્તિઓને નાથાભાઈએ સાર્થક કરી બતાવેલ છે. માણસ ધારે તે કરી શકે છે. તે માટે હિમ્મત જરૂરી છે. આપણાં ત્યાં કહેવત છે-મન હોય તો માળવે જવાય. મિત્રો નાથાભાઈની સેવાને અનેક પુરષ્કારોથી પોંખવામાં આવેલ છે. જેમ કે અનુસૂચિતજાતિના શૈક્ષણિક અને સામાજિક સેવા માટે, ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ વર્ષ :- ૨૦૧૩-૧૪ મહાત્મા ગાંધી એવોર્ડથી સન્માનીત, બધિર કલ્યાણક્ષેત્રે ઉત્તમ કામગીરી કરવા બદલ, કિકુભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ કછોલી દ્વારા સન્માનીત. નેશનલ ઈન્સ્ટીયુટેશન ઓફ એજ્યુકેશન એન્ડ મેનેજમેંટ ન્યુ દિલ્હી દ્વારા પણ અલંકૃત કરવામાં આવેલ છે. કોઈ કે સાચું જ કહ્યું છે - "કરો કામ ઇસ તરફ બન જાયે પહચાન. કદમ કુછ એસે દિખે અમીટ નિશાન, ઇસ જીવનમે કિજીએ કોઈ બડા કમાલ, તાકી બન જાયે સબકે લિયે મિસાલ" આદરણીય નાથાભાઈ શતાયુ હો તથા સતત સેવાકાર્ય કરતાં રહે તેવી મંગલ કામના કરું છું.

❀ ❀ ❀



Lajja Communications

# "આમ આદમી નાથાભાઈ વણકર"
## "એકમાં અનેક થઈને જીવતો માણસ-નાથાલાલ વણકર"

**ડો. નરસિંહદાસ વણકર**
(નિવૃત્ત પ્રોફેસર આટ્ર્સ કોલેજ ખેરાલુ)
મુ.પો. નાના કોટડા તા. ઇડર, જિ.સાબરકાંઠા પી.ન.383110, મો.નં. ૯૮૨૫૨૬૮૧૮૩
(૧૧, સમર્પણ પાર્ક, વાવોલ, ગાંધીનગર-૧૬)

જ્ઞાનની અધિષ્ઠાત્રી સર્વમંગલા, સર્વવત્સલા મા સરસ્વતી, વિદ્યાની દેવી "સરસ્વતી મહાભાગે, વિદ્યે કલમે લોચને વિદ્યા રૂપે વિશાલાક્ષી:, વિધ્યામ દેહિ નામોસ્તુતે"

ગુજરાત રાજ્યના પંચમહાલ જિલ્લાના વડા મથક ગોધરા મુકામે શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરાનો રજત જયંતિ મહોત્સવ અને તેના મેનેજિંગ ટ્રસ્ટી આત્મીયશ્રી નાથાભાઈ ગલાભાઈ વણકરનો ષષ્ઠીપૂર્તિ મહોત્સવનું યોગાનુયોગ સંયુક્ત આયોજન થયું છે તે આનંદની વાત છે. આ પ્રસંગે સંસ્થાઓના સંચાલકો, અધ્યાપકો અને સહુ વિદ્યાર્થી ભાઈ બહેનોને શુભેચ્છા પાઠવું છું.

પંચમહાલ જીલ્લામાં અનુસૂચિતજનજાતિનું બહુમૂલ્ય ધરાવતા ગોધરામાં સંસ્થા શિક્ષણની ક્ષિતિજો સર કરી છે જે આનંદદાયક છે. આ પ્રસંગે મેગેઝિન (સોવિનિયર) પ્રકાશિત થઈ રહ્યું છે. જેના દ્વારા પંચમહાલ જિલ્લાના વિસ્તારની ભાતીગળ ઓળખ પ્રસ્થાપિત થઈ રહી છે, આ શુભ પ્રસંગ સમયનું સંભારણું બની રહેશે. મેગેઝિનના માધ્યમથી સંસ્થાની પ્રવૃત્તિઓ અને સંસ્થાની ગતિવિધિઓની જાણકારી સમાજને થાય, પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ સર્વનો ઉત્સાહ વધે અને ઉત્સાહ જળવાય રહે તે પણ જરૂરી છે. મૅગેઝિન અતિતના ઓછાયા અને પ્રભાતના તેજોમય યાત્રાના સંપુટ સાથેની કડી છે. હવામાં ગુંજન કરતાં, ઇતિહાસના પાને કંડારાયેલા અતિતના અંગાર ઉપરથી રાખને ખંખેરવાનો પ્રયત્ન છે. સમયને પસાર થતાં કયાં વાર લાગે છે ? નક્કર હકીકતોને સંગ્રહવાનો, ગઇકાલ, આજ અને આવતીકાલના અરિસાનું પ્રતિબિંબ છે.

જેમની કોઠાસૂઝે સંકલિત, સુગ્રથિત અને પધ્ધતિસરના આયોજન દ્વારા વિકાસને વેગ આપ્યો છે તેવા નાથાલાલ વણકર સાહેબના નિમંત્રણને સલામ !!!

"નથી ગમતું ઘણું, પણ કંઇક તો એવું ગમે છે. બસ એજ કારણે આ ગોધરામાં આવવું ગમ્યું છે."

વર્તમાન સમયમાં જ્ઞાન વિજ્ઞાનનું ખૂબજ મહત્વ છે ત્યારે આપણી સંસ્થાઓ પણ

વિદ્યાર્થીઓને અદ્યતન જ્ઞાન અને માહિતીથી સુસજ્જ રાખે અને તેઓના ભાવિ વિકાસની નવી કેડી કંડારવામાં પથ દર્શક અને પ્રેરક બને તે જરૂરી છે.

"અમને સર્વ દિશાઓથી શુભ વિચારો પ્રાપ્ત થાઓ" - ઋગવેદ

શ્રી નાથાલાલ વણકરની દેખરેખ તળે સતત માર્ગદર્શન મળતું રહ્યું છે. તેમનો અથાગ પુરુષાર્થ, દીર્ઘદ્રષ્ટિ અને તમામ સંસ્થાના પદાધિકારીશ્રીઓ, સભ્યશ્રીઓની શુભેચ્છાઓ, લાગણી સાથે સાયુજ્ય સાધી રહ્યા છે. ગામડામાં કામ કપરું છે. તે તો કામ કરનારા જ જાણે. આજના વર્તમાન તબક્કે અંતરિયાળ વિસ્તારોમાં વિદ્યાર્થીઓને શિક્ષણ, કેળવણી અને સંસ્કારના અમીસિંચન કરાવવા તે નાનીસુની વાત નથી.

નાથાલાલની ઓળખાણ કરી લઈએ તેમનો જન્મ મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાનાં પાંસરોડા ગામે માતા માંનીબેનની કૂખે તા. ૦૧/૦૬/૧૯૬૦ના રોજ થયો. નાનપણમાં પરમ પૂજ્ય પિતાશ્રી ગલાભાઈની છત્રછાયા ગુમાવેલી. તેથી પરિવારમાં માતા અને પુત્ર બે જ હતા. પ્રાથમિક શિક્ષણ ધોરણ ૧ થી ૭ સુધી પાંસરોડા શાળામાં મેળવ્યું. આ ઉંમરે ખેતી કામ અને મજૂરીએ જવું પડતું. માધ્યમિક શિક્ષણ એમ.આર.હાઈસ્કૂલ અડાદરામાં મેળવ્યું. પરિવારની સ્થિતિ પામતાં તા. ૦૪/૧૦/૧૯૯૦માં ડો. કરશનદાસ સોનેરી સાહેબ (શિક્ષણમંત્રી)ના સમયમાં વર્ગ-૪ની સ્વીકારી. ધોરણ ૧૦ની પરીક્ષા ૧૯૯૨માં વી.ડી.માયવંશી વિદ્યાલય પાંડવા તા. બાલાશિનોરથી અને ધોરણ ૧૨ની પરીક્ષા એમ.જી. એસ માધ્યમિક અને ઉ.માં.હા. કાલોલથી પાસ કરી. તેમના લગ્ન અરવલ્લી (સાબરકાંઠા) જિલ્લાના હઠીપૂરા તા. બાયડ મુકામે અર્ધાંગિની, પુંજાભાઈ ધૂળાભાઈની દિકરી ડાહીબેન સાથે લગ્ન થયા. સંતાનોમાં એક દિકરી નામે જ્યોત્સનાબેન અને બે દિકરા (૧) નરસિંહભાઈ (૨) રમેશભાઈ. ૧૯૯૫માં શ્રી પંચમહાલ અનુસૂચિતજાતી એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરાની સ્થાપના કરી. તા. ૦૫/૦૮/૧૯૯૫ જેના તેઓ મનેજિંગ ટ્રસ્ટી છે.

ટ્રસ્ટ દ્વારા જે.બી.ખોત કુમાર છાત્રાલય અડાદરા ૧૯૯૬, કૂ. રેષા પટેલ કન્યા છાત્રાલય અડાદરા ૧૯૯૭ (અનુસૂચિતજાતિ), જ્યારે અનુસૂચિતજન જાતિનું નયનાબા કન્યા છાત્રાલય અડાદરા ૨૦૦૧માં, ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય ગોધરા ૨૦૦૨, અનુસૂચિતજન જાતિ માટેનું સ્વામિ વિવેકાનંદ કુમાર છાત્રાલય મલાવ વર્ષ ૨૦૦૫ તથા કન્યા માધ્યમિકશાળા અડાદરા વર્ષ ૨૦૦૫ માં શરૂ થયા. સંસ્થાઓની સ્થાપનામાં સાથીદારો રમેશભાઈ અને માવજીભાઇ વણકરનો સહયોગ સાંપડ્યો. તેમજ દિલેર દાતાઓ ગોવિંદભાઇ માહયાવંશી, આર્ય કેમિકલ સુરતના મેનેજર વિનોદ ડી. ચૌહાણ, રસિકભાઈ શાહ, નવીનભાઈ સોની, સ્વાતિ એજયુ. ટ્રસ્ટ બોરીવલીના જયંતીલાલ શાહ, મનુભાઈ વી.શેઠ, મુકેશભાઇ શેઠ, સંતરામ મંદિરના મહંત નારાયણ બાપુ, અમેરિકા નિવાસી રોહિતભાઈ પટેલ, કરમસદના પ.પૂ. રામદાસ મહારાજ, હાલોલના મનુભાઈ

ગાંધી અને ભૂપતભાઇ ગાંધી, ગણેશદાસજી મહારાજ માર્ગ્યસ્મિત સ્વામી, તેજપાલસિંહ, જનપ્રતિનિધિઓમાં પૂર્વ ધારાસભ્યશ્રી તથા પૂર્વ લોકસભાના સાંસદ પ્રભાતસિંહજી, સાંસદ ભૂપેન્દ્રસિંહ સોલંકી પૂર્વ શિક્ષણમંત્રી કરશનદાસ સોનેરી, ધારાસભ્ય અરવિંદસિંહ રાઠોડ, નગરપાલિકાના પ્રમુખ વિદ્યાબેન હરવાણી, કાલોલ તા.પં. પ્રમુખ નરેન્દ્રસિંહ, ધારાસભ્ય શ્રી સુમનબેન ચૌહાણ, જીલ્લા પંચાત પ્રમુખ રાજપાલસિંહ તથા કાલોલ તા.પં. પ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ચૌહાણ રાજસભાના પૂર્વ સાંસદ (અને દસાડાના ધારાસભ્ય) પ્ર.પૂ.૧૦૦૮ મહામંડલેશ્વર ડો.શંભુનાથ ટુંડીયા વગેરે પદાધિકારીઓ, અધિકારીશ્રીઓના સાથ સહકારથી વર્તમાન આપની સામે જ છે.

કર્મથી કરવાની પ્રતિજ્ઞા લઈને નાથાલાલ જીવે છે. કર્મથી પલાયન એટ્લે જીવનથી પલાયન. મનુષ્યથી આ દુનિયામાં કશું જ શ્રેષ્ઠ નથી. કર્મ પ્રભુપરાયણ સાથે કરવામાં આવે, ભોગ વિલાસથી મુક્ત રહી, સમરપણભાવે કરવામાં આવે તો પરિત્યાગના પરિવ્રાજક બની જાય છે. મોટાભાગની વ્યક્તિઓ 'સ્વ' ના કુંડાળામાં અટવાયને જીવનયાત્રા કોઈપણ જાતની ફળશ્રુતિ વગર પૂરી કરે છે. જ્યારે શ્રી નાથાલાલ જેવી વિભૂતિઓ માનવજાતના ઉત્થાનમાં કલ્યાણમાં જીવન વ્યતીત કરી, પોતાના અસ્તિત્વને સાર્થક કરી સાઇઠ વર્ષની ઉંમરે ઈતિહાસમાં નોંધપાત્ર સ્થાન હાંસલ કર્યું છે. ડો. બાબાસાહેબ આંબેડકરના શબ્દોમાં, "તમે કેટલું જીવ્યા તે મહત્વનુ નથી, પણ કેવું જીવ્યા તે મહત્વનુ છે." સિધ્ધી તેને જઈ વારે, જે પરસેવે ન્હાય. શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો. આંબેડકરી ચળવળને સાર્થક કરી છે. એક ઉર્દુ શાયરે સરસ વાત કરી છે.

"ખુદ કો કર બુલંદ ઇતના, કી હર તકદીર સે પહલે

ખુદા બંદે સે યે પૂછે, બતા તેરી રજા ક્યા હૈ ?

નાથાલાલ નિજાનંદી છે. એમનું કામ સર્જનનું છે. કર્મનું છે. એમને કોઈની પરવા કરી નથી. કેટલાક કામ કરનારા ટીકા પણ કરે છે. એમના અસ્તિત્વથી અન્યને સભાન કરવા પ્રયત્ન કરે, પણ એથી શું? શ્રી નાથાલાલ એમનું કામ કર્યા જ કરે છે. એક વખત જે કામનો શુભારંભ કરે તેને ઉદઘાટનમાં પરિણમે જ. નાથાલાલની વાણીનો વિવેક તો જુઓ !

પંચમહાલની ભાતીગળ લોકબોલીનો છંટકાવ તો ખરો જ. બોલવું એ સૌથી સહેલું લાગતું અઘરું કામ છે. વિન્દેમ દેવતામ વાચમ અમૃતામ આત્મનઃ કલામ (સંસ્કૃતમાં લખવું) વાણીનો વિવેક જાળવવો એ સહેલું કામ નથી.)

શિક્ષણ જ વિકાસની ગુરુચાવી છે. કુમાર / કન્યા છાત્રાલયો, આશ્રમશાળા, કન્યા માધ્યમિકશાળા, દિવ્યાંગ બાળકોનું જતન દ્વારા ચોમેર સંસ્થાની સુવાસ પ્રસરી રહી છે. ડો.બાબાસાહેબના માર્ગે અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ સમાજના છેવાડાના

આદમી, વિકાસથી વંચિત, પછાત, અતિપછાત, બંધુ ભગિનીઓને એકવીસમી સદીમાં જ્ઞાનયજ્ઞ દ્વારા 'સહુનો સાથ સહુનો વિકાસ' મંત્રને સાર્થક કરી બતાવ્યો છે. એકવીસમી સદી જ્ઞાનની સદી છે. ભાવિ બાળકોમાં રાષ્ટ્રવાદ, એક્તા, સંસ્કાર, સ્વદેશી ભાવનાનાં સંસ્કારો સિંચી ઉન્નત શિખરો સર કરવાની મનીષા સંસ્થામાં જોઈ શકાય છે. અજ્ઞાન રૂપી અંધકારને ઉલેચી જ્ઞાનનો પ્રકાશ પાથરવાનું કાર્ય થઈ રહ્યું છે. જે અભિનંદનને પાત્ર છે.

સંસ્થાએ અનેક લીલીસૂકી જોઈ હશે. અનેક મુશ્કેલીઓ પાર કરીને ધાર્યા મુજબની પ્રગતિની આગેકૂચ જાળવી રાખી છે. લોકફાળો, પંથકના દરિયાવદિલના દાતાઓ, લોકોનો અપ્રતિમ સહકાર તથા શુભેચ્છકોએ પ્રગતિના રથને ખૂબ વેગ પૂરો પાડ્યો છે. ઘણું કર્યું છે અને ઘણું કરવાનું બાકી છે. હજુ વધુ શૈક્ષણિક સંસ્થાઓ વિસ્તારવાનું અને નવા શિખરો સર કરવાની તેમની નેમ છે. સાથીદારોની ટીમનો સહકાર સાંપડ્યો છે. કેવળ એજ માણસો પ્રગતિ કરી શકે છે જેનું હદય કોમળ, બુધ્ધિશક્તિ તીવ્ર હોય છે. કર્મ ધર્મ અને જ્ઞાનની ત્રિવેણી સંગમ સમા પંચમહાલ જીલ્લામાં શિક્ષણ તેનું લોકજીવન તેનું કૃષિ અને પશુપાલનનું આગવું પ્રદાન રહ્યું છે.

દિલ્હીથી ૩૫ કિ.મી. દૂર હરિયાણા રાજયના ઝૂંઝૂડી ગામે સપ્તાહની શિબિર હતી. ભારતભરના રાજ્યોમાથી ગુજરાત પણ સામેલ હતું. ૩૩ જિલ્લા પૈકી મહેસાણા અને પંચમહાલ જિલ્લાના કાર્યકરો હાજર રહેલા. હું (નરસિંહદાસ) નારાયણભાઇ પહાડીયા અને કરશનભાઇ સોલંકી (કડી વિધાનસભાના ધારાસભ્ય છે.) મહેસાણાથી જ્યારે પંચમહાલ જીલ્લામાંથી નાથાલાલ, માવજીભાઇ વણકર હાજર રહેલા. આ અમારી મુલાકાત મૈત્રીમાં પરિણમી.

હાલમાં નાથાલાલ ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પક્ષના અનુસૂચિત જાતિ મોરચાના મંત્રી છે. હું મહેસાણા જિલ્લા અનુસૂચિતજાતિનો પ્રમુખ છું. તો શંભુનાથ બાપુ રાજ્યના અનુસૂચિત જાતિ મોરચાના અધ્યક્ષ છે. અનુસૂચિત જાતિ મોરચાનું મહારાષ્ટ્રમાં નાગપુર મુકામે અધિવેશન હોય, કોબા કમલમ ગાંધીગનર મોરચાની મિટિંગ હોય કે દર માસની પૂર્ણિમા હોય ઝાંઝરકા મુકામે અમારું મિલન થાય, થાયને થાય, પંચમહાલ જિલ્લાના અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ માવજીભાઇ વણકર સાથે નાથાલાલ (બંડીધારીઓ) હોય. બાપુની અમી નજર ખરી.!

તેથી જ તો નાથાલાલની ગણતરી નેતાઓમાં ખરી. પંચમહાલમાં અનુસૂચિતજાતિની વિધાનસભાની બેઠક નથી. જો હોત તો તેઓ ધારાસભ્ય હોત. તેઓ કોઈ ચૂંટણી લડ્યા નથી. પરંતુ સંખ્યાબંધ સંગઠનોમાં તેઓ પદાધિકારી છે. લોકપ્રિય નેતા છે. તેઓ ટૂંકું, સ્પષ્ટ અને સામી વ્યક્તિના મગજમાં- દિલમાં ઉતરે તેવી રજૂઆત કરે છે. તેઓ સત્ય બોલે છે. અને પ્રિય બોલે છે. મહાન વિચારક કાર્લાઈલે કહ્યું છે કે "માણસના જીવનની શરૂઆત

એક ખોજ સાથે થાય છે. "માણસ એક છે એની ઓળખાણો અનેક છે. નાથાલાલ સાથે વાર્તાલાપ કરવા એ એક અનેરો લાહવો છે. ભારેખમ વાતને પણ તેઓ હળવાસથી કહી શકે છે. એમની વાતોમાં જીવનનું દર્શન છે. વ્યવહારનો મર્મ છે સોંસરવી ગળે ઉતારી જાય તેવી તર્કબધ્ધતા છે. જેનું જીવન સદાય સદવિચાર કરે છે. સારું આચરણ કરે છે તેનો પ્રત્યેક દિવસ દિવાળી છે.

જીવન પર્વની સાથે સંસ્થાઓની શૈક્ષણિક અને શિક્ષણેત્તર પ્રવૃતિઓની માહિતી સમાજ સુધી પહોંચે તે માટે મેગેઝીન અરીસાનું કાર્ય કરે છે. ટ્રસ્ટની ભગિની સંસ્થાઓ સંસ્થા કાર્યશીલ કાર્યકર્તાઓ, યોગદાન આપનાર સમાજ સેવકો સહુના યોગદાન બદલ શુભેચ્છાઓ. જ્ઞાન પ્રાપ્તિ એ દરેક માણસનો જન્મ સિધ્ધ અધિકાર છે. વિદ્યાધામ એ આરાધનાનું તીર્થ છે. યુવાપેઢીને આજના સ્પર્ધાત્મક વૈશ્વિકકરણની કક્ષાએ સક્ષમ અને સુયોગ્ય બનાવે તેવું જ્ઞાન આપવામાં રોજગારી અપાવવામાં સંસ્થા સફળ નીવડે, આફતોને અવસરમાં બદલે સંસ્થાઓની ઉત્તરોતર પ્રગતિ થાય તેમાં વૈવિધ્યનો ઉમેરો થતો રહે અને સૌને માટે પ્રોત્સાહક અને પ્રેરક બની રહે તે માટે હું મારી શુભેચ્છાઓ પાઠવું છું. મેગેઝીન દ્વારા અતીત અને વર્તમાનને સાંકળતી કડીઓ કંડારાઈ રહી છે. સંસ્થાનો ઉચ્ચતમ વિકાસ થાય તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના. નાથાભાઈની ઉત્તરોતર પ્રગતિ થાય દીર્ઘાયુ બને અને લોક કલ્યાણની પ્રવૃતિઓ દ્વારા ક્ષિતિજો સર કરે તે માટે અભિનંદન સહ વંદન.

"અસ્થિર મનના માનવીને કદી રસ્તો જડતો નથી,
અડગ મનના મુસાફિરને હિમાલય કદી નડતો નથી."

ઇ.સ. ૨૦૨૦, યુગાબ્દ- ૫૧૨૧,
વીરસંવત-૨૫૪૬,
વિક્રમ સંવત-૨૦૭૬,
શક - ૧૯૪૨

❁ ❁ ❁

# ભણતર નહિ પણ ગણતર

**જશુભાઈ પરમાર**
વડોદરા

સમાજ સેવાની આપની પ્રવૃત્તિઓ જાણી સ્વાભાવિકપણે જ અભિનંદન આપવાનું મન થાય. કોઈપણ સંસ્થા સ્થાપવી એ અલગ વાત છે, અને તેને નિભાવી જાણવી એ અલગ વાત છે. સમાજના વંચિત વર્ગને શિક્ષણ સાથે અનેક સુવિધાઓ પૂરી પાડવી અને તેને વટવૃક્ષની વડવાઈઓની જેમ વિકસાવવી એ ભગીરથ કાર્ય માટે આપને અનેકોનેક અભિનંદન.

પછાત વર્ગના વિદ્યાર્થીઓની સાથે વિધવા બહેનોને પણ શિવણ તાલીમ દ્વારા પગભર કરવાનું પુણ્ય કાર્ય કર્યું છે. પંચમહાલ જિલ્લાના આર્થિક પછાત વિસ્તારમાં આપનું કાર્ય 'રણમાં વિરડી' સમાન છે. ગાંધીજીના શબ્દોમાં કહું તો "મારુ જીવન એ જ મારો સંદેશ છે." આપ અનેક વિદ્યાર્થીઓના નાથ બની આપના નામને સાર્થક કર્યું છે.

આશ્ચર્યની વાત તો એ છે કે આટલી મોટી સંસ્થાઓ ઊભી કરવામાં આપે સંસ્થાના મોભીઓ, દાતાઓ અને સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત કરી શક્યા છો. એ આપની કુનેહ અને વિશ્વનીયતાનો પુરાવો છે. સાથે સાથે સમાજના તમામ પ્રકારના લોકો એટલે જે રાજકીય હોય, સામાજિક હોય, ઉદ્યોગ જગતના હોય કે શિક્ષણપ્રેમી તમામને સાથે લઈને આગળ વધો છો. તે સરાહનીય છે.

ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,
અણદીઠેલી ભોમ પર, યૌવન માંડે આંખ.

ઉક્તિની માફક આપનો થનગનાટ અંતર આત્માની પાંખ વડે દોડ્યો છે. આપે આપના યૌવનને યોગ્ય દિશામાં વાપર્યુ છે. એક પછી એક સંસ્થા લગાતાર સ્થાપનાર આરામ ન લઈ શકે બેશક આપ અવિરત પણે દોડ્યા છો.

આપના જીવનની સંઘર્ષકથા પણ રોચક છે. નાનપણમાં પિતાનું છત્ર ગુમાવવું, વિધવા મા સાથે ખેત મજૂરી કરી જીવવું, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લઈ ચોથા વર્ગના કર્મચારી તરીકે નોકરી કરવી બિલકુલ સામાન્ય કથાનક. પણ સાચો હીરો જેમ છુપાઈ નથી રહેતો તેમ આપ ઝળક્યા. બાળપણમા વિધવા માતાએ પહેલ તો પાડેલ જ હતા. તેમ તમે એક



Lajja Communications

સંસ્થાપક તરીકે પ્રકાશિત થયા અને સેવા કાર્યના પ્રકાશ પૂંજથી સમાજને પ્રકાશિત કર્યો.

માત્ર એક જ દશકામાં આપે નવ જેટલી સંસ્થાઓ સ્થાપી ઇતિહાસ રચ્યો. આ કામ સરળ નથી. સરકારી પરવાનગીઓ મેળવવી જમીન લેવી નાણાં ઊભા કરવા અને છેક નડીયાદ, વડોદરા, મુંબઈ અને અમેરિકા સુધી નજર લંબાવી નાણાકીય સહાય મેળવવી અતિશય કઠિન છે. આટલી સંસ્થાઓ સ્થાપીને તમે 'IMPOSSIBLE' ને "I am Possible" કરી બતાવ્યુ. આપના જ શબ્દોમાં આપે "ભણતર નહીં પણ ગણતર" કામે લગાડ્યું.

"SUCCESSES OFTEN COMES TO THOSE WHO DARE AND ACT" જવાહરલાલ નહેરુની ઉક્તિને આપે સાર્થક કરી છે. હિંમત પૂર્વક જે કામ કરે છે તેને ઈશ્વર પણ સહાય કરે છે.

આપના સામાજિક, ઉત્થાનના અતુલ્ય સેવા કાર્યો સમાજના અનેક શિક્ષિત અશિક્ષિત, ભણેલા કે ગણેલા નાગરિકો માટે એક "સીમા ચિહ્ન છે." ઈશ્વર આપને હજૂપણ વધારે સમાજસેવા માટે શક્તિ પ્રદાન કરે એવી શુભેચ્છા !

❁ ❁ ❁

# નાથાભાઈ

**અશ્વિનભાઈ જી. પંડ્યા**
માનદમંત્રી - શાહ કે. એલ. બહેરા મૂંગા શાળા - ભાવનગર
ટ્રસ્ટી અને પૂર્વમંત્રી. પી.એન.આર.સોસાયટી ફોર રિલીફ એન્ડ રિહેબિલિટેશન ફોર ધી ડિસેબલ્ડ - ભાવનગર.
ઉપપ્રમુખ. અખિલ ગુજરાત બધિર શાળા સંચાલક મંડળ.
ટ્રસ્ટી સાંત્વન વિકલાંગ વિકાસ સંસ્થા - જૂનાગઢ.
મેમ્બર. વિભાગીય રેલવે ઉપભોક્તા સલાહકાર સમિતિ - ભાવનગર

પ્રતિ,
શ્રી જેઠાભાઇ જે. વણકર.
શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ - અડાદરા રજત જયંતિ
અને શ્રી નાથાભાઈ જી વણકર ષષ્ઠીપૂર્તિ મહોત્સવ સમિતિ
મુ.પો. અડાદરા. તા. કાલોલ. જી. પંચમહાલ - ૩૮૯૩૮૪.

**સ્નેહિ શ્રી જેઠાભાઇ વણકર,**

આપનો પત્ર મળ્યો. આપશ્રી શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ – અડાદરા રજત જયંતિ તેમજ ભાઈશ્રી નાથાભાઈ જી વણકરના ષષ્ઠીપૂર્તિ મહોત્સવ ઉજવી રહ્યા છો તે જાણી ખુબજ આનંદ થયો. આ બંને કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવું છું.

ગુજરાતમાં ત્રીસથી વધારે બહેરા મૂંગા શાળાઓ આવેલી છે પરંતુ તેમાં શિક્ષણની સમાનતા જોવા મળતી નહોતી આ બધી સંસ્થાઓ શિક્ષણ ખાતામાં નહી પણ સમાજ સુરક્ષા ખાતા હેઠળ ચાલતી હોઈ અને તેઓ તરફથી શિક્ષણ ક્ષેત્રે કોઈ માર્ગદર્શન મળતું ના હોઈ તમામ શાળાઓનું એક સંગઠ્ન બનાવવાનો વિચાર આવ્યો. આ રીતે અખિલ ગુજરાત બધિર શાળા સંચાલક મંડળની સ્થાપના થઇ અને તેમાં શ્રી નાથાભાઈનો પ્રથમ વખત પરિચય થયો. તેની ત્રિમાસિક મિટિંગ અલગ અલગ જગ્યાએ રાખવાનું નક્કી થયું. આવી એક મિટિંગ ગોધરા મુકામે રાખેલ જેમાં શ્રી નાથાભાઈની બહેરા મૂંગા શાળા જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું ત્યારે આ આદિવાસી વિસ્તારની શાળાનું શિક્ષણનું સ્તર, વિદ્યાર્થીઓની શિસ્ત અને કર્મચારીઓનું સમર્પણ જોઈને હું અચંબિત થઇ ગયો. શાળાનું આ સ્તર લાવવામાં શ્રી નાથાભાઈનો ફાળો અનન્ય અને નોંધનીય ગણી શકાય.


Lajja Communications

મહીસાગરના વીરપુર તાલુકાના પાંસરોડા ગામના એક ગરીબ દલિત કુટુંબમાં જન્મ, બાળપણમાંજ પિતાની છત્રછાયા છીનવાઈ, વિધવા માંએ પેટે પાટા બાંધીને માંડ માંડ પ્રાથમિક શિક્ષણ અપાવી શક્યા તો પણ શ્રી નાથાભાઈએ પોતાના બાળપણની ગરીબી અને પછાતપણાને નજરે જોયેલ તે બરાબર યાદ રાખી સમાજના બીજા બાળકોની દશા આવી ના થાય તે માટે ખીસામાં કોડી પણ ના હોવા છતાં સમાજના ગરીબ અને પછાત લોકોને આગળ લાવવાનું બીડું ઝડપ્યું અને મક્કમ મને આગળ વધી એકલે હાથે પહાડ ખોદવા જેવું ભગીરથ કાર્ય કરી બતાવ્યું છે તે ના માત્ર અભિનંદનીય છે પરંતુ સરાહનીય પણ છે. આવી વિરલ વ્યક્તિઓથીજ આ દેશ અને દુનિયા ચાલી રહી છે તે શ્રી નાથાભાઈએ સાબિત કરી બતાવ્યું છે.

અલ્પ શિક્ષણની પરવા કર્યા વગર શ્રી નાથાભાઈએ સંઘર્ષ શરૂ રાખ્યો અને આજે અડાદરા, ગોધરા અને મલાવ વી. સ્થળે ૭ જેટલી સંસ્થાઓનો સમૂહ, ના માત્ર ઉભો કર્યો પણ શ્રેષ્ઠ સંચાલન કરી બતાવ્યું. આ રીતે તેઓએ ગરીબ પછાત અને જરૂરિયાતમંદોના જીવનમાં પ્રાણ પુરવાનું કાર્ય કર્યું છે જે તેઓની સિદ્ધિ દર્શાવે છે.

દરેક પુરુષની સફળતા પાછળ સ્ત્રીનો હાથ હોય છે તે શ્રી નાથાભાઈના કેસમાં બરાબર ફીટ બેસે છે. શ્રી નાથાભાઈના કેસમાં તો બે બે સ્ત્રીઓનો હાથ દેખાઈ આવે છે. એક તેઓના માતા માંનીબેન જેને દુનિયાનું મોટામાં મોટું દુઃખ જોયા છતાં દીકરા માટે બધાજ વિચારોનો ત્યાગ કરી એકજ ધ્યેય કે દીકરાને ઉછેરીને ભણાવી ગણાવી આદર્શ વ્યક્તિ બનાવવો છે જે તેઓએ કરી બતાવ્યું અને બીજા તેમના ધર્મપત્ની ડાહીબેન જેમના સહકાર, ત્યાગ અને શ્વાસે શ્વાસે સાથ વગર સંભવ ના બની શક્યું હોત. આ તબક્કે આ બંને સન્નારીઓને યાદ કાર્ય વગર રહી શકાતું નથી.

આ તબક્કે હું શ્રી નાથાભાઈને ષષ્ઠીપૂર્તિના અભિનંદન પાઠવું છું અને તેઓ સેન્ચુરી ઉજવે અને તેઓના હાથે ગરીબ અને પછાત વર્ગની સેવા થતી રહે તેવી શુભેચ્છા પાઠવું છું. સાથે સાથે આપની સંસ્થા શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટની રજત જયંતિ પ્રસંગે તમામ સંસ્થાઓની પ્રગતિ માટે ઈશ્વરને પ્રાર્થના કરું છું.

ઈશ્વર શ્રી નાથાભાઈને દીર્ઘાયુ બક્ષે તેવી પ્રાર્થના. ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ અને આ અંગે રચાયેલ સમિતિના તમામ સભ્યોને હૃદયપૂર્વકના અભિનંદન.

આભાર સહ

Lajja Communications

# શિક્ષણપ્રહરી નાથાભાઈ

**રાજવી દિનેશભાઈ લાલાભાઈ (ડી.એલ)**
અક્ષર ગ્રીન-૨ તીર્થ વિલા સામે, કંજરી રોડ, હાલોલ, તા.હાલોલ જી.પંચમહાલ,
મો. ૯૯૭૯૪ ૨૩૧૮૦

'શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરા', અને તેનાથી સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓની આ વર્ષે ૨૫ વર્ષની સફળયાત્રા થવા જઈ રહી છે. તદ્દુપરાંત સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નાથાભાઈ જી.વણકર જેઓ દિવસ રાત સતત સામાજીક સેવા કાર્યોમાં યોગદાન આપી રહ્યા છે. ઉત્તરોતર પ્રગતિ કરી રહ્યા છે. તેઓના ૬૦ વર્ષ પણ પૂરા થવા જઇ રહ્યા છે. તથા સંસ્થાની રજત જયંતિ તથા આદરણીય નાથાભાઈ વણકરની ષષ્ઠીપૂર્તિની ઉજવણી થવા જઇ રહી છે. આનંદ સાથે આ એક ગૌરવની વાત છે. હું એમના પ્રતિ ગૌરવ અનુભવું છું.

શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટનું રહસ્ય જોઈએ તો ખેડા જિલ્લાના નાનકડા પાંસરોડા ગામમાં શ્રમજીવી ખેડુ તરીકેના જીવનમાં ખેતરમાં બીજ વાવવાની જગ્યાએ તેમણે સપના વાવેલા એ સપના સમાજની જરૂરિયાતોમાંથી કેટલાક સારી દિશામાં મથતા પુરૂષાર્થકોને જોઈને તેમની આંખોમાં ઉગેલા. ભણતર ઓછું હતું પરંતુ ગણતર વધુ હતું તો તેની આજે જીત થઈ છે. અને તેમનું જે સપનું હતું તે સાકાર થયું છે. તો શ્રી નાથાભાઈની શ્રમજીવી ખેડુ અવસ્થામાં વવાયેલા સપના પ્રતિ દ્રષ્ટિપાત કરવો પડે. આમ તો વાત સામાન્ય લાગે છે, પરંતુ અણમોલ અને પરિણામલક્ષી બની છે.

આપના પૂર્વજો સાધનો ઓછા હોવા છતાં આપના કરતાં વધારે સુખી પ્રસન્ન અને સમાધાની હતા. તેનું કારણ તેઓ સારી ભાવનાવાળા તથા સારા ગુણોવાળા હતા. જે સમાજમાં આવા માણસો હોય તે સમાજ અભાવ, અજ્ઞાન કે અશક્તિથી પીડાતો નથી. સારા બંધુ મિત્ર શ્રી નાથાભાઈએ સંકલ્પ કર્યો છે કે શૈક્ષણિક કાર્યો તથા સમાજની સેવા કરવી છે. છેલ્લા ૨૫ વર્ષથી તેઓ શૈક્ષણિક તથા સામાજિક ક્ષેત્રે કાર્ય કરતા રહ્યા છે. મે તેમને હમેશાં ગમે તેવી લોક નિંદામાં પણ હસતાં જોયા છે. ગમે તેવી ટીકા ટિપ્પણી વચ્ચે પણ તેઓ પ્રસન્ન રહી પોતાની પ્રવૃતિઓ ને સતત કાર્યો કરતાં રહ્યા છે. સેવા એ જ તેમનું સાધ્ય છે. ડો.બાબાસાહેબ આંબેડકરના વિચારો જોતાં લાગે છે કે તેઓ મહાન હોવા છતાં વિનમ્ર છે.

"શૈક્ષણિક" "સામાજિક" અને "આધ્યાત્મિકતાનો" વહેતો ધોધ

"માનવથી મહામાનવ"



Lajja Communications

## જન્મભુમીની વાત કરીએ તો

ડો.બાબાસાહેબ આંબેડકર તથા સ્વામી વિવેકાનંદના વિચારોને વરેલા એવા આદરણીય બંધુ મિત્ર શ્રીમાન નાથાભાઈ જી. વણકર મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાનાં પાંસરોડા ગામે એક સાધારણ દલિત કુટુંબમાં તા.૦૧/૦૬/૧૯૬૦ના રોજ પિતા ગલાભાઈ માતા માંનીબેનના ઘરે જન્મ થયો હતો. માત્ર ૧૨ કે ૧૬ માસની ઉમ્મરમાં પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. કુટુંબમાં કોઈ સગા કાકા કે કોઈ ભાઈ બહેન હતા નહીં. આગળ કે પાછળ તેમના માતુશ્રી માંનીબેન જ હતા.

## અભ્યાસની વાત કરીએ તો.......

પાંસરોડા ગામમાં ૧ થી ૭નું જ શિક્ષણ લીધેલ છે. તે સમયમાં ત્યાં ધો. ૮ થી ૧૨ સુધીની સ્કૂલ પણ ન હતી. જેથી અભ્યાસ અપૂર્ણ રહ્યો. ધો.૧૦ પાંડવાથી અને ધો.૧૨ કાલોલથી પાસ થયેલ છે.

તેમણે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના હઠીપૂરા ગામના ડાહીબેન સાથે લગ્ન થયા તેઓ પણ ધાર્મિક વૃત્તિના હતા. જેથી પતિની સફળતામાં પણ તેમનો હાથ સાથે રહેલો છે. લગ્ન જીવનમાં ત્રણ સંતાન દીકરી જ્યોત્સનાબેન તથા નરસિંહભાઈ અને રમેશભાઈ બે દીકરા આ તેમનું જમા પાસું રહેલું છે.

## સમાજ સેવાની વાત કરીએ તો

પૂજ્ય મહાત્મા ગાંધી એ આપેલા મંત્ર અસ્પૃશ્યતા સમાજનું કલંક છે, તે દૂર થવું જોઈએ. સમાજના કચડાયેલા દબાયેલા શોષિત પીડિતજનોને સેવા થઈ શકે સામાજિક કુરિવાજો તથા વ્યસન મુક્ત સમાજ બને તે હેતુથી તેમણે ૧૯૯૫માં શ્રી પંચમહાલ અનુસૂચિતજાતી એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરાની સ્થાપના કરી જેમાં મેનેજિંગ ટ્રસ્ટી તરીકેની ફરજ નિભાવી.

શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના........

૧. જે.બી.ખોત કુમાર છાત્રાલય અડાદરા, વર્ષ-૧૯૯૬

૨. કુ.રેષા પટેલ કન્યા છાત્રાલય અડાદરા, વર્ષ-૧૯૯૭

૩. નયનાબા કન્યા છાત્રાલય અડાદરા, વર્ષ-૧૯૯૯

૪. આદિજાતિ આશ્રમશાળા છાત્રાલય અડાદરા, વર્ષ-૨૦૦૧

૫. ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય ગોધરા. વર્ષ-૨૦૦૨

૬. સ્વામી વિવેકાનંદ કુમાર છાત્રાલય મલાવ, વર્ષ-૨૦૦૫

૭. કન્યા માધ્યમિક શાળા, અડાદરા, વર્ષ-૨૦૦૫

## કર્મભૂમિની વાત કરીએ તો......

ગામ અડાદરા તા.કાલોલ જી.પંચમહાલ રહેલ છે. તેમણે શ્રી એમ.આર.હાઈસ્કૂલ અડાદરામાં વર્ગ-૪ ના કર્મચારી તરીકે ફરજ બજાવેલ છે. ભલે વર્ગ-૪ના કર્મચારી રહ્યા પરંતુ શિક્ષણ પ્રત્યેના તેમના જે વિચારો હતા તે ઉમદા અને ઉચ્ચકોટિના હતા. જેથી તેમણે ૧૯૯૫માં અડાદરાને જ કર્મભૂમિ બનાવી. શિક્ષણની ધૂણી ધખાવી અડગ નિર્ધાર સાથે અડાદરામાં રહેવા લાગ્યા. જિંદગીમાં ઘણી મુશ્કેલીઓ જોઈ હશે, પડી હશે પરંતુ અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી. અશક્યને પણ શકય કરનાર એ અમારા નાથાભાઈ છે. આ સમાજનું એક વટવૃક્ષ છે. તેની છાંય સમાજને હરહંમેશ કાયમ સદા માટે મળતી રહેશે.

સમાજ વિકાસના પથ પર ચાલે એ એક અભિગમ સાથે ચાલ્યા. માનવમાંથી કોઈ નેતા બને છે. કોઈ અભિનેતા બને છે. તો કોઈ માનવથી મહામાનવ બને છે. તો આદરણીય શ્રીમાન નાથાભાઈ એ શિક્ષણ ક્ષેત્રે ભગીરથ કાર્ય પુરૂ પાડ્યું છે. જેથી તેમને હું મહામાનવ તરીકે જોઈ રહ્યો છું. તેઓશ્રી મારા મોટા બંધુ મિત્ર છે. તેમને શિક્ષણ પ્રત્યેની જે ખેવના હતી જે સાકાર કરી બતાવેલ છે. અને આજના યુગમાં જો સમાજનો સર્વાંગી વિકાસ કે પ્રગતિ કરવી હશે તો શિક્ષણ બહુ જ જરૂરી છે. સારું શિક્ષણ હશે તો જિંદગીમાં આગળ વધીશું તે તેમનો મૂળ મંત્ર હતો.

આજ હેતુથી ૧૯૯૫માં શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરાની સ્થાપના કરી. જેમાં મેનેજિંગ ટ્રસ્ટી તરીકેની ફરજ નિભાવીને દલિત સમાજની ગૌરવ ગાથાનો એક કીર્તિમાન ઇતિહાસ બનાવી દીધો છે. દલિત સમાજની જ સેવા કરવી એટલુજ નહીં સાથે સાથે અન્ય સમાજોની પણ સેવા કરેલ કે તેમણે ત્યાં જનરલ સમાજના તથા એસ.ટી. સમાજના બાળકો તથા છોકરીઓ બધાજ તેમની છાત્રાલયમાં રહીને જ ભણે છે.

આ સંસ્થામાં વિધવા બહેનોને સિવણની પણ તાલીમ આપવામાં આવે છે. દિવ્યાંગ લોકો માટે પ્રવૃતિઓ જેવી કે

૧. મેડિકલ સર્ટિફિકેટની ઉપલબ્ધતા

૨. બસના પાસ



Lajja Communications

૩. સંત સૂરદાસ યોજના અંતર્ગત રોજગાર માટે બેન્ક લોન આ બધી જ સુવિધાઓ સંસ્થામાં કાર્યરત છે.

**"સામાજિકની વાત કરીશું તો"**

આદરણીય શ્રીમાન નાથાભાઈએ સમાજમાં સચ્ચાઈ બતાવી છે. સચ્ચાઈ આવે એટ્લે તમારો પ્રેમ સઘન બને છે. તેમણે જોડે જોડે સમાજની સાથે કાર્યો પાર પડેલ છે. જેને લીધે સોનામાં સુગંધ ભળી ગઈ છે. એટ્લે હું તેમને પ્રતિભાના પાવરહાઉસ માનું છું.

મારો દીકરો નામે અરુણ પણ તા. ૧૨/૦૬/૧૯૯૮ ધો. ૫ થી ૧૦ સુધી તેમની આશ્રમ શાળામાં રહીને ભણ્યો છે. જ્યારે સામાજિક પ્રસંગ સગપણની વાત કરીએ તો તેમને અંગત રસને લીધે અરુણનું સગપણ પણ તેમના દ્વારા થયેલ છે. જ્યારે કુટુંબમાં પણ થોડો ખટરાગ હતો તે પણ તેમણે સુલઝાવીને એક્તા કરાવી હતી. તા.૦૩/૦૨/૨૦૧૭ના રોજ સહ કુટુંબે આનંદ સાથે લગ્ન કરેલ હતા.

મારો નાનો દીકરો વિપુલને સરકારી પોલિટેકનિક કોલેજ પાલનપુરમાં મિકેનિકલ એંજિનિયરિંગમા પ્રવેશ મળી ગયો હતો પરંતુ ત્યાંની સરકારી કુમાર છાત્રાલયમાં પ્રવેશ મળ્યો ન હતો. જેથી હું હતાશ થઈ ગયો હતો. જ્યારે મે આદરણીય ભાઈ શ્રી નાથાભાઈને આ બાબતની જાણ કરી હતી. તો તેઓ શ્રી મને તેમની સાથે ગાંધીનગર લઈ ગયા હતા. અને આદિજાતિ કલ્યાણમંત્રી શ્રી પ્રભાતસિંહ ચૌહાણ દ્વારા તા.૨૭/૦૯/૨૦૦૬ ના રોજ તે જ દિવસે છાત્રાલયમાં પ્રવેશ અપાવી દીધો હતો. તેમના સત સેવા કાર્યોનું બહુજ મોટું યોગદાન રહેલું છે. તેને હું શબ્દોમાં વર્ણવું તોય ઓછું પડે તેમ છે. આવા સત પુરુષને વારે વારે નમન કરવાનું મન થાય છે.

સાઠંબા સાતગામ વણકર સમાજના હાલ તેઓશ્રી પ્રમુખપદે છે. તેમના નેજા હેઠળ સમૂહ લગ્નોપણ બહુ શાંતિપૂર્વક થયા છે. સમૂહ લગ્નમાં પણ તેમનો દાનનો ફાળો બહુ મોટો હોય છે. તેઓ રસ લઈને સતત દોડતા રહે છે. દરેક માણસોને મિટિંગમાં ભેગા કરીને કેવી રીતે આ કાર્યને પાર પાડીશું તેનું સારું માર્ગદર્શન આપતા હોય છે. તેજસ્વી તારલાને સન્માનીત કરવાના હોય, વય નિવૃત કર્મચારીઓને સન્માનીત કરવાના હોય તેઓશ્રી તેમના પાંસરોડા ગામમાં જ આ ભવ્ય કાર્યક્રમ કરી પ્રસંગને યાદગાર બનાવ્યો હતો. એટલુજ નહીં મહીસાગર જિલ્લો હોય પંચમહાલ હોય, અરવલ્લી હોય કોઈપણ જિલ્લો હોય જ્યારે તેજસ્વી તારલાનો કાર્યક્રમ હોય તો તેઓશ્રી અગ્રેસર રહીને મહામુલો ફાળો આપી કાર્યક્રમને ચાર ચાંદ લાગી જાય છે. સમૂહ લગ્નો પણ કોઈપણ જીલ્લામાં હોય તો તેઓશ્રી હાજર રહીને કન્યાદાન કરતાં હોય છે.

સાઠંબા સાતગામ વણકર સમાજનું નવીન સમાજઘર બનાવવા માટેની જમીન ખરીદી

માટે પણ અથાગ પ્રયત્નો કરી તે જમીન પ્રાપ્ત કરી હતી. સાઠંબા ગામમાં જ નવીન સમાજઘર બનશે જમીન ખરીદીમાં સમાજનો ફાળો છે. પરંતુ તેમનો ફાળો બહુ મોટો રહેલો છે. ફાળો તો હોય છે પરંતુ તેમાં સમયનો પણ ભોગ આપતા હોય છે.

નવીન સમાજઘરનું જ્યારે ભૂમિપૂજન કરવાનું હતું ત્યારે તેમણે સાતગામના વડીલ આગેવાનોને લઈ સંત સવૈયાનાથ સમાધિ સ્થળ ઝાંઝરકાના મહંત ૧૦૦૮ મહામંડલેશ્વર અને રાજ્ય સભાના સાંસદ પૂજ્ય શ્રી શંભુનાથજી ટૂંડિયાને ભૂમિપૂજનના આમંત્રણ અર્થે આદરણીય શ્રી નાથાભાઈ સ્વ ખર્ચે લઈ ગયા હતા. એટલુજ નહીં પંચમહાલ ગોધરા ખાતે નવીન સમાજ ઘર માટે તથા મહીસાગર જિલ્લાના હાડોડ ગામના નવીન સમાજઘર માટે તેઓશ્રી એટલાજ મદદગાર રહેલા છે.

## "આધ્યાત્મિકતા" સંતો મહંતોની અમીદષ્ટિ

સંતરામ મંદિર નડિયાદના મહંત પરમ પૂજનિય નારાયણ બાપુ સંતરામ મંદિર નડિયાદના હાલના મહંત પરમ પૂજનિય શ્રી રામદાસ મહારાજ, સંતરામ મંદિર ઉમરેઠના મહંત શ્રી પરમ પૂજનિય ગણેશદાસજી મહારાજ, સંત સવૈયાનાથ સમાધિ સ્થળ ઝાંઝરકાના મહંત ૧૦૦૮ મહામંડલેશ્વર પૂજ્ય શ્રી શંભુનાથજી ટૂંડિયા, ઉગમ ફોજ રવિ ભાણ સંપ્રદાયના મહંતો પૂજયશ્રી ગોરધનબાપા, જ્યંતિબાપા, રશ્મિબાપા ઉગમફોજ રવિભાણ સંપ્રદાયની કેડીએ ચાલનારા પૂજનીય સદગુરુશ્રી સરવેરામબાપુ આ સર્વે સંતો મહંતોએ આદરણીય શ્રીમાન નાથાભાઈની કર્મભૂમિમાં પગલાં પાડી ભૂમિ પાવન કરી દીધી છે.

જેના પર સંતો મહંતોની અમી વરસતી હોય છે. તે હમેશા સફળતાના શિખરો સર કરતાં હોય છે. વિશ્વાસ દેનારનો ઉપકાર ધ્યાનમાં રાખનાર માણસો ક્યારે અહંકારી હોતા નથી. એ આદરણીય શ્રીમાન નાથાભાઈમાં હું જોઈ શકું છું. વિવેક, વિનય નમ્રતા છે. જેથી સમાજમાં સંતો મહંતોમાં હમેશાં પ્રિય છે. પ્રિય રહ્યા છે.

આધ્યાત્મિકતામાં તો તેઓશ્રી પહેલાથી ગળાડૂબ રહેલા છે. ભજન સત્સંગ કાર્યક્રમ ગમે ત્યાં હોય ત્યાં અવશ્ય હાજરી આપતા હતા. આમાં પણ તેમને ઘણો બધો સમય વિતાવ્યો છે. આમાં પણ તેમનું એક લક્ષ્ય હતું. જે બોલી રહ્યો તે કોણ છે. આમાં બધુ જ મથતા રહ્યા. અને જેની શોધ કરતાં હતા તે એક દિવસ તેમને સર્વેમાં મારો નાથ બિરાજે છે. ઉગમફોજ રવિભાણ સંપ્રદાયની કેડીએ ચાલનારા સંત સદગુરુ પૂજનીયશ્રી સરવેરામબાપાનો ભેટો થઈ ગયો અને તેમની જિંદગીમાં નવું પરિવર્તન, નવો વળાંક આવી ગયો અને તેમનું જીવન ધન્ય બની ગયું.

બાંદરા ઉગમ ફોજ સંત કબીર વિચાર ધારાના રવિભાણ પ્રણાલીના સંતશ્રી હરીસાગરબાપા ઉગારામદાદા, પુંજલપીર જેવા મહાપુરુષોના જીવનને જાણેલા અને


Lajja Communications

માણેલા-શ્રી ગોરધનબાપા, જ્યંતિબાપા અને રશ્મિનબાપાના નેજા હેઠળ (સાનિધ્યમાં) તા.૧૭/૦૯/૨૦૧૭ના રોજ ગોધરા ખાતે ચંદનબાગ હોલમાં ભજન સત્સંગનો કાર્યક્રમ રાખવામા આવેલ હતો. દૂર દૂર ગામડેથી તેમજ શહેરમાથી પ્રેમી હંસો પધારીને ભજન સત્સંગનો લાભ લઈ આનંદ વિભોર થઈ ગયા હતા. હજારોની સંખ્યામાં પ્રેમી હંસો પધારેલા હતા.

ચંદનબાગ હૉલ ખાતે પ્રેમીહંસો માટે ચા નાસ્તો તેમજ જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો પૂરો શ્રેય આદરણીય શ્રી નાથાભાઈને જાય છે. તેમણે સંતો મહંતોની સેવા તો ખરી જ પરંતુ પધારેલ પ્રેમી હંસોને સેવામાં ક્યાંય કસર ન રહી જાય તેનું પણ તેમણે ધ્યાન રાખેલ છે. આ ભજન સત્સંગનો તમામે તમામ ખર્ચ તેમણે એકલા હાથે ઉપાડેલ છે. અગરબત્તી બળીને બીજાને સુગંધ આપે છે. તેમ તેઓશ્રી પ્રેમી હંસોને આનંદ મંગળ કરાવ્યુ છે. આધ્યાત્મિકતા કાર્યક્રમમાં પણ એટલુજ દોડતા રહે છે. તે જોઈ શકીએ છીએ. એટલું જ નહીં હાલના સમયમાં પણ ગમે ત્યાં ભજન સત્સંગનો કાર્યક્રમ હોય તો તેઓ શ્રી કોઈપણ કાર્યને પડતું મૂકીને સત્સંગમાં જતાં હોય છે. એ એમની આગવી શૈલી કે તેમનું જીવન ધન્ય બની ગયું છે.

ચંદનબાગ હૉલ ખાતે ભજન સત્સંગનો જે કાર્યક્રમ હતો તે પંચમહાલ ગોધરા ખાતે પ્રથમ વખત કરવા જઇ રહ્યા હતા તો તે સમયે સંતો મહંતોને ઢોલ શરણાઈઓ સાથે સામૈયું કરવામાં આવ્યું હતું. વાજતે ગાજતે સંતોને ભજન પ્રોગ્રામના સ્ટેજ સુધી લઈ ગયા હતા. ગુરુ વંદના જ્યારે ગુરુ આરતી કરવામાં આવી ત્યારે આદરણીય શ્રીમાન નાથાભાઈએ જ્યોત જલાવી સંતોના ચરણ સ્પર્શ કરી આરતી ઉતારી હતી. તથા રાજસ્થાની સાફાઓ તેમજ ભેટ સોગાદોથી તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ એટલો ભવ્ય હતો કે જેની કોઈ સીમા નથી.

**"અવિસ્મરણીય-યાદગાર"**

રાજકીયક્ષેત્રમાં પણ સતત દોડતા રહ્યા છે.

મહામંત્રી-અનુસૂચિતજાતિ મોરચો પંચમહાલ ૨૦૦૪ થી ૨૦૦૭ સુધી

પ્રમુખ - અનુસૂચિતજાતિ મોરચો પંચમહાલ ૨૦૦૭ થી ૨૦૧૦ સુધી

પ્રમુખ - અનુસૂચિતજાતિ મોરચો પંચમહાલ ૨૦૧૩ થી ચાલુ.

પંચાયત સભ્ય-અડાદરા ગ્રૂપ પંચાયતમાં બિન હરીફ સભ્ય ૨૦૦૦ થી ૨૦૦૫ સુધી

મંત્રી-ભારતીય જનતા પાર્ટીમાં અનુસૂચિતજાતિ મોરચામાં ગુજરાત પ્રદેશમાં મંત્રી તરીકે નિમણૂક કરવામાં આવ્યા.

રાજકીયક્ષેત્રના કાર્યક્રમોમાં પણ સત્ય નિષ્ઠા સાથે કાર્યો કરેલા છે. પાર્ટીના કોઈપણ

જગ્યાએ કાર્યક્રમો હોય તો પાર્ટીના કાર્યકરોને સમયસર તે જગ્યાએ પંહોચાડવા કાર્યક્રમનો જે કઈ ખર્ચ થયો હોય તેઓશ્રી પોતે ઉપાડી લેતા હતા. એટલે રાજકીયક્ષેત્રે પણ બહુ મોટુ યોગદાન રહેલું છે.

## એવોર્ડથી સન્માનિત

આદરણીય શ્રીમાન નાથાભાઈ એક ક્ષેત્રમાં સ્થિર નથી પરંતુ વિવિધ ક્ષેત્રોમાં સ્થિર રહીને શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૩ થી ૧૪ માં મહાત્મા ગાંધી એવોર્ડથી : શ્રીમતી આનંદીબહેન પટેલ માજી. મુખ્ય મંત્રી અને મંત્રીશ્રી રમણલાલ વોરા દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા. જે પ્રસંગે સાંસદ સભ્યો ધારાસભ્યો સચિવ સંજયપ્રસાદ તથા સમાજના દરેક નાગરિકે ઉપસ્થિત રહીને આ એવોર્ડનાં સાક્ષી બન્યા હતા.ત્યારબાદ ડાકોર આવીને સમાજના દરેક નાગરિકને શ્રીમાન નાથાભાઈએ સમૂહ ભોજન પણ કરાવ્યુ હતું.

## કિકુભાઈ નાયક પુરષ્કાર

બધિર કલ્યાણક્ષેત્રે સારી કામગીરી કરવા બદલ કિકુભાઈ નાયક પુરસ્કારથી શ્રી કિકુભાઈ લાલભાઇ નાયક ચેરિટેબલ ટ્રસ્ટ કછોલી દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા. તા.૦૬/૦૮/૨૦૧૬ના રોજ હું તથા રાજુભાઇ પી. સાક્ષી હતા.

## જ્વેલ ઓફ ઈન્ડિયા એવોર્ડ

નેશનલ ઇંસ્ટ્યુટેશન ઓફ એજ્યુકેશન એન્ડ મેનેજમેન્ટ ન્યુ દિલ્હી દ્વારા અનુસૂચિતજાતિ અને જનજાતિના તેમજ દ્વ્યાંગ બાળકોના શૈક્ષણિક વિકાસમાં સારી કામગીરી બદલ વર્ષ ૨૫/૦૭/૨૦૧૬ ના રોજ ડો.મહનવીર તુલસી દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા.

જાગવું અને જગાડવું તે તેમની મુખ્ય પ્રવૃત્તિ છે. તેમના પ્રવૃતિ પ્રવાહની ઝલક જોતાં લાગે છે. બધાને સાથે રાખીને તમામ સંબંધ ધરાવતા વિશાળ સમૂહ સાથે ભળી જવું. પ્રગતિ કરવી કે જ્યાં હોય ત્યાથી એક કદમ આગળ વધવું વિચારશીલ રહીને વિકસાવવું હજુ કઈક કરવું છે. તે તેમનો જીવન મંત્ર છે. તેમની સંસ્થાના જેટલા પણ કાર્યક્રમો થયા છે તેનો સાક્ષી હું જરૂર રહ્યો છું. તો આવા સત્કાર્યોમાં જોડાઈને સમાજને ઉન્નત બનાવીએ,

બંધુ ભાવનું પવિત્ર ઝરણું મુંજ હૈયામાં વહ્યા કરે.

❀ ❀ ❀



Lajja Communications

# ઘસાઈને ઉજળા થવાય

**પ્રવિણકુમાર કે રાજન**
બી.કોમ.એલ.એલ.બી. જી.ડી.સી.એન્ડ એ.
સહકારી અધિકારી, (ધીરધાર) ગોધરા.

મળવા જેવા માણસ એટલે નાથાભાઈ વણકર આમ તો નાથાભાઈ મારા નજીકના વડીલ સગા છે. અને એટલે એ રીતે એમના વ્યક્તિત્વથી હું પરિચિત ખરો. એમની જેમ મેં પણ પંચમહાલ પંથકને કર્મભૂમિ બનાવી. એ પછી જ હું એમના વ્યક્તિત્વના અનેક પાસાઓને પામી શક્યો છું.

કહેવાય છે કે "ઘસાઈએ તો જ ઉજળા થવાય" નાથાભાઇ આ પ્રદેશની પ્રજા માટે ઘસાયા છે. માટે તેઓ અનેક સેવા યજ્ઞો થકી ઉજળા છે. મારા શબ્દોમાં નાથાભાઈ સેવાનો પર્યાય છે. કામ ભલે નાનું હોય કે છેવાડાના માણસનું હોય તેઓ ઊલટભેર કરે. થાક નામનો શબ્દ તો એમના સોફ્ટવેરમાં છે જ નહીં. ઓછું ભણેલા પણ ગણતરની લાયકાત એટલી ઊંચી કે ભલભલા એમનામાં વિશ્વાસ મૂકે અને એમની સેવાને સલામ પણ કરે.

એમના હાથમાં એવું તો સેવા ભાવનાનું બળ છે કે કોઈ પણ સરકારી ઓફિસના કર્મચારી કે અધિકારી કામ કરવા રાજી થાય. સરકારીશ્રીની કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના અને જરૂરિયાતમંદો સુધી પહોંચે તે માટે જાતે ફોર્મ ભરી પોતે ધક્કા ખાય તેમના આવા અનેક સેવા કામો કરવાનો મોકો મને પણ મળેલ છે. એમની કાર્ય કરવાની શૈલી મે જોઈ છે. વર્ગીકૃત જાતિના અને વંચિત વિદ્યાર્થીઓને લાભ મળે અને આગળ વધે એવી દૂરદર્શિતા એમના વ્યક્તિત્વમાં પહેલેથી જ હતી.માટે સ્કૂલ, છાત્રાલય, આઈ.ટી. આઈ. આશ્રમશાળા, બહેરા મૂંગા બાળકોની સ્કૂલ જેવી અનેક સંસ્થાઓ એક પછી એક શરૂ કરી. સરકારશ્રી ઉપરાંત તેમના સેવાયજ્ઞની સુવાસના પગલે અન્ય દાતાઓ પણ આ સેવાયજ્ઞમાં એમની સાથે ને સાથે. આજે એમની જે અનેક સેવા સંસ્થાઓ ધમધમે છે એમાં નાથાભાઈની મહેનતનુ પરિપક્વ ફળ દેખાય છે. એમણે કરેલી આ સેવા ભવિષ્યમાં પણ સૌની શિક્ષણ તૃષાને છીપાવશે.

નિર્મળ સાલસ સ્વભાવ અને સૌને સાથે લઈને કામ કરવાની આગવી છટા તેઓને આવનાર સમયમાં પણ મદદરૂપ થશે. નાથાભાઈની સંસ્થા રજતજયંતિ ઉજવે અને સંસ્થા એમનો ષષ્ઠીપૂર્તિ મહોત્સવ ઉજવે એ અદભૂત વિનીયોગ કહેવાય. આ કાર્યક્રમની શુભેચ્છાઓ સાથે નાથાભાઈ સાથેની યાદો આ લેખ થકી મોકલું છું. પરમાત્મા નાથાભાઈને તંદુરસ્તી, દીર્ઘાયુ બક્ષે અને એમનો સેવાયજ્ઞ સતત ચાલતો રહે એવી શ્રધ્ધા સાથે....... પ્રણામ.

❀ ❀ ❀

# ઉદ્યમ અને ઉત્સાહના પર્યાય : નાથાભાઈ વણકર

**રામજીભાઈ એન. વણકર,**

રાજયશ્રેષ્ઠ શિક્ષક એવોર્ડી, સમાજ ગૌરવ એવોર્ડી

"એક પથ્થરમાંથી બનતા શિલ્પને આદર મળે,
જો મઠારો જિંદગીને તો કાંઈક નકકર મળે."

આદરણીય નાથાભાઈ વણકરનું જીવન પથ્થરમાંથી બનેલા શિલ્પની કથા જેવું છે. તેમના આદર્શ જીવનને સ્પર્શવું એ આજની યુવાપેઢી માટે "દીવાદાંડી' સમાન છે. વણકર સમાજ અને જેને શીખવું છે, નવું શીખવાની ખેવના છે એવા જ્ઞાનવાંચ્છુઓ માટે નાથાભાઈ એક આદર્શ છે.

*"સપનાં ઉગી નીકળે તો વાવ્યાં કહેવાય,*
*નહીં તો દાટયાં કહેવાય"*

પંચમહાલ અનુસૂચિત જાતિ એજયકેશન ટ્રસ્ટ, અડાદરાના માધ્યમથી સેવા અને શિક્ષણની અહાલેક જગાવી, સમયાંતરે સપનાં સાકાર કરતા ગયાં, પછાત-આદિજાતિ વિસ્તારમાં કુમાર છાત્રાલય, કન્યા છાત્રાલય, આશ્રમ શાળાઓ વગેરેનાં સપનાં સેવતા ગયા, વાવતા ગયા, સાકાર કરતા ગયા, આજે વિશાળ "શૈક્ષણિક સંકુલ" ઉભું કર્યું. એમની પાછળ એમના ચિ. દિકરા નરેશભાઈ અને રમેશભાઈ પુરૂષાર્થના ફૂલ પાથરી રહ્યા છે.

પુરૂષાર્થ કરીને જેમણે ફૂલ ઉગાડયાં છે, એવા આદરણીય નાથાભાઈને વંદન.... અભિનંદન કોઈક કવિના શબ્દો છે ;

"ઊડાડવા ધૂળ ભોમની એક ઠોકર છે ઘણી,
ઊગાડવા ફૂલને મહેનત કરવી પડે છે ઘણી.''

સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી, મારાં વર્ષોના પરિચયથી મેં જોયું. જાણ્યું કે; નાથાભાઈએ આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણની ભૂખ સંતોષવા, સતત, અવિરત, સખત પરિશ્રમ કર્યો છે. એકબાજુ કોઈની અદેખાઈ, કોઈની ઈર્ષા, ધ્યેયમાંથી હટાવવા ષડયંત્રો કરતા કહેવાતાં, શુભેચ્છકો સૌનો સામનો કરતાં કરતાં તેઓ નિર્ધારીત મંજિલે પહોંચ્યા છે, અને હજુ ઘણી શૈક્ષણિક- સામાજિક સત્કાર્ય કરવાની તેમની ખેવનાઓ છે. એ પણ સાકાર થવાની જ છે.



Lajja Communications

આદરણીય નાથાભાઈના જીવનમાં ભગવદ્ ગીતાની ત્રિસૂત્રી વણાઈ ગઈ છે -
નિયતં કુરૂ કર્મ ત્વમ્ (તું તારું નિયત કર્મ ક્યાં કર)
યોગઃ કર્મસુ કૌશલમ્ (કર્મમાં કુશળતા કેળવવી એ જ સાચો યોગ છે.)
મા ફ્લેષ કદાચન (ફળની કદાપિ આશા ન રાખ.)

અને આપણા વિશ્વવિભૂતિ ડૉ.બાબા સાહેબ આંબેડકરને પણ નાથાભાઈ ભૂલ્યા નથી. પાછા કોઈ ટીકાકારો નોંધ લેવાની તસ્દી લેશે, ભગવદ્ગીતાના ત્રિસૂત્રીની નાથાભાઈએ જમાવટ કરી છે, તો આપણા બાબા સાહેબનું શું ? આદરણીય નાથાભાઈએ ડૉ.બાબાસાહેબ આંબેડકરના ત્રિસૂત્ર

"શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો."

સમયની બલિહારી કે ; મુરબ્બી નાથાભાઈ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત ના કરી શક્યા, પરંતુ ઉચ્ચ શિક્ષણ મેળવનારાઓને આંજી નાંખે એવું ડા. બાબા સાહેબનું " શિક્ષિત બનો" નું સ્વપ્ન શિક્ષણ સંસ્થાઓ સ્થાપીને પુરવાર કરી બતાવ્યું ; જે કામ ર્ડા. બાબા સાહેબ આંબેડકર, જયોતિબા ફૂલે, સાવિત્રીબા ફૂલે, આપણા પંચમહાલમાં મામા ફડકે અને ઠકંકરબાપાએ કર્યાં હતું. તે કામ તેમણે સુપેરે પાર પાડયું.

"સંગઠિત બનો' નાથાભાઈએ સૌને સાથે રાખી સંગઠનના પણ માહેર છે, સામાજિક સંગઠન હોય, રાજકીય સંગઠન કે શૈક્ષણિક સંગઠન હોય એમનું હંમેશા વિશિષ્ટ યોગદાન રહયું છે. સામાજિક સંગઠનની યાદ દેવડાવું તો અહીં ઉચિત ગણાશે, આપણા સમાજમાં પરગણાવાદ છે ; એટલે એટલો વિટંબણાવાદ પણ સક્રીય છે. આ બધી વિટંબણાઓનો સામનો કરતાં કરતાં અડાદરા, પંચમહાલમાં શૈક્ષણિક ક્રાંતિ અને વતનના સાત ગામ બાયડ વિભાગના પરગણાનું અધ્યક્ષપદ સ્વીકારીને સમૂહલગ્નો યોજવાં, કુરિવાજો દૂર કરવા અને સૌથી વિશેષ સમાજ માટે સમાજભવન બનાવવાની આગવી કૂનેહ; આ બધાં જ પરિણામો ર્ડા. બાબા સાહેબના ત્રીજા સૂત્ર "સંઘર્ષ કરો" સંઘર્ષમય જીવનનાં સારાં પરિણામો છે. ઘણું ઉચું ભણેલા પણ ઠોકરો ખાતા જોવા મળે છે; તેમનું ધ્યેય પોતાન! અને પોતાના પરિવારનું પેટપૂરવા પૂરતં સીમિત આપણે જોઈ શકીએ છીએ.

શિક્ષણમાં અતિ ઉત્તમ પ્રદાન મુરબ્બી નાથાભાઈએ મૂકબધીર બાળકો માટે કરીને એક ઈશ્વરીય કાર્ય કર્યું છે; મૂક-બધીર, બહેરાં મૂંગાં બાળકોને તેમની ભાષામાં શિક્ષણ મળી રહે તે માટે વિશિષ્ટ શિક્ષકો ધરાવતી પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની એકમાત્ર સરકાર માન્ય વિશિષ્ટ શાળા " ગાંધી સ્પેશ્યલ બહેરાં મૂંગા વિધાલય-ગોધરા" કાર્યરત કરીને જિલ્લાને ચાર ચાંદ લગાવી દીધા છે એમ કહીએ તો અતિશયોકિત નથી.

"મૂકં કરોતિ વાચાલં પંગુમ લંગયતે ગીરીમ્ યત્કૃપા ત્વં હમ્ વંદે પરમાનંદ માધવમ્ ॥!" બહેરા-મૂંગા, દિવ્યાંગના જીવનને જ્ઞાનરૂપી ઓજસ વડે બોલતા કરનાર પર્વત ઓળંગતા કરાવનાર નાથાભાઈને અહીં હું "માધવ" ના રૂપમાં જોઈ રહયો છું.

સુગંધ હંમેશા ફૂલો પાસે જ હોય છે, - એવી માન્યતામાંથી બહાર નીકળી જવા જેવું છે. કારણ કે ; સુગંધ કોઈ માણસ પાસે એના આદર્શ કાર્યો થકી હોય છે, મુરબ્બી નાથાભાઈને મળે તાં આપણે એ સુગંધ પામીએ છીએ. અંતમાં આદરણીય નાથાભાઈને ખૂબ ખૂબ વંદન... અભિનંદન.... શુભેચ્છા ..

"જિંદગીમાં હરખશી તમને મળે,
ને તમન્નાઓ બધી કાયમ ફળે,
જે દિશામાં આપનાં પગલાં પડે,
એ તરફ મંઝીલ સુધી રસ્તા મળે"

❁ ❁ ❁

ઓછું ભણતર, ઓછું ગણતર અને ઓછું ચણતર, વર્તમાન સમયમાં ન ચાલે. કારણ કે વર્તમાન સમયમાં ટકવા ભણતર સાથે ગણતર જરૂરી છે.

- આર.કે. રાઠોડ
એડી.કલેક્ટર, રીટા., ગાંધીનગર



Lajja Communications

# આંબાની ડાળે મોરલો ટહુક્યો.

**વિજયભાઈ શંકરભાઇ વણકર,**
મુ.પો. પીંગળી, તા. કાલોલ, જી.પંચમહાલ-૩૮૯૩૨૦
મો. 9725259271
Email: vijayprit6@gmail.com

જીવન સંસારનો દરિયો એટલે આ વિશ્વ જગત અને એ જગતની ખારાશના દરિયામાં જીવવા માટે અનેક રસ પીવા પડે ત્યારે આ જગત સૃષ્ટિમાંથી પાર ઉતરાય છે. એજ રીતે ફૂલ છોડને પાંદડીઓ આવે છે, પછી ડાળીઓ અને ધીમે ધીમે છોડ તૈયાર થાય છે. એ રીતે એક સામાન્ય પક્ષી વડલાના ટેટા ખાધા પછી તે કોઈ વૃક્ષ પર બેસે અને ચરક કરે ત્યાં તેની ચરકમાંથી વડલાનું બીજ અંકુરિત થઈને ધીમે ધીમે એ છોડ મોટો થતો એ બીજ કોઈ રોપનાર હોતું નથી. આપો આપ અનેક ગરમી ઠંડી, વરસાદ, વેઠીને વડલો મોટો ઘટાટોપ ઘેઘૂર બને છે. જ્યાં અનેક વટેમાર્ગુઓ એ વડલાની નીચે વિસામો લેતા હોય છે. અને હાશ અનુભવતા હોય છે. એમ અહીં ઉપરના શીર્ષક મુજબ આંબાની ડાળીઓ હોય એવી નાથાભાઈ ગલાભાઈ વણકર નામના વ્યક્તિએ ડાળીઓ અનેક રીતે વિકસાવી છે. અને ડાળીઓ પર મોરલો ટહુકો કરે એમ નાથાભાઈ વણકરે શિક્ષણની ચિંતા કરીને આજથી 30 વર્ષ પહેલાં આ પંથકને એમની સમજ બુધ્ધિ અને એ સમયને વાંચીને તેમણે ટહુકો કર્યો એ ટહુકો એટલે આજનું આ શિક્ષણની જ્ઞાનનું સંવર્ધન કરી જે સેવા કરી રહ્યા છે તે આ મૂળ નાથાભાઇનો પ્રતાપ.

નાથાભાઈ સાથે અમારો પરિચય ન હતો પણ એમને રતનપુરા ગામના સ્વ. કેશવભાઈ વણકર ૧૯૯૯માં અમારા ઘરે લઈને અમારા દાદા સ્વ. ડાહ્યાભાઇ પુંજાભાઈ અને મારા પિતા શંકરભાઇ વણકરને મળવા આવેલા. એ સમયે હું બહુ નાનો નવમા ધોરણમાં અભ્યાસ કરતો હતો... દાદા અને મારા બાપુ અને નાથાભાઈ, શંકરભાઇ કેશવભાઈ અને અમારા ફળિયાના વસ્તીપંચના કેટલાક આગેવાનો અમારી ઘેર બેઠક કરતા. ત્યાં એ સમયે એમની ચર્ચાઓ કે વાતો પર એમઇ ધ્યાન ના આપતા પણ એટલું ચોક્કસ મારા પિતાજને પૂછી લેતા, બાપુ (પપ્પા) એ સાહેબ કુણ હતા. કયથી આવેલા, શું કરવા આવેલા આપણાં ઘેર. ચમ આ બધાને ભેગા કરેલા વિગેરે...વિગેરે... પ્રશ્નો મનમાં આવતા તે પ્રશ્નોના જવાબરૂપે અમારા પિતાજી અમને હળવેકથી કહેતા.... એ એક આગળ પડતા માણસ છે... અમારા ભાઈબંધ છે... દાદા અને મારુ નામ પૂછી તે અય આયા... એવાય

નહરમાં નોકરી કરે સે.... આવું જાણવા મળતાં જ અમે વિચારતા મોટા સાયેબ આમારા ઘેર આવેલા?

મૂળ નાથાભાઈ ગલાભાઈ વણકર એટલે નાથાભાઈ વણકર જેઓ છેક ખેડા જિલ્લાના વિરપુર તાલુકાના પાંસરોડા ગામમાં એક સામાન્ય પરિવારમાં જન્મેલા દુ:ખીયારા માણસ કે જેમના મોઢાની વાતો સાંભળી છે. જેમના પંથકમાં હું ભણ્યો છું તેમનો પથરાટવાળો અને ડુંગરાળ વિસ્તાર.... કોઈ સુવિધાઓ મળે નહીં એ નાથાભાઈએ આજે અનેક સુવિધાઓની વચ્ચે જીવન ગુજારીશ કરી રહ્યા છે. તેમણે અનેક યાતનાઓ વેઠી છે. ઘણીવાર મને ફોન પર પણ વાતો કરે છે કે વિજયભાઈ આજ-કાલ તો ખેતરોમાં કામ સારું કરી રહ્યા છો. મનેય મારો ભૂતકાળમાં તમે લઈ ગયા. મેં પણ અનેક મજૂરી મારી 'માં' સાથે કરી છે. એ સમયે ખાવાના પણ ફાંફાં પડે.... અમારા પિતા તો બાળપણમાં જ ગુજરી ગયેલા એટલે અમારી માએ ખૂબ જ દૂ:ખ વેઠીને દાઢીએ જઈને અમને મોટા કર્યા. એ તમામ વાતોનુ મૂળ હયાત વ્યક્તિની સાબિતી એમના જન્મદાતા 'માં' જીવિત છે. આ વાતો નાથાભાઈ સહજ ભાવે મને કરતા. એ વાત જવલેજ કોઈને કહે પણ જીવનમાં દુ:ખ વેઠયું હોય એ ક્યારેય ભૂલવું પણ ના જોઈએ. આવી મનની અને અંતરમનની એમની હદયની વાત તેઓ જરૂર કહી દે છે. એ વ્યક્તિ એટલે આજના નાથાભાઈ વણકર.

નાઠાભાઇ વણકરનો સ્વભાવ એકદમ મિલનસાર. કોઈ પણ વ્યક્તિની સાથે ઝટ દઈને ભળી જાય, એકબીજાની ઓળખ કરવી, કામ કરવાની અને કામ કરાવવાની ત્રેવડતા એ એમની પહેલી ખાસિયત, તેઓ જે વાત હોય તે સ્પષ્ટ અને મોઢા-મોઢ ઝાપટી દે એમાં કોઈ વાર કે વાયદો નહીં. એ આ નાથાભાઇ તેઓ અંતરમન અને હદયની વાત ખાસ અંગત વ્યક્તિ અને મિત્રોને જણાવતા જેથી તેમના દુ:ખ કે સુખમાં સહભાગી બની તેમાંથી એક નવી દિશા મળે અને તે તરફ આગળ પ્રયાસ કરવા માટે રસ્તો મળે જે સાર્થક થાય. નાથાભાઇ માત્ર એક સમાજ સેવક જ નહીં પરંતુ તેઓ સમાજ સેવકની સાથો સાથ એક સામના તેમની યુવાનીના યુવા કાર્યકર સમાજ સેવક શિક્ષણ પ્રત્યે ચિંતા સેવીને તેઓએ અનેક નાની મોટી સંસ્થાઓની સ્થાપના કરી. તેમાં પણ અનુસૂચિતજાતિ અને અનુસુચિતજન જાતી, આદિવાસી સમુદાય વિગેરેના બાળકો માટે એમણે જ્ઞાન કુંજનું મંદિર ખોલ્યું છે. જે આજે શિક્ષણ સંવર્ધનના મોજારુપે સીમિત નહીં પણ વહેતું રહ્યું છે.

આમ તો ખુબજ નજીકથી પરિચિત વ્યક્તિ પોતાનો હોય પરંતુ નાથાભાઈ બીજા તળ, બીજાગામ, બીજા પરગણા અને બીજા જિલ્લા તાલુકાના હોવા છતાં અમારા માટે ક્યારેય તેઓ નવા વ્યક્તિ છે એવી ખોટ વર્તાઇ નથી. એક ઘરના જ સભ્ય અને પોતાના નજીકના

જાણીતા અંગત વ્યક્તિ જેવો સ્વભાવ પ્રેમભાવ અને હુંફ મળે એનાથી વિશેષ શું જોઈએ ? આજની ચાલુ પરિસ્થિતિની વાત કરીએ તો હાલના વર્તમાન સમયમાં પણ covid-19 કોરોના મહામારીને અંતર્ગત પણ એમણે અનેક ગરીબ પરિવારોને બે ટંકનું ભોજન મળી રહે તે માટે અન્નદાન, વસ્ત્રદાન પણ કર્યું છે. એમણે તો વળી મરચું, મીઠું, મસાલાથી લઈ તમામ ચીજ પૂરી પાડી છે. એનાથી વિશેષ બીજું શું હોઇ શકે ? એવા ઉત્સાહી અને પ્રેમાળ વ્યક્તિ જેમણે અનેક રીતે સેવારત રહીને covid-19માં પણ કામગીરી કરી છે.

બસ વિશેષ વાત રજૂ કરી શકાય એ પહેલાં જ અનેક લેખકોએ એમના વ્યક્તિત્વ વિશે, એમના પરિવાર વિશે તો વળી એમના મિજાજ સ્વભાવ અને ખાસિયતોની વાતો પણ રજૂ કરી જ છે. એથી પરિચિત બની આ વ્યક્તિની ષષ્ટિપૂર્તિને વધાવી લઈ સમગ્ર પંચમહાલ જીલ્લામાં એકમાત્ર નામ જે ધારણ કર્યું છે. એ સંસ્થા " શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરા" આ વિષયના નેજા હેઠળ ચાલતી એક સંસ્થા થકી આજે તેમણે એક મંદિરના પુંજારી બનવું એના કરતાં દસ મંદિરના પુંજારી બનવું વધુ સારું. એ વાક્ય યાદ કરતાં તેમણે એક શિક્ષણ સંકૂલ શરું કરવું એના કરતાં ધીમે ધીમે તેમણે નાના ધોરણ-૧ પાયેથી ધોરણ – ૧૨ સુધીનો અભ્યાસ કરતા બાળકો માટે સુવિધાઓ સાભાર કામગીરી કરી છે. તેમના સંકુલમાં સેવકો, શિક્ષકો તો વળી સૌ ખુશ મિજાજી અને મોજમાં રહે. આવા ઉત્સાહી વ્યક્તિ એમને પણ સાંપડ્યા.

વળી નવાઈની વાત એ થાય છે કે આટલો મોટો લાંબો પંથ કાપ્યા પછી તેમણે એક સમાજમાં જેની આંખે દેખાય પણ બોલી ના શકે અને સાંભળી ના શકે એવા બહેરા મૂંગા બાળકો માટે પણ મૂક બધિર વિદ્યાર્થીઓની એક શાળા ખોલી છે. જ્યાં વિકલાંગો જ જોવા મળે જેમના માટે ઉત્તમ શિક્ષણ મફત જમવાનું આ સેવા સાચી સેવા છે. જે બાબતનો લાભ પણ નાથાભાઈ વણકરના ભાગે જાય છે. ખરેખર તેમણે ખુબજ ઉત્તમ અને મહત્વનુ યોગદાન આપ્યું છે. જે કુદરતી બક્ષિસ અને કુદરતનો સાથસહકાર તેમને પૂરેપૂરો સાંપડી રહ્યો છે.

❀ ❀ ❀

# ફૂલની ખુશ્બુ

**રમેશભાઈ એચ. વણકર**
પ્રાથમિક શિક્ષક, મું. કાકાના ચમારિયા, તા. લુણાવાડા,
જી.મહીસાગર.

ફૂલની ખુશ્બુ ને અનુભવવાની હોય, તેનો સ્પર્શ ના કરવાનો હોય;

કાર્યની અનુભૂતિ થઈ શકે તેનો સ્પર્શ ના થઈ શકે.......

આમ તો શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરા નામના વટવૃક્ષના બીજારોપણથી શરૂ કરી ઘેઘૂર વડલો બનવા સુધીની સફરનો હું સાક્ષી રહ્યો છું. કેમકે સને 1986 માં પંચમહાલ જિલ્લાના દેવગઢ બારિયા અને હાલના ઘોઘંબા તાલુકાની કાંટાવેડા પ્રાથમિક શાળામાં મારી શિક્ષક તરીકેની સૌપ્રથમ નિમણૂક થઈ. ત્યારે આજના જમાના જેવી વાહનવ્યવહારની સવલત પણ નહીં. જેથી શાળાએથી શનિ-રવિ વતનમાં (કાકાના ચમારિયા) જવા માટે કાંટાવેડા-પાંચપથરા-અડાદરા-વેજલપુર –ગોધરા થઈને ગામડે જવું પડતું. આમ દરવખતની જેમ શાળાએથી ગામડે જવા માટે સંજોગવાસત પાંચપથરાથી અડાદરા આવીને બસસ્ટેન્ડ પર બસની રાહ જોતાં સને 1992 ના એપ્રિલ મહિનાના શનિવારના રોજ આકસ્મિક મુલાકાતથી થયેલ પરિચય પાડોશી બન્યા બાદ ગાઢ મિત્રતામાં પરિવર્તિત થયો. પછી સવાર-સાંજ નવરાશની પળોમાં મુલાકાતના સમયે ઘર-કુટુંબ-સમાજની વાતો થતી.

જન્મ ના એક વર્ષ બાદ પિતાની છત્રછાયા ગુમાવનાર નાથાભાઈ પિતાનું એકમાત્ર સંતાન હોવાથી માતા માંનીબા ના સિરે પુત્રના પાલનપોષણની જવાબદારી આવી પડી. ગામની શાળામાં ધો.7 સુધીનું શિક્ષણ મેળવ્યા બાદ ગરીબાઈના કારણે આગળનો અભ્યાસ છોડીને માતાને મદદરૂપ થવા માટે ખેતીકામ-મજૂરીકામ કરવા લાગ્યા. ત્યારબાદ લગ્ન થતાં જવાબદારી વધી જતાં પોતાના ગામ પાંસરોડાની આજુબાજુના ગામોમાં છૂટક વેપાર કરી ગુજરાન ચલાવતા હતા. આવી વિકટ પરિસ્થિતિમાંથી પસાર થયેલા નાથાભાઈને પોતાની જેમ ભવિષ્યમાં કોઈ બાળક ગરીબાઈના કારણે અભ્યાસથી વંચિત ના રહી જાય એ માટે કંઇક કરવાની તમન્ના સતત રહ્યા કરતી. સને 1990 માં એમ.આર.હાઈસ્કૂલ, અડાદરામાં વર્ગ-4 ના કર્મચારી તરીકે નિમણૂક મેળવી ત્યારથી અડાદરાને જ પોતાની કર્મભૂમિ બનાવી દીધી.



Lajja Communications

થોડા સમય પછી અમારી પાડોશમાં કાલોલ તાલુકાનાં વ્યાસડા ગામ ના માવજીભાઇ પણ અડાદરા રહેવા આવ્યા. જેથી ત્રણેય જ્ઞાતિભાઇઓની મિત્રતા વધુ ગાઢ બની જે મિત્ર મટી સગાભાઈ સમાન થઈ. એક રાત્રે હું, માવજીભાઈ અને નાથાભાઈ મારી રૂમ પર બેઠા હતા ત્યારે નાથાભાઈએ "જો તમે મને સાથ સહકાર આપતા હોય તો એક સસ્થાનું રજીસ્ટ્રેશન કરાવીએ" એવો પ્રસ્તાવ મૂક્યો જેનો અમે "હા" માં પ્રત્યુતર આપ્યો. ત્યારબાદ થોડા દિવસોમાં જરૂરિયાત મુજબના કાગળો એકત્રિત કરી નડીયાદ ગયા અને સંસ્થાના રજીસ્ટ્રેશન માટેની દોડધામ શરૂ કરી જે અંતે સને 1995માં અમને સફળતા મળી. આમ સને 1995માં શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરાની રચના થઈ. જેના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે નાથાભાઈ આજદિન સુધી ફરજ બજાવી રહ્યા છે.

સંસ્થાની સ્થાપના નો મુખ્ય ઉદ્દેશ એ જ હતો કે પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ નાથાભાઈ પોતે જેવી રીતે શિક્ષણથી વંચિત રહ્યા અને દારુણ ગરીબીમાંથી પસાર થઈને આગળ વધ્યા તેવી જ રીતે દલિત, આદિવાસી, ઓબીસી, તથા પછાત સમાજ કે મા-બાપ વગરના નિઃસહાય ગરીબ બાળકોને આવી પરિસ્થિતિનો ભોગ ના બનવું પડે અને નિઃશુલ્ક શિક્ષણ મેળવી બાળક પ્રગતિ કરે એવા ભાવ સાથે નાથાભાઈએ સતત પ્રયત્નો કર્યા અંતે એક વર્ષ બાદ નાથાભાઇની મહેનત રંગ લાવી અને સને 1996માં ત્યારના માજી સાંસદ અને મંત્રી શ્રી પ્રભાતસિંહજી ચૌહાણ સાહેબના વિશેષ સહયોગથી જે.બી. ખોત કુમાર છાત્રાલય અડાદરાની શરૂઆત થઈ જે ભાડાના મકાનથી લઈને સંસ્થાના માલિકીના મકાન બનવા સુધીની સફર ખુબજ ઓછા સમયમાં નાથાભાઈની કામ કરવાની શૈલી, લોકસંપર્ક અને દાતાશ્રીઓની સહાયથી શક્ય બન્યું. સને 1996માં જે.બી. ખોત કુમાર છાત્રાલય અડાદરા બાદ.....

સને 1997- કુ. રેષા પટેલ કન્યા છાત્રાલય અડાદરા.

સને 1999 - નયનાબા કન્યા છાત્રાલય અડાદરા.

સને 2001- આદિજાતિ આશ્રમશાળા અડાદરા.

સને 2005- ગાંધી સ્પેશ્યલ બહેરામૂંગા વિદ્યાલય, ગોધરા.

સને 2005- કન્યા માધ્યમિક શાળા, અડાદરા.

એમ ઉત્તરોત્તર પ્રગતિ કરતાં રહ્યા વિશેષમાં કેટલાય વર્ષોથી ગોધરા ખાતે બંધ પડેલ વિદ્યાલય શરૂ કરાવવા માટે પ્રયત્નો કર્યા અને એમાં પણ સફળતા મળી. જેથી પંચમહાલ

જિલ્લાના આજુબાજુના ગામોનું સર્વે કરી બહેરા મૂંગા બાળકોના વાલીઓને રૂબરૂ મળી સમજાવીને બાળકોને પ્રવેશ અપાવ્યો. તેમજ બહેરા મૂંગા બાળકો માટે ગોધરા ખાતે વિશાળ અધ્યતન સુવિધાયુકત બે મજલાવાળું મકાન દાતાશ્રીઓની સહાયથી આકાર પામ્યું. આમ સને 1995માં રોપાયેલ બીજ એક વિશાળ વટવૃક્ષમાં ફેરવાયું જે નાથાભાઈની અથાગ મહેનત અને ગરીબ વંચિત બાળકો માટે કઈક કરવાની ધગશનું જ પરિણામ છે. જેનો હું સાક્ષી રહ્યો છું.

અંતે શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરાના રજતજયંતિ મહોત્સવ તેમજ શ્રી નાથાભાઈ જી.વણકરના ષષ્ટિપૂર્તિ મહોત્સવ નિમિત્તે હું એટલુજ કહીશ કે ભગવાન નાથાભાઈને લાંબુ આયુષ્ય, તંદુરસ્ત સ્વાસ્થ્ય આપે તેમજ સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરે, સફળતાના સોપાન સર કરે એવી શુભેચ્છા સાથે અભિનંદન પાઠવું છું.

આપના આ મંગલકાર્યે, પ્રાર્થના એ હશે;
તમે ધૂળ લેજો હાથ, સુવર્ણ એ બની જશે...

❀ ❀ ❀



Lajja Communications

# બુલંદ વ્યક્તિત્વ

**ડૉ. નીતિન જી.રાઠોડ**
આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ,
ડો એ.પી.જે.અબ્દુલ કલામ કોલેજ,
સિલવાસા – 396230, મો. 9879779580
Email : ngr12687@gmail.com

મારી વાતની માંડણી વર્ષ:-૨૦૦૨થી કરીશ. હું ધોરણ–૧૦ કરીને ધોરણ-૧૧માં પ્રવેશ માટે અડાદરા હાઇસ્કૂલમાં ગયો હતો. હાઇસ્કૂલના કલાર્કે મને પ્રવેશ ન આપ્યો. ઉદાસ થઈને ઘરે આવ્યો. પપ્પા પાસે ખૂબ રડ્યો. પપ્પાએ એ સમયે સૌ પ્રથમ ફોન જે વ્યક્તિને કર્યો હતો તે 'નાથાકાકા' હતા. પપ્પાના મિત્ર હોવાથી તેમણે હું 'નાથાકાકા'જ કહું છું. એ જ દિવસે પાછો અડાદરા હાઇસ્કૂલમાં ગયો. નાથાકાકાએ મારા એડમિશન માટે એમની નાના પુત્રને (રમેશ) મોકલ્યો. અંતે મારૂ એડમિશન થઈ ગયું. રમેશ અને મારી પહેલી મૂલાકાત-મિત્રતા એ દિવસથી શરૂ થઈ જે આજદિન સુધી ચાલતી આવી છે. આ મિત્રતા પપ્પા અને નાથાકાકા બાદ બીજી પેઢી (મારા અને રમેશથી) સુધી ચાલી રહી છે, જે અમારા માટે આનંદની વાત છે.

આ પછી અવાર-નવાર મારે અને રમેશને મળવાનું થયું છે. સબંધો ગાઢ થવાને કારણે તેમના ઘર સુધી વારંવાર ગયો છું. એ દરમ્યાન નાથાકાકાને ઘણીવાર મળ્યો છું. જ્યારે મળું ત્યારે પહેલો પ્રશ્ન પપ્પાની તબિયત વિશેનો હોયને બીજો મારા ભણતર કે નોકરી વિશેનો. સતત મારા ભણતરમાં રસ લેતા નાથાકાકાને મેં જોયા છે. મેં જોયેલા, જાણેલા અને મિત્ર રમેશ પાસેથી એમના વિષે જે સાંભળ્યું છે, તેવા નાથાકાકાના વ્યક્તિત્વની મારે વાત કરવી છે. નાથાકાકાનું આખું નામ 'નાથાભાઈ ગલાભાઈ વણકર'. એમનો જન્મ મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના પાંસરોડા ગામે એક સાધારણ દલિત કુટુંબમાં થયો હતો. હું જ્યારે પણ તેમના સંઘર્ષ વિશે વિચારું છું ત્યારે ખબર પડે છે કે તેમનું જીવન કેટલું સંઘર્ષમય રહ્યુ છે. નાની વયે પિતાની છત્રછાયા ગુમાવનાર નાથાકાકાના પરિવારમાં કોઈ ભાઈ બહેન કે કાકા નથી. માતા માંનીબેન સાથે એકલા ગરીબીમાં બાળપણ ગુજરે છે. ગુજરાન ચલાવવા માતા સાથે નાની વયથી મજૂરી કરી છે. પણ શિક્ષણ લેવાનું છોડ્યું નહીં. કપરી પરિસ્થિતિમાં તે ભણીને તે આગળ આવે છે ને અડાદરા હાઇસ્કૂલમાં વર્ગ-૪ના કર્મચારી તરીકે ૧૯૯૦માં જોડાય છે. નોકરી કરતા ગયાને પોતાની સૂઝબુજને

કારણે અનેક નવી શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરી. આઈ.ટી.આઈ, આશ્રમશાળાઓ, બહેરા-મૂંગા માટેની શાળા તથા ૧ થી ૧૦ સુધીની શાળા ગરીબ બાળકો માટે શરૂ કરી. (આવી અનેકવિધ સંસ્થાઓની યાદી નીચે મુજબ છે.)

જે. બી. ખોત કુમાર છાત્રાલય અડાદરા.-૧૯૯૬
કુ. રેષા પટેલ કન્યા છાત્રાલય અડાદરા.-૧૯૯૭
નયનાબા કન્યા છાત્રાલય અડાદરા.-૧૯૯૯
આદિજાતિ આશ્રમશાળા અડાદરા.-૨૦૦૧
ગાંધી સ્પેશ્યલ બહેરા-મૂંગા વિદ્યાલય ગોધરા-૨૦૦૨
સ્વામી વિવેકાનંદ કુમાર છાત્રાલય, મલાવ-૨૦૦૫
કન્યા માધ્યમિકશાળા, અડાદરા.-૨૦૦૫

ઉપરની સંસ્થાઓની યાદી જોતાં આપણને ખ્યાલ આવે છે કે તેઓ સતત શિક્ષણ સંસ્થાઓના વિકાસ માટે દોડ્યા છે.

હું અડાદરા વારંવાર ગયો છું ત્યાં જોયું છે કે નાથાકાકા જ્યાં રહે છે તે વિસ્તાર આખો પ્રકૃતિથી ભર્યો ભર્યો અને આસપાસ આ શાળામાં ભણતાં બાળકો. મફતમાં ખાવાનું, શિક્ષણ અને રહેવાનુ બધુ મળી રહે તેવી વ્યવસ્થા તેમને આદિવાસી અને ગરીબ બાળકો માટે કરી છે. શિક્ષણ અને સમાજ પ્રત્યેની નિષ્ઠા તેમની આ શાળામાં મેં જોઈ છે. કદી ન હાર માનવી એવું વ્યક્તિત્વ અને સતત આ ગરીબ બાળકો માટે કંઈક કરવાની ભાવના સતત તેમની પાસેથી જોવા મળે છે. અડાદરા જેવા નાના ગામમાં તેમણે પોતાનું અલગ વિદ્યા સંકૂલ બનાવ્યું છે. પોતાના વતનથી દૂર રહીને, અડાદરાની હવાથી પણ દૂર રહીને આ સંકૂલ બનાવ્યું છે. આ તમામ સંસ્થાઓને ઊભી કરવા તે રાતદિવસ તે દોડ્યા છે. ઘણા માણસોએ મદદ પણ કરી હશે. તેમ છતાં હું તેમને જ આ સંસ્થાઓના રચનાકાર તરીકે જોવું છું. એ વારંવાર કહે છે કે, 'બધાના સહયોગથી આ કામ થયું' પરંતુ હું તેમાં તેમની જ મહેનતને જોવું છું. એક ગામડા ગામનો, પછાત જાતિનો, બાપ વિહોણો યુવાન – ઘરની સાથે સમાજ અને શિક્ષણ માટે આટલું કરતો હોય ત્યારે એવા માણસ આપણા માટે પ્રેરણારૂપ છે. જે લોકો ગરીબીને રડ્યા કરે છે તેવા માણસો માટે નાથાકાકા ઉદાહરણરૂપ છે. જ્ઞાતિ, જાતિ, ગરીબી અને ગામથી દૂર વગેરે બાબતો તેમને નડી નથી. 'અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.' આ વાક્ય તેમણે ચરિતાર્થ કરી બતાવ્યુ છે. જેને વારસામાં, શિક્ષણ, સંપત્તિ, હોદ્દો મળ્યા હોય તેને આવા સંકુલ બનાવવા સરળ હોય શકે પરંતુ આમનું કશું એમની પાસે ન હતું. બસ મહેનત અને શિક્ષણ પ્રેમથી આગળ વધારતા


Lajja Communications

ગયા. આજે આ શિક્ષણ સંસ્થાઓમાં કઈક નવું કરતાં રહેવા સતત કાર્યરત છે.

સમાજમાં શિક્ષણ ગરીબ-આદિવાસી બાળકોને મળે, સમાજ વ્યસન મુક્ત બને તે માટે તેઓ આજે પણ સતત કાર્યશીલ રહે છે. આ સિવાય કોલેજનું શિક્ષણ અને વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરિક્ષાઓ પાસ કરીને રોજગાર પ્રાપ્ત કરે તે માટે તે સતત પ્રયાસ કરે છે. નર્મદની કાવ્યપંક્તિની જેમ 'યા હોમ કરીને પડો, ફતેહ છે આગે' જેવુ વ્યક્તિત્વ નાથાકાકાનું છે. તે ખંત અને નિષ્ઠાથી આ યજ્ઞકાર્યમાં પડ્યા છે અને તેમને ફતેહ વિજય પ્રાપ્ત કર્યો છે. કદી ન હાર માનનાર અને ઉજ્જવળ ચરિત્ર ધરાવનાર નાથાકાકા છે. આજેપણ મારા મનમાં અડાદરા, થોડે દૂર રહેલ તેમનું ઘર, તેની આસપાસની શાળા અને આશ્રમશાળાનું જીવંત વાતાવરણ ખડું થઈ જાય છે, આ જીવંત વાતાવરણ નિર્માણ કરનાર નાથાકાકા સતત આવા ઉમદા કાર્યો કરતાં રહે રજત જયંતિ સમયે અભ્યર્થના......

❀ ❀ ❀

# કાદવમાંથી કમળ ખીલ્યું

**વણકર નારણભાઇ ગોવિંદભાઇ**
મુ બાજાખાંટ ની વાવ રૈયોલી
તા બાલાસિનોર જી મહીસાગર
મો. 9998083418

શુભચિંતક શ્રી માનનીય નાથાભાઈ ગલાભાઈ વણકર આપ શ્રી ગામ પાંસરોડા તાલુકો વિરપુર જિલ્લો મહીસાગરમાં આવેલ મુઠ્ઠી જેવડા નાનકડા ગામ માં માતા શ્રી માંનીબેન તથા પિતા શ્રી ગલાભાઈ ને ઘરે જન્મ લઈ આંગણમાં પગ માંડતાજ પિતાની છત્રછાયા ગુમાવી હોવા છતાં પણ માતાની છત્રછાયામાં આમનો ઉછેર થયો. બાળપણ થી જ સંઘર્ષમય જીવન જીવે ને હમેશાં કઈ કરવાની હિમ્મત અને ભાવના સાથે જીવન જીવવાની શરૂઆત કરી.

સાચે જ કહેવાય છે કે “હિમ્મતે મર્દા તો મદદે ખુદા “જે માણસમાં હિમ્મત હોય અને કાંઇ કરવાની ભાવના પ્રબળ હોય તો દુનિયાની કોઈ તાકાત રોકી શક્તિ નથી. જે આપે શાર્થક કરી બતાવ્યુ છે.

એક શાયરે કહ્યું છે કે ‘ખુદી કો કર ઇતના બુલંદ કી ખુદા ખુદ બંદા સે પૂછે બોલ તેરી રજા ક્યા હૈ’ આ પંક્તિ ને આપે શાર્થક કરી સમાજ ને ઉતમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જે માણસ વિકટ પરિસ્થિતિમાં પણ હિમ્મત અને નીડરતા સાથે કામ કરે તેને ભગવાન પણ સાથે ચાલીને મદદ કરે છે.

આપશ્રી સમાજ અને મિત્રોની સાથે રહીને જીવનના સારા અને કડવા અનુભવોમાંથી પસાર થઈ પોતાના જીવનને હીરાની જેમ ચમકાવ્યું છે. આપ શ્રી એમ.આર.હાઈસ્કૂલ અડાદરા તા કાલોલ જિલ્લો પંચમહાલમાં ચોથાવર્ગની સેવકની નોકરી મેળવી જીવનના સવપ્નો સાકર કરવા માટે સતત પ્રયતનશીલ રહી. અડાદરા ખાતે શ્રી પંચમહાલ અનુસુચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ ની સ્થાપના કરી. પંચમહાલ જેવા આદિજાતિ વિસ્તારમાં અનેક સંસ્થાઓની સ્થાપના કરી. ગરીબ અને આદિજાતિ બાળકોના વિકાસમાં આપનો ફાળો બહુમૂલ્ય છે. તે ઉપરાંત ગોધરા ખાતે બહેરા મૂંગા બાળકોના મસીહા બની આપની સેવાનું ઝરણું વેહતું રહેશે. અને ભવિષ્યમાં આપ તથા આપના પરિવાર દ્વારા આ કાર્ય કરવા માટે ઈશ્વર આપને હમેશાં શક્તિ પુરી પાડે.



Lajja Communications

આપના દ્વારા ગોધરા ખાતે ચાલતી બહેરા મૂંગા બાળકોની સંસ્થા કે જેના પચ્ચીસ વર્ષ પૂરા થાય છે. તે નિમિતે આપશ્રી રજત જયંતી અને આપના જીવનના સાઇઠ વર્ષ પૂર્ણ થતાં હોય તે નિમિતે ષષ્ટિપૂર્તિ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. તે બદલ હું હર્ષ અને આનંદની લાગણી અનુભવું છુ.

ઈશ્વર આપને દિર્ધાયું બક્ષે અને આપની સંસ્થાઓ વટવૃક્ષની જેમ ફાલેફુલે અને સમાજના ગરીબ બાળકોના વિકાસ માટે તથા સમાજના વિકાસ માટે આપની વિકાસયાત્રા ઉચ્ચતમ શિખરો સર કરે. તેવી મારી અંતઃકરણ પૂર્વક ઇશ્વર ને પ્રાથના

❁ ❁ ❁

# વર્ષાનું જળ પુષ્પની સુગંધ

**બાબુભાઇ એચ વણકર**
ગામ કોજાણ, તા.બાયડ, જિલ્લો: અરવલ્લી

**સાદર સ્નેહવંદન**

"સત્વેષું મૈત્રી ગુણીશું પ્રમોદમ,
કિલષ્ટેષું જીવેષું કૃપાપરત્વંમ"
માધ્યસ્થય ભાવ વિપરીત વૃતૌ,
સદા મમાત્મા વિદધાતુ દેવ:"

મારા આત્મામાં સૌ પ્રાણીઓ પ્રત્યે મિત્રતા, દુખીઓ પ્રત્યે કરુણા, ગુણવાળા માણસોને જોઈને હર્ષ અને પાપીઓ પ્રત્યે તટસ્થતા "હે પ્રભુ આ ગુણો મારામાં પ્રતિષ્ઠિત કરજો, આવી ઉદાત ભાવનાવાળા એક જિંદાદિલ માણસ એટલે શ્રી નાથાભાઇ વણકર.

શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરા ટ્રસ્ટી શ્રી નાથાભાઇ જી.વણકર ને ૬૦ વર્ષ પૂર્ણ થતાં ષષ્ઠીપૂર્તિની ઉજવણી અને સંસ્થાની રજતજયંતિની ઉજવણીના પ્રસંગમાં "સ્મૃતિગ્રંથ પ્રગટ કરી રહયા છે. જે ઘણી આનંદની વાત છે. સમાજ માટે સુખમાં અને દુ:ખમાં પ્રતિક્ષણે દીવાદાંડી બનીને માર્ગ દર્શન આપવાનું ક્ષમતા તેમના જીવન દર્પણ સમાન આ પુસ્તકમાં છે. જેની અઢળક શુભેછા.

એક કવિ એ સુંદર શબ્દો માં જીવનયાત્રા કહી દીધી છે.

"જીવન તેમાંથી માટી"
"ગર્ભથી ભૂગર્ભ"
બાળપણથી ઘડપણ સુધીની
જિંદગી–એટલે જીવનયાત્રા

માનવ જીવનના આ તબક્કામાથી બધા જ પસાર થાય છે. પણ જે માના ગર્ભથી લઈ ને ઘડપણ સુધી સતત સંઘર્ષ કરીને સિદ્ધિને પ્રાપ્ત કરવી કઈ સહેલી નહોતી. પરંતુ પોતાના સતત પરિશ્રમના કારણે પોતે પોતાની પ્રસિદ્ધિને પામી શક્યા છે. એવા નાથાભાઇ બધાના માટે પ્રેરણા બની રહશે.

યજ્ઞો વે શ્રેષ્ઠતમ કર્મ


Lajja Communications

બધા જ પ્રશસ્ત શુભ કાર્યો અને કર્મયજ્ઞના જ સ્વરૂપ છે. માનવ જીવનની ગાડી ત્રણ ક્ષેત્રના પાટા પર ચાલતી હોય છે. સામાજિક ક્ષેત્ર, રાજકીય ક્ષેત્ર, અને ધાર્મિક ક્ષેત્ર, આ ત્રણેય સફળ ક્ષેત્રનો સંગમ એટલે કે સાહેબ શ્રી નાથાભાઇ વણકર "વર્ષાનું જળ પુષ્પની સુગંધ, કોયલનો ટહુકો જેમ સર્વત્ર આનંદ પ્રસારે છે તેમ માનવીના સંસ્કાર પણ સર્વત્ર પરિમલ પ્રસારે છે તેવી જ રીતે સાહેબ શ્રી દ્વારા કરવામાં આવેલા કાર્યોની સુવાશ આપણા સમાજના ઉત્કર્ષમાં ફેલાઈ રહેલી જોવા મળે છે. જે આપણી આવનારી પેઢી માટે પણ આદર્શ બની રહે છે.

"દરિયો ભલે માને કે પાણી અપાર છે
એને ખબર નથી કે નદી નું ઉધાર છે"

આવી જ રીતે સમાજના ઉત્કર્ષના દરેક કાર્યોમાં સાહેબશ્રીનો અગત્યનો અને નોધપાત્ર ફાળો હોવા છતાં પણ હમેશા સરળ શાંત અને સંયમી વ્યક્તિત્વ હમેશા જોવા મળેલ છે જેમ દરિયા રૂપી આ સમાજમાં જ્યારે પણ મદદની જરૂર રહી ત્યારે તેમનો સહયોગ રહ્યો જ છે પણ છતાં હમેશા સામાન્ય જ બની રહ્યા છે.

If there is a will, there is away

સંકલ્પશક્તિનું ઉત્તમ ઉદાહરણ કહી શકીએ તો તેમણે જે સંકલ્પ કર્યો તે સંકલ્પને પૂર્ણ કરવા માટે સતત કાર્યશીલ અને મેહનતુ બની રહ્યા પરિણામ સ્વરૂપે જીવનનાં વિકાસનાં તબક્કામાં સતત તેઓ આગળ વધતાં રહ્યા અને પોતાની પ્રગતિના સોપાનો સર કરતાં રહ્યા.

ઉમાશંકર જોશીની પંક્તિમાં કહીયે તો

"બાળકને જોઈ જે રીજે, રિજે બાળક જોઈ જેને.
વત્સલ મૂરત, સ્નેહલ સુરત, હૃદય હૃદય નાં વંદન તેને"

શ્રી નાથાભાઇ પ્રસન્નોમુખ, પ્રતિભાસંપન, પુરુષાર્થી, સોમ્ય પ્રકૃતિવાળા આજીવન સંનિષ્ઠ વ્યક્તિત્વ ધરાવનાર માનવી છે. સંસ્થાના દરેક બાળકને પ્રેમસભર વાત્સલ્ય આપીને હમેશાં કાળજી લેનાર નાથાભાઇને તેમના ઉત્કુષ્ટ દેખાવ માટેનાં અભિનંદન .

"Discipline is the bridge
Between goals and accomplishment"

નાથાભાઇ સાહેબ શ્રી હમેશાં શિસ્તના આગ્રહી રહ્યા છે. દરેક કાર્યને નિયમાનુસાર કરવા માટે આગ્રહી અને હમેશાં સત્યવક્તા તથા તટસ્થ બની રહ્યા છે. જીવનમાં જોયેલા તડકા છાંયા અને થયેલા અનુભવોને પોતાના જીવનમાં પાર કરતાં આજે તેમના આ ષષ્ઠીપૂર્તિ નિમિત્તે તેમણે અમારા પરિવાર તરફથી અઢળક શુભેચ્છાઓ .

શ્રી નાથાભાઇ ના આ 60 વર્ષ ના આયખામાં

"ચંદન જેવું જીવન જીવીને
શીતળતા સૌને આપી
ખુદ ઘસાઈ ને સૌ કાજે
સૌરભ બની પ્રસરી રહ્યા.
ઔદીરય ફૂલ સાગરે પાક્યા રત્નો અનેક
એક અણમોલ રતન છે તે એક છે."

"નાથાભાઇ"

ક્યારેક અહંકાર છેક છેલ્લે પાટલે બેસી જવા નિર્માણ પામતો હોય છે. અતિઅભિમાન વિધ્વંશકારી નશો છે. એ નશાની ભયંકરતા મનુષ્યના માત્ર આ જન્મના જ નહીં, પરંતુ અનેક પૂર્વજન્મોના પુણ્યકર્મોને આંખના પલકારામાં બાળીને ભસ્મ કરી નાખે છે!

- અમૃતભાઇ એચ. મકવાણા
કોજાણ

# સ્મરણો

**ડૉ. ગુણવંત આર.પરમાર**
પ્રાધ્યાપક અને વડા દાંત વિભાગ
ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ
સુરત.

**આપની સંસ્થાની રજત જંયતિ તથા આદરણીય નાથાભાઇની ષષ્ટિપૂર્તિની ઉજવણી પ્રસંગે એક સ્મરણિકા પુસ્તક માટે શુભેચ્છા પાઠવવુ છુ.**

મહિસાગર જીલ્લાના વિરપુર તાલુકાના પાંસરોડા ગામે એક સાધારણ કુટુંબમાં પિતા ગલાભાઇ અને માતા માંનીબેનના ઘરે તા. ૦૧/૦૬/૧૯૬૦ના રોજ પ્રકાશ રુપી એક દિવ્ય પુરુષનો જન્મ થાય છે નાનુ ઘર સુવાવડ ની અગવડ અને ગરીબાઇના કારણે માતાપિતાને થોડી તકલીફ પડી પણ તેમને ક્યાં ખબર હતી કે કે આ માંનીબેનના કુખે જન્મેલ આ બાળક એક દિવસ અનુસુચિત જાતી અને જનજાતી સમાજના મહાન ઉધ્ધારક બનવાના છે તેવા આપ સહુના લાડીલા એવાશ્રી આદરણીય નાથાભાઇને ખુબ ખુબ ધન્યવાદ.

નાનપણથી જ જિંદગી તેમની કસોટી કરતો હોય તેમ ખેતી કરી કાળી મજૂરી કરી પોતાના વતનમાં પ્રાથમિક શિક્ષણ મેળવી જીદંગી સાથે સંઘષ કરી તા. ૦૪/૧૦/૧૯૯૦ ના રોજ તેવો એમ આર હાઇસ્કુલ અડાદરા ખાતે ર્વગ-૪ તરીકે નિમણૂંક મળી ત્યારે તેમને પણ ક્યાં ખબર હતી કે એક દિવસ હું પણ આ સંસ્થાનનો સંચાલક હોઇશ, માગો તો તમને મળશે, શોધો તો તમને જડશે અને ખટખટાવો તો તમારે માટે ઉઘાડવામાં આવશે તેને સાર્થક કરતા નાથાભાઇ તેમના ધ્યેયને હાસલ કરીછે.

બાબાસાહેબ ભીમરાવ આંબડકર સાહેબના કથન "પોતાના માટે કોણ નથી જીવતું પણ એનુંજ જીવન સાર્થક છે કે જે બંધુ બાંધવ અને બીજાના માટે જીવે છે તે ને સાર્થકકર્તા તેમને અડાદરા ખાતે ગણી બધી શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી તેમાં પંચમહાલ જીલ્લાના આદિવાસી બહેનોમાં શિક્ષણનુ સ્તર ઉંચુ લાવવા માટે આદિવાસી કન્યા શાળાની સ્થાપના કરી તેમને આત્મ નિર્ભર જીવન જીવી શકે તે માટેના આથાગ પ્રયતનો કર્યા અન આજે તેમની શાળામાંથી ભણીને આજે સારી સારી જગ્યાએ સરકારી અને બીન સરકારી નોકરી કરી તેમના જીવન જીવી રહ્યા છે તે માત્રને માત્ર નાથાભાઈને શ્રેય જાય છે.. બંધ પડેલી બહેરા-મુંગા શાળાનો પ્રારંભ કરાવીને તેમને શિક્ષણ પ્રદાન કરી તેમને તેમના જીવનનું ઘડતર કર્યું.

માત્ર પુત્રો જ નહી, પુત્રીઓને પણ શિક્ષણ આપો જેથી સંસાર રથનુ ચક્ર સમાન થઈ જાય તે ધ્યાને રાખી તેમને પંચમહાલ જીલ્લામાં કન્યા શાળા અને કન્યા છાત્રાલયની સ્થાપના કરી તેમને ગરીબ આદિવાસી, દલિત, અને વિચરતી જાતીના વિદ્યાર્થીનીઓ માટે

શિક્ષણની સાથે સાથે તેમના રહેવા જમવાની વ્યવસ્થા કરીને વિદ્યાર્થીનીઓને શિક્ષણનુ મહત્વ સમજાવેલ છે

નાથાભાઇ તેમના બચપણમાં ગરીબાઇના કારણે પુસ્તકો અને ચોપડા ખરીદી કરી શકતા ન હતા અને અભ્યાસમાં જે તકલીફો પડી તે મારા સમાજના યુવા અને ગરીબ વિદ્યાર્થીઓને તકલીફના પડવી જોઇએ. તેવુ માની તેમને બાયડ તાલુકા અને સાઠંબા સાત ગામના વણકર સમાજના વિદ્યાર્થીઓને મફત પુસ્તક અને ચોપાડાનુ વિતરણ કરી રહેલ છે જેથી સમાજનો કોઇ પણ ગરીબ વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ન રહે.

સમાજના ભવિષ્યનો આધાર વિદ્યાર્થીઓ અને યુવાનો પર નિર્ભર છે તે ધ્યાને રાખી તેમને દર વર્ષે તેજસ્વી તારલાઓનું સન્માન કરવા માટે પહેલ કરી અને બાયડ તાલુકા અને સાઠંબા સાત ગામ ના વણકર સમાજ ના વિદ્યાર્થીઓને દર વર્ષે સમાજની હાજરીમાં અને કેટલાક મહાનુભવો ને હાથે તેજસ્વી તારલાઓનુ સન્માન કરાવ્યુ જેથી તે પ્રસંગ જોઇ યુવા વિદ્યાર્થી તેના શિક્ષણમાં વધુ ધ્યાન આપે અને તેમાંથી પ્રેરણા મેળવી તેના ભવિષ્યનાં સ્વપ્નો સાકાર કરે.

જે સમાજમાં આપણો જન્મ થયો છે તે સમાજ પ્રત્યે આપણુ કર્તવ્ય છે તેમ સમજી નાથાભાઇના સરસ વ્યક્તિત્વ અને નિડરતાના કારણે તેઓ બાયડ તાલુકા વણકર સમાજ અને સાઠંબા સાત ગામના પ્રમુખ તરીકે આરુઢ થયેલ છે. બાયડ તાલુકા અને સાઠંબા સાતગામના વણકર સમાજ માટે આપે સમૂહ લગ્નનું આયોજન કરાવી સમાજમાં લગ્ન પાછળ થતા અથાગ ખર્ચાઓને તમે રોક લગાવી અને એક સાથે ૨૦ થી ૨૫ જોડા કઇ રીતે એકજ મંડપ નીચે ઓછા ખર્ચામાં પરણી શકે તેનુ ઉત્તમ ઉદાહરણ પુરુ પાડેલ છે અને આપશ્રી તરફથી અથાગ દાન પણ મળેલ છે.

સમ્રગ સમાજમાં તમે પ્રકાશરુપ છો, પર્વત પર વસાવેલું શહેર છુપુ રહી શકે નહી. કોઇ દિવાને સળગાવીને વાસણ નીચે નહી પણ દિવિ પર મુકશે જેમાંથી સમ્રગ ઘરને પ્રકાશિત કરે છે તેજ પ્રમાણે તમારો પ્રકાશ લોકો સમક્ષ પ્રસારવો જોઇએ જેથી જે સારા કાર્યો તમે કરો છો તે પુરી દુનિયાને તેની જાણ થાય અને તેમાંથી પ્રેરણા મેળવી લોકો તેને અનુસરે અને સમાજની સેવા કરે.

તમારા જેવા નિષ્ઠાવાન મહાનુભાવોનું માગદર્શન આપણા સમાજ ને હર હમેશા મળી રહે. આપ સામાજીક કર્તવ્યનિષ્ઠ વ્યકિત સેવાકીય પ્રવુતિઓ સાથે શિક્ષણ અને સહકારની પ્રવૃતિઓમાં પણ અગ્રસર સેવાઓ આપી રહ્યા છો "સેવા પરમો ધર્મ કોઇ પદ નહીં કોઇ મદ નહી" ની ખેવના સાથે આપના ૩૦ વર્ષના કાર્ય કાળથી જુદી જુદી પ્રવૃત્તિઓ ગરીબ, આદિવાસી, બહેરામુંગા, દલિત સમાજમાં જાગૃતિની સાથે સાથે સમાજની પ્રગતિ કરેલ છે જે બદલ હું ખુબ ખુબ ધન્યવાદ આપું છું. ગુજરાત રાજ્ય, ભારત દેશ, અને સમ્રગ વિશ્વમાં આપ નવીન સફળતાના શિખરો મેળવશો તેવી શુભેચ્છા.


Lajja Communications

# સાચો સેવાભાવી

**મૂળજીભાઇ મકવાણા**
મહામંત્રી
આશ્રમશાળા છાત્રાલય ગુજરાત સંઘ

નાથાભાઈ ગલાભાઇ વણકર એક સમાજ સેવા માટેના ભેખધારી વ્યક્તિત્વ ધરાવે છે. શ્રી નાથાભાઈની અમારી પ્રથમ મુલાકાત શ્રી ગોવિંદભાઇ વી. માયાવંશીની સાથેના વર્ષમાં નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણની કચેરીમાં થઈ હતી. તેમનો સ્વભાવ અને પછાત વર્ગના લોકોના વિકાસ માટેની લગની. પછી તો તેમની સાથે સંચાલક મંડળમાં હોદ્દેદાર હોવાથી વારંવાર મુખ્યમંત્રીશ્રી તેમજ સમાજકલ્યાણ મંત્રીશ્રીને સંચાલક મંડળના પ્રશ્નો માટે મળવાનું થયું છે.

નાથાભાઈ અને અમો બંને ઉગમફોજના શિષ્ય હોઇ અવારનવાર સત્સંગમાં સાથે જતાં હતા. તેમજ બાંદરા શ્રી ઉગારામદાદાની સમાધિ સ્થળે પણ સાથે જવાનો મોકો મળેલ જેમાં બાંદરા ધામના મહંત શ્રી ગોરધનબાપાએ અમોને બાંદરા મુકામે સત્સંગનો લાભ આપેલ.

નાથાભાઈએ ગોધરા મુકામે બાંદરા ધામના મહંતશ્રી ગોરધનબાપા, ભેડાપીપળીયાના મહંતશ્રી જ્યંતિરામબાપા તેમજ ગોંડલના મહંતશ્રી રશમીનબાપાનો ભજન સત્સંગનો પ્રોગ્રામ રાખેલ. તેમાં પણ સાથે રહેવાનો અને ભજન સત્સંગનો લાભ મળ્યો.

અમોએ હિંમતનગર તાલુકાનાં અણિયોલ ગામે શ્રી ઉગમ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી જીવન જ્યોત આશ્રમશાળા અણિયોલમાં પ્રથમ સર્વજ્ઞાતિય સમૂહ લગ્નનું આયોજન કરેલ તેમાં પણ નાથાભાઈ અમારા પ્રોગ્રામ દીપાવવા હાજર રહેલ.

વર્ષ ૨૦૧૩માં નાથાભાઈની સંસ્થાને મહાત્માગાંધી એવોર્ડ રાજય સરકાર તરફથી મળેલ તેમાં અમોને સંચાલક મંડળના હોદ્દેદારોના નાતે ઉપસ્થિત રહેવાનો મોકો મળેલ અને નાથાભાઈને અભિનંદન આપવાનો અવસર મળેલ. વર્ષ ૨૦૧૪માં સદ્ગુરુ ઉગારામદાદાની અસીમ કૃપાથી અમને અમારી સંસ્થાને મહાત્માગાંધી એવોર્ડ મળેલ. તેમાં પણ નાથાભાઈ અમારું અભિવાદન કરવા ઉપસ્થિત રહેલ. તા. ૦૧/૧૦/૨૦૧૭ના રોજ પરમ પૂજ્ય ઉગારામદાદાની અસીમ કૃપાથી અમારી સંસ્થાને ઓ.એન.જી.સી. અમદાવાદ તરફથી ભોજનાલય માટે દાન મળેલ તેમાં શ્રી નાથાભાઈએ અમારી સંસ્થાને જરૂરી માર્ગદર્શન

આપેલ. તે ભોજનાલયના ઉદ્‌ઘાટન અને સંત મેળાવડો એક જ દિવસે રાખેલ તેમાં નાથાભાઈની ઉપસ્થિતિ રહી અને અમારા પ્રસંગને શોભાવેલ.

ત્યાં ગમે તે પ્રોગ્રામમાં નાથાભાઈ આવતા ત્યારે અમો સાથે બેસતા. કટારેશ્વર મહાદેવના દર્શને જતાં કાલોલના ધારાસભ્યશ્રી અરવિંદસિંહજી ચૂંટણી જીત્યા પછી નાથાભાઈએ દર્શન કરવાની માનતા રાખેલ. જેઓની સાથે પાંચ સાત માણસો સાથે આવેલ અને અમોએ ધારાસભ્યશ્રીનું તેમજ નાથાભાઈ વગેરે માણસોનું સન્માન કરવાનો અવસર મળેલ.

પંચમહાલના સંસદસભ્ય શ્રી પ્રભાતસિંહની ચૂંટણી વખતે નાથાભાઈએ બેરાણા કટારેશ્વર મહાદેવના મંદિરે ૧૦૧ શ્રીફળ ચડાવવાની માનતા રાખેલ. એ ચુંટણીમાં જંગી બહુમતિથી ચૂંટાઈ જતાં અમારી સંસ્થાએ આવેલ મા. શ્રી પ્રભાતસિંહ ચૌહાણ તેમજ તેમની સાથે નાથાભાઈ વગેરે મહેમાનોનું સ્વાગત કરવાનો અમોને અવસર મળેલ.

નાથાભાઈની સાથે જાણે પૂર્વની કોઈ જૂની મિત્રતા હોય તેમ ઘણી વખત સંસ્થાઓની મિટિંગમાં મુંબઈ, દિલ્હી, બેંગલોર, અમદાવાદ, વડોદરા તેમજ અન્ય જગ્યાએ જવાનું થયું છે. તેમજ ભજન સત્સંગમાં પણ નાથાભાઈ તથા તેમના ધર્મપતિની શ્રીમતી ડાહીબેન અને હું મારા ધર્મપત્ની શ્રીમતી સવિતાબેન અને અમે ચારેજણ ઘણી વખત ઉગમફોજના ભજન સત્સંગમાં જવાનું અને સાથે રોકાણ પણ કરવાનું થયું છે. નાથાભાઈ પોતે સમાજ સેવાની સાથે મારી દ્રષ્ટિએ ધાર્મિક માણસ પણ છે. એટલે અમે બંને જ્યારે મળીએ ત્યારે ભજન સત્સંગની પણ ખૂબ નિખાલસથી ચર્ચાઓ કરેલ છે.

વર્ષ ૨૦૧૨માં ગુજરાત રાજ્ય આશ્રમશાળા છાત્રાલય સંચાલક મંડળમા હું ઉપપ્રમુખ તરીકે અને નાથાભાઈ મંત્રી તરીકે સેવાઓ આપતા હોઇ અમારે વારંવાર સંચાલક મંડળના પ્રશ્નો અને રજૂઆત માટે ગાંધીનગર મળવાનું થતું.

વર્ષ ૨૦૧૮માં અમારી ગુજરાત રાજ્ય આશ્રમશાળા છાત્રાલય સંચાલક મંડળના મહામંત્રી તરીકે નિંમણૂક થઈ. તેમાં પણ મને નજીકના મિત્ર એવા નાથાભાઈ વણકર અને સંચાલક મિત્રોએ સાથ અને સહકાર આપેલ. ત્યારબાદ તા.૧૬/૦૮/૨૦૧૯ના રોજ ગુજરાત રાજ્ય આશ્રમશાળા છાત્રાલય સંચાલક મંડળમાં આટલા વર્ષોમાં પ્રથમ વખત આઠ મહિનાના ટૂંકા ગાળામાં પ્રમુખ મહામંત્રીના રાજીનામાં લેવામાં આવ્યા. અને નવીન પ્રમુખ અને મહામંત્રીની નિંમણૂક ચૂંટણી કરી વોટિંગ દ્વારા કરવામાં આવી. જેમા અશોકભાઇ પરમાર, નાથાભાઈ વણકર, જિતેન્દ્રભાઈ અમીન, જયેશભાઇ પટેલ,


Lajja Communications

દૂધાભાઈ ભાટિયા અને ભદ્રેશભાઈ મકવાણા અને ગુજરાતના આશરે ૨૫૦થી વધુ સંચાલકોએ મને ફરીથી મહામંત્રી ચુંટણીમાં વિજયી બનાવેલ. તેમાં નાથાભાઈએ મારી માટે સારી ઉમદા એક સાચા મિત્ર જેવી ભૂમિકા ભજવેલ. ત્યાર પછી નાથાભાઈ વણકર સંચાલક મંડળના ઉપ પ્રમુખ અને હું મહામંત્રી હોવાના નાતે દર મંગળવારે સંચાલક મંડળના પ્રશ્નો અને રજૂઆત માટે મુખ્યમંત્રીશ્રી તેમજ સમાજકલ્યાણ મંત્રીશ્રી, આદિજાત મંત્રીશ્રી અને અધિકારીશ્રીઓને રજૂઆત માટે સાથે જવાનું થયેલ. તેમજ નાથાભાઈ ભારતીય જનતા પાર્ટીમાં અનુસૂચિત જાતિ મોરચામાં મંત્રી હોવાને નાતે અમારી સાથે સતત મંડળના પ્રશ્નો માટે સારી ઉમદા કામગીરી કરેલ છે.

સદ્‌ગુરુ ઉગારામ દાદાને પ્રાર્થના કે આવા સેવાભાવી મિત્રો મેળવ્યા અને એમના ૬૦ વર્ષની જન્મદિવસની ઉજવણી નિમિત્તે સદગુરુ એમનું સ્વાસ્થ્ય સારું અને નિરોગી રાખે તેવી સદ્‌ગુરુદેવને પ્રાર્થના.

!! જય ગુરુદેવ !!

❀ ❀ ❀

પરમ શક્તિમાં શ્રધ્ધા હોવી અત્યંત આવશ્યક છે પરંતુ એમાં જડતા કે કટ્ટરતા જરાય ન ચાલે. અન્યની પ્રભુભક્તિ ખોટી છે, અથવા બરાબર નથી એવો વિચાર જ પાયામાંથી સંકુચિતતાનો સૂર સંભળાવે છે. અન્ય શું પોતાનાથી જુદો છે? જુદો હોય તો કઇ રીતે? પ્રભુ જે ઇચ્છે એ મનુષ્યનો ધર્મ.

- અરવિંદભાઇ એલ. મકવાણા

મામલતદાર, ગાંધીનગર

# શ્રી નાથાભાઈ ગલાભાઈ વણકર
# જીવન ઝલક

**રામાભાઇ કે વણકર**
શિક્ષક
ગામ-ખરોડ

શ્રી નાથાભાઈ ગલાભાઈ વણકરના ૬૦ વર્ષ પૂર્ણ થતાં ષષ્ઠીપૂર્તિની ઉજવણી તેમજ શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરા અને તેનાથી સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓના પૂર્ણ થતાં રજત જયંતિ મહોત્સવ ઉજવણી કરવા જઈ રહ્યા છે ત્યારે મારું મન તેમના જીવનની ઝલક વર્ણવવા ઉત્સુક થઈ રહ્યું છે.

મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના એક નાનકડા ગામ-પાંસરોડામાં માંનીબેનની કૂખે તા. ૦૧/૦૬/૧૯૬૦ના રોજ એક રત્ન રૂપે નાથાભાઈનો જન્મ થયા બાદ થોડા જ મહિનાઓમાં પિતાની છત્રછાયા ગુમાવી બેઠેલા નાથાભાઈ ભગવાન ભરોસે મોટા થયા. મોસાળ ખરોડ ગામનો પણ સહકાર મળી રહ્યો. કહેવાય છે કે "જેને રામ રાખે તેને કોણ ચાખે!" અને માતા માંનીબેને તેમને મહેનત મજૂરી કરી મોટા કર્યા એવા નાથાભાઈની જન્મભૂમિ પાંસરોડા અને કર્મભૂમિ અડાદરાને બનાવી પોતાનું જીવન ધન્ય બનાવી દીધું.

પાંસરોડા ગામમાં પ્રાથમિક શિક્ષણ મેળવીને તે સમયે આજુબાજુમાં માધ્યમિક શાળા ન હોવાથી ગરીબાઈને કારણે માતાની સાથે મજૂરી કરવા જતા અને જીવન જીવતા હતા. પોતાની ખેતીને પણ સંભાળતા હતા. ખેતરમાં હળ લઈને જાય ત્યારે તેમના બળદોને સંબોધીને ગીત લલકારે "હાલો મારા ધોળિયા, હાલો મારા કાળિયાની વેલ "આજુબાજુના ખેડૂતોને પણ તેમના ગીતો સાંભળવાનો આનંદ થતો.

નાથાભાઈની ત્રીસ વર્ષની ઉંમરે ભાગ્યના દરવાજા ખૂલી જતાં ચોથા વર્ગના કર્મચારી તરીકે શ્રી એમ.આર.હાઈસ્કૂલ અડાદરામાં નિમણૂંક થઈ. ચોથા વર્ગના કર્મચારીની નોકરીની સાથે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષાઓ પાસ કરી. "હિંમતે મર્દા તો મદદે ખુદા", "જહાં ચાહ, વહાં રાહ" દ્રઢ સંકલ્પ હોય તો સફળતાનો માર્ગ મળી જાય છે. જે નાથાભાઈએ સાબિત કરી બાતાવ્યું. જીવનમાં ખેડૂતના દીકરા તરીકે પરિશ્રમ કરીને શૂન્યામાંથી સર્જન કર્યું અને ત્યાંથી લઈને સમાજમાં પ્રમુખ બન્યા ત્યાં સુધીની સફર સમાજના લોકોને યાદ રહેશે.

નાથાભાઈના લગ્ન અરવલ્લી જિલ્લાના હઠીપુરા ગામના સ્વ. પુંજાભાઈ ધૂળાભાઈ વણકરની દીકરી ડાહીબેન સાથે થયા. તેમના સાંસારિક જીવનમાં એક દિકરી જ્યોત્સના


Lajja Communications

અને બે દિકરા નરસિંહ અને રમેશ છે. જેઓ તેમના કામમાં સહભાગી બની રહે છે. જેમના સહકારથી તેઓ વિકાસના માર્ગે આગળ વધી રહ્યા છે. નાથાભાઈ એક સાચા સમાજ સેવક છે અને સાઠંબા સાતગામ વણકર સમાજના પ્રમુખ છે. કુરિવાજો અને વ્યસનોથી લોકોને દૂર કરવા પ્રયત્નો કરે છે. સમૂહ લગ્નોત્સવનું આયોજન પણ કરે છે. વણકર સમાજ વાડી સાઠંબામાં ખાતમુહૂર્ત પણ કરી દીધું છે.

વર્તમાન સમયમાં બાળકોના ભાવિ જીવનને ધ્યાનમાં રાખીને સમાજના જરૂરિયાતમંદ બાળકો માટે કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ અને છાત્રાલયો અડાદરામાં ઊભા કર્યાં છે. જેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે. નાથાભાઈ એક સ્વપ્ન દ્રષ્ટા પણ છે. જે મનમાં વિચાર આવે તેને સફળ બનાવવા પ્રયત્નો કરે જ. જેનું ઉદાહરણ છે કે તેમને બહેરા મૂંગા બાળકોની શિક્ષણમાં સેવા કરવાનો વિચાર આવ્યો તો ગોધરામાં "ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય" વર્ષ ૨૦૦૧માં શરૂ કરી દીધી. આવી સેવા કરનારને દાતાશ્રીઓ પણ દાન આપતા હોય છે. જેના ફળ સ્વરૂપે આજે બહેરા મૂંગા બાળકો આનંદ ઉત્સાહથી અભ્યાસ કરી રહ્યા છે. નાથાભાઈએ આજે શિક્ષણનું એક મોટું વટવૃક્ષ ઊભું કરી દીધું છે. જેના ફળ સમાજને મળશે અને બાળકો દેશમાં સારા હોદ્દા પર દેશ સેવા કરશે.

આજે સંસ્થાને ૨૫ વર્ષ પૂર્ણ થતાં રજત જયંતિ ઉજવણી અને નાથાભાઈના ૬૦ વર્ષ પૂર્ણ થતાં ષષ્ઠીપૂર્તિની ઉજવણી થઈ રહી છે જે સમાજના એક શ્રેષ્ઠ વ્યક્તિની થઈ રહી છે તેવી આશા સાથે નાથાભાઈ વિશે મારૂ લેખ લખવાનું કામ અહીં પૂર્ણ કરું છું.

જય ભીમ, જય હિન્દ.

આભાર

❁ ❁ ❁

સુખ આ જગતની મોહમાયા સાથે સંકળાયેલું હોવાથી સાપેક્ષ છે. સાપેક્ષ સુખ ક્યારેય સંપૂર્ણ હોતું નથી અને નિરપેક્ષ સુખ સંભવતું નથી!

- હીરાભાઇ માયાવંશી
ખરોડ

# પ્રેરણામૂર્તિ- નાથાભાઈ

**શ્રી. રમણભાઈ કે. ચૌહાણ**
મું.કડાછલા (મહીસાગર), તા-લુણાવાડા
મો.નં-૯૯૧૩૧૧૯૧૯૬

વર્ષના ઓસરતા પાણી જેઠ અને અષાઢ માસે પાછા ફરતા હોય છે. આવા સમયે આભા મંડળમાં સંતાકુકડી રમતા કાળા ડીબાંગ વાદળો વચ્ચે પૃથ્વી પર પ્રકાશની સરવાણી પાથરતા આદિત્ય નારાયણે ઉગમણા ભાગે કોર કાઢી છે અને પૃથ્વી પરના જનજીવનમાં નવિન સંસ્કાર પાથર્યો છે.

અરવલ્લીની હારમાળાઓ અને તેની વચ્ચે આવેલી નાની નાની ટેકરીઓ વચ્ચે કુદરતે હરીયાળી પાથરી છે, તેની વચ્ચે આવેલું કોબા જેવું ગામ પાંસરોડા. બૃહદ ખેડા જિલ્લો અને હાલ ના મહીસાગર જીલ્લાના વીરપુર તાલુકાનું આ ગામ આજુબાજુના ત્રણ જીલ્લાની સરહોદોની ત્રિભેટે આજે પણ અડીખમ છે.આ ગામના દલિત ગરીબ પરિવારમાં થાળીના રણકાર સાથે માંનીબાના કુખે પુત્રરત્નનો જન્મ થયો.આ બાળક મા ના ઉદરમાંજ બાપની છત્ર છાયા ગુમાવી. કઠણ ગરીબાઈ, ઘરમાં આવકના ટાંચા સાધન વચ્ચે મા એ પિતાની છત્ર છાયા ગુમાવેલ બાળકનું જતન કરી તેનો ઉછેર કર્યો અને બાળપણમાં જ મા એ જન્મ સંસ્કાર નું સિંચન કર્યું. ગીતામાં કહ્યું છે, તેમ 'કર્મણે વાધિકા રસ્તે મા ફલેષુ કદાચન' હે માનવ ફળની આશા રાખ્યા સિવાય તુ તારું કર્મ કરતોજા એવા ગીતાના બોધને સ્વીકારી જેમનું જીવન કેળવાયું છે, એવા મુરબ્બી નાથાભાઈમાં સમાજસેવા, શિક્ષણ, કન્યાકેળવણી અને સામાજિક કુરિવાજોને દૂર કરવાની ખેવના તેમના જીવન સાથે વણાયેલી છે.આજે મુરબ્બી નાથાભાઈની ષષ્ઠીપૂર્તિ અને સંસ્થાનો રજત જયંતિ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે મુરબ્બી નાથાભાઈને લાખ લાખ શુભેચ્છાઓ સાથે હર્ષની લાગણી અનુભવું છું.

મુરબ્બી નાથાભાઈની મારી પહેલી ઓળખાણ તેઓ શ્રી સ્વ.સેવામૂર્તિ ગોવિંદભાઈ માયાવંશીને અવારનવાર પાંડવા મળવા આવતા ત્યારે નાથાભાઈ તેમના સ્નેહી સ્વજન અને મારા પૂર્વ આચાર્ય શ્રી જેઠાભાઈ વણકર સાહેબના કાર્યાલયમાં આછીપાતળી થઇ હતી. ખરેખર તેમને ઓળખવાનો એક મોકો મને જે મળ્યો છે તેને શેર કરવું અસ્થાને નહિ લેખાય. સ્વર્ગસ્થ સેવામૂર્તિ ગોવિંદભાઈ માયાવંશીની ષષ્ઠીપૂર્તિ નિમિતે તેઓનું સન્માન કરવા સર્વોદય કાર્યકરોએ નક્કી કર્યું આ નિમિત્તે સન્માનનિધિફંડ માટે સર્વોદય કાર્યકરો સાથે મારે નાથાભાઈને મળવાનું થયું, તે વખતે તેઓ અડાદરા મુકામે રહેતા હતા અમો સૌ રાતના નવેક વાગ્યાની આસપાસ તેમને મળવા માટે ગયા, બધી વાત કરી અમારી


Lajja Communications

વાતથી તેમને અનહદ ખુશી થઇ અને અમારી અપેક્ષા કરતા સન્માનનિધિ ફંડમાં તેમના તરફથી સારું યોગદાન મળ્યું દરિયાવ દિલ ના દર્શન મને તે દિવસે તેમનામાં જોવા મળ્યા, તે પછી તો તેમને અવારનવાર મળવાનું થતું. તેમની સંસ્થાના નાના મોટા મેળાવડામાં શ્રી જીતુભાઈ અમીન સાથે મળવાનું થતું અને આ રીતે નાથાભાઈ સાથેનો નાતો ગાઢ બનતો ગયો.

નાથાભાઈનો નાતો અમારા સૌના ગુરુવર્ય અને દ્રષિ તુલ્ય સેવામૂર્તિ ગોવિંદભાઈ માયાવંશી સાથે રહ્યો. જ્યારે પણ તેમને માર્ગદર્શનની જરૂર પડે ત્યારે તેઓ સ્વ.ગોવિંદભાઈ માયાવંશી પાસે આવતા અને સંસ્થાકીય કામમાં તેઓનું માર્ગદર્શન સહયોગ મેળવતા. નાથાભાઈ પંચમહાલ જીલ્લાના અડાદરા ગામે હાઈસ્કૂલમાં ચોથાવર્ગના કર્મચારી તરીકે પોતાની સેવાઓ આપવાની શરુ કરી તેના થોડાજ ટૂંકા સમયમાં શૈક્ષણિક સંસ્થાઓ શરુ કરી અને આજદિન સુધી તેને અવિરત પણે નિભાવી રહ્યા છે.વિકલાંગ બાળકો માટે ગોધરા ખાતે બહેરામૂંગા શાળા શરુ કરવામાં ગણા ચઢાવ ઉતાર તેમણે જોયા છતાં હિંમત હાર્યા સિવાય નિષ્ઠા, પ્રમાણિકતા અને આગવી કોઠાસૂઝથી તેમણે શિક્ષણ માટેની અમૂલ્ય સેવાઓ અવિરત પણે ચાલુ રાખી. સાંપ્રત પ્રવાહમાં સંસ્થાઓ ચલાવવી નિભાવવી કઠીન છે ત્યારે આવી સંસ્થાઓના જતન માટે રાજકીય પીઠબળ મેળવવું અનિવાર્ય છે. તે રીતે જોતા તેઓએ ગોધરાના પૂર્વ સાંસદ માનનીય પ્રભાતસિંહજીનું માર્ગદર્શન અને સહયોગ સતત મેળવતા રહ્યા.સંતો મહંતો એવા પૂજ્ય રામદાસજી મહારાજ, (સંતરામ મંદિર, નડીયાદ) તેમજ પૂજ્ય શંભુનાથજી મહારાજ (સવગુણ મંદિર ઝાંઝરકા) સંતોના આશીર્વાદ તેમની ઉપર રહ્યા છે જેથીજ સંસ્થાઓ આજે ફૂલીફાલી રહી છે તેમની આ ખૂબી વિશેષ રીતે નજરે પડે છે.

મુ. નાથાભાઈનું જીવન કીર્તિવંતુ અને શ્રેષ્ઠ બની રહે તેમજ સદાય તેમનું સ્વાસ્થ્ય નિરામય રહે તે માટે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું અને “શતમ જીવો શરદ”ની સુભેચ્છા સાથે નાથાભાઈને આ પ્રસંગે લાખ લાખ વંદન કરી વિરમું છું.

❁ ❁ ❁

# પ્રેરણાદાયી પગદંડી કંડારનારા શ્રી નાથાભાઈ

હિરેનકુમાર જયંતિલાલ ગોહેલ

શ્રી નાથાભાઈનો જન્મ તારીખ ૧ જુન ૧૯૬૦ના રોજ વિરપુર તાલુકાનાં પાંસરોડા ગામમાં એક સાધારણ દલિત કુટુંબમાં થયો. માત્ર ૧ વર્ષની કુમળી વયે પિતા ગલાભાઈની છત્રછાયા ગુમાવી. તેમના ભારણ-પોષણની તમામ જવાબદારી માતા માંનીબેનના માથે આવી પડતાં તેમણે આ જવાબદારી સુપેરે ઉપાડી લીધી. જેના ભાગરૂપે આપશ્રીએ ધોરણ ૧ થી ૭ નું પ્રાથમિક શિક્ષણ પોતાના ગામ પાંસરોડાની પ્રાથમિક શાળામાં મેળવ્યું. કુશાગ્ર બુધ્ધિ અને અભ્યાસમાં ખૂબ તેજસ્વી હોવા છતાં વતનમાં માધ્યમિક શિક્ષણની સુવિધાના અભાવે અને કુટુંબની આર્થિક સંકડામણને કારણે અભ્યાસ છોડવો પડ્યો. માતા મજૂરી કરવા જતાં તેઓની સાથે મજૂરી કરી પોતાની માતાને મદદરૂપ થવા મજૂરી કામમાં જોતરાયા. ઓછા અભ્યાસે નાથાભાઇ ને એમ.આર.હાઈસ્કૂલ, અડાદરા ખાતે ચોથાવર્ગના કર્મચારી તરીકે સેવા કરવાનો મોકો મળ્યો. બચપણમાં અભ્યાસ છૂટ્યો પરંતુ અભ્યાસનો મહિમા મનમાં મંડિત થયેલો. જેણે સમાજમાં કચડાયેલા અને છેવાડાના ગરીબ વિદ્યાર્થીઓમાં ભણતરની જ્યોત સદાય સળગતી રહે અને કુટુંબ અને સમાજને પ્રકાશ આપતો રહે તેવી ઇચ્છા પ્રદીપ્ત થઈ. ‘શિક્ષણ એજ સંજીવની’ આ હકીકતને માનસપટલ પર રાખી ૧૯૯૫ માં એક ટ્રસ્ટ ‘શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ’ રજિસ્ટર્ડ કરાવવામાં આવ્યું. જેમાં તેઓના મિત્રો અને સાથીઓનો સાથ મળતા પંચમહાલ અને છોટાઉદેપુર જેવા અતિ પછાત વિસ્તારના ગરીબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓને શિક્ષણ મળી રહે તે હેતુથી લોન લઈ જમીન ખરીદી. ૨૦ વિદ્યાર્થીઓની મંજૂરી સાથે છાત્રાલય શરૂ કરવામાં આવ્યું. આ છાત્રાલયમાં બાળકોની સાથે જ રહીને નાથાભાઈએ પિતાની હુંફ આપી. સમાજના તમામને યોગ્ય તક અને શિક્ષણ મળે તેવી ખેવના રાખી તેઓના અથાગ પ્રયત્નોથી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરવામાં સમાજના આગેવાનો, આધ્યાત્મિક સંતો, દાતાશ્રીઓ, નેતાઓ અને વિવિધ સંસ્થાઓનો સાથ સહકાર સાંપડ્યો. સમાજમાં સહુને સમાન તક અને ન્યાય મળે તે માટે સમાજના અભિન્ન અંગ એવા દિવ્યાંગોને શિક્ષણ અને પુનર્વસન આપવાના સેવાભાવને ફળીભૂત થવા માટે આ ટ્રસ્ટ હેઠળ પંચમહાલ જિલ્લાના વડામથક ગોધરા ખાતે મૂક-બધિર દિવ્યાંગ વિદ્યાર્થીને શિક્ષણ મળી રહે અને તેઓનું સમાજમાં યોગ્ય પુનઃસ્થાપન થઈ શકે તે માટે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ‘ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય’ પથદર્શક તરીકે સેવારત છે.



Lajja Communications

આજે નાથાભાઈ તમે આ સંસ્થાના સ્થાપક છો. મનેજિંગ ટ્રસ્ટી છો. આ સંસ્થાને વટવૃક્ષ બનાવવામાં આપે અથાગ પરિશ્રમથી આપના પ્રાણ પૂર્યા છે. જેમાં અનેક વિદ્યાર્થીઓ લાભાન્વિત થઈ રહ્યા છે.

આપના આ મહાન અવિરત કાર્યોની નોંધ લઈ આપને વિવિધ સંસ્થાઓ અને સંગઠનો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. આપની સંસ્થા વતીની સેવાઓની નોંધ લઈ સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગ ગુજરાત સરકાર દ્વારા તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના વરદ હસ્તે 'મહાત્મા ગાંધી એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવેલ છે. ભગવાન આપને વધુ ને વધુ ઉમદા સેવા કાર્યો કરવાની પ્રેરણા આપે, આપની તન્દુરસ્તી ખુબ જ સારી રાખે તેવી ઈશ્વરના ચરણોમાં પ્રાર્થના.

❁ ❁ ❁

જિંદગી હવે ઓછી બાકી રહી, હવે હાથમાં કશું નથી એવો અફસોસ કદી પણ ન કરવો. જિંદગી ક્યારેય વધારે કે ઓછી હતી જ નહીં. જીવનની દરેક ક્ષણ મનુષ્યને સુખ આપવા માટે જ નિર્માણ પામે છે. તેથી આપણે જે જીવ્યા તે પણ સુખ હતું ને હજુ જીવીશું એ પણ સુખ જ હશે.

- કાંતિભાઇ એલ. વણકર
હઠીપુરા

# "નાથાભાઈ એક વિરાટ વ્યક્તિત્વ"

**ત્રિકમભાઈ કે પરમાર**
પ્રમુખ, ઘનશ્યામ સેવાસંઘ, વણાકબોરી થર્મલ.

હિમાલયની ગિરિ કંદરાઓમાંથી વિખૂટો પડેલ એક પથ્થર, ગબડતો ગબડતો ગંગાના પ્રવાહમાં ભળે છે ત્યારે આ પથ્થર અથડાતો, ગબડતો, ઘસાતો ગંગાના પ્રવાહમાં અનેક વક્રતાઓ ધારણ કરતો કરતો જ્યારે ગંગાના શાંત જળમાં આવે છે ત્યારે સુડોળ, સૌમ્ય અને આકર્ષક બને છે. અને લોકો તેને શાલિંગ્રામ માનીને પૂજા પણ કરે છે. નાથાભાઇનું પણ કંઈક આવું જ છે.

બાલ્યાવસ્થામાંજ પિતાની છત્રછાયા ગુમાવી અભણ પણ સંસ્કારી માતા દ્વારા ઉછેર, પંચમહાલ, ખેડા અને સાબરકાંઠા જિલ્લાના ત્રિભેટે ખુબજ ઊંડાણના વિસ્તારમાં આવેલ ગામ પાંસરોડામાં ઉછેર. ગામમાં ફક્ત ધો-૭ સુધીની જ શાળા. આવી બધી અગવડોમાં રસ્તો શોધી ભાઈ નાથાભાઈની વિકાસ યાત્રા આગળ ધપી. ધો-૧૦ તથા ધો-૧૨ની પરિક્ષા એક્સ સ્ટુડન્ટ તરીકે પાસ કરી અડાદરાની શાળામાં વર્ગ-૪ના કર્મચારી તરીકે નોકરી કરતાં કરતાં સમાજ માટે તેમજ પોતાના પડેલ અગવડતા જોઈ સમાજના બાળકો માટે કઈક કરી શકવા માટે સતત ચિંતન કરી અડાદરા ગામે કન્યા, કુમાર છાત્રાલયની શરૂઆત કરી. અડાદરા ગામ પણ ઊંડાણના વિસ્તારમાં આવેલ હોય બાળકોને સારી સગવડ મળતા છાત્રાલયમાં બાળકો ઉભરાવવા લાગ્યા. આ બધુ જોઈ નાથાભાઈએ વિસ્તારની અને સમાજની ભણતરની ભૂખ સંતોષવા ખુબજ કઠિન પરિશ્રમ કરી કન્યા છાત્રાલય, કુમાર છાત્રાલય, આદિજાતી કુમાર છાત્રાલય, કન્યા માધ્યમિક શાળા અને નોન ગ્રાન્ટેડ શાળાઓ એક પછી એક ઊભી કરતા ગયા. નાથાભાઈના કામો જોઈને સેવાભાવી સદગૃહસ્થોનો સાથ સહકાર માર્ગદર્શન અને મદદ મળતી જ ગઈ. અને આ મદદથી નાથાભાઈની સેવાકાર્ય કરવાની કામગીરી આગળને આગળ વધતી જ ગઈ. જેમ કામગીરી વધતી ગઈ તેમ તેમ તેના કામો જોઈને સદગૃહસ્થોની આર્થિક મદદ વધુને વધુ મળતી ગઈ અને તેના કારણે ૧૯૯૬થી શરૂ કરેલ કન્યા શાળાની શરૂઆતથી આજે અડાદરા ગામે શિક્ષણક્ષેત્રનું વટવૃક્ષ બન્યું છે. કેટલાય દલિત ગરીબ બાળકો આગળને આગળ ભણતા ગયા અને આર્થિક રીતે નોકરી ધંધો મેળવી સુખી બનતા ગયા. આગળ શિક્ષણના સેવા યજ્ઞમાં ગોધરા ખાતે બહેરા મૂંગા વિકલાંગ બાળકોની સંસ્થા ઊભી કરી સમાજના આ વિકલાંગ બાળકોને પણ બેઠા કરવા ભગીરથ પ્રયત્નો કર્યા.



Lajja Communications

નાથાભાઈનો સ્વભાવ- કામગીરી મહેનત અને મક્કમ મનોબળ જોઈ તેમની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા ઘણા બધી NGO, સંતો, મહંતો, ઉદ્યોગપતિ અને સામાજિક કાર્યકરોનો સાથ મળ્યો. વિસ્તારના લોકલાડીલા સંસદ સભ્ય માન.શ્રી પ્રભાતસિંહ ચૌહાણનો હમેશા તેમને સાથ સહકાર માર્ગદર્શન અને મદદ મળી. મળતી જ રહે છે.

નાથાભાઈની સમાજ સેવાની કામગીરી પણ ખુબજ ઉમદા છે. પછાત-પીડિત-દુખીના હમેશાં સહભાગી રહ્યા છે. સમાજમાં પ્રવર્તતા કુરિવાજો નશાબંધી, અશ્પૃષ્યતાના બાળ લગ્ન અને કુપ્રથાઓ સામે હમેશાં અવાજ ઉઠાવ્યો છે. ગામમાં અત્યાર સુધી દલિતનો વરઘોડો ફરી શકતો નહતો. ગામમાં પ્રથમ વખત તેમના બાબાના લગ્નનો વરઘોડો ફર્યો તે પણ પોલીસ બંદોબસ્ત અને મુ.શ્રી પ્રભાતસિંહ ચૌહાણ સંસદ સભ્યશ્રીની હાજરીમાં પ્રજાહિતના કાર્યોમાં નાથાભાઈ હર હમેશ આગળ રહ્યાં છે. નાથાભાઈ એક સ્પષ્ટ વક્તા છે. ગમે તે માણસ સાથે સ્પષ્ટ અને સત્ય વાત કરવામાં કદી પાછળ પડ્યા નથી. પછી સામેનો માણસ ગમે તે હોય.

નાથાભાઈના આવા ઘણાં ઉમદા કાર્યો વખાણવા યોગ્ય છે. નાથાભાઈની 'ષષ્ટીપૂર્તિ' જ્યારે ઉજવાય છે ત્યારે તેમના વ્યક્તિત્વના આવા ઉમદા પાસાઓની પ્રશંસા થાય. તેમના વ્યક્તિત્વને વધારે બળ મળે અને વધારે કામગીરી કરવાનો ઉત્સાહ ખુબ જ વધે નિરંતર કામગીરી કરે જાય તેમને ખૂબ માન-સન્માન - સારી સંગતિ-સંપતિ-પદ અને પ્રતિષ્ઠા મળે. ઈશ્વર સારું તંદુરસ્તી ભર્યું લાંબુ આયુષ્ય આપે તેવી પરમ કૃપાળુ પરમાત્માને સહદયથી પ્રાર્થના કરું છું.

❀ ❀ ❀

મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર માણસના અસ્તિત્ત્વની ઓળખ આપનારા અતિ મહત્ત્વના તત્ત્વો છે.

- જગદીશ આચાર્ય
ચીફ એંજિ., બી.એસ.એન.એલ.
હઠીપુરા

# સાચો મનુષ્યાવતાર

**દેવાભાઇ ધૂળાભાઈ વણકર**
મુ. કાતોલ તા. કાલોલ, જી. પંચમહાલ-389330,
મો. 97376 87570

આ જીવ જગત અને સર્જન સૃષ્ટિમાં મનુષ્ય અવતાર એટલે મહામૂલો અને મોંઘો અવતાર માણસ અને જીવ જગત સમજે તો ભયો...ભયો... આ જીવનમાં જીવવું બેકાર છે. અમારા પંથકમાં જેનો મને જ્યારથી ભેટો થયો છે એ નાથાભાઈ વણકર એટલે જ્યારે હું સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે કાલોલ તાલુકા પંચાયત ખાતે પદ ગ્રહણ કરીને બેઠો ત્યારે નાથાભાઈ ગલાભાઈ વણકર છેક દિલ્હી ખાતે હતા. તેમણે આ વાત જાણી એટલે છેક દિલ્હીથી તેઓ અડાદરા ખાતે પંહોચ્યા અને ત્યાથી કાલોલ ખાતે આવીને મારૂં સન્માન કર્યું હતું. એના સાક્ષીરૂપે અનેક મિત્રો છે. જેના અનુબંધમાં પીંગળી વાળા વિજયભાઈ વણકર એમને નાથાભાઈની સેવામાં ઉપસ્થિત રહી મારા વતીનું કામ સંભાળ્યું હતું.

અમે બેઠક કરી ઘણી બધી વાતો કરી. આપણા સમાજનું ગૌરવ અને ગર્વ છો. તમે તો દેવજીભાઇ આટલું કહેનાર કોણ હોય ? વળી છેક આજનો મહીસાગર જિલ્લો અને જૂનો ખેડા જિલ્લો જ્યાં વિરપુરના પાંસરોડા ગામના એક ગરીબ પરિવારમાં જન્મેલ દિકરો એટલે આ નાથાભાઈ કે જેમણે સમગ્ર ખેડા, મહીસાગર તો ખરું જ સાથો સાથ પંચમહાલ અને ગુજરાત રાજ્યમાં નામાભિધાન મેળવ્યું છે. જેઓ ગુજરાત રાજ્ય અનુસૂચિત જાતિના મહામંત્રી તરીકે નિમણૂક થઈને સેવા આપે છે. એ ધન અને પુણ્ય પ્રતાપ તો એમની જનેતા ‘માં’ ને જશ આપવો પડે. કે એમની કૂખે આ બાળક એટલે નાથાભાઈનું અવતરણ થયું.

મને ગૌરવ અને ગર્વ બંને અનુભવાય છે. એનું મૂળ કારણ એ જ કે વરસોથી નાથાભાઈ સાથેની એક મિત્રતા તો ખરી જ એમની સાથેનો ઘરોબો. એમના ઘરના સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક કે પ્રાસંગિક કાર્યોમાં મને તો ખરો જ પણ મારા ધર્મપત્ની શાંતાબેન કે જેઓ હરહંમેશ નાથાભાઈ અમારા કાતોલના નિવાસ્થને આવે એટલે એમની સેવા અને આગતા સ્વાગતામાં વહેલી પરોઢે ઉઠી જાય. દાતણ પાણી અને વળી એ તાજું દોહેલું ગરમ કરીને દૂધ આપતા એ વસમી યાદો નાથાભાઈની આંખોમાં આજે પણ અચળ અને અકબંધ છે. એ યાદોની તો હું સંભારણારૂપે આજે માત્ર નાથાભાઈના આ પરિપ્રેક્ષ્યમાં એમના નામના સંબંધ સાથે મારુ નામ જ જોડી શકું છું. અમારી શાન્તા જીવતી જાગતી


Lajja Communications

હોત તો અમો સજોડે નાથાભાઈને ફૂલનો હાર પહેરાવતા પણ એ લાભ લેવા રહી નથી.

નાથાભાઈ આજની પેઢીના યુગમાં ગણાતા નથી. તેઓ તો માત્ર ઓછું ભણેલા વ્યક્તિ છે. પણ આજની પેઢી તો ટેકનિકલ યુગ અને એકવીસમી સદીનો રણકાર અને ઝણકાર ખેડતો યુગ છે. હરણફાળ યુગ છે. આજની નવયુગ પેઢીને આ વ્યક્તિની વેદના કદાચ નહીં સમજાય. એનું કારણ પણ હું અંહી બતાવી જ દવ છું. કારણ કે પહેલા આટલી બધી સુવિધાઓ કે ટેકનિકલ ચીજો ન હતી. ત્યારે પગના ખાસડા ઘસાય જાય એ પરિસ્થિતિમાં ચાલતી પકડવી પડે અને આ નાથાભાઈને તે સમયે ગાડી કે સાધનો મળે નહીં ચાલતા જ બધે જતા. પગે છાલા પડી જતા. એમણે ચાલી ચાલીને આજે એ ચીલો ચીતર્યો છે. એ ચીલો એટલે શિક્ષણનો ચીલો, સેવાનો ચીલો, ભક્તિનો રસ અને રાજકીયમાં પણ ખરા. પૈસે ટકે શૂન્ય હતા. પણ બુધ્ધિમત્તા અને કુદરતી બક્ષિશ જે એમણે સાંપડ્યા હતા. આ વ્યક્તિ આજે પૈસે ટકે સુખી હોવા છતાં સહેજ પણ જંપીને ઘરે બેસી ના રહે એ વ્યક્તિ જ અલગ મિજાજના અને એટલેજ એમણે યુવાનો વડીલો બુઝર્ગો આમ સમાજના તમામ વ્યક્તિઓને સાથે મળીને ધરોબો રાખ્યો છે. એ આ જુદી માટીનો મનખાવતાર એટલે નાથાભાઈ.

એમનામાં ઘણી બધી સહન શક્તિઓ સહન કરવાની ત્રેવડ છે. એ સાથે જ એમની સિધ્ધિની શક્તિઓ હાંસલ કરવાની પણ શક્તિ છે. એક વખત અમે ફરવા ગયા હતા ત્યારે તેમણે ગાડી ભાડું ખાવાનો ખર્ચથી લઈ અમારા ખિસ્સાનો વાપરવાનો ખર્ચ પણ તેમણે કાઢવા દીધો નથી. એવો મઝાનો માણસ આજે સાહિત્ય શિક્ષણ, સમાજદર્શન, ધર્મ પારાયણથી લઈ તમામ બાબતોમાં કુશળતા મેળવી રહ્યો છે. વળી મારી ઉમરની સાથે સરખાવી ન શકાય. પણ બુધ્ધિને માપી ન શકાય. અને શિક્ષણમાં અમે આવી ન શકીએ. એ ત્રિવેણી સંગમ સર્જાતા યોગાનુયોગમાં મને નાથાભાઈએ એમના શિક્ષિત પ્રતિષ્ઠિત બુધ્ધિજીવી અને પ્રોફેસરો, શિક્ષકો, વડીલો, ડોક્ટરો, યુવા કાર્યકરો, સજ્જનો એવા વ્યક્તિઓની વચ્ચે મને પણ સ્થાન આપી એમની આગળ હરોળમાં રાખી એ મિટિંગમાં બોલાવેલો. એમણે સતત ટકોર કરીને દાબ આપેલો કે તમારે આ બેઠકમાં આવ્યા વિના ચાલે નહીં. આ વ્યક્તિએ મને એમની બહેરા મૂંગા શાળામાં બોલાવેલો.

શિક્ષણ બાબતે જે મિટિંગ રાખી હતી ત્યાં મને એક વાર બોલાવેલો. હું ગયો ત્યાં કર્મનિષ્ઠોની વચ્ચે મારુ પણ એક ખરું. એ વ્યક્તિઓએ મારો પણ અભ્યાસ કર્યો હશે. પછી જ મને જોતર્યો હશે. જ્યાં મિટિંગ છૂટી પડતાં ત્યાં તેમના જ સંકૂલમાં અમારા પંથકના જોશીલા અને યુવા જોશ શિક્ષણવિદ્ વિજય વણકર પીંગળીનો ભેટો થયો. અમે

સાથે જ ઘર તરફ મંડાણ કર્યું. ને વાતે વાતમાં તેઓ મને All India Radio Broadcasting Delhi. આકાશવાણી ખાતે ગોધરા લઈ ગયા. જ્યાં મારું સરેરાશ જીવનમાં પહેલી વાર આકાશવાણી ખાતે કાર્યક્રમ આવ્યો. જે પણ આવા મોતી સમા જ માણસોનો નાથાભાઈએ ચૂંટી ચૂંટીને સંગ્રહ કર્યો છે. જેમની સાથે મને કઈક નવું પામવાનો અવસર મળ્યો. જેમ વીણી વીણીને મોતીની માળા બનાવીએ એમ સારા સારા વ્યક્તિઓને ચૂંટયા છે. વળી અનેક વ્યક્તિઓની વચ્ચે મારું પણ એક સ્થાન નાથાભાઈએ પરિપાયોજિત કર્યું. જેમની વચ્ચે હું કશું જ નથી. એવું મનથી માની લીધેલું. એજ વ્યક્તિઓની વચ્ચે આજે છેક દૂર દૂર સુધી મારો અવાજ પહયોચ્યો છે. એ પણ એક એમનો મોટો પ્રતાપ છે. ખરેખર સાચો મનખાવતાર એટલે જ મારા સાથી મિત્ર અને અમારા પરિવારના એક સભ્ય સમાન નાથાભાઈ વણકર.

❀ ❀ ❀

અન્યોની સંવેદના, લાગણી અથવા ભાવનાનું પણ મૂલ્ય સમજવું એ પ્રત્યેક મનુષ્યની ફરજ છે. જો એ અન્યોની દષ્ટિએ જોવાનો પ્રયાસ ન કરે તો, એ જાણી જોઇને પાપકર્મ કરે છે, એમ કહી શકાય.

- રેવાભાઇ પી. ચૌહાણ

ના.મામલતદાર, પાંસરોડા.



Lajja Communications

# જેને ગાવું જ છે તેને ગીત મળી રહે છે જેને ઉડવું જ છે, તેને ગગન મળી રહે છે

**પ્રો. નારણભાઇ નાથાભાઇ અમીન, બિલીમોરા**
વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ બીલીમોરા, જીલ્લો નવસારી, માજી પ્રમુખ બીલીમોરા નગરપાલિકા, પ્રમુખશ્રી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી શૈક્ષણિક સંઘ, સેનેટ સભ્ય શ્રી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત
(સરકાર શ્રી દ્વારા નિયુક્ત)

આ ઉક્તિઓ મુરબ્બી શ્રી નાથાભાઈને પૂર્ણ પણે બંધ બેસતી આવે છે. પિતાની છત્ર છાયા જેણે ગુમાવી હોય, નિઃસહાય માતાના સહારે પા.. પા..પગલાં માંડી ને જીવનની સફર કરવાની બાકી હોય ત્યારે કેવા વિચારો, કેવી પરિસ્થિતિઓ ઊભી થઈ હશે? તેની આપણે કલ્પના કરીએ છીએ, પણ જેને આવુ જીવન જીવી જાણ્યું છે તે છે મુરબ્બી શ્રી નાથાભાઈ. મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના પાંસરોડા ગામે તા. 1/06/1960 ના રોજ માતા માંનીબેનની કુખે જન્મ લીધો. હજુ તો ઉભા થવાની, સ્થિર થવાની, ડગલું ભરવાની હિંમત કેળવે ત્યાં તો પિતાનો સહારો છૂટી જાય. તેમની ચિરવિદાયની એ ઘડી, પરિસ્થિતિ આપણને સૌને કંપાવે છે. કાકાના આશીર્વાદ શક્ય નહતા. ભાઈનો સાથ કુદરતે આપ્યો જ ન હતો. બહેનનું વ્હાલ પણ ક્યાં નસીબમાં હતું? કુદરતે ફક્ત માતાનો જ સહારો આપ્યો હતો. માતાની મમતામાં ભાગ પડાવે તેવું કોઈ હતું જ નહી.

સાત સમંદર તરવા ચાલી
જયારે કોઈ નાવ એકલી
ઝંઝા બોલી ખમ્મા ખમ્મા
હિંમત બોલી અલ્લા બેલી

શુન્ય પાલનપુરીની આ કાવ્ય પંક્તિઓને જાણે કે ચરિતાર્થ કરતા હોય તેમ સાધારણ દલિત, ખેડૂત પરિવારમાં માતા-પુત્ર એકલા મહેનત મજૂરી કરીને જીવન નિર્વાહ કરતાં કરતાં પ્રાથમિક શાળા, પાંસરોડામાં ધો 1 થી 7 સુધી નું શિક્ષણ મેળવ્યુ. આગળના અભ્યાસ માટે નજીકમાં કોઈ સગવડ ન હોવાથી અભ્યાસમાં બ્રેક વાગી. ગરીબ માતાનો દિકરો ૩૦ વર્ષની યુવાન વયે ૧૯૯૦માં શ્રી એમ. આર. હાઈસ્કૂલ, અડાદરામાં વર્ગ 4 ના કર્મચારી તરીકે નોકરીમાં જોડાય છે.

આવકનું એક સાધન નસીબજોગે હાથ લાગ્યું. ઈ.સ. 1992માં એક્સ વિદ્યાર્થી તરીકે શ્રી

વી. ડી. માયાવંશી વિધાલય, પાંડવા, તા.બાલાસિનોરમાં SSC ની પરીક્ષા આપી ઉતીર્ણ થાય છે. ત્યારબાદ એમ. જી. એસ. માધયમિક અને ઉચ્ચતર માધ્યમમિક હાઈસ્કૂલ, કાલોલથી એક્સ વિદ્યાર્થી તરીકે ધો 12ની પરીક્ષા પણ પાસ કરી છે. પરિવારમાં પત્ની ડાહીબેન અને દિકરી જયોત્સનાબેન, પુત્ર નરસિંહભાઇ અને રમેશભાઈ છે. પણ આવો નાનો પરિવાર તેમને ચાલે તેમ નહોતો. પોતાની વિકટ પરિસ્થિતિનો અનુભવ હતો જ તેથી સમાજના અન્ય કોઈ બાળકો એ આવી વિકટ પરિસ્થિતિમાં જીવન ન વિતાવવું પડે તે માટે અને સમાજ ઉત્થાનની પ્રવૃત્તિ તેમના દિલ-દિમાગમાં સતત ચાલતી રહેતી હતી. જેથી કંઈક કરવાની ઉત્કંઠા તેમને હતી. પણ પોતાની પાસે ક્યાં એવા સાધનો હતા કે જેમાંથી કંઈક નિર્માણ કરી શકે? પણ આફતના મોટા લાગતા પહાડો બરફના બનેલા હોય છે તે તેમને સમજાયું. કંઈક યોજના તેમના મગજમાં આકાર લઇ રહી હતી. કવિ શયદા કહે છે.

હાથમાં લઈને જરા શ્રીફળ વિચાર  
કોણ ત્યાં જઈને ભરે છે જળ વિચાર

આ સમજ ના સહારે ઈશ્વર ઉપર શ્રદ્ધા મૂકી, આ જમાનામાં એવું કોઈ કામ પણ ક્યાં છે કે ના થાય? હિંમત હોવી જોઈએ. રાજેન્દ્ર શાહે કેટલું સરસ કહ્યું છે કે

કોઈ રે એવું કામ નહીં જે થાય ના એકલે હાથે

મદદ અને સથવારો તો મળી જ રહેતો હોય છે શરૂઆત કરવાની જરૂર હોય છે. સને 1995માં શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરાની સ્થાપના થઈ. તેના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે પદભાર સંભાળ્યો સાથે મિત્ર રમેશભાઇ હીરાભાઈ વણકર અને માવજીભાઇનો સાથ મળ્યો. આમ ભણતર કરતા ગણતર આગળ નીકળતું લાગ્યું. આ ટ્રસ્ટી પંચમહાલ અને છોટાઉદેપુર વિસ્તારના દલિત સમાજના વિદ્યાર્થીઓને શિક્ષણમાં સહાયરૂપ બને તે હેતુથી શ્રીમતી જે.બી. ખોત કુમાર છાત્રાલય નામે સંસ્થાની શરૂઆત કરી. શરૂઆતમાં સરકારશ્રી દ્વારા 20 વિદ્યાર્થીઓની મંજૂરી મળી.

આ છાત્રાલય માટે મકાન બનાવવા માટે સ્વ ગોવિંદભાઈ માયાવશીનું રૂપિયા 25111 નું દાન મળ્યું. સાચી ભાવનાથી કામ કરવા વાળાને સફળતા મળી રહે છે. કુદરત તેના પ્રતિનિધિને અને અવશ્ય પોતાની ખાતરી કરવા મોકલે છે નિરંજન ભગતે કહ્યું છે કે.

કંટકપંથે સ્મિત વેરીને મ્હોરશું ફૂલની ક્યારી  
એકબીજાને જીતશું રે ભાઈ જાતને જાશું હારી

અમે દાનવીરોના દિલને જીતવાની શરૂઆત મુ. શ્રી નાથાભાઈ કરી સ્વ.ગોવિંદભાઈના હસ્તે આ મકાનનું ભૂમિપૂજન થયું. દાતાઓ મળતા ગયા મકાન તૈયાર થયું. તેનું ઉદ્‌ઘાટન 28/12/1997ના રોજ થયું. ઉત્સાહજનક આ શરૂઆત થઈ. ટ્રસ્ટ વધુ ઉર્જાવાન બન્યુ. પ્રયત્નો કરતા ૧ જાન્યુઆરી ૧૯૯૮ના રોજ કન્યા છાત્રાલયની મંજૂરી મળી. ભાડાના મકાનમાં શરૂઆત કરી. મુંબઈના દાનવીર શ્રી હરીશભાઈ ખોત અને શ્રી જયંતીભાઈ શાહે ભોજનાલય માટે ઉદાર હાથે સખાવત આપી. તેમના હસ્તે ભૂમિપૂજન પણ થયું. કવિ મીન પિયાસી કેટલું સરસ કહે છે.

પગલું મારું પાકું હોજો, ધીરુ જો મડાય
ડગલે ડગલે દિશા સૂઝે ને માર્ગ ના છંડાય,
પગલે પગલે શ્રદ્ધા પ્રગટે, પહોંચાડી દે છેડે"

આમ કામ પાર પાડતા ગયા. ધીમા પગલે પણ મક્કમ કામગીરી થતી રહી. સેવાની કેડી આગળ વધતી રહી. મુંબઈના દાતાઓ ઉપરાંત સંતરામ મંદિરના મહંતશ્રીઓનો તેમજ માનનીય પ્રભાતસિંહ ચૌહાણ સાહેબનો પણ આ ટ્રસ્ટના વિકાસમાં ઘણો મોટો ફાળો રહ્યો છે. કન્યા છાત્રાલય મકાનનું ભૂમિપૂજન મહંતશ્રી પૂજનીય શ્રી રામદાસ મહારાજના વરદ હસ્તે કરવામાં આવ્યુ. અમેરિકા નિવાસી રોહિતભાઈ પટેલ દ્વારા જમીન અને આર્થિક મદદ પણ મળી.

1999માં અનુસૂચિત જનજાતિ કન્યા છાત્રાલયની મંજૂરી સરકારશ્રી દ્વારા મળી. 2001માં સરકારશ્રીની ગ્રાન્ટમાંથી મકાન બન્યું. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ધોરણ ૧ થી ૭ ની આશ્રમશાળાની મંજૂરી મળી. મુ. શ્રી નાથાભાઈ પોતાની બચતમાંથી જમીન ખરીદી અને તબક્કાવાર સરકારી ગ્રાન્ટમાંથી મકાન બંધાતું ગયું. શ્રી ગુણવંત શાહે કહ્યું છે કે "પતંગિયું કદી પ્લાસ્ટીકના ફૂલ પર બેસતું નથી "એમ મુ. નાથાભાઈની સમાજ ઉત્થાનની સાચી ભાવનાને લોકોએ અને સરકારશ્રીએ ઓળખી અને ગોધરામાં બંધ પડેલી બહેરા મૂંગા બાળકોની શાળા પૂનઃ શરૂ કરવા મંજૂરી મળી. શરૂઆતમાં ભાડાના મકાનમાં શાળા ચલાવી. સરકારી પડતર જમીન પૈકી એક વીઘા જમીન સરકારે ટ્રસ્ટને ફાળવી. ONGC દિલ્હીના ફંડનો લાભ આ શાળાના મકાન માટે મળ્યો. ગાંધી સ્પેશ્યલ ટ્યુબ હાલોલના શ્રી મનુભાઈ ગાંધી અને શ્રી ભુપતભાઇ ગાંધીએ માતબર રકમ ખર્ચીને આધુનિક સગવડતા ભર્યું ત્રણ કરોડ રૂપિયાનું મકાન બન્યુ. જેનું ઉદઘાટન 17/4/2016ના રોજ થયું. 2005માં સ્વનિર્ભર કન્યા માધ્યમિક શાળા શરૂ કરી. જેમાં સ્વાતિ એજ્યુકેશન ટ્રસ્ટ બોરીવલી દ્વારા મકાન બાંધકામ માટે દાન મળ્યું.

સ્નેહરશ્મિએ કહ્યું છે કે

"દિન ઉગે દિન આથમે, રાત નહીં ચિરકાળ,
નીચી ઊંચી ફર્યા કરે, જીવનની ઘટમાળ.

મુ. નાથાભાઈના જીવનની ઘટનાઓ જોઈએ તો કાવ્યપંક્તિઓ કેટલી સાચી લાગી રહી છે. એક નાનકડા આરંભબિંદુથી આ ટ્રસ્ટે શરૂઆત કરી આજે એક પછી એક નવા પીછા ઉમેરતા જાય છે. ૧૯૯૫માં 20 વિદ્યાર્થીઓ થી શરૂ કરેલી યાત્રા આજે 2300 કરતાં વધુ વિદ્યાર્થીઓ લાભ લેતા થયા છે. ટ્રસ્ટની આ સફળતા જોઇને ટ્રસ્ટીઓ કવિ કૃષ્ણદેવના શબ્દોમાં કહેતા હશે કે_...

તારાઓમાં પીંછી બોળી ચીતર્યું આખી રાત
રંગબેરંગી પાંખો પહેરીને નીકળી પડ્યું પ્રભાત'

આ સંસ્થા તેના વિકાસ પંથમાં હજુ ઘણું કરવા માંગે છે તે તેમાં ચોક્કસ સફળ થશે જ તેમાં શંકા જ નથી. આજે આ સંસ્થા તેની સ્થાપનાની રજતજયંતિ ઉજવી રહી છે. સાથોસાથ મુરબ્બી શ્રી નાથાભાઈ પણ જીવન સફરના 60 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. તેથી તેમની પણ ષષ્ટિપૂર્તિ ઉજવાઇ રહી છે. તેમને અને આ ટ્રસ્ટ અને મારી ખુબ ખુબ શુભકામનાઓ પાઠવું છું. અંતમાં કવિ શ્રી કરસનદાસ માણેકની કાવ્ય પંક્તિઓ મુ. નાથાભાઈ માટે કહેવાનું મન થાય છે....

"મારુ જીવન અંજલિ થાજો!

સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો,
ઝેર જગતના જીરવી જીરવી અમૃત ઉરના પાજો.

❀ ❀ ❀

# મારી વાત

**નરેશ ચાવડા**
શાખા પ્રબંધક, બેંક ઓફ બરોડા, અડાદરા.

તા.૧૩/૦૮/૧૬ અડાદરા શાખાનો પહેલો દિવસ. અજાણ્યું વાતાવરણ, નવા લોક, નાની ગામડાની બેંક, અને ચોમાસાનો બફારો. આજે પણ એટલુ સીજન તાજુ જાણે ફોટો પાડી લીધો હોય. બપોરના દોઢ વાગે ગ્રાહકોની ઓછી અવર-જવરના સમયે નાથાભાઈ આવેલા. સામાન્ય રીતે બને એવું કે શાખામાં નવા મેનેજર આવે તો બધા ઓળખાણ કાઢવા અને પોતાની વાતો કરવા આવે. ખાસ તો પોતાને લોનની જરૂર છે અથવા નથી તો કેમ નથી તેવી વાતો કરવા તત્પર હોય તેવો મારો સામાન્ય અનુભવ. નાથાભાઈએ તેમનું કામ પતાવી સામાન્ય વાતચીત કરી. કોઈ જરૂર હોય તો જણાવજો કહીને તેઓ રવાના થયા. તેમની યાદ એટલા માટે રહી કે એકદમ સફાઈદાર કપડાં અને મિતભાષી વ્યક્તિત્વ, જૂની શાખા ગ્રાહક મિત્રો છોડવાનું દૂઃખ અને નવી જગ્યાએ મકાન લેવું – સેટ થવું તેની ચિંતા. નવી શાખામાં બધું જોવા જાણવા અને નવી ઓળખાણો યાદ રાખવાની મથામણો કેટલું યાદ રહે ? તે જ દિવસે મને બે દિવસ પછી આવનારા ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી નિમિતે મારી જૂની શાખા મકરપુરા વડોદરામાં હાજર રહેવાનુ ખાસ કહેણ મેડમનુ મળ્યું અને જવાનું મે કબૂલ્યું. ૧૫મી ઓગસ્ટે સવારે પત્ની સાથે બેંકમાં ગયો અને કાર્યક્રમ પત્યા પછી ભરપૂર નાસ્તા પછી ભૂખ જેવું તો હતું નહીં. અને સમય તો ખૂબ હતો, તેથી મારા મસિયાઇ બેન સરોજબેન સુરરિયા જે અમારા સમાજના પહેલા બેંક ઓફિસર – મેનેજર હતા તેમણે ત્યાં મળવા ગયા. મારાથી મોટા એટલે બેંકની કામગીરીમાં તેમના તરફથી ઘણું શીખવાનું મળેલું. તેઓ ઘરે જ હતા. ચા-નાસ્તો પત્યા. મારા બનેવી પણ સેઇલમાં અધિકારી એટલે વાતો ખૂટે નહીં. વાતો વાતોમાં મેં મારી બદલી અડાદરામાં થઈ અને હું હાજર થયો છું. તેવી સામાન્ય વાત કરી. મારા બનેવીએ તરત કહ્યું કે નાથાભાઈને મળ્યાકે નહીં? મેં કીધું ના. પણ કોણ નાથાભાઈ ? હું તો આમ પણ ભૂલકણો, નામ નામ ભૂલી ગયેલો. તેમણે જણાવ્યુ કે નાથાભાઈ પરમાર અડાદરાની આગળ પડતી વ્યક્તિ છે અને ઘણી શૈક્ષણિક સંસ્થા ચલાવે છે. હું જ્યારે સેઇલમાં હતો ત્યારે તેમની સંસ્થામાં ડોનેશન અપાય કે નહીં તેની તપાસ માટે ગયેલો. તેમના ઘરે પણ અમે ગયા હતા. હું વિચારમાં પડ્યો કે મારા બનેવીને ક્યાં ક્યાં સુધી ઓળખાણો છે. તેમણે જણાવ્યુ કે નાથાભાઈ ખૂબ હોંશિયાર અને કામના માણસ છે તેવું જણાવ્યુ. હવે મને યાદ આવ્યું કે અરે હા, તેમની સાથે તો મુલાકાત થઈ છે. પછી તો વાત ચાલી નાથાભાઈની સંસ્થા સ્થાપવાની નેમ. તેમની સંસ્થા માટે દાન લાવવાની આવડત

અને તેના યોગ્ય ઉપયોગ માટેની કાળજી. અમે ઘણી બધી વાતો કરીને છૂટા પડ્યા. જો કે હું છૂટો ના પડી શક્યો કારણ કે હવે હું નાથાભાઈને મળવા આતુર હતો. અમારા સમાજમાં મારા પિતા ખુબજ આગળ પડતા અને તેમણે તેમના જીવનકાળમાં જ્યાં રહેતા હતા ત્યાં પાણી માટે કૂવો ખોદી મોટર મુકાવેલ, પછાત બાળકો માટે છાત્રાલય તથા શાળા શરૂ કરેલી. કેળવણી મંડળ ચાલુ કરેલું અને સમાજ માટે પત્રિકા કાઢતા રહેતા હતા. બુક બેંક ચલાવતા, બે ક્રેડિટ સોસાયટીની સ્થાપના અને વહીવટમાં ભાગ લીધેલો. મકાનોની સોસાયટી બનાવેલી વિગેરે. આમ ઘણા બધા સામાજિક અને શૈક્ષણિક કામો કરેલા. રાજકીય ક્ષેત્રે પણ વજન પડે. જેમાં કેટલાક કામો સફળ તો કેટલાક નિષ્ફળ, તો વળી કેટલાક સફળ થયા પછી નિષ્ફળ નીવડેલાં અને અપજશ મળેલા. તો કોઈવાર ઝગડા-ટંટા પણ થયેલા. છેલ્લે તેઓ હતાશ થયેલા તેનો હું સાક્ષી. મારા પિતાને આ કામગીરી કરતાં મેં નાનપણમાં લગભગ રોજ જોયેલા. મોટા થયા પછી જ્યારે હું એલેમ્બિક ગ્લાસમાં ટેમ્પરરી વર્કર તરીકે નોકરી લાગ્યો ત્યારે તેમની કંપનીની કામગીરી પણ મેં જોયેલી. મજૂર મહાજનની પ્રવૃત્તિમાં પણ ભાગ લેતા. આમ મારા પિતા અને નાથાભાઈ વચ્ચે ઉંમરનો તફાવત લગભગ ૨૬ વર્ષ જેટલો, પણ અભ્યાસ બંનેનો લગભગ સરખો. મારા પિતા એલેમ્બિક ગ્લાસમાં ફિટરની નોકરી કરતા જ્યારે નાથાભાઈ વર્ગ-૪ના કર્મચારી તરીકે શાળામાં. મારા પિતાએ નોકરીની સાથે આ બધુ કરેલું અને નાથાભાઈએ નોકરી છોડીને કરેલું. આટલો તફાવત. હિંમતથી જોખમો બંનેએ ઊઠવેલા. આ સરખામણીથી જ મને તેમને મળવાનો અને તેમની કામગીરી જાણવાનો રસ પડેલો. એક વ્યક્તિ આટલું બધુ કામ સફળ રીતે કેવી રીતે કરી શકે છે. તે જાણવાની ઇંતેજારી ઊભી થઈ એ પહેલું કારણ. સમાજમાં એક વ્યક્તિ સારું કામ કરવા માગતી હોય તેમાં વિઘ્નો નાખવા માટે કેટલાય લોકો તૈયાર હોય અને કેટલીક વાર તો કુટુંબના જ હોય તેવો મારો જાત અનુભવ. આવા લોકોથી નાથાભાઈ કેવી રીતે સંભાળે છે, તે તેમની કામગીરીમાં રસ પડવાનું બીજું કારણ. નવી શાખામાં સ્ટાફ ઓછો, આગળના મેનેજરે સ્વૈચ્છિક નિવૃતિ લીધા પછી શાખામાં ઘણા સમય પછી મારી નિમણુંક થયેલી. એટલે કામ વધું રહેતું અને સમયનો અભાવ માથા ઉપર પંખો ફર ફરાટ ફરે ને નીચે કાગળો ઊડે. પંખો ઓછો કરો તો ગરમીમાં રહેવાય નહીં. શાખાનું મકાન બદલવાની કામગીરી ચાલે. નશીબ બે ડગલાં પાછળ જ હોય, ક્યાંય મેળ પડે જ નહીં. અને આ બધામાં પેલી વાત ક્યાંથી યાદ આવે ? નાથાભાઈ કોઈવાર આવે તો ઉતાવળમાં હોય. કોઈવાર મને સમય ના હોય. હાય હેલ્લો થાય પણ વાત ના થાય. લગભગ દોઢ મહિને શાંતિથી વાત કરવાનો મોકો મળ્યો ત્યારે ક્યાંક માંડીને વાત થઈ. તેમના જીવન વિશે, તેમણે વેઠેલા દુઃખો વિશે, સંસ્થાની સ્થાપના, કામગીરી અંગે, તેમને પડેલી તકલીફો અને તેમણે ઉઠાવેલા પડકારો અંગે અને તેમની યોજનાઓ વિશે ખૂબજ લંબાણપૂર્વક પણ ક્યાંય મેં કર્યું તેવો ભાવ નહીં. હવે તો લગભગ બધા જ

આ વાત જાણે છે અને જગજાહેર છે. મારે વાત કરવી છે તેમની નિરિક્ષણ દ્રષ્ટિની અને પુસ્તક પ્રેમ વિશે. જેનાથી હું પ્રભાવિત છું. નાથાભાઈ જેમણે વર્ગ-૪ની નોકરીના ચાર પાંચ વરસમાં જ શાળાની કામગીરી દરેક કામ શા માટે જરૂરી છે? શા માટે કરે છે? કેવી રીતે કરે છે? અને બદલામાં શું મેળવે છે? આ બધુ જાણવા ખુબજ ઊંડો રસ લીધો. જાણે કે બધુ ચાવી પચાવી લીધું બધુ શીખી લીધું અમલમાં મૂક્યું અને નિષ્ઠાથી નિભાવ્યું. માની લો કે એકલ્વ્યની માફક જ એ પણ એજ ગામમાં જ્યાં નોકરી કરી અને એ જ સંસ્થાની સામે એજ વ્યવસાયમાં તેમ છતાં કોઈ વાંધા વિરોધ કે પ્રતિકાર વિના આ તેમની સફળતા છે. હજુ સુધી મેં તેમની ફરિયાદ કરતાં સાંભળ્યા નથી. એની મને નવાઈ છે. બધાને સાથે રાખવા અને પોતાનું ધાર્યું કરવું લગામ પોતાને હાથ રાખવી અને તેની સમતુલા સાચવવી તે તેમની પાસેથી શીખવા જેવું લાગે છે. તેઓ આ કરી શક્યા કારણ કે તેઓ જરૂર પૂરતું અને જરૂર હોય તો જ બોલે છે. તેઓ ભવિષ્યમાં દરેક કામમાં સફળ થશે કારણ કે તે માટે તેઓ હમેંશા પ્રતિબધ્ધ હોય છે. મારા હિસાબે અને અનુભવે આ જ્ઞાન તેમના પુસ્તક પ્રેમના કારણે તેમણે મળ્યું. તેવું હું માનું છું. આજે પણ અમે જ્યારે મળીએ ત્યારે હાલ શું ચાલે છે તેવું હું પૂછું તો ક્યારેક મને પૂછે કે હાલ શું વાંચો છો? એમાં સમય હોય તો પછી લાંબી વાતો ચાલે અને ના હોય તો નાથાભાઈ સમજીને જ ઊભા થઈ જાય કદી મેં તેમણે ક્યારેય સમય પસાર કરવા ખાતર સમય પસાર કરતાં જોયા નથી.

મારી વાત પૂરી થઈ લગભગ રાત્રિના ૨:૩૦ વાગ્યા હતા. વિચારોનું વાવાઝોડું વિરમી જતાં શાંતિ અનુભવી. પહેલી વાર આવું લખાણ લખ્યાનો આનંદ કોને ના હોય? કોને વંચાવવું? પછી થયું લાવને બનેવીને જ ફોરવર્ડ કરી દઉં. મોબાઇલમાં વાર્તા લખવાનો આ ફાયદો ભૂલ તરત સુધારી જાય. ચેક ચાકની વાત નહીં ઝેરોક્ષની ઝંઝટ નહીં. વોટ્સએપમાં મારી વાત ફોરવર્ડ કરી નિરાંતે સૂઈ ગયો. સવારે મોડો ઉઠ્યો મોબાઈલ જોયો તો બનેવીનો પ્રતીભાવ હાજર. “હજુ જેટલું નાથાભાઈને વધું મળશો એટલી વધું જાણકારી મળશે. ખરેખર હું નાથાભાઈને બહુજ ઓછું મળ્યો છું. પણ એ થોડામાં પણ એ મહાન માણસને સમાજને પ્રકાશ આપનાર દીવા સમાન અનુભવાયા છે.”

મેં જેમનો તેમ પ્રતિભાવ રાખ્યો છે. કારણ કે આ નાથાભાઈનો બનેવીએ પાડેલો ફોટો હતો. આ બધા પાત્રો હયાત છે. હવે મને લાગે છે કે હજુ મારે નાથાભાઈને વધુ મળવાની જરૂર છે.

❀ ❀ ❀

# આશીર્વાદ

**શ્રી પી.એમ.ચાવડા**
સંયુક્ત નિયામક (વિ), સ.ક.ખાતું ગુ.રાજ્ય.

સ્વ. માન.શ્રી ફકિરભાઇ વાઘેલા સાહેબ હમેશા કહેતા કે મોજડીના ડંખની મોજડી પહેરનારને જ ખબર પડે કે એની કેટલી વેદના થાય છે. સ્નેહીશ્રી નાથાભાઇનું જીવન ચરિત્ર જોતાં મોજડીના ડંખની વેદના તેઓએ પણ અનુભવી છે. જેના પરિણામ સ્વરૂપે આજે અસ્પૃશ્યતા, ગરીબી, અજ્ઞાનતા અને સામાજિક કુરિવાજો નાબૂદ કરવાના મહાત્મા ગાંધીના તથા ડો.બાબાસાહેબ આંબેડકરના અથાગ પ્રયત્નોને સાકાર કરવાના સ્વપ્નને પોતાનું ધ્યેય બનાવી પોતે સહન કરેલી પરિસ્થિતિને કેન્દ્રમાં રાખી સમાજના નબળા વર્ગોમાં શિક્ષણ, સંસ્કાર, કુરિવાજો, વ્યસનમુક્તિ, અને ગરીબી દૂર કરવાની મથામણમાંથી સને ૧૯૯૫માં શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરા નામની સંસ્થાનો જન્મ થયો. પરિણામે પંચમહાલ જીલ્લાના અડાદરા ગામમાં પ્રગતિનું બીજ વાવવામાં આવ્યું. જેને પરિણામે સમયાંતરે શ્રી નાથાભાઈ વણકર તથા તેમના સાથીઓ દ્વારા અનુકૂળ ખાતર-પાણી સિંચિને અથાગ પ્રયત્ન થકી ઉછેરવામાં આવ્યું. જેને આજે આપણે જોઈ રહ્યા છીએ કે તે વાવેલું બીજ વટવૃક્ષ થઈને સમાજસેવાના કાર્યને ઉજાગર કરવા અડીખમ ઊભું છે.

એક વર્ગ-૪ના કર્મચારીમાંથી આજે એક માતબર સંસ્થાના સફળ સંચાલક તરીકે શ્રી નાથાભાઈએ જે જહેમત ઉઠાવી છે જે ખુબ જ સરાહનીય અને દાદ માગી લે છે. તેઓ સરકારી અધિકારીશ્રીઓ, દાતાશ્રીઓ તથા રાજકીય આગેવાનો પાસેથી કામ કઢાવવાની સારી કુનેહ ધરાવે છે. જેનાથી સાબિત થાય છે કે સંસ્થા સ્થાપનામાં નાણાકીય સહયોગ તથા વહીવટી કાર્યવાહી માટે દાતાઓ, અધિકારીશ્રીઓ તથા રાજકીય આગેવાનોએ શ્રી નાથાભાઈમાં મૂકેલો વિશ્વાસને સાર્થક કરી બતાવ્યો છે. એટલુજ નહીં પણ ધાર્મિક સંસ્થાઓનો વિશ્વાસ સંપાદન કરી તેઓનો પૂરેપૂરો આર્થિક સહયોગ મેળવી તેમના કાર્યને ઉજાગર કરી બતાવ્યુ છે.

મારા પરમ મિત્ર સ્વ. ગોવિંદભાઇ માયાવંશી દ્વારા પાંડવા વિસ્તારમાં ખૂબ જ શિક્ષણક્ષેત્રે અદભૂત કાર્ય થયેલ છે. જેમાંથી પ્રેરણા લઈ શ્રી નાથાભાઈએ જે યજ્ઞની શરૂઆત કરેલ છે તેમાં પણ સ્વ. ગોવિંદભાઇ માયાવંશી દ્વારા માતબર દાન મેળવી કુમાર છાત્રાલાયનું


Lajja Communications

મકાન બનાવવામાં આવ્યું છે તે બદલ આજે સ્વ. ગોવિંદભાઇ માયાવંશીને યાદ કર્યા વિના કેમ ચાલે ?

શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અડાદરા સંચાલિત શૈક્ષણિક સસ્થાઓએ ૨૫ વર્ષની અવિરત સફળયાત્રા પૂરી કરી છે. ત્યારે સસ્થાની 'રજતજયંતિ' અને સાથે સાથે શ્રી નાથાભાઈ વણકર તેઓના જીવનના ૬૦ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે ત્યારે તેઓની 'ષષ્ઠીપૂર્તિ'ના ઉજવણી પ્રસંગે સંસ્થાને તથા શ્રી નાથાભાઈને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. હજી પણ શ્રી નાથાભાઈ પોતાના જીવનના શેષ વર્ષો સંસ્થાના વિકાસમાં પસાર કરે તે માટે શ્રી નાથાભાઈને ઈશ્વર તંદુરસ્ત અને લાંબુ આયુષ્ય બક્ષે તથા તેઓનું શેષજીવન મંગલમય બને તેવી પ્રાર્થના અને શુભેચ્છા પાઠવું છું.

અંતમાં આપનામાં બિરાજમાન પરમાત્માને મારા વંદન, મારા વંદન સ્વીકાર કરશો તેવી અભ્યર્થના.

❀ ❀ ❀

માણસો ત્રણ જાતના હોય છે. એક, જે જીવનને શાપ આપ્યા કરે છે. બીજો જીવનને અભિનંદન આપ્યા કરે છે. ત્રીજો જીવન વિશે ચિંતન કર્યા કરે છે. પહેલાંને હું ચાહું છું, એના દુઃખો માટે. બીજાને ચાહું છું એના સુખો માટે અને ત્રીજાને ચાહું છું, એની સમજણ માટે.

- રમણભાઇ કે. માયાવંશી

સારિયા.

Lajja Communications

# વણથંભી યાત્રા નાથુજી એક વિરલ મનખો

**કે.જી.પરમાર**
પ્રમુખ, સેવાશ્રમ પિરષદ ગોધરા, લાડપુર મો. ૯૮૨૫૩૩૨૬૧૦

સહર્ષ આનંદની લાગણી સહ લખી રહયો છું કકે, મારા પરમમિત્ર શ્રી નાથાભાઈ વણકરની ઉમર ૬૦ વર્ષ થાય છે. તેમની ષષ્ટિપૂર્તીમાં છપાનાર. પુસ્તકમાં લખીશ કે જયારે નાથાભાઈ વણકર અડાદરાની શાળામાં વર્ગ-૪ના કર્મચારી તરીકે નોકરીમાં દાખલ થયા ત્યારે તેઓ ગામમાં એક મેડા ઉપર રહેતા હતા. ત્યારે હું તેમને મળવા ગયો હતો. તેમાં મારો સ્વાર્થ હતો. તેઓ તે વખતના માન.ગુજરાત રાજયના શિક્ષણમંત્રી શ્રી કરશનભાઈ સોનેરી સાહેબની ભલામણથી નોકરી મેળવેલ હતી.. ત્યારે મેં પણ માધ્યમિક શાળા સાંકલીની માંગણી કરેલ હતી. જેથી એક કાર્યકર તરીક નહીં પરંતુ સમાજના ભાઇને સોનેરી સાહેબે નોકરી અપાવી છે. એ બધી વાતો કરવા માટે પ્રથમવાર તેમને મળ્યો હતો. ત્યારે તેમની બધીજ નાનપણથી માંડીને નોકરીમાં દાખલ થયા ત્યાં સુધીની વાતો કરી હતી. પિતાશ્રીની છત્રછાયા ગુમાવી હતી. માતૃશ્રી ધ્વારા ઉછેર થયો હતો. ઓછુ ભણેલા પરંતુ ધીમે ઘીમે રાજકારણમાં પગ માંડયો.

મને લાગ્યું કે, મારા જીવન અનુરૂપ આ ભાઈ છે. જેથી મારી લાગણી સભર વાતો રજુ કરી હાલમાં હું એક સંસ્થા ચલાવું છું. વાઘજીપુરમાં છાત્રાલય, ટુવામાં પ્રમાણી છાત્રાલલ આમ બન્ને છાત્રાલયો તથા બે બાળવાડીઓ ચલાઉ છું.

તેમને આશ્ચર્ય થયું કે ઘણું સારૂ કાર્યકરો છો આ બધુ કેવી રીતે બન્યું, મે કહયુ કે મંડળ બનાવીને આ છાત્રાલયો શરૂ કરેલ છે પછી નાથાભાઈને આ રંગ લાગ્યો તેમણે પણ અનુસૂચિત જાતિ એજયુકેશન ટ્રસ્ટ, અડાદરા બનાવીને માન.પ્રભાતસિંહ ચૌહાણ સાહેબનો છેડો પકડયો. આમ તો વર્ષોનો ઈતિહાસ જોઈએ તો વણકર ઘણો જ બુધ્ધિશાળી હોય છે. તે આજની તારીખે આ બધું નાથાભાઈની પ્રવૃતિ તેમની મહેનત સમગ્ર દેશના લગભગ બધાજ રાજયોમાં ફરીને ઘણુંબધું શિખીને આ શિખરે પહોચ્યા છે. ભકતીભાવ- માતૃભાવ- સમાજ પ્રત્યેની લાગણી તેમનામાં ઉભરી આવે છે.

આમ તેમના માટે લખવા બેસું તો એક પુસ્તક હું લખી શકું છું પણ હાલ તેમના પુસ્તકમાં આટલા મારા શબ્દોનો સમાવેશ કરવામાં આવે તો પણ ઘણું છે. શ્રી પ્રાણનાથજી મહરાજ અક્ષરાતિત મારા પરમધામના ધણી તેમની પ્રગતિ વધુ પ્રસરે તેવી શુભેચ્છા અને તેમનું જીવન હવે સમાજના ઉત્થાનમાં શકિત સહ તંદુરસ્તીથી ભરપુર રહે એવી નિર્મળત્તા સાથે તેમને અત્યાર સુધી આપેલ મદદગારમાં સહુ સાથીંગણ પરિવાર, સમાજ તેમજ રાજકીય મહાનુભાવો પૈકી શ્રી પ્રભાતસિંહ ચૌહાણ સાહેબ તથા ઝાંઝરકાના ગાદીપતિ પરમ પૂજય ૧૦૦૮ શ્રી મહંત શંભુનાથ બાપુને મારા પ્રણામ સહ મારી વાતને અહીં લખતા અટકું છું. પ્રણામ.....



Lajja Communications

# પ્રેરણાનું પુષ્પ એટલે નાથાલાલ

**આચાર્ય શ્રી, ડાહ્યાભાઈ આર. અમીન (પ્રા. શિક્ષક)**
માનવ સેવા વિકાસ મંડળ, વેજલપુર, તા:કાલોલ, જિ:પંચમહાલ, મો.: ૯૯૦૯૮૩૨૭૨૨

માણસ માત્ર સંઘર્ષમાં જીવી રહ્યો હોય છે, પરંતુ કેટલાક સંઘર્ષો એવા હોય છે કે જે સંઘર્ષ વિશે આપણે જાણીએ ત્યારે કોઈ નવલકથા વાંચતા હોય કે કોઈ ચમત્કાર જોતા હોય એવું આપણને લાગે. એક નાનકડા ગામડાની અંદર બાળપણમાં પિતાનું અવસાન થાય મા વિધવા મજૂરી કરે આસપાસથી કોઈ સગા સંબંધીઓ કુટુંબીઓનો સહકાર ના હોય અને પોતાનું જીવન પોતાની રીતે વિકાસશીલ બનાવે એ પ્રકારનું વ્યક્તિત્વ એટલે નાથાલાલ વણકર.

નાથાભાઈએ પોતે બાળપણમાં બાળમજૂરીથી શરૂઆત કરી. પ્રાથમિક શિક્ષણ તો છોડવું પડ્યું અને બાળ મજૂરી સ્વીકારવી પડી સાથે સાથે પ્રાથમિક શિક્ષણ છોડ્યાના રંજને તેમણે જીવનભર ટકાવી રાખ્યો તેઓ બહારના વિદ્યાર્થી તરીકે ફરી થોડું ભણ્યા અને ભણીને વર્ગ-૪ના કર્મચારી તરીકે કોઈના આશીર્વાદથી નોકરીએ પણ લાગે પણ આગિયો જેમ સૂર્ય બનાવવાની કલ્પના કરે એમ તેમણે વર્ગ-૪ના કર્મચારી તરીકે બેઠા બેઠા એ કલ્પના કરી એક સંકલ્પ કર્યો કે હું પણ આવી કોઈ સંસ્થાના સંચાલક હોવું અને આ કલ્પનાને સાકાર કરવા માટે તેમણે પ્રયત્નો શરૂ કર્યા એક નાનકડી શાળા ખોલવાથી શરૂઆત કરી અને ત્યાર પછી અત્યારે સાત જેટલી વિશાળ સંસ્થાઓ તેમના નેજા હેઠળ તેમના માર્ગદર્શન હેઠળ ચાલી રહી છે તમે પોતાનું એક ટ્રસ્ટ છે જે ટ્રસ્ટ ત્યારે ગરીબોની મદદ કરે છે. બહેરા મૂંગા વિદ્યાર્થીઓને પોતાના દીકરા-દીકરીની જેમ રાખીને ભણાવે છે આદિવાસી વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાઓમાં જિલ્લા અને રાજ્ય સ્તર સુધી લઇ જાય છે. તેમની સંસ્થામાં ભણેલા વિદ્યાર્થીઓ વર્ગ-૨ સુધીની નોકરી મેળવી ચૂક્યા છે તેમની સંસ્થામાંથી પંચમહાલ જીલ્લાની અંદર પ્રથમ એકથી દસમાં નંબર મેળવનાર વિદ્યાર્થીઓ પણ છે આ તેમની નિષ્ઠાનું પરિણામ છે.તેઓએ જે કંઈ કામ કર્યું છે એ કોઈપણ પ્રકારના સ્વાર્થ વગર કામ કર્યું છે અને એ સાબિત કરવું હોય તો એમની સંસ્થાઓની મુલાકાત લેવી પડે તેમની સંસ્થાઓની મુલાકાત લો તો તમને ખબર પડે કે એ સંસ્થામાં પ્રવેશતા જ બહાર દ્વાર ઉપર કે સંસ્થાના ઓરડા ઉપર દાતાઓના નામ હશે અને એ દાતા હોય એવા છે કે જેવા તહેવારોને ધ્યાન નથી આપતા કરોડો રૂપિયાનું દાન તેમની સંસ્થાઓને મળ્યું છે. સરકારનો સાથ અને સહકાર સંપૂર્ણ મળ્યો છે.તેમને વિવિધ સંસ્થાઓનો સાથ

Lajja Communications

મળ્યો છે કારણ કે તેમનું કામ બોલે છે આ માણસ નહી પણ ચમત્કાર છે એક નિરાધાર વ્યક્તિ એક નિરાધાર બાળક એ બાળક યુવાઓએ આવે પ્રૌઢ અવસ્થા એ આવે ત્યારે એ પોતે જેવી અવસ્થામાં હતા એવા બાળકોને ભણાવી-ગણાવી અને સારા સ્થાન ઉપર લઇ જવાનો યજ્ઞ કરે એનાથી મોટી વાત કઇ હોઇ શકે તેમના જીવનમાં તેમણે અનેક લીલીસૂકી જોઇ છે દરેક કઠિન પરિસ્થિતિઓમાં તેમને જાણે કે ઈશ્વરની મદદ મળી છે પ્રભાતસિંહ ચૌહાણ સંસદ સભ્ય જેવા લોકપ્રિય અને લોકલાડીલા નેતાએ તેમને સતત સાથ અને સહકાર આપ્યો છે.આ ઉપરાંત અનેક નેતાઓ અનેક કંપનીઓ અનેક સંસ્થાઓએ તેમનો હાથ પકડ્યો અને તેમને કંઈ પણ કામ કરવા માટે તેમને મદદ મળી છે. અને આ મદદ તો તેમને મળી તેના પરિણામે તેઓ અત્યારે વિશાળ સંસ્થાઓના સંચાલક છે હજારો બાળકો ત્યાં ભણીને અત્યારે સારા નાગરિક તરીકે દેશમાં કાર્યરત છે તેમના કર્મચારીઓ પણ એટલા જ ખુશખુશાલ છે કારણ કે એમણે ચોથા વર્ગના કર્મચારી તરીકે કામની શરૂઆત કરી છે એટલે તેમને ખબર છે કે કર્મચારી ને કેવી રીતે રાખવા તેમની સંસ્થાઓમાં સુવિધાઓનો કોઈ અભાવ નથી ઓનલાઇન કોમ્પ્યુટરો ભીંતુ પર જડેલા છે આખેઆખા વર્ગખંડો કોમ્પ્યુટરરાઈઝ છે, અને એ વર્ગખંડોમાં જેમને રહેવા માટે ઠેકાણા નથી જેમના માબાપ મજૂરી કરે છે કેટલાયના માબાપ ક્યાં છે શું કરે છે એ પણ ખબર નથી એવા બાળકો એવા ઉત્તમ પ્રકારના વર્ગખંડોમાં અત્યારે અભ્યાસ કરી રહ્યા છે અને એનું પરિણામ જ્યારે આવશે ત્યારે આ દેશમાં એક બહુ જ મહત્વના કાર્યકર તરીકે પાયાના કાર્યકર તરીકે નાથાભાઈ વણકરની નોંધ સમગ્ર દેશમાં લેવાશે આ સંસ્થાઓની અંદર જે પણ પ્રવૃત્તિઓ ચાલે છે એ પ્રવૃત્તિઓ નિસ્વાર્થ ભાવે થઈ રહી છે. એ પ્રવૃત્તિઓમાં વિવિધ સંસ્થાઓનો સતત સહયોગ મળતો રહ્યો છે એ પ્રવૃત્તિઓ પર સતત નાથાભાઈ દેખરેખ રાખી રહ્યા છે જાણે કે કોઈ ગાંધીજીનો આશ્રમ હોય એવું સુરમ્ય વાતાવરણ આ સંસ્થાઓમાં છે આ સંસ્થાઓના ઉત્તમ મકાનો ઉત્તમ બિલ્ડિંગો એના કર્મનિષ્ઠ કર્મચારીઓ એના પરિસરમાં પર્યાવરણ ભરેલું વાતાવરણ આ બધું આપણે જ્યારે પણ જોઈએ છીએ ત્યારે આપણને લાગે છે કે ખરેખર આ સંસ્થા આપનાર અને આ સંસ્થાઓ ચલાવનાર કોઈ ચોક્કસ નિષ્ઠાવાન મહાપુરુષ છે.

નાથાભાઈ વણકર મિલનસાર વ્યક્તિત્વ ધરાવે છે. તેઓની સાથે મારે ૧૯૯૯માં મુલાકાત થઇ હતી અને ત્યારબાદ તેમણે સતત કોઈપણ કાર્યક્રમમાં સાથ અને સહકાર આપ્યો છે. શિક્ષણની પ્રવૃત્તિ હોય સામાજિક પ્રવૃત્તિ હોય સાંસ્કૃતિક કાર્યક્રમ હોય દરેકમાં તેઓ સાથે રહ્યા છે નાથાભાઈ માનવ સેવા વિકાસ મંડળના સહયોગમાં મને સતત સાથ આપતા


Lajja Communications

રહ્યા છે શિક્ષણના કાર્યક્રમો પુસ્તકોની પ્રવૃત્તિ કોઈને મદદ કરવાની હોય આવી તમામ પ્રવૃત્તિઓમાં માનવ સેવા વિકાસ મંડળની સાથે રહ્યા છો તેથી તમારો સાથ સહકાર અમને સતત મળતો રહ્યો છે આ રીતે તેઓ અન્ય નાની નાની સંસ્થાઓને પણ ઘણી મદદ કરી છે અને એ મદદથી ઘણી સંસ્થાઓ આગળ આવી છે.

નાથાભાઈ વણકરને આપણે મળીએ તો આપણને લાગે નહીં કે એ આટલી મોટી સંસ્થાઓના સંચાલક હશે કારણ કે નાથાભાઇ એકદમ સહજ સરળ અને હસમુખા સ્વભાવ ના વ્યક્તિ છે. તેઓ જે પણ કંઈ કામ કરવા માટે શરૂ કરે છે એ તરત પૂરું કરવાની એમનામાં ખેવના છે તેઓએ જીવનમાં ક્યારેય નિરાશ થયા વિના પોતાનું કામ નિષ્ઠાપૂર્વક કર્યું જ છે એવા નાથાભાઇને અત્યારે શુભેચ્છા આપવાનો સમય આવ્યો છે 60 વર્ષના જીવન દરમ્યાન એક એક વર્ષનો એક મહિનાનો એક દિવસનો નહીં પણ એક એક ક્ષણનો હિસાબ તેમણે રાખ્યો છે એક એક ક્ષણનો સદ્ઉપયોગ તેમણે કર્યો છે અને તેથી જ તેઓ આટલી મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા છે. સરકાર દ્વારા એમનું સન્માન થયું છે રાજ્ય અને રાજ્ય બહારની સંસ્થાઓ દ્વારા તેમનું સન્માન થયું છે નેતાઓ અધિકારીઓ અને લોકો તમામ તેમને ચાહે છે અને તેનું મુખ્ય કારણ એ તેમની નિષ્ઠા છે તેમની સેવા ભાવના છે તેમનામાં રહેલો સેવાનો ભેખ તેમને સતત અને સતત પ્રવૃત્તિઓ કરવા તરફ આગળ વધારે છે. કોઈપણ કામ તેઓ ઉપાડે છે ત્યારે 0 થી શરૂઆત કરે છે અને એ કામ વટવૃક્ષ બની જાય છે. આવી રીતે શૂન્યમાંથી સર્જન કરનારા નાથાભાઈ પોતાના ૬૦ વર્ષની ઉંમરે પણ સતત આગળ વધવા માટે કાર્યશીલ છે કર્મનિષ્ઠ છે એટલે તેમની આપણે શુભેચ્છાઓ આપીએ અને તેમને આગળ વધવા માટે કોઈપણ ક્ષણે મદદરૂપ થવા પ્રેરણા આપવા એમને ખભેખભો મિલાવીને કામ કરવા અમે સૌ તૈયાર છીએ, અમારી શુભેચ્છાઓ તેમની સાથે છે.

❁ ❁ ❁

અહમ્ શાનો? અભિમાન કોના માટે? અહીં મારું પોતાનું છે શું કે હું એનું અભિમાન કરું? મારું તો કંઇ નથી!

- વલ્લભભાઇ પી. પરમાર

પટેલના મુવાડા

# તળેટીથી શિખર સુધીની સફર એટલે સપનાના વાવેતર

**બી.એસ.મકવાણા**
શ્રધ્ધા સોસાયટી, એરપોર્ટ રોડ, કેશોદ, જી.જૂનાગઢ.
મો.નં. ૯૪૨૮૦ ૮૮૭૮૪, ૮૩૨૦૬ ૨૧૪૧૪

નાથાભાઈ ગલાભાઈ વણકરનો જન્મ ખેડા જિલ્લાના પાંસરોડા ગામમાં શ્રમજીવી ખેડૂત પરિવારમાં થયો હતો. ખેતરમાં બીજ વાવવા સાથે એમણે સપનાઓ પણ વાવ્યા. જે સપનાના બીજ આજે વટવૃક્ષ બનીને બીજાને છાંયડો આપી રહ્યા છે. શ્રીમાન નાથાભાઈની કારકિર્દી એક ચોથા વર્ગના કર્મચારી તરીકે શરૂ થઈ, કારણ માત્ર એટલુજ કે એનું ભણતર ઓછું અને ગણતર વધારે. અડાદરા, તા.કાલોલની એમ.આર.હાઈસ્કૂલના કર્મચારી તરીકે કામ કરતાં કરતાં સાથી મિત્રો સાથે ટ્રસ્ટ રજી. કરાવ્યુ અને જુદી જુદી સંસ્થાઓની શરૂઆત કરી.

પ્રથમ કુમાર છાત્રાલય (૧૯૯૬) શરૂ કર્યું. ત્યારબાદ કન્યા છાત્રાલય (૧૯૯૮) તથા ભોજનાલય વગેરે શરૂ કર્યા. ત્રીજું સોપાન અનુ.જન જાતિ કન્યા છાત્રાલય, આશ્રમશાળા વગેરે શરૂ કરી ગોધરા ખાતે બંધ પડેલી બહેરા મૂંગા બાળકો માટેની શાળા શરૂ કરી. દાતાઓનો સહયોગ પણ મળી રહ્યો.

૨૦૦૫માં નોન ગ્રાન્ટેડ કન્યા માધ્યમિક શાળા શરૂ કરી. જેના માટે દાન મળી રહ્યું. નાથાભાઈ ભવિષ્યમાં કોલેજો અને ઔધોગિક ટ્રેનીંગ એકમો શરૂ કરવા માગે છે. પછાત વર્ગના વિદ્યાર્થીઓએ સ્પર્ધાત્મક પરીક્ષાની પૂરતી તૈયારી કરી શકે તે માટેના તાલીમવર્ગોનું પણ આયોજન અને તેના માટે આધુનિક અધ્યતન લાઈબ્રેરી કરવા માગે છે.

એમના સમગ્ર જીવનમાં મહેનત અને પ્રગતિની પ્રેરણા મળે છે. એમણે અનેક લોકોના માર્ગદર્શક બનીને સંખ્યાબંધ લોકોના જીવનના પથદર્શક બન્યા છે. જેના કારણે એમની પ્રગતિ અને વિકાસની ગાથા સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્ર કચ્છમાં ફેલાયેલ છે. એમણે વાવેલા સપનાં સાકાર થઈ રહ્યાં છે. નાથાભાઈ વણકરનો મને પરિચય છે ત્યાં સુધી માણસ તરીકે એક ઉમદા માણસ, સફળ સંચાલક, દીર્ઘદૃષ્ટા, સમાજ સેવક, પ્રામાણિક અને પરગજુ માણસ છે. એમના પરિચયમાં આવનારને એમના વિનય અને વિવેકનો પરિચય થયા વિના રહેતો નથી. આયુષ્યમાન નાથાભાઈને આ રજતજયંતિ મહોત્સવ વેળાએ શુભેચ્છાઓ સહ.....

જય ભીમ



Lajja Communications

# સમાજના સેવક

**પુનમચંદ દાનાભાઈ અમિન**
મુ.પો.તા. કાલોલ

## સમાજના સેવક નાથાભાઈ

મહાસાગરના પ્રચંડ મોજાઓનો રઘવાટ હોય કે પછી દિશાઓને ધ્રુજાવી મૂકતો ઝંઝાવાતી પવન કે ગગન ભેદી વીજ કડાકા, મહાપથિક જ્યારે કદમ માંડે છે ત્યારે તેને કાશી ચિંતા નથી હોતી. દ્રઢ મનોબળ અને ઇચ્છા શક્તિના સથવારે ઊંચકાયેલા કદમને કોઈ પ્રકારના અવરોધો નડતા નથી.

## અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી.

કંટક સંધ્યાને પુષ્પ સંધ્યા સમજીને જેણે પગરણ માંડ્યા હોય એ મેઘ તાંડવ પણ ડગાવી શકતું નથી. લક્ષ સુધી પંહોંચવા જેણે કમર કસી છે, એને પર્વતોનું ચડાણ પણ નડતર રૂપ બનતું નથી. ભીષણ તોફાનો પણ માર્ગ કરી આપે છે.

સુરજ ઊગે છે અને ડૂબે છે, રાત પછી દિવસ આ એક કુદરતી પ્રક્રિયા છે. જ્યાં કોઈ પથિકને આંખ વીંધવાનું જ લક્ષ ગમે છે. ત્યાં પર્ણનો હળવો ફફડાટ પણ નડતો નથી. જેને લડવું છે ઝૂઝવું છે એને મન શબ્દ પણ આયુધ બની રહે છે. જેમણે મુશ્કેલીઓ વેઠી છે પીડા ભોગવી છે તેઓ તરી ગયા. જેઓ ક્યાંય નિરાશ થયા નથી એમની નૈયાને તોફાની ઝંઝાવાત કે ચક્રાવત પણ ડોલાવી શકતો નથી. નાથાભાઈ સાહેબે જે સંઘર્ષો કરીને શૂન્યમાંથી સર્જન કર્યું છે. તે તેમની આંબેડકરવાદી વિચારધારાને હું લાખ લાખ વંદન કરું છું. તેમની પ્રગતિશીલ, ગતિશીલ વિચારધારાને ઈશ્વર આ સંસ્થાનો ઉત્તરોત્તર વિકાસ થાય તેવી હું આશા રાખું છું. જેમ ગાંધીજીએ કહ્યું હતું કે કર્મ એજ પૂજા છે. બસ વાક્ય તેમના જીવનમાં સ્પર્શ કરી ગયું.

WORK IS WORSHIP

❀ ❀ ❀

# અમારા પૂજય પિતા

**-જ્યોત્સ્ના-નરસિંહ-રમેશભાઈ**

ભારતીય સંસ્કૃતિમાં માતા અને પિતા એ સર્વશ્રેષ્ઠ ગણાય છે. અમો માતાની મમતા ભૂલી શકીએ તેમ નથી. કારણ માતાએ આ જગત સૃષ્ટિમાં અમોને જન્મ આપીને વિહરવાની, કિલોલ, કરવાની, આનંદ મોજ મજાથી જીવન વ્યતિત કરવાની તક આપી છે. એ સાથે... સાથે અમો અમારા પિતાને પણ ભૂલી શકીએ તેમ નથી. પિતા કોઈ મહાન કવિ, લેખક હોય, ગાયક હોય, વેપારી હોય, રાજકારણી હોય, દેશનેતા હોય કે લોકસેવાને વરેલા હોય, પણ તેમના સંતાનો માટે તો તે પિતા જ હોય છે. આવું જ અમારા માટે છે. અમારા પિતા નાથાભાઈ વણકરની ષષ્ઠીપૂર્તિ ઉજવાઇ રહી છે ત્યારે ધૂળમાં પડેલા રતન દિવડા સમાન અમારા પિતા માટે અમોને ગૌરવ હોય જ. આવા હિતકારી, કર્તવ્ય પરાયણ મેઘાવી બાપને ત્યાં જન્મ લઈને... અમો બાળકોને અગાધ પ્રેમ મળ્યો છે, એ અમારા માટે મોટી વાત છે. અમારું સદ્‌નસીબ ગણાય.

અમારા પિતાનું કામ જ એ પ્રકારનું હોય જેમાં દલિત-વંચિતો-પીડિતો અને શોષિત વર્ગને કેળવણીની ભૂખ જાગે તેવો અભિગમ. આ વર્ગના બાળકો સંસ્કારી તેજસ્વી બની સારું શિક્ષણ મેળવી સમાજમાં સારું સ્થાન મેળવે. માતા પિતાને મદદ કરે આર્થિક રીતે સધ્ધર થાય અને સમાજ ઉત્કર્ષના કાર્યમાં જોતરાઈ સમાજની સેવા કરે એવી ભાવનાવાળા છે. તેમનામાં રહેલી નમ્રતા, વિવેક, કર્તવ્યનિષ્ઠા, બીજાને મદદ થવાની ભાવના તથા શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરા સંચાલિત ચાલતી સંસ્થાઓ દ્વારા આજે તો માત્ર વિરપુર તાલુકો નહીં પંચમહાલ જિલ્લો નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં તેમનું નામ ગુંજતું થયું છે. આ નામની સુવાસમાં માનનીય પ્રભાતસિંહજી ચૌહાણ પૂર્વ સાંસદનો સિંહ ફાળો રહેલો છે. અમારા પિતાજીને તેઓએ સંસ્થાઓની મંજૂરી અને વિકાસમાં ખૂબ મદદ કરી છે. તેવા અમારા પિતા તુલ્ય માનનીય પ્રભાતસિંહજી ચૌહાણ સાહેબને ભૂલી શકીએ તેમ નથી.

અમારા પિતાજીને દબાયેલા, કચડાયેલા, પીડિતો અને વંચિતો માટે એટલી બધી મમતા કે આવા વ્યક્તિઓને કેવી રીતે મદદરૂપ થઈ શકાય. રાત દિવસ ઠંડી ગરમી ગણકાર્યા વિના બીજાઓને દુઃખ આપ્યા સિવાય સેવા કરવામાં અગ્રેસર રહ્યા છે. પડકારો સંઘર્ષોનો હસતાં મોઢે સ્વીકાર કરીને કામને વળગી રહેતા. અમોને ક્યારેય એવું સાંભળ્યું નથી કે..

જોયું નથી કે... અમારા પિતાએ આદરેલા કાર્યો પૂર્ણ થયા નહીં હોય. તેમના હૃદયમાં સૌના માટે કરુણા રહેતી. કરુણાનું ધન અને તેમની મોટામાં મોટી મૂડી છે. બાળકો માટે તેઓના હ્રદયમાં અજબ વાત્સલ્ય ભાવના છે. બાહ્ય દેખાવથી સિંહ જેવી ગર્જના કરતાં પણ અંતર એટલો જ અનહદ પ્રેમ સંતાનો માટે રાખતા. આવા પિતાના સંતાનો થવા અમો ઈશ્વરના આભારી છીએ.

સલાટ જેમ પથ્થરમાંથી ભગવાનની મૂર્તિ બનાવે છે. તેમ અમારા પિતા એ અમોને સંસ્કારના વારસા રૂપે નિર્મળતા–નમ્રતા-પરોપકાર-વફાદારી અને પરદુઃખભંજન બનવા માટેની તાલીમ આપી છે. ક્યારેક છોરું કછોરું થાય ત્યારે અમારા માથા પર વ્હાલથી હાથ ફેરવી દિકરા કે દિકરી તમે જિંદગીમાં કંઇક ભૂલ કરશો તો લોકો મને નહીં, તમારામાં વાંક કાઢશે એટલું યાદ રાખજો. તમારી માં એ મને સાચવ્યો છે. એના પવિત્ર પગલાંએ મને આ સેવા કરવાની તક મળી છે. મારો નહીં....તમારી માં નો વિચાર કરજો. આવું કહેતા ત્યારે અમો પ્રભુ પ્રત્યે મીટ માંડતા. અમારા પિતામાં પ્રભુએ કેવું જોયું ઋજુ હૈયું મૂક્યું છે હૈયું.

નાથાભાઈ વણકરને એક પિતા તરીકે અમારે જોવું એ જ અમારું કર્તવ્ય હોય શકે. પરંતુ સમગ્ર ગુજરાતનાં વિશાળ સમુદાય વર્ગ તેમને એક લોક સેવક તરીકે જુએ. એ અમારું ધન્યભાગ્ય ગણાય. કાળી મજૂરી કરી કપાસ વીણવા ગયા. સાઠંબા જીનમાં ચરખો ફેરવ્યો, મોસાળ ખરોડ મામાના ઘરે મજૂરી કરી. મામાએ ઉછેરવામાં મદદ કરી. આ બધુ સાંભળીએ છીએ ત્યારે પિતાની સામે ટગર ટગર જોઈ રહીએ છીએ.

અમારા પિતાની ષષ્ટીપૂર્તિ ઉજ્વવાનો....નિરખવાનો અને નિહાળવાનો શુભ મંગલમય અવસર અમોને પ્રાપ્ત થયો છે. એ અમારા માટે આનંદનો અવસર ગણાય. ધન્યભાગ્ય ગણાય. જેઓએ અમારા પિતાની સેવાઓની કદર કરી આ ષષ્ટીપૂર્તિ ઉજવવાનો અવસર ઊભો કર્યો છે તે સૌને અમારા લાખ લાખ વંદન અમો તેઓના ઋણી રહીશું.

અમો અમારા પિતાની સુવાસને વળગી રહીશું. જ્યારે અમોને સેવા કરવાનું સદભાગ્ય પ્રાપ્ત થશે ત્યારે અમારા પિતાજીની જેમ સેવાનો ભેખ લઈ તેમની સુવાસને ધૂપસળીની જેમ જલતી રાખીશું. આવા અમારા મેધાવી પિતા જુગ જુગ જીવો તેવી સૃષ્ટિના સર્જનહારને પ્રાર્થના.

❀ ❀ ❀

# આકાશને આંબવાની હિંમત

**વિપિનચંદ્ર. એમ. શાહ.**
આ.મેનેજર, રિઝર્વબૅંક ઓફ ઈન્ડિયા, મુંબઈ
અડાદરા. મો. ૯૦૯૯૦૨૮૦૪૩

આજે લખવા બેઠો છુ નાના માણસના મોટા કાર્ય. હું વાત કરવા માગુ છુ શ્રી નાથાભાઈ કે જેમણે એકલા હાથે શિક્ષણક્ષેત્રે જે યોગદાન આપ્યું છે. અડાદરા અને આજુબાજુના સમાજ માટે આશીર્વાદ છે. ખાસ કરીને વનવાસી, આદિવાસી જનહિત માટે શિક્ષણ અને જ્ઞાન મેળવવાનો પાયો. જ્ઞાન મેળવીને મનુષ્ય જ્ઞાની બની જાય અને ત્યારે એનામાં અહંકારનો તાવ આવે છે. ત્યારે શિક્ષણ મનુષ્યને શિક્ષિત એટલે કે જાણકાર બનાવે છે. એટલે શિક્ષણનું મહત્વ માનવ જીવન સાથે અતૂટ રીતે સંકળાયેલું છે. અને આજના યુગમાં જો માણસ ભણેલોના હોય તો એ જીવનમાં ઠોકરો ખાતોજ રહે છે. વિદ્યા વગરનો માનવ પશુ સમાન છે. જો જીવન જીવવા લાયક બનાવવું હોય તો જાગી જવાની જરૂર છે. એમના બાળકોને સારું શિક્ષણ ના મળે, તો એ દોષ માતા-પિતા અને સમાજનો જ ગણાય. અમુક શિક્ષણ સંસ્થાઓ અંદર રાજકારણ અને સ્વાર્થ શોધે છે. એ પણ સમાજને નુકશાન કરે છે. કેરાલામાં શિક્ષણનું પ્રમાણ અધિક છે. કેમ કે ત્યાં ખ્રિસ્તી મિશનરીઓએ ધર્મ પરીવર્તન કરાવીને લોકોને શિક્ષિત કર્યા છે. જો આપણાં બાળકોને આપણાં જ સંસ્કારમાં રાખવા હશે તો આપણાં આ પવિત્ર કાર્યમાં મદદ કરવી પડશે. શ્રી નાથાભાઈએ ઉપાડેલું આ કાર્ય એમની ધગશ અને અથાગ પરિશ્રમનું પરિણામ છે. આપણાં જિલ્લાના આદિ જનજાતિ બાળકોને રહેવા, જમવા અને શિક્ષણની વ્યવથા કરવી એ સેહલું કાર્ય નથી. ખરેખર આ કાર્ય અભિનંદનને પાત્ર છે. કેટલાક બાળકોને નવી જિંદગી આપીને એક માનવતાનું કાર્ય કર્યું છે. આ એમની અંદર દટાઈ રહેલા સારા સંસ્કારો ધગશ અને પ્રબળ ઇચ્છાશક્તિ હોય તો જ થઈ શકે સારા સંસ્કારો કાંતો કુટુંબમાંથી મળે, સમાજમાંથી મળે કે પછી શાળામાંથી મળે એ માનવીને ઘડે છે. અને એને જીવન જીવવા યોગ્ય બનાવે છે. એટલે જ શિક્ષણનું મહત્વ જેટલું અધિક એટલુ જ માનવનું સ્તર ઊચું. યાદ આવે છે આપણાં ગામના એમ સી નાયક એક ભવૈયાનો છોકરો ઉચ્ચ સ્થાને પહોચ્યો અને સંસ્કાર સાથે. આપણાં ગામમાં આવા સિતારા ચમકતા જ રહે અને એ શ્રેય નાથાભાઈને જાય છે. ભલેને પિતાની છત્રછાયા, નાનપણમાં જ ગુમાવી હોય તોય જેનું નામ નાથ છે. એ અનાથ કેમ બને? વર્ગ-4 ના કર્મચારી હોવા છતાય વિદ્યાની ભૂમિને લીધે પોતે તો શિક્ષણ લીધુજ પણ બીજા બાળકોને શિક્ષિત કરવાની નેમ લીધી અને એમાં યશ મળ્યો.


Lajja Communications

આજેય કેટલાક વર્ણવ્યવસ્થામાંથી બહાર આવ્યા નથી એમને મારે એટલુજ કહેવું છે કે ઇશ્વરે દરેક જીવને સરખાજ શરીરના અંગો અને અંદર વેહતું લોહી આપ્યું છે એમાં મગજ સરખું જ છે પછી કોણ ક્યા અંગને મગજને કેટલું વાપરે છે જીવનમાં કઈ ટોચે પંહોચે છે એ એની વ્યક્તિગત ધગશ હોય છે મગજને જાગૃત રાખો એને કસતા રહો. અને નવું કરવા વિચારો કેટલાક લોકો મગજનો ઉપયોગ કરે છે પણ અસ્તિત્વને નષ્ટ કરવા માનવ સમાજના નુકશાન માટે કરતાં હોય છે. સારા માર્ગે વાળેલી શક્તિ હીર ઉત્પન કરે છે.

આજે આ સંસ્થાની રજત જયંતિ અને નાથાભાઇની ષષ્ઠિપૂર્તિ મહોત્સવના આનંદ દાયક પ્રસંગે હું એટલું જ કહીશ કે આ માણસે આકાશને આંબવાની હિમ્મત કરી છે એને ઉચે ગગનમાં ઊડવા દો. એની પાંખોમાં ઈશ્વર શક્તિ ભરે જેથી આવી અનેક સંસ્થાઓને એ ઉચ્ચસ્થાને પંહોચાડે એને રોકવા એના માર્ગમાં રોડા નાખવાનું મહેરબાની કરીને ચેષ્ટા ના કરતાં. એને આખા વિશ્વને બાથ ભિડવાની શક્તિ ઈશ્વર આપે તેવી પ્રાર્થના ઈશ્વરને કરું છુ કેમ કે એ અડદરા અને આજુબાજુના અનેક લોકોના લાભાર્થી છે. ઈશ્વર દરેકને સદ્‌બુદ્ધિ આપે અને શુભ કાર્યોમાં સહાય કરે.

કુર્યાત સદા મંગલમ, એક હિતેચ્છુ

❁ ❁ ❁

જેને ઇચ્છા હોય તે ઇશ્વરમાં શ્રધ્ધા રાખે! પરાણે કોઇને પાટલા ઉપર ન બેસાડાય.

- જેઠાભાઇ ખાનાભાઇ મકવાણા

પટેલના મુવાડા

# અનુસૂચિત જાતિનું રતન

**ડૉ. એન.એસ પરમાર**

મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના પાંસરોડા ગામે એક સાધારણ દલિત પરિવારમાં જન્મ થયો બાળપણમાં જ પિતા ની છત્રછાયા ગુમાવનાર ઘરનું એક માત્ર સંતાન ફક્ત માતાની મમતાના સહારે જીવન ગુજારનાર સ્નેહીશ્રી નાથાભાઇ એક કહેવાતી નિમ્ન જાતિમાં જન્મ લઈ જીંદગીની સફર શરૂ કરી શિક્ષણના ઉચ્ચ પગથિયાં ચડી ના શકયા. તેઓએ હજારો ગરીબો, પીડિતો, શોષિતો, વંચિતો અને જરૂરિયાતમંદોને શિક્ષણ મળી રહે તેવી ઊજળી તકો ઊભી કરી મને લાગે છે કે શ્રી નાથાભાઇના મનમાં હદયના કોઈ ખૂણે જીવન જીવવાની ઊચી તમન્નાની ઉણપ હદયના કોઈક ખૂણે તડપાવતી હોવી જોઈએ જેથી કરીને જેઓને માધ્યમિક શિક્ષણ પણ નિયમિતરીતે મળી નથી શક્યું.

હમણાં ડૉ. બાબાં સાહેબ આબેડકરનો સંપૂર્ણ અક્ષર દેહ વાંચતા વાંચતા રૂવાડાઉભા થઈ જાય તેવી હ્રદય વિદારક માર્મિક ઘટનાઓ પ્રસંગો દર્શન વાંચતા ઉંડા આઘાતમાં સરકી પડાય કે કેવો હતો એ જમાનો કે દલિત સામાજનો દીકરો ભણે ગણે સારા કપડાં પહેરે એમાંવળી સવર્ણ સામાજ નેતો શું ફરક પડતો હશે? પણ નહીં તેઓને ઘણો ફરક પડતો હતો ફરક તો ત્યારે પણ પડતો હતો અને આજે પણ પડે છે. મજૂરી દયા વેઠ ગુલામી અને પશુઓથી પણ બદતર જીવન જીવવા આદેશની મનુવાદી વ્યવસ્થા એ દલિતોને મજબૂર કર્યા.

દેશ આઝાદ થયો પરંતુ સામાજિક આર્થિક દ્રષ્ટિ એ આજેપણ ગુલામ છે. ડૉ. બી.આર. આબેડકર દ્વારા બંધારણ નિર્માણ થયું. ધીરે ધીરે ચેતનાનો સંચાર થયો મને લાગે છે. ભલે શ્રી નાથાભાઇએ ઉચ્ચ શિક્ષણ મેળવેલ નથી પરંતુ તેવો એ જે કાર્યો કર્યા છે તે કોઈપણ રીતે ઉચ્ચ ડિગ્રીથી ઓછું આંકી શકાય તેમ નથી ખરેખર તેઓ એ કબીરિ ધર્મ નિભવ્યો છે. "લૉગ કહતે પૂસ્તક કી લેખી મેં કહતા આંખીન કી દેખી. તેઓએ ભારતીય સામાજની સાચી શિક્ષા પ્રાપ્ત કરી છે તેઓનો પરિચય જોઈ અનહદ આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છુ.

આજે પણ આ સમાજ અપાર ગરીબી શોષણ અન્યાય અને અત્યાચારનો ભોગ બની રહ્યો છે. અસ્પૃશ્યતા હજી દૂર થઈ નથી. રોજિંદા જીવનમાં દલિતો પરના અત્યાચાર ઓછો થવાનું નામ લેતા નથી. 1980 થી 1985 સુધીના અનામત વિરોધી આંદોલનથી લઈ ઉના કાંડ, રોહિત વેમૂલકાંડ, રણવીર સેનાના અન્યાય અત્યાચાર, નરસંહાર, બદાયુનિ હત્યાકાંડ જેવી અઢળક અન્યાય સૂચક ઘટનાઓ દલિતો વિરુદ્ધ આકાર પામી રહી છે આજે બંધારણ બદલવાથી લઈ ને રોજ નવા દાવ પેચ દલિતો પ્રત્યે રચાઇ રહ્યા છે



Lajja Communications

તેવોના માનવ અધિકારો આજે છડે ચોક લૂટવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. ગુજરાતમાં જ નહીં દેશમાં એક પણ ગામ એવું વિકાસનું મોડેલ કે આધુનિક બનાવી શકયા નથી કે જેમાં અશ્પૃશ્યતા મુક્ત ગામ આપણે કહી શકીએ દલિતોનું ગામમાંથી વિસ્થાપન થઈ રહ્યું છે એવા કેટલાઈ ગામ છે જેમાં દલિતોની વસ્તી હવે નહિવત બની છે કહેવા માટે આપણે બહુજન સામાજ છીએ પરંતુ વાસ્તવિકતા એ છે કે આપણે લઘુમતીમાં છીએ તેથી ગરીબી અને અનન્યા અત્યાચારનો ભોગ બનીએ છીએ ભૂખમરી અને શિક્ષણ જેવી મૂળભૂત જરૂરિયાતો પણ મેળવી શકતા નહીં.

નિરાશાના વાદળો અને વમળોની વચ્ચે પણ આશાનું કિરણ આપણને પ્રાપ્ત થાય છે. એવા કર્મશીલ કર્મનિષ્ટ અને સમાજને ઊંઘતો જગાડવાનું અને બેઠો કરી ચાલતો કરવાનું કામ શ્રી નાથાભાઈ ગલાભાઈ વણકર જેવા સમાજસેવી કરી રહ્યા છે. ખરેખર હું તેઓના કાર્યો થી અહોભાવની લાગણી અનુભવી રહ્યું છુ. મધ્યયુગીન સમાજ સુધારક મહાત્મા કબિરદાસ, પ્રખર સમાજ સેવક શિક્ષણવિદ ક્રાંતિકારી ચિંતક મહાત્મા જ્યોતિરાવ ફુલે, રામાસ્વામી પેરિયાર અને ભારત રત્ન બોધિસત્વ ડૉ. બાબા સાહેબ આબેડકરને ખરેખર શ્રધ્ધાંજલી અને તેઓના જીવનકવન અને કાર્યોને આગળ ધપાવવાનું કાર્ય કરતાં હોય તો આપ જેવા સમાજ સુધારકોને આભારી છે. બાબા સાહેબ ડૉ. આબેડકરનું કથન આ ક્ષણે કેહવાનું ઉચિત લાગે છે. મેં જે કાર્ય કર્યું છે તે જીવનભર સખત પરિશ્રમ કરીને અનેક મુસિબતો સહન કરીને અને વિરોધીઓની સામે ઝઝૂમીને જ કર્યું છે અમેરિકા અને લડનમાં બ્રેડના બે ટુકડા અને તે પણ ન મળે તો માત્ર પાણી પી અર્ધા ભૂખ્યો રહી મે અભ્યાસ કર્યો છે. મારવાડીની દુકાનેથી ઉધાર લઈ મારૂ ઘર ચાલતું. ઘરમાં પૈસા ના હોય તો ત્યારે ત્રણ ચાર રૂપિયા જેવી નજીવી રકમ માટે મારે હાથ લંબાવવો પડતો દારુણ ગરીબીને કારણે મારી સમ્યક દર્શની પત્ની રમા અર્ધી ભૂખી રેહતી. આમ મે મારૂ સમગ્ર જીવન મારા ગરીબ શોષિત, પીડિત બાંધવોને સમર્પિત કરીને બંધારણીય સુવિધાઓ અપાવી છે. મારા અનુગામીઓએ મારા આ રથને આગળ ધપાવવો જોઈએ જો તેઓ આ રથને આગળ લઈ જવામાં અસમર્થ રહે તો તેને ત્યાંજ રાખે જ્યાં તે અત્યારે છે. પરંતુ આ રથને કોઈપણ પરિસ્થિતિમાં પાછળ હટવા ન દે મારી વહાલી જનતાને મારો આજ સંદેશ છે. ખરેખર શ્રી નાથાભાઇ બાબાસાહેબના આ સંદેશને જીવ્યા છે પચાવ્યો છે જીવન મંત્ર બનાવ્યો છે મને લાગે છે આવી કર્મનિષ્ઠાથી આ રથને કોઈપણ પરિસ્થિતિમાં પાછળ હટવા નહીં દે તેવી પ્રતીતિ થયા વગર રેહતી નથી.

આપ શ્રી એ અનુસૂચિતજાતિ, જનજાતિ, કન્યા છાત્રાલય અને આશ્રમશાળા તથા અને સંસ્થાઓની સ્થાપના કરી સમાજ પ્રત્યેનું ઋણ અદા કર્યું છે ચેતનવંત અને આદર્શ સમાજ પ્રત્યે લક્ષ સેવ્યું છે. આપને શત્ શત્ વંદન.

❀ ❀ ❀

# આદર્શરૂપ નાથાભાઈ

**અરવિંદભાઈ પુજાભાઈ પરમાર**
સાઠંબા, જિ.અરવલ્લી

આદરણીય શ્રી નાથાભાઇ (ભાસા) આપ શ્રી ને શત્ શત્ નમન આપ શ્રી એ આપના જીવનના ૬૦ વર્ષ પૂર્ણ કરો છો ત્યારેઆપના જીવનમાં આપશ્રી એ જે મહેનત અને પરીશ્રમ થી એક મોટુ વટવૃક્ષ તૈયાર કર્યું છે તે ખરેખર ઉમદા અને સરાહનીય છે.

આપ શ્રી નુ જીવન હર હંમેશા માટે નિખાલસ તથા પ્રેમાળ રહ્યુ છે. આપ ની કામ કરવાની ધગશ જ્યાં સુધી કામ પુર્ણ ન થાય ત્યાં સુધી મંડયા રહેવાનુ ખરેખર એ ગુણ આપનો ઉત્તમ છે. જેના લીધે આપ શ્રી એ આટલી પ્રગતી કરી છે. આપ શ્રી ને જ્યારે જયારે જોઉ છું તયારે આપ શ્રી હર હંમેશાં હસતા ચહેરે નજર આવતા હોઇ આપ શ્રી એ જે શૂન્યમાં થી સર્જન કર્યુ તે સાચા અર્થમાં સાર્થક છે. આપ શ્રી નું એક વાક્ય હજુ પણ મારા મનમાં ગુમરાયા કરે છે. કે બીજા શું કરે છે તે જોવા કરતાં આપણે શું કરવાનું છે તે જોવું.

મારા પિતા શ્રી ના આપ સાઢુભાઇ થાવ પણ મારા પિતા શ્રી ના અવસાન બાદ આપ શ્રી એ અમોને કયારેય પિતાની ખોટ સાલવા દીધી નથી. જે આપના વિશાળ દરિયાદિલના દર્શન કરાવે છે. આપ શ્રી એ હર હમેશાં માટે ખડે પગે ઉભા રહી ખૂબ જ અગત્યનાં અને મહત્વનાં કામ કર્યા છે. તથા આપ પહેલાં જે પરિસ્થિતિમાં જીવ્યા હતા. અને આજે જે પરિસ્થિતિમાં જીવો છો. છતાં એની મોટાઈ આપણામાં નથી. અને એના કારણે જ આપ સગા-વ્હાલાં મિત્રકુટુંબીજનો તથા અધિકારી શ્રી ના હ્રદયમાં સ્થાન મેળવેલ છે. જે આપનો વ્યકિતગત સ્વભાવ છે.

ખરેખર આપ શ્રી ને હું મારા આદર્શ માનું છુ જેમાં સહેજપણ અતિશયોક્તિ ન કરી શકાય. સ્યાપ શ્રી નું શેષ જીવન પ્રગતિશીલ કાર્યશીલ રહે અને ભગવાન આપને કાર્ય કરવાની શકિત આપે તથા આપશ્રી સ્વસ્થ, તંદુરસ્ત રહો તથા પ્રભુ આપ શ્રી ને દીર્ઘ આયુષ્ય બક્ષે એજ અભ્યર્થના.

❀ ❀ ❀



Lajja Communications

# કઠોર પુરુષાર્થનો કોઈ વિકલ્પ નથી

**ડૉ. અરવિંદભાઈ રતિલાલ રાજન**
મુ.પો. તાલોડ, તા. બાયડ
જિ. અરવલ્લી.

પ્રતિ અધ્યક્ષશ્રી,
રજત જયંતી અને ષષ્ઠીપૂર્તિ મહોત્સવ સમિતિ,
અડાદરા.

આપ શ્રી તરફથી સંસ્થા /વ્યક્તિ વિષયક લેખ માટેનું આમંત્રણ મળ્યું જેના પ્રતિભાવરૂપે સૌપ્રથમ આપશ્રીને હાર્દિક ધન્યવાદ પાઠવીશ. આપ શ્રી ખુબ સરસ કાર્યક્રમ કરવા જઈ રહ્યા છો ત્યારે હું મારા તરફથી શ્રી નાથાભાઈ જી. વણકર સાહેબ માટે કંઈક કહેવા માટે અત્રે હું લેખ સ્વરૂપે રજુ કરું છું.

શ્રી નાથાભાઈ જી.વણકર એક સરળ, નિખાલસ, વાચાળ, સ્પષ્ટ વક્તા અને હંમેશા સમાજસેવા માટે તત્પરતા ધરાવતું વ્યક્તિત્વ અને બીજી રીતે કહું તો “વામન માં વિરાટ”ના દર્શન કરાવે તેવું આગવું વ્યક્તિત્વ ધરાવતા તેમજ સમાજ શ્રેષ્ઠી અને મહાનતાને વરેલા અને સ્વભાવથી સાવ સરલ એવા અસામાન્ય વ્યક્તિ છે.

શ્રી નાથાભાઈનો જન્મ તત્કાલીન ખેડા જિલ્લાના પાંસરોડા ગામે થયો હતો. જન્મથી જ દરિદ્રતા અને સંઘર્ષ તેમના કિસ્મતમાં લખાયેલા હતા પણ જેમ માતા જીજાબાઈએ શિવાજીનું સર્જન કર્યું તેમ તેમના માતૃશ્રી માંનીબેન એકલ પંડે શ્રી નાથાભાઈ જેવા વિરલ વ્યક્તિત્વનું ઘડતર કર્યું, ખૂબ જ સંઘર્ષમય જિંદગીમાં કઠોર પરિશ્રમથી પોતાની જીવન નૈયાને સતત આગળ ધપાવે રાખનાર તેમના માતૃશ્રીને સાદર વંદન કરીશ.

કંઈ કેટલાય સંઘર્ષનો સામનો કરવો પડ્યો હશે. એને કે જેના માથે પતિની છત્રછાયા ન હોય સાથે એક નાનકડા બાળકના ઉછેરની જવાબદારી આવી પડી જાય આર્થિક - સામાજિક રીતે લાચારી ધરાવતા સમાજમાં રહેવાનુ અને લગભગ ઉપર આભ અને નીચે ધરતી જેવી પરિસ્થિતિમાં પોતાના જીવતરને ધબકતું રાખવાનું છતાં પણ હિંમત હાર્યા વગર તેમના માતૃશ્રી. શ્રી માંનીબેન એ પોતાના બાળકને મજૂરી સાથે સાથે પ્રારંભિક શિક્ષણ ગામમાં જ અપાવ્યુ.

સામાન્ય રીતે સતત અભાવ અને કઠોર પરિશ્રમવાળી જિંદગી પણ માણસનુ યોગ્ય ઘડતર ઘડવામાં ભાગ ભજવતી હોય છે. કદાચ એટલે જ સમયાંતરે પ્રાથમિક શિક્ષણની લાયકાત મુજબ શ્રી નાથાભાઈને વર્ગ-૪ની નોકરી મળી અને આર્થિક રીતે પગભર બનવા

તરફ પ્રથમ પગલુ માંડ્યુ.

જિંદગીની શરૂઆતમાં આ પ્રથમ સોપાને જ યોગ્ય અનુકૂળ તક તેમજ સાચા મિત્રનો સાથ મળતાં જ શ્રી નાથાભાઈએ એક નવો પડકાર ઝીલ્યો અને આ પડકાર શ્રી નાથાભાઈની જિંદગીનો ટર્નિંગ પોઈન્ટ કહી શકાય તેમના સાહસિક સ્વભાવ એ વર્ગ-૪ની નોકરી દરમિયાન નાનકડા છાત્રાલયની શરૂઆત કરવાનું સાહસ કર્યું જેમ ઉજ્જડ અને વેરાન ધરતીમાં વડલાના છોડને રોપીને ઉછેર કરી ને વટ વૃક્ષ સુધી પહોંચાડવુ ખુબ કઠીન છે, એવું જ આ કાર્ય હતું અને એમના આ સાહસના પરિણામે અડાદરાની કર્મભૂમિમાં અનેક સંસ્થાઓ કબીર વડની જેમ પથરાયેલી જોવા મળે છે જે વંચિત, શોષિત, અ.જા., અ.જ.જા. સમાજના બાળકોને હુફ, પ્રેરણા, સાહસ-શૌર્ય, કલા-હુન્નર અને જીવન શિક્ષણ પુરૂં પાડીને જીવનમાં કાબેલ નાગરિક બનાવે છે.

શ્રી નાથાભાઈ સાહેબ આટલેથી અટક્યા નથી. સાચી કેળવણીનું એક ઉદાહરણ પુરૂં પાડતા હોય તેમ તક મળતા જ ધોરણ ૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા પણ પાસ કરી છે. તેમની પાસે કોઈ મોટી પદવી તો નથી પણ સાચી કેળવણી છે એમ કહી શકાય એટલે જ તો આજે એક સારા કેળવણીકાર તરીકે ખૂબ નામના મેળવી છે. તેઓશ્રી માત્ર કેળવણીકાર તરીકે સીમિત ન રહેતા બાબાસાહેબ આંબેડકરના સ્વપ્નને સાર્થક કરવા સમાજસેવા પણ સાથોસાથ આરંભી. જેના પરિણામ સ્વરૂપે આજે સાત ગામ વણકર સમાજના અને સાત ગામ ઉત્કર્ષ મંડળના પ્રમુખ સ્થાનને શોભાવી રહ્યા છે. સમાજમાં થતા ખોટા ખર્ચાને તિલાંજલિ આપવા માટે અને સાદા અને સરળ લગ્નના સંદેશાને લોકો સુધી પહોંચાડવા માટે પોતે સક્ષમ હોવા છતાં તેમના દીકરાઓને ખૂબ જ સાદાઈથી સમૂહ લગ્નમાં પરણાવીને સમાજમાં એક ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

શ્રી નાથાભાઈની કઠોર પરિશ્રમની જિંદગીની સફળતાના ભાગીદારી તેમના પત્ની અને સંતાનોનો પણ ખૂબ ઘણો ફાળો રહેલો છે.

શ્રી નાથાભાઈ જી.વણકર સાહેબે શિક્ષણ સમાજસેવાની સાથે સાથે રાજકીય ક્ષેત્રે પણ ખૂબ નામના મેળવી છે. જેમાં તત્કાલીન સંસદ સભ્ય શ્રી પ્રભાતસિંહ ચૌહાણ સાહેબ તેમજ તત્કાલીન રાજ્યસભાના સાંસદ અને ઝાંઝરકા સવગુણ સમાધિ સ્થાનના મહંતશ્રી શંભુનાથજી ટુંડિયાનું પણ મહત્વપૂર્ણ યોગદાન રહેલું છે. તેમની રાજકીય ક્ષેત્રે અનેકવિધ પ્રવૃત્તિઓની નોંધ સરકારશ્રીએ લઈને તેમને ભારતીય જનતાપક્ષના પંચમહાલ જિલ્લા અનુસૂચિત જાતિ પ્રદેશ અધ્યક્ષશ્રીના હોદ્દાની જવાબદારી આપેલ છે. જેને તેઓશ્રી સુપેરે નિભાવી રહ્યા છે. શ્રી નાથાભાઈ જી. વણકરનું જીવન એક પ્રેરણાદાયી સંદેશ છે. જેના ઉપર એક સફળ ફિલ્મ બનાવી શકાય તેમ છે.


Lajja Communications

સમિતિ દ્વારા નિર્માણ પામનાર સ્મરણ પુસ્તિકામાં શ્રી નાથાભાઈ જી વણકર સાહેબની જીવનઝરમર વિશે સૌ કોઈ પોતાના વિચારોની રજૂઆત કરશે અને વિશેષ માહિતી પણ આપશે. જેથી તેમના જીવન વિશે વધુ ન કહેતા હું મારી તેમની સાથેની વ્યક્તિગત સંબંધોની વાત કરવા માગું છું.

આમ તો શ્રીનાથાભાઇ તથા હું એક જ સમાજના એક જ પરગણાના સમાજ બંધુઓ છીએ. એટલે કે તેઓશ્રી અમારા સાત ગામ પરગણાના પાંસરોડાના વતની અને હું તાલોદ ગામનો વતની હોવાથી સમાજના મેળાવડા, લગ્ન પ્રસંગોમાં મુલાકાતો થતી પણ તેમની સાથે વ્યક્તિગત પરિચયમાં હું વર્ષ ૨૦૧૩ માં મારી બદલી અરવલ્લી જિલ્લામાં થઈ ત્યારે આવ્યો. અનેક શૈક્ષણિક સંસ્થાઓના સ્થાપક, કેળવણીકાર સામાજિક અગ્રણી અને રાજકીય ક્ષેત્રે આગેવાન એવા શ્રી નાથાભાઈ સાથે વાત કરવા અંગે મૂંઝવણ હતી, પણ આ બધામાં તેમનો સરળ સ્વભાવ અને નિખાલસતા એ એમના આગવા વ્યક્તિત્વની ઓળખ હતી. તેમની સાથે વાત કરતા તેમના બહુ આયામી વ્યક્તિત્વનો ખ્યાલ આવ્યો. તેમના સરળ વ્યક્તિત્વના પાસાંનો અનુભવ થયો. તેમની પાસેથી પ્રેરણા લઈને આજે હું પણ સમાજ સેવાકાર્યના યજ્ઞમાં જોડાવાનો લાભ મળ્યો છે. સમાજની સેવા સંદર્ભમાં તેમની સાથે વારંવાર વાતચીત-મુલાકાત થાય છે ત્યારે આનંદ અને ગૌરવની લાગણીનો અનુભવ થાય છે.

આજે સમિતિ જ્યારે તેમની સંસ્થાઓના ૨૫ વર્ષ પૂર્ણ કર્યાનો મહત્વ તથા તેઓશ્રીની ષષ્ઠીપૂર્તિનું કાર્યક્રમનુ આયોજન કરવા જઈ રહ્યા છે ત્યારે હું તેમને ખુબ ખુબ અભિનંદન, શુભેચ્છાઓ પાઠવું છું.

તેમના માટે કહી શકાય કે "સમુદ્ર ક્યારે થાકતો નથી કે ક્યારે નિવૃત્ત પણ થતો નથી તે પહેલા જેવો હતો એવો ને એવો આજે પણ અડીખમ છે"

ઉપરોક્ત પંક્તિ મુજબ મારા સમાજનો સમુદ્ર એટલે શ્રી નાથાભાઈ જી. વણકર જે ક્યારેય થાકે તેમ નથી અને ક્યારેય નિવૃત્ત થાય એમ નથી તેમની અવિરત પ્રગતિ માટે તેમજ તેમના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે પ્રભુ પરમાત્માને પ્રાર્થના.

❀ ❀ ❀

# વાત્સલ્યનું ઝરણું : ડાહીબેન

રાકેશકુમાર. જે. અમિન પાંડવા

શ્રી પંચમહાલ અનુસૂચિતજાતી એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરાના મેનેજિંગ ટ્રસ્ટી, કર્તવ્ય એજ પુજા.. શોષિત...વૃંચિતો...પીડિતોના તારણહાર. સિધ્ધાંત નિષ્ઠા, આદર્શ વ્યક્તિત્વ... આગવા તેજે તપતો તારક. મધપૂડો સુરજ વર્ણો .. મધપૂડો ચંદન વર્ણો.દલિતોના સર્વાંગી કલ્યાણમાં રસ સમય અને શક્તિ ખર્ચવામાં સદાય તૈયાર.... ભાગ્યના ભેરુ જેવા સાચા અર્થમાં માણસાઈના દીવા જેવા ટીકાકારો અને વાંક દેખાઓના પણ પ્રહરી ... સાચી ઓળખાણ આપવી હોય તો ઊંડા મનોમંથનની પ્રવૃત્તિ પુરુષ એટલે નાથાભાઈ વણકર. વિરપુર તાલુકાનું પાંસરોડા ગામ, પિતા ગલાભાઈ, માતા માંનીબેનનુ સંતાન. તેઓના લગ્ન બાયડ તાલુકાના હઠીપુરા ગામના વણકર સમાજમાં પુંજાભાઈ પટેલિયાથી ઓળખાતા પુંજાભાઈ વણકર અને માતા મીઠીબેનની દીકરી ડાહીબેન સાથે થયા હતા.

નાથાભાઈ વણકર અને ડાહીબેનનું લગ્નજીવન ખૂબ સુંદર અને પ્રસન્નતા ભર્યું છે. બંને એકબીજાના સાચા સાથી તરીકે રહે છે. જીવન સંસારમાં તડકી છાંયડી, ચડાવ-ઉતાર ઘણા જોયા પરંતુ ગુણસુંદરી જેવી ગુણીયલ ડાહીબેન પતિને પરમેશ્વરમાની એક જાજરમાન અ.સૌ.ની જેમ નાથાભાઈને હુંફ પૂરી પાડેલ છે. તેમના પરિવારમાં ત્રણ સંતાનો. દીકરી જ્યોત્સ્ના, દીકરા નરસિંહ અને રમેશભાઈ. સુખી-સંપન્ન પરિવાર.

આદરણીય નાથાભાઈ વણકરની ષષ્ઠીપૂર્તિ ઉજવાય એ ખરેખર અનુસૂચિતજાતિ સમાજ માટે પ્રેરણા લેવા જેવી બાબત ગણી શકાય. તેમના જીવન પ્રસંગો અને જીવન કાર્યો વિષે લેખો અભિનંદન ગ્રંથમાં પ્રગટ થાય તેમાં કશું ખોટું નથી. પરંતુ ભૂલવું નહીં જોઈએ કે રામના જીવનમાં સીતાનું, લક્ષ્મણના જીવનમાં ઉર્મિલાનું, ભગવાન બુદ્ધના જીવનમાં યશોધરાનું, નળના જીવનમાં દયમંતીનુ, મહત્વ અને યોગદાન ઓછું ન હતું. વનવાસમાં રામની સાથે સીતાએ વન ફળ ખાધાં. બુદ્ધ દેવની તપશ્ચર્યામાં યશોધરાએ અને લક્ષ્મણના દૈહિક તપશ્ચર્યા આદરી. તેમ નાથાભાઈના ચડતી પડતીના દિવસોમાં સુખ દુખના વિસામા તરીકે કિર્તિ કળશના તેમના જીવન સંગિની ડાહીબેનનો ફાળો ખૂબ મહત્વનો રહ્યો છે. નરની ઓજસ્વિતામાં નારીનું ત્યાગ અને સમર્પણનું બલિદાન એળે જતાં નથી. પૂ. ડાહીબેન એક ભારતીય નારી તરીકે નાથાભાઇની પડખે રહી તેમના સેવાના ભેખ ને વેગ આપવા સતત જાગૃત અને કાર્યરત રહી હૂંફ પૂરી પાડેલ છે. પૂ.ડાહીબેન કુટુબમાં ઘડતર માટે જિંદગી હોમી દીધેલ છે. એમ કહીએ તો અસ્થાને નથી. નાથાભાઇ અને ડાહીબેનને અનેક સુખ દુખના દહાડા સાથે કાઢ્યા છે. એટલે કહેવાનું મન થાય.



Lajja Communications

"ખોબો ભરીને અમે એટલું હસ્યાં કે કૂવો ભરીને અમે રોઈ પડ્યા"

નાથાભાઇ એટલે કર્તવ્યનું પાલન કરનાર પરગજુ અને સેવા ભાવિ....દલિતોના પ્રહરી નાથાભાઇ એટલે અન્યાય સામે સંઘર્ષ કરનાર અડીખમ યોદ્ધા, જ્યારે જ્યારે સમાજ માટે સંઘર્ષ ઊભો થયો હશે ...ત્યારે ત્યારે જે તે જગા પર પહોચી જઈ સાચો ... સંઘર્ષ કર્યો હશે. દીકરા નરસિહની જાન લઈ જવાનું હોય અને પાંસરોડામાં સંઘર્ષ થાય તેવો અણસાર મળ્યો એ સમયના સાંસદ પ્રભાતસિંહ ચૌહાણને બોલાવી જે હુંફ પૂરી પાડેલી એ યાદ કરવી રહી એ પેલું લગન ગીત યાદ આવે

લીલુડા વાંસની વાંસડી રે .....
આડા મારગે વાગતી જાય
ગામના દરબારે પૂછ્યું રે....
આતો ક્યો રાજા પરણવા જાય.
નથી રાણો કે નથી રાજવી રે.
એ તો વણકર વીરો પરણવા જાય

નાથાભાઇ રાતદિવસ સંસ્થાઓના કામે બહાર જાય. તેમ છતાંય ક્યારેય તેમના દાંપત્ય જીવનમાં ઉણપ વર્તાઈ નથી. કે ક્યારેય સાંસારિક જીવનમાં તિરાડ પડી નથી. તેમની ગેરહાજરીમાં સંસ્થાઓમાં બારીકાઈથી ધ્યાન આપતાં. આજે પણ વાત્સલ્યમાંથી ડાહીબેન નાથાભાઇને પ્રેરણા, પ્રેમ, હુંફ, પ્રોત્સાહન પૂરું પાડી રહ્યાં છે એ કેમ ભૂલાય. ડાહીબેન નાથાભાઇનો પડછાયો બની મીઠી સુગંધના સંભારણા સંસ્મરણો યાદ કરતાં કરતાં પડછાયો બની નાથાભાઇની સાથે અડીખમ ઊભા છે. બંને મનડાંની વાતો દલડાની વાતો હૈયાની વાતો અને રૂદિયાની વાતો કરી સંસાર સાગર તરી રહ્યા છે. પૂ. ડાહીબેનને વંદન

"બિંદુઓ ભેગા મળ્યાં સિંધુના આકારમાં
ભવ્યતાનું રૂપ જોઈ લ્યો ષષ્ઠિપૂર્તિમાં"

❀ ❀ ❀

# અનાથના નાથ – નાથાભાઈ

**નટુભાઇ જાદવ**
અડાદરા.

ના ભાઈ કે બહેન ના કાકા કે બાપા એવા અનાથ નાથાલાલ 60 વર્ષની જિંદગીમાં મુકંદર કા સિકંદર બની ગયા!

ઓલી જોડી પીપળપાન ફઈએ પાડ્યું નાથાલાલ, નાળી જોડી પીપળપાન ફઈએ પાડ્યું નાથાલાલ નામ.... બાળકના જન્મ પછી તો ફોઇબા નામકરણ કરે.

ફોઇબા નામકરણ કરે છે. સેક્સપિયરે ભલે કહ્યું હોય કે નામમાં શું રાખ્યું છે? અરે.... મારા દાદા નામમાં ઘણું બધુ રાખ્યું છે. એવું જ રૂડું નામ છે નાથાભાઈ ગલાભાઈ વણકર અરે ભાઈ એમાં ગુજરાતી કહેવત છે કે નાણાં વગર.... નાણે નાથાલાલ, પરંતુ નામનો પ્રથમ અક્ષર નાથાલાલ માટે ઘણું બધુ કહી જાય છે.

ના: નાનપણમાં નાં રહ્યા બાપ.
થા: થાપ ખાઈ, સ્થાયી થવા, થથરતા કર્યું સ્થળાંતર.
લા: લાગ મળતાં લાજ મૂકી, જાલી ચપરાશીની નોકરી.
લ: લગ્નથી નહીં લગન ભવસાગર તરવા જોડાયા ડાહીબેન સંગ.
ગ: ગરીબાઈને ગોથું આપી બાંધી મનની ગાંઠ કે મન હોય તો માળવે જવાય.
લા: લાભ માટે નહીં લોકસેવા માટે પકડી રાજકારણી વાત.
ભા: ભાઇચારા સાથે મિટાવી છૂટ અછૂતની નીતિ.
ઈ: ઇતની શક્તિ દેના હમે દાતા કાવ્યને જીવન મંત્ર માનનારા.
વ: વટથી નહીં વાણીની મીઠાશથી ઘણું કામ કરનારા.
ણ: ભણતર ઉચ્ચ શિક્ષણ નહીં છતાં ગણતરે કર્યું સોપાન.
ક: કર્મથી નહીં ધર્મથી સમાજને જોડનારા.
ર: રજળેલી, કચડાયેલી, દબાયેલી, જ્ઞાતીના મશીહા થરાના......

સિધ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય? આ કહેવતને ચરિતાર્થ કરીએ તો જે પરસેવો પાડે તેની સિધ્ધિ એટલેકે લક્ષ્મીજીની કૃપા થાય. પરંતુ એ કહેવું અતિશયોક્તિ છે. કારણ કે આદિવાસી મજૂર વર્ગ ભર શિયાળે પણ રેબઝેબ થાય તો પણ દા'ડો ઊગે એટલે હેમ ના હેમ જ કહે છે કે “કર ભલા તો હોગા ભલા” નાથાલાલ માટે આ કહેવું અતિશયોક્તિ નથી. દ્રઢ મનોબળ વાળા નાથાલાલ 60 વર્ષના થયા. બાર સાંધે ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિમાંથી પસાર થયેલા આ વિરલ વ્યક્તિએ કદાચ ભગવાન પાસે એટલું જ માગ્યું હશે કે એ ભગવાન....


Lajja Communications

"ત્રણ વાનાં મુજને દિધા, હૈયું, મસ્તક, હાથ
બીજું કઈ ન માગું ! ઘણું દઈ દિધ્યું તેં નાથ"

નાથાલાલની આજે ભગવાને ધારણા કરતાં પણ ઘણું બધુ આપી દીધું છે. સેવા સત્સંગ અને સ્મરણ જેવા અનેક શબ્દો જીવનધારા આ વિરલ વ્યક્તિનો અંતર આત્મા ખરેખર માયા નહીં પરંતુ માયાપતિ સાથે જોડાયેલો છે. માયા એટલે કે સંપતિની તેમને વળી શી ખોટ પડે? ખરેખર માણસ ભૂતકાળને નજર અંદાજ રાખી ભવિષ્યને જુએ તો તે માણસ કોઈ કાળે દુઃખી થતો નથી. બાકી આજે કરોડપતિ રોડપતિ થઈ ગયા છે. તેના ઘણા દાખલા છે. આજે ચાની કીટલીવાળો દેશ નહીં પણ પરદેશમાં પણ પ્રતિભાશાળી વ્યક્તિ બન્યો છે.

શ્રી નાથાલાલ ગલાભાઈ વણકરની 60 વર્ષની જીવન ઝરમર કઇંક આવી છે. કહેવત છે કે ઓડ ઉમરેઠના ઊંડા કૂવા દિકરી પરણાવી તેના બાપ મુવા? આવી ધરતી એટલે કે એ વખતના ખેડા જિલ્લાના ખોબલા જેવડા ગામ પાંસરોડામાં જ્યાં અસ્પૃશ્યતા એટલી માણસમાં ઘર કરી ગઈ હતી, કે દલિત સમાજના કોઈપણ નવોઢા વરને ઘોડે બેસવું એક સ્વપ્ન હતું. આવી ધરતી ઉપર માતા માંનીબેનના ખોળે જન્મેલા નાથાભાઈ માત્ર બાર મહિના એટલે કે એક વર્ષમાં જ પિતા ગલાભાઈની છત્રછાયા ગુમાવવી પડી. સમજણા થયા ત્યારે કોઈ કે ફોટામાં પોતાના પિતા આવા હતા તેનો એહસાસ કરાવ્યો. એકબાજુ ગરીબાઈનો અજગરી ભરડો અને બીજીબાજુ પિતાની છત્રછાયા ગુમાવનાર નાથાભાઈ માતા માંનીબેનને મદદરૂપ થવા ગામમાં દારૂની હાટડીઓમાં લાકડા વેચી અને ભઠ્ઠીમાં લાકડા ધકેલવાની મજૂરી કરતાં. ગામમાં બકરા બળદ ભેંસો ચરાવવા અરે બળદોની દલાલી કરતાં દલાલો સાથે બળદો હાંકીને જતા. પરંતુ મને કમને આવી મજૂરી કરતાં.

નાથાભાઈ નાનપણમાં જ ગાંધીજીનો આપેલ મંત્ર અસ્પૃશ્યતા હિન્દુ સમાજનું કલંક છે. તે દૂર થવું જોઈએ. સમાજના કચડાયેલા, દબાયેલા, શોષિત પીડિત લોકોની સેવા કરવી સમાજને વ્યસન મુક્ત કરવાની જાણે મનમાં ગાંઠ વાળી લીધી. ઓછું ભણેલા પરંતુ દા'ડો ઉગ્યાથી અનેક લોકોના સંપર્કમાં રહેતા નાથાભાઈ રાજકારણનો એકડો શીખી તે વખતના શિક્ષણ મંત્રી શ્રી કરશનદાસ સોનેરીના સંપર્કમાં આવી તેમને વેગ પકડી. અડાદરાની વાટ. તેથી જ આજે ઘણી વખત સંસ્થાના અનેક સમારંભમાં ઉપસ્થિત રહેતા તેમના ગોડફાધર ગણો કે તારણહાર ગણો માજી સાંસદ શ્રી પ્રભાતસિંહ ચૌહાણ પોતાના અનેક પ્રવચનોમાં દોહરાવે છે કે પાંસરોડામાં પાંસરા ન રહેતા નાથાલાલ અડાદરામાં નાઠ્યા અને આપણે તેમને અને આજે આ નાથાલાલ જિલ્લાના નહીં પરંતુ રાજ્યના અનુસૂચિતજાતિ મોરચામાં મહામંત્રીનું પદ શોભાવે છે.

જય જય ગરવી ગુજરાત

❀ ❀ ❀

# વ્યક્તિ વિશેષ

**કીર્તિભાઈ ભગાભાઈ પરમાર**
૩૪૬, દેવભૂમિ ફાર્મ, હરસિધ્ધપુરા (કુંજરા), પો. નવાગામ, તા. બાલાશિનોર,
જિ. મહીસાગર., મો.નં. ૯૪૨૭૦ ૮૪૨૫૩

"જીવન એ જ એક સંગ્રામ છે." એ પૂ. બાપુની શીખ શ્રી નાથાભાઈએ નાની વયમાં જ એમના જીવન ઘડતરમાં ધ્રુવતારક તરીકે સ્વીકારી લીધી. જીવનમાં આવી પડેલી આર્થિક સામાજિક મુશ્કેલીઓને સ્વસ્થ ચિતે વધાવી સમયનો સદુપયોગ કરી સતત પુરુષાર્થથી પ્રતિકૂળ સંજોગોમાં અડાદરા ગામને જ પોતાનું કાર્યક્ષેત્ર નિર્મિત કરી રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરી.

મિલનસાર સ્વભાવને લીધે ભાંગેલાના ભેરુ બન્યા, નિઃસહાય, અનાથ વિદ્યાર્થીઓના "માં-બાપ" થઈ પડ્યા, નબળા ગરીબ માં-બાપની મુશ્કેલીઓનો અભ્યાસ કરી કુમાર કન્યા છાત્રાલયો, આશ્રમશાળા, કન્યાશાળાની સ્થાપના કરી અડાદરા ગામની આસપાસ ઊંડાણવાળા વિસ્તારમાં શિક્ષણનો પ્રચાર-પ્રસાર કર્યો. આવા ઉમદા કાર્યની શરૂઆત અને પ્રેરણાસ્રોત આત્મીય સ્વ.શ્રી ગોવિંદભાઇ માયાવંશીના વરદ્ હસ્તે સંસ્થા સંકૂલનું ભૂમિપૂજન થયું અને તેના સૌ પ્રથમ પ્રધાનદાતા આત્મીય સ્વ.ગોવિંદભાઇએ રૂા.૨૨, ૧૧૧/-નું ઉદાત ભાવનાનું દાન પ્રાપ્ત થયું છે. જે નોંધનીય બાબત છે.

સ્નેહી શ્રી નાથાભાઈનો પ્રથમ પરિચય સને-૧૯૯૬માં કુમાર છાત્રાલયના ભૂમિપૂજન સમયે આત્મીય સ્વ.શ્રી ગોવિંદભાઇ થકી થયો. તે સમયે પૂ. મોટાભાઇ (પૂ.ઘનશ્યામભાઇ ત્રિવેદી) (સંચાલક અને મંત્રી, ખેડા જિલ્લા હરીજન સેવક બાલાશિનોર)નું ઉદાહરણ નાથાભાઈએ પુરૂ પાડ્યું. પૂ. મોટાભાઇએ પણ સંસ્થાની પ્રગતિ વધુ શિક્ષણમાં જ રહેલી છે. તે માનીને (ગૃહપતિ) વ્યવસ્થાપક કામગીરી છોડી ગુજરાત વિદ્યાપીઠમાં ભણવા ગયા હતા. તે વાતને નાથાભાઈએ પણ જીવનમાં ચરિતાર્થ કરી. મુશ્કેલીઓ હટાવીને સફળતા પ્રાપ્ત કરી. તેઓ વ્યક્તિ વિશેષ બન્યા. સાત ધોરણ સુધી અભ્યાસ કરીને સંસાર-જીવનમાં પગ પાડનાર નાથાભાઈએ પાંસરોડાની જન્મભૂમિ છોડીને અડાદરા મુકામે હાઇસ્કૂલમાં ચોથા વર્ગના કર્મચારી તરીકે નિમણૂંક મેળવી. વધુ અભ્યાસ કરી પોતાના જીવનનો વિકાસ કર્યો, અને અડાદરાને કર્મભૂમિ બનાવી. નોંધનીય બાબત એ જ છે કે આટલી વર્તમાન મોંઘવારી બિલકુલ ધ્યાને લીધા વગર તેમણે શાળાની નોકરી છોડી દીધી. તમન્ના અને ધગશથી પ્રશંસનીય બન્યા છે.

માનવીય વેદનાને દૂર કરવા એમણે કરુણા વહાવી, જીવન પણ સાદગી, સદગુણથી ભરેલું છે. આ નાથાભાઈએ નિઃસ્વાર્થપણે જરૂરિયાતમંદ ગરીબ સમાજના બાળકોના જીવનમાં અજવાળાં પાથર્યાં છે. માત્ર અડાદરા ગામના જ નહીં પણ પંચમહાલ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સેવાકાર્ય કરી ઉત્તમ ઉદાહરણ સમાજને પુરૂ પાડ્યું છે. છેલ્લે ભાગ્યશાળી તો એટલા બધા કે બહેરા મૂંગાની બંધ શાળાને પુનઃસ્થાપિત કર્યાનો યશ પ્રાપ્ત થયો.

જેઓએ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના બાળકોને આત્મનિર્ભર બનાવવાનું સ્વપ્ન સાકાર કરી બતાવ્યુ છે. તે વ્યક્તિ વિશેષ નાથાભાઈનું સન્માન કરવામાં આવે છે તે એક ચિરસ્મરણીય સંભારણું બની રહેશે. એની અંતરની લાગણી સાથે આયોજકોને અભિનંદન પાઠવું છું.

નાથાભાઈની સંસ્કાર સિંચનની જ્યોત તો અવિરત જલતી રહેશે. જીવન મૂલ્યોને સ્વીકારી રોજબરોજના સામૂહિક જીવનમાં પ્રયત્ન કરવા અવિરત યત્ન કરતાં રહેવાનુ ઉમદા ઉદાહરણ નાથાભાઈની તેમની સેવાઓ ભૂલી શકાય તેમ નથી.

ઈશ્વર તેમને લાંબુ, નિરોગી આયુષ્ય બક્ષે એવી મારી શુભેચ્છા સહ અભ્યર્થના.

સર્વે સંતુ નિરામયા.

❁ ❁ ❁

જીવનયાત્રાની સક્રિયતા માટે મનુષ્યે કર્મમાં સતત વ્યસ્ત રહેવું પડે છે. જીવન દરમિયાન આવા અગણિત ક્રિયમાણ કર્મો, પોતપોતાની રીતે, કાળે કરીને ફળ આપે છે. ફળ આપ્યા વિના કોઇ કર્મ શાંત થતું નથી. કોઇ કર્મ નાનું કે મોટું હોતું નથી. કર્મ એ કર્મ જ છે!

- મહેન્દ્રભાઇ ડી. પરમાર

ઇન્દ્રાણ

# ઓળખ નાથાભાઈની

**ડો.આર.એસ.કોટવાલ**
નાયબ પશુપાલન નિયામક (નિવૃત્ત)
ગોધરા.

સર્વોદય સેવા સંઘ પાંડવાના કાર્યક્રમોમાં અગાઉ મળ્યા હઈશું, જેથી મારા પિતાશ્રીના સંદર્ભથી શ્રી નાથાભાઈ મને પહેલેથી ઓળખતા જ હતા. પરંતુ ગોધરા ખાતે મારી બદલી થતાં તેઓ સાથે નજીકથી પરિચય થયો. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને જિલ્લા પંચાયત પંચમહાલ ગોધરાની કચેરીઓમાં રાજ્ય પત્રિત અધિકારી તરીકેની મારી ફરજ દરમ્યાન અમે વધુ નજીક આવ્યા. અડાદરા મુકામે હાઇસ્કૂલમાં સેવા આપતાં આપતાં પાંડવાની સંસ્થાના વિકાસમાંથી પ્રેરણા મેળવી નાથાભાઈએ પોતાની સંસ્થાની સ્થાપના કરી. પંચમહાલ જિલ્લાના પછાત વિસ્તારોમાં આ સંસ્થા મારફતે સેવાકીય કર્યો હાથ ધરતા ગયા.

સરકારી કચેરીઓ મારફતે અમલી યોજનાઓને જરૂરિયાત મંદો સુધી પંહોચાડવા ગોધરા ખાતે અવિરતપણે મુલાકાત લઈ સબંધિત અધિકારીઓનો સંપર્ક કરી પૂરી નિષ્ઠા અને લાગણીથી ગરીબ ગ્રામ્ય પ્રજાજનોને મદદરૂપ થવાના નિરંતર પ્રયાસો કરતા રહેતા. ગરીબાઈમાં બાળપણ વિતાવ્યું હોવાથી તેમજ ખેડૂતપુત્ર હોવાના કારણે ગ્રામ્ય જીવન જીવેલ હતા તેથી ગામડાની તમામ નાની મોટી સમસ્યાઓથી પૂરેપૂરા તેઓ વાકેફ હતા. ખુબજ આખાબોલા અને સચોટ રજૂઆતના આગ્રૂહી એવા નાથાભાઈ કોઈપણ ઉપલી કક્ષાના અધિકારી/પદાધિકારીને રજૂઆત કરવામાં જરાયે સંકોચ કે ક્ષોભ અનુભવ્યા વગર રૂબરૂ મળીને ગ્રામ્ય કક્ષામાં કચડાયેલા-શોષિત વર્ગોની મુશ્કેલીઓને જે તે સ્વરૂપમાં રજૂ કરી તેનો ન માત્ર નિકાલ પરંતુ હલ મેળવવાના આગ્રહી રહેતા.

એક સાદું સરળ અને પરગજુ વ્યક્તિત્વ એટલે નાથાભાઈ. નામ પણ સાદું અને સ્વભાવ–વાણી-વ્યવહાર પણ સાદાં. જેથી તેમની ઓળખાણ પણ સદા શબ્દોથી નહીં કે ભારેખમ શબ્દો અને સાહિત્યિક ભાષાથી તેમને મળીએ તો સાદાઈ અનુભવાય – વાતો,વર્તન તથા ભાષાથી પણ. ન કોઈ દંભ, ન કોઈ પ્રપંચ. જે કઈ કહેવું હોય તે તેમની આગવી લાક્ષણિકતામાં કહી દેવાનું. પૂછપરછ કરવામાં પણ કોઈ આડંબર નહીં. સીધા વિષયનું સંધાણ કરી પૂછી નાખવાનું – માહિતી પણ મેળવી લેવાની.



Lajja Communications

કઈ બાબતના છેડા ક્યાં અડકે તેની ખૂબજ ઊંડી સમજ અને તેનો ઉપયોગ સમસ્યાઓના સમાધાન માટે કરવાની આગવી કળા ધરાવનાર.

નાથાભાઈના હસ્તકની વિવિધ સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં અડચણો ઊભી કરવાના પ્રયાસો અને સમાચાર માધ્યમો દ્વારા અપાતી તેમના વિરુધ્ધની ખોટી વિગતોથી ચલિત થયા વિના અડગપણે તેમની સંસ્થાઓની કામગીરી ચાલુ રાખવાની તેઓની નિર્ભિક પ્રણાલીને જોતાં તેમના પરત્વે માનની ભાવના ઉદભવ્યા વિના રહે નહીં. એકવાર મિત્રવર્તુળમાં ચર્ચા દરમ્યાન નાથાભાઇનું કથન તેમ જ શબ્દોમાં ટાંકું છું. “મને લખવાનું ઓછું ફાવે છે પરંતુ હું એ વિષય પર સારી રીતે બોલી શકું છું અને એનાથી વધુ સારી રીતે સમજી શકું છું.’’

તેઓની સંસ્થાની રજત જયંતિ નિમિત્તે સંસ્થા સતત વિકાસના પંથે આગળ ધપતી રહે એવી અંતઃકરણથી શુભેચ્છા તેમજ સિનિયર સીટીઝનની ઉંમરના તેમના પડાવને પાર કરવાના પ્રસંગે કોરોના (કોવિડ-૧૯)ના આ કપરા કાળમાં તેઓ નખશિખ દુરસ્ત રહીને દીર્ઘાયુ પ્રાપ્ત કરે એવી હૃદયથી અપેક્ષા.

❁ ❁ ❁

સુખ પામવા અને અન્યોને પણ સુખી કરવા, બીજાઓને સુખી જોવા જીવવું એ જ મનૃષ્યનો ધર્મ છે. જીવસૃષ્ટિની ઉત્પત્તિના પરમાત્માના એકમાત્ર ઉદ્દેશનું એ જ સાકાર સ્વરૂપ છે. અન્યથા આપણામાંથી કોઇએ પણ જીવને, આત્માને, પરમાત્માને અથવા પરમ બ્રહ્મને સાકાર સ્વરૂપે સગુણાવસ્થામાં જોયા છે ખરા?

- નટુભાઇ પી. પરમાર

ઇન્દ્રાણ

# સત્ સત્ પ્રણામ

**રાજેશ રાજન**
**સાઠંબા**

શ્રી નાથાભાઈ ગલાભાઇ વણકરને મારા સત્ સત્ પ્રણામ.

શ્રી નાથાભાઈ માટે શું શું લખવુ ! અને અને શું શું ન લખવુ. એ અસમંજસમાં જ રહું છું. છતાંય એમના માટે જ્યારે લખવા બેઠો છું ત્યારે એમના અગણિત સારા પાસાઓ લખવામાં પણ વર્ણવી શકાય તેમ નથી.

સૌ પ્રથમ મારો પરિચય આપીને મારી વાત રજુ કરું છું. રાજેશ રાજન. રહેવાસી સાઠબા, તાલુકા બાયડ, અરવલ્લી જીલ્લામાં રહું છું. ગાંધીનગરમા છેલ્લા 20વર્ષથી હોસ્ટેલ અને પીજી ચલાવું છું. સંબંધમાં નાથાલાલ મારા માસા થાય. પણ હાલના સંજોગોમાં મારા સાચા અર્થમાં રાહબર, પથ પ્રદર્શક, ચિંતક, તથા મારા ગુરૂ પણ ગણી શકાય.

બચપન અત્યંત દયનીય ગરીબીમાં વિતાવી ને. બાપની છત્રછાયા ગુમાવનાર, માતા માંનીબાના સાનિધ્યમાં ઉછરીને ધીરે ધીરે જગતની આટીઘૂટીને શિખવામાં સમય બગાડ્યા વગર, મકકમ મનોબળના આ એકલવીરે ખૂબજ મોટું કાઠું કાઢીને સમાજ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે.

નાની ઉંમરે લગ્ન હઠીપુરા ગામમાં પરગણાના પુછાતા વડીલ શ્રી પુજાભાઇ ધુળાભાઇ વણકરની દીકરી તે પણ છઠ્ઠા નંબરનું સંતાન નામે ડાહીબેન સાથે પ્રભૂતામાં પગલાં પાડ્યાં. દાપત્ય જીવનમાં ક્રમશઃ નરેશ, જ્યોત્સના, અને રમેશ એમ ત્રણ બાળકોનો જન્મ થયો.

ખરી વિટંબણા હવે ચાલુ થાય છે. પણ કહેવત છે ને કે “મક્કમ મનોબળ વાળા માનવીને પહાડ પણ નડતો નથી” એ એમણે સાર્થક કરી બતાવ્યું છે. ઓછો અભ્યાસ અને લગભગ દરેક પ્રકારના ધંધામાં હાથ અજમાવી જોયો જેવાકે, પશુપાલન, ખેતી, કાપડ વેચાણ, ભેંસ, બળદોના વેપાર, પણ દરેક પાસામાં હાથ અજમાવી જોયા. પણ મન કંઈક અલગ જ વિચારતું હતું. એક દિવસ એક સ્કૂલમાં કાલોલ તાલુકાના અડાદરા ગામમાં પટાવાળાની જાહેરાત પડે છે. એમને થયું કે લાવ આમાં પણ ફોર્મ ભરીને કિસ્મત અજમાવી જોઉ. અને ચાન્સ આવી પણ ગયો. તેમની નિમણૂક વર્ગ-4ના હોદ્દા માટે 1989માં થઇ. હવે ત્યારબાદ એમના કર્મના ધ્વાર ખૂલી જાય છે. સતત કામ કરવું, હાથ પર લીધેલા કામને અનુસરતા રહેવું કરતા રહેવું, અને જ્યાં સુધી કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી જંપીને બેસવું નહિ. આ એમના મુખ્ય મંત્ર હતા.



Lajja Communications

એક દિવસ અચાનક એમના કોમળ હૃદયમાં એક ભાવ જાગૃત થયો કે મને ગામડામાં ઓછું શિક્ષણ મળ્યું, ખૂબજ દારૂણ ગરીબીમાં ઉછેર થયો, સતત આર્થિક ખેચ ઉત્પન્ન થતી, તો ગરીબ બાળકોને ક્યાંથી શિક્ષણ મળે.? તો જો હું એ ગરીબ લોકો ના બાળકો માટે કંઈક કરી શકું તો એના માટે હું શું કરૂં? છેવટે આ ગડમથલમાં ખૂબજ સુંદર વિચાર પ્રગટ થયો અને એ "પંચમહાલ અનુસૂચિતજાતી એજ્યુકેશન ટ્રસ્ટ" નામની સંસ્થાનું રજીસ્ટ્રેશન થયું.

હવે એમની મહેનત, કુનેહ, વાત કરવાની આવડત, દરેકને પોતાના કરવાની વિશેષ આવડત, સાથે સાથે શારીરિક મહેનત, ઉજાગરા વેઠવાની આદત, સતત અધિકારીઓના સંપર્ક, વગેરે બધું મળીને આ સંસ્થા એક વિરાટ વૃક્ષ બનીને.". ઘેઘૂર વડલો" પણ કહી શકાય !

શિક્ષણમાં એક બે નહીં પણ અઢાર સંસ્થાઓના મેનેજીંગ ટ્રસ્ટી, એમાં સોનાનુ પીછું એવી "ગાંધી સ્પેશિયલ બહેરા મૂગા સ્કુલ" એના માટે એમની દિવ્યાંગ બાળકો પ્રત્યેની સંવેદના જોઇને હાલોલ સ્થિત ગાંધી ટ્યુબ કંપનીના માલિક સમગ્ર ગાંધી કુટુંબ તરફથી રૂપિયા બસો લાખનું માતબર દાન પણ મેળવીને ગુજરાતમાં ડંકો પણ વગાડ્યો છે.

ગુજરાત સરકારે 2014માં એમને "મહાત્મા ગાંધી" એવોર્ડ આપી ને સન્માન કર્યું છે. શ્રી કીકાભાઇ બહેરા મુંગા સ્કુલ ચીખલી તરફથી તેમને શ્રેષ્ઠ કામગીરી માટે પણ એવોર્ડ આપેલો છે. આ બન્ને એવોર્ડનો હું રૂબરૂમાં સાક્ષી છું.

હું પોતે તે બાબતે ધન્યતા અનુભવી રહ્યો છું.

નાથાલાલ જીવન.સાક્ષી ભાવે અને પ્રકૃતિના સાથે આધ્યાત્મિક જ્ઞાન એટલું સહજતાથી મેળવ્યું છે. સામાજિક. આધ્યાત્મિક. અને સહજ પ્રકૃતિના આ માનવીને અતિશય ઉદાર પણ એટલા બનાવ્યા છે. સમાજના દરેક પ્રસંગ કે નાના મોટા કામમાં નાથાલાલ નામનો ટહુકો અવશ્ય પડે.

આ બધું કરતાં કરતાં 25વર્ષ થઇ ગયા !! આપણે તેમના સિલ્વર જ્યુબિલિ અવસર પર આવીને ઉભા છીએ તો આ અનેરા. મુઠ્ઠી ઉચેરા માનવીની જેટલી પણ પ્રસંસા કરીએ તેટલી ઓછી છે. મને આટલું લખવાનો મોકો આપ્યો તે બદલ હું ખૂબજ ધન્યતા અનુભવી રહ્યો છું.

આવનાર સમયમાં નાથાલાલ હજુ પણ ધણાબધા સોપાન પાર કરે. અને સમાજ માટે પ્રેરણાદાયી કામ કરતા રહે અને સમાજના યુવાનો તેમના આ કર્મોના લઈને વારંવાર મોટીવેશનલ થતા રહે એવી અભ્યર્થના સાથે કોટી કોટી વંદન કરું છું.

❀ ❀ ❀

# મનખા દેહને સાર્થક કરી બતાવ્યો

**ચંદ્રકાંત એમ. ગાંધી**
પ્રમુખશ્રી
દલિત અધિકાર સંઘ, દાહોદ જિલ્લો

આપશ્રીની સંસ્થાને ૨૫ વર્ષ પુર્ણ થતાં રજત જયંતિ મહોત્સવની ઉજવણી નિમિતે આપશ્રી દ્વારા સોવેનીયર બહાર પડનાર છે. અને કાર્યક્રમ દરમ્યાન તેનુ વિમોચન થનાર છે તેમ જાણીને ખુબજ હર્ષ અને આનંદની લાગણી અનુભવુ છું અને આપશ્રીને આપની કાર્યક્ષમતા અને મેળવેલ ઉપલબ્ધીઓ તથા કરેલ જહેમત, ભરપુર શ્રમ અને મેળવેલ સિધ્ધીઓ બદલ અભિનંદન પાઠવું છું

આપશ્રીએ ઓછુ ભણતર અને વધુ ગણતરથી મળેલ મનખા દેહને સાર્થક કરી બતાવ્યો છે. પછાત ગ્રામ્ય વિસ્તાર, અનુ.જાતિના વ્યકિત હોવાં છતાં નાનપણમાંજ પિતાને ગુમાવ્યા બાદ પણ હિંમત હાર્યા વિના એકલે હાથે અને ત્યાર બાદ વડીલો, રાજકીય મહાનુભાવોનો સહકાર મેળવી, કેળવી જે અભૂતપૂર્વ સિધ્ધીઓ મેળવી છે જે માન્યમાં ન આવે તેવી અને શૈક્ષણિક, સહકારી સામાજીક સેવાઓ કરી છે તે અદભૂત છે અને સૌના માટે પ્રેરણાદાયક છો.

તમારી પ્રમાણિકતા, ઈમાનદારી કાર્યપ્રત્યેની નિષ્ઠાથી પ્રેરાઈને તમે જે પણ કાર્ય હાથમાં લીધુ તેને પૂર્ણ રીતે સાકાર કરતાં જોઈને ઉદાર હાથે દાનવીરો, દાતાઓ મારફત સખાવતો પ્રાપ્ત કરેલ છે જે અકલ્પનીય છે. ગૌરવપ્રદ છે. તમારી કામગરીથી જ દાતાઓએ વિશ્વાસથી દાન આપેલ છે આપશ્રી દ્વારા ઉભી કરેલ શેક્ષણીક, સંસ્થાઓ ઉત્તમ રીતે ચાલી રહી છે અને સુવાસ ફેલાવી રહેલ છે. આ બાબતોમાં આપશ્રીએ એક નામ ઉભુ કર્યું છે. બધીજ સંસ્થાઓ ધાર્યા કરતા વધુ ઉચ્ચ પરિણામો આપી રહી છે જે અભિનંદનીય છે.

આપશ્રી દ્વારા સ્થાપિત તમામ સંસ્થાઓનો હું અહિં ઉલ્લેખ કરતો નથી પરંતુ દરેક સ્થાપિત સંસ્થાઓ તેમની પ્રતિભા, પરિણામ વર્ષોથી પ્રગટ થતાજ રહયા છે. જે જગ જાહેર અને સુપ્રસિધ્ધ છે.

વ્યકિતગત રીતે અને સામાજીક ચેતના જગવતા સૌને મદદરૂપ થતાં થતાં વર્ષા કાઢીને પંચમહાલ ખેડા મહિસાગર જિલ્લામાં મહત્તમ કામગીરી કરી છે અને ખુબ લોક ચાહના મેળવી છે. આપશ્રીને ઘણા બધા એવોર્ડ મળેલ છે. આંબેડકર એવોર્ડ રાજય સરકારશ્રી તરફથી પ્રાપ્ત થયેલ છે. જે ગૌરવપ્રદ છે. હાલ ભાજપ પ્રદેશ મોરચામાં મંત્રી તરીકે


Lajja Communications

કાર્યરત છો અને માત્ર અનુ.જાતિની જ નહી પણ સમાજના તમામ વર્ગોમાં લોકપ્રિયતા મેળવી છે અને હજી વધુ ઉંચા શિખરો સિધ્ધ કરો તેવી પ્રાર્થના

એક પછાત વર્ગના ઈસમ દ્વારા આટલી બધી કાર્યવાહી પોતાના માદરે વતન થી દૂર રહી કરેલ છે અને બધાનું પ્રોત્સાહન તેમને મળ્યું છે જે જેવી તેવી નાની વાત નથી. આ બધીજ સિધ્ધીઓનું વર્ણન અને આપશ્રીને જેટલા અભિનંદન આપીયે તેટલા ઓછા છે. તેમની જમીનથી ગગન સુધીની તમારી ઉડાન અદ્‌ભૂત છે .

હજી વધુ પ્રગતિ કરો અને જગનું કલ્યાણ કરો તેવી શુભેચ્છા સાથે

અસ્તુ ....પ્રણામ ..... જય માતાજી...

આપનો સ્નેહાધિન

❀ ❀ ❀

સત્કાર્યો એટલે સૌના હિતને ધ્યાનમાં રાખીને થતાં કાર્યો. સૌ સુખી રહે એવા કામો. કોઇને ક્યાંય અન્યાય ન થાય એવા કાર્યો. પરંતુ વ્યવહારકાળે, સામાન્ય રીતે માણસ પાસેથી હંમેશા માત્ર સત્કાર્યોની અપેક્ષા બરાબર નથી.

- ડૉ.આનંદ મકવાણા
અમદાવાદ

નાથાભાઈ વણકર

# આપણને લાગે કે આ ના થાય..... એ કરી બતાવે તે નાથાભાઈ.

**મોઈઝ હિરાણી**
એન.જી.ઓ. કન્સલ્ટન્ટ, ગોધરા

અનેક પડકારો, મુશ્કેલીઓ, અવરોધોને નાથીને જે વ્યકિત પોતાના ઉદ્દેશોને વળગી રહે, જેના માટે કોઈ મંઝીલ અંતીમ ન હોય ફકત એક પડાવ હોય, નક્કી કરેલા લક્ષ્ય પર પહોંચ્યા બાદ તેની સફળતાને વાગોળવા કરતાં નવા ઉચા લક્ષ્ય બનાવી સમય વેડફયા વગર નવા લક્ષ્યની સિધ્ધિ માટે મચી પડનાર અમુક જ સાહસિકો હોય છે જે પોતાના સપનાઓને સાચા કરવા રાતોની મીઠી નીંદર બગાડે છે... નાથાભાઈ તેમાના જ એક સામાજીક ક્ષેત્રે ના સાહસિક છે. આ વાકય ફકત લખવા ખાતર કે શબ્દોની સારી ગોઠવણી કરવા માટે નથી લખ્યા છેલ્લા ૧૦ વર્ષથી તેઓના સતત સંપર્કમાં રહેનાર, તેમના વિચારોને જાણનાર, તેમના નવા વિચારો -કામ કરવાની તેઓની ધગશ, તેઓને સામાજીક કાર્યો દરમ્યાન પડતી મશ્કેલીઓ, વિગેરે પર અવાર નવાર તેઓની સાથે ચર્ચા કરનાર એક વ્યકિત તરીકે કોઈપણ સારા-નરસા પૂર્વગ્રહ વગર તટસ્થ રીતે લખ્યા છે.

હું વ્યકિતગત રીતે સામાજીક સ્વૈચ્છિક સંસ્થા (એન.જી.ઓ.) ની કન્સલ્ટન્સી છેલ્લા ૧૬ વર્ષથી કરું છું. નાથાભાઈ સાથે ૧૦ વર્ષ અગાઉ સંપર્કમાં આવ્યો. તેઓ સૌ પ્રથમવાર મારી ઓફીસ પર આવ્યા તેઓની સંસ્થા શ્રી પંચમહાલ અનૂસચિત જાતિ એજયુકેશન ટ્રસ્ટની કામગીરી માટે ત્યારે પ્રથમ મુલાકાતમાં વાતચીત દરમ્યાન તેઓએ એક વખત એમ કહયુ કે તમે અમારું કામ કરો... તમને મારી પાસેથી ઘણું શિખવા મળશે.... ત્યારે મને થોડું વધારે પડતું લાગ્યું કે હું ઘણી એન.જી.ઓ સાથે કામ કરું.. સારી એવી જાણકારી ધરાવં છું.. આ ભાઈને તો અંગ્રેજી અને હિન્દી પણ બરાબર નથી ફાવતું તો તેઓનું આ વાકય અતિશયોક્તિ હોઈ શકે.

પણ તે બાદની બે થી ત્રણ મુલાકાતો થઈ ત્યારે મારા વિચારો તદ્દન ખોટા થર્યા... એ વાક્ય તેમનો અનુભવ, છેક ઉડે સુધી પાયામાં જઈને કરેલ કામગીરી, દરેક ઘટના તેમજ રોજબરોજના નાના/મોટા કાર્યોનું સતત અવલોકન, દરેક કામગીરીને દિલથી કરવાની ભાવનાએ જ તેમનામાં આ આત્મવિશ્વાસ ઉભો કર્યો અને મારે એમના આભાર સાથે એ સ્વીકારવં પડે કે છેલ્લા ૧૦ વર્ષના તેઓના સંપકકમાં મને ઘણી વાતો જાણવા મળી, શિખવા મળી.


Lajja Communications

કપરી આર્થિક તંગી, સામાજીક મૃશ્કેલીઓ, વિપરીત પરિસ્થિતીઓ ધરાવતો તેમનો ઈતિહાસ અને શ્રી પંચમહાલ અનુસચિત જાતિ એજયુકેશન - અડાદરા સંસ્થાના માધ્યમથી છેલ્લા ૨૫ વર્ષમાં સામાજીક ક્ષેત્રે તેઓએ મેળવેલી ઉપલબ્ધિ, અનેક પુરસ્કાર, મહાત્મા ગાંધી એવોર્ડ, જવેલ ઓફ ઈન્ડીયા, કીકુભાઈ દેસાઈ, વિગેરે જેવા બહુમુલ્ય અને પ્રતિષ્ઠિત એવોર્ડ મારફતે સામાજીક ક્ષેત્રે બિરદાવવામાં આવેલા તેઓના પ્રદાન જોઈએ ત્યારે સ્વાભાવિક રીતે જ એમ થઈ જાય કે જો વ્યકિતનો ધ્યેય સ્પષ્ટ હોય, નિસ્વાર્થ ભાવે લોકો માટે કંઈ કરી શકવાની ભાવના હોય, ગમે તેવી વિપરીત સ્થિતીમાં ટકી રહેવાની મક્કમતા હોય તો ઈશ્વર અને કુદરત તેવી વ્યકિતને સાથ આપે જ છે.

ખુદ હી કો કર બુલંદ ઈતના, કી તેરી હર તકદીર સે પહેલે
ખુદા બંદે સે ખુદ પુછે, બતા બંદે તેરી રઝા ક્યા હૈ ?

અલ્લામા ઈકબાલે લખેલી પંક્તિ નાથાભાઈના જીવનમાં અક્ષરસહ સાથી પડે છે.

મને ફકત એ વિચાર જ આશ્ચર્ય અને રોમાંચ કરાવે છે કે એક વ્યકિત કે જેણે શાળામાં પ્યુન તરીકે કારકીર્દીની શરૂઆત કરી હોય તે આજે ૭ શૈક્ષણિક સંસ્થાનોનું સફળતાપૂર્વક સંચાલન કરી રહી છે.

મારા અનુભવમાં એમ પણ આવ્યું કે કેટલાક સરકારી અનદાનીત પ્રોજેકટોમાં ફંડ આજના સમયની જરૂરીયાત મુજબ પરતુ નથી હોતુ તો તેવા સંજોગોમાં કદાચ કોઈ સંસ્થા/ સંચાલકથી સેવાની ગૃણવત્તામાં ફરક પડી જાય પરંતુ નાથાભાઈએ સેવાની ગણવત્તામાં કોઈ બાંધ છોડ કરી નહી, દાતાઓ મારફતે વ્યકેતગત દાન, CSR સ્કીમ અંદર્ગત ONGC, Gandhi Special Tubes Ltd., Hindustan Zink, UltraTech Cement, Jai Shree Engineering, Randeep Exports, Gujarat Floro, Sitaram Jindal, વિગેરે જેવી કંપનીઓએ તેઓને સાથ આપ્યો.

આજે પંચમહાલ, દાહોદ તેમજ મહિસાગર જિલ્લાઓના ક્ષેત્રમાં એકમાત્ર આધૂનિક સગવડો ધરાવતી મુક બધિર શાળા તેઓએ ઉભી કરી છે જેમાં વિના મુલ્યે આ બાળકોને અત્યંત સાનુકળ વાતાવરણમાં ભણવા, રહેવા - જમવા ની સગવડ તે ઉપરાંત અડાદરામાં કન્યા શાળા, આશ્રમશાળા, કન્યા તેમજ કુમાર છાત્રાલય તેઓની નોંધપાત્ર ઉપલબ્ધી છે.

તેઓના વિચારોનો છેડો નથી... સતત કઈકને કઈક નવં વિચારતા રહેવુ એ તેમનો સ્વભાવ છે. બે – ત્રણ વાર એમણે મને એવું પણ કહ્યું કે બસ... હવે આગળ કશું નથી કરવું.. પરંતુ ૩-૪ દિવસ બાદ કંઈક નવું લાવી ને ઉભા જ હોય. તેમના શૈક્ષણિક સંકુલમાં અભ્યાસ કરતા બાળકોને કેવી રીતે વધુમાં વધુ સુવિધાઓ આપી શકાય? આધૂનિક શિક્ષણ આપવા માટે કેવી રીતે સાધનો ઉપલબ્ધ કરાવી શકાય? આ બાળકો અભ્યાસ

કરી લેશે તે બાદ તેઓને પગભર કરવા માટે આપણે શું કરવું જોઈએ? વોકેશનલ અને કૌશલ્ય વિકાસ તાલીમ માટે કેવું આયોજન કરી શકાય? આવી તમામ બાબતો તેમના મસ્તિષ્કમાં ચાલતી જ હોય છે અને તે માટે તેઓ સઘન પ્રયત્નો કરવા હંમેશા તત્પર હોય છે.

હું ઈશ્વરને હૃદયપૂર્વક પ્રાર્થના કરું છું કે તેઓનો સ્વભાવ આવો જ રહે, સતત નવું નવું વિચાર્યા કરે, તેને અમલમાં લાવવા પ્રયત્નો કરતા રહે જેથી તેમની સેવાનો લાભ જરૂરીયાતવાળા બાળકોને અને વર્ગને સતત મળતો રહે. કોઈપણ મોટી ઉપલબ્ધી તેઓની અંતીમ ઉપલબ્ધી ના હોય અને તે નવા કાર્યની શરૂઆત હોય અને આવી માનવજાતિની ભલાઈ માટેના કાર્યો કરવા માટે ઈશ્વર તેમને લાંબું આયુષ્ય અને ખૂબ સારી તંદુરસ્તી આપે.

❀ ❀ ❀

મનુષ્ય જ્યારે નિઃસ્વાર્થીપણાની અને અકર્તાપણાની ભાવનાથી જગતના સર્વ જીવોનાકલ્યાણ વિશે વિચારતો થાય ત્યારે તે પોતાના અર્થહીન આગ્રહો અને દુરાગ્રહોથી મુક્ત થાય છે. એ જ 'સાત્ત્વિક જ્ઞાન'ની પ્રાપ્તિ છે. જ્યાં બધું જ મારું છે અથવા જ્યાં મારું કંઇ જ નથી ત્યાં કોઇના માટે કે કોઇ બાબતનો પૂર્વગ્રહ કેવો?

- કે.સી. પટેલ

પ્રમુખશ્રી, બધીર સંચાલક મંડળ, નડીયાદ



Lajja Communications

# પાંસરોડા પાદરનું રતન નાથાભાઈ

**ચૌહાણ રતિલાલ કે., પાંસરોડા**
બીએ.બી.એડ્, કૈલાશ હાઇસ્કૂલ, (નિવૃત શિક્ષક)
૪૫- પ્રભાકર ટેનામેન્ટ, સૈજપુરબોઘા, નરોડા રોડ, મેઘાણીનગર, અમદાવાદ.

ગુજરાતના જીલ્લાઓમાં બુહદ્ ખેડા જીલ્લાનો નયન રમ્ય પ્રકૃતિથી શોભતો બાલાસિનોર તાલુકો. આ તાલુકાનું ઉત્તમ પશ્વિમ પછીનું પ્રથમ હરોળનું પાંસરોડા ગામ જીલ્લાનું વિભાજન થતાં આજે આ ગામ મહિસાગર જીલ્લાના વિરપુર તાલુકામાં આવેલ છે.

ભાઇશ્રી, નાથાભાઇની જન્મભૂમિ પાંસરોડા ગામમાં અંદાજે ૬૦ વર્ષ પૂર્વે જન્મ ધારણ કર્યો. પોતાના ઘરમાં, ગામમાં ચારેય બાજુ પુત્ર પારણું બંધાતાં આનંદ છવાઇ ગયો. ચારેય બાજુ  સગા સબંધીઓ હર્ષોલ્લાસ, છવાઇ ગયો. માતૃશ્રીની ગોદમાં સૂર્ય સમાન તેજ પ્રકાશ પથરાયો. પણ એકાદ વર્ષ બાદ પિતાશ્રીનું અવસાન થતાં માતૃશ્રી પર આભ તૂટી પડયુ એવું ધર્મસંકટ આવી પડયું પણ કુદરત આગળ કોઇનુંય ચાલતુ નથી. સૃષ્ટિનું સર્જન કરતા પરમ કૃપાળુ પરમાત્મા આગળ લાચાર છીએ.

ભાઇશ્રી નાથાભાઇએ પ્રારંભિક શિક્ષણ પાંસરોડા ગામની પ્રાથમિક શાળામાં પૂર્ણ કર્યુ. ઓછું શિક્ષણ છતાં મનોમન વિચાર કરી મારે કંઇક તો કરવું છે તેવો દ્રઢ સંકલ્પ સાથે અડગ રહીને તેમણે અડાદરા હાઇસ્કૂલમાં સેવકની જાહેરાત અનુસંધાને માન્ય સાહેબ શ્રી કરસનદાસ સોનેરી સાહેબના સાનિધ્યમાં રહીને તેઓ એક સેવક તરીકે નિમણૂંક પામ્યા. ત્યારથી જ તેમના જીવનમાં ચાર ચાંદ લાગી ગયા. ધીરે ધીરે શિક્ષકોના સ્ટાફમાં સરળ સ્વભાવ, નૈતિકતા ધીરજ ખંત અને કેળવણીના પાયાના સિધ્ધાંતો સફળ થયા. પાંસરોડા જન્મભૂમિને વંદન કરી તેમણે પોતાની કર્મભૂમિ અડાદરાને બનાવી. થોડાક વર્ષો બાદ તેમને મારે કંઇક કરવુ છે તેવા તેમના ઉમદા વિચારોને તેમણે સફળ કરવા વિચાર કર્યો કે ‘‘જન સેવા એજ પ્રભુ સેવા’’ આ સુવિચારને સફળ કરવા માટે તેમણે વર્ષ ૧૯૯૬માં સર્વોદય સેવા સંઘ પાંડવાના પ્રમુખ અને લોક સેવાના સાચા ભેખધારી, કેળવણીકાર સેવામૂર્તિ સ્વ.ગોવિંદભાઇ માયાવંશીના વરદ હસ્તે શ્રી જે.બી.ખોતકુમાર છાત્રાલય અડાદરાનું ભૂમિપૂજન થયા પછી ક્રમશઃ એક પછી એક સંસ્થાઓનું નિર્માણ થતુ ગયું ત્યાર બાદ ગોધરાની ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય તેના સફળ સુકાનનું ઉત્તમ ઉદાહરણ જોઇ શકાય છે.

જ્યારે શરૂઆતમાં જે.બી.ખોતકુમાર છાત્રાલયનું નિમાર્ણ થયું. ત્યારે ભાઇશ્રી નાથાભાઇ સેવક (કર્મચારી) હતા. તેમાંથી તેઓ આજે 'સાચા જન સેવક' બની ગયા. જે તેમના સંસ્કાર, આવડત, ખંત, ધર્મભકિત પ્રત્યેનો લગાવ, એમના પૂર્વ જન્મના સંસ્કારનું પરિણામ કહી શકાય.

એક બાજુ નોકરી, સંતાનોનો અભ્યાસ તથા ઘર ચલાવવું, છાત્રાલયની જવાબદારી આ બધું એકલા હાથે કરવું. અડગ મનના મુસાફરે કયારેય હિંમત હાર્યા વિના '' ઉઠો જાગો ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો'' ઉકિતને સાર્થક કરવા સાચી લગનથી કાર્યો કરતા જ રહયા. નાથાભાઇના કાકાના દિકરા શ્રી ર્ડા.ધનંજય પી.ચૌહાણની ખાસ સલાહ સુચનથી નાથાભાઇ જે કંઇક કાર્યો અંગે ભાઇશ્રી ધનંજયના સાથ સહકારથી આગળ વધે છે. તેમાં ર્ડા.ધનંજય સાહેબનો મોટો ફાળો કયારેય ભુલાય તેમ નથી.

ભાઇશ્રી નાથાભાઇના ધર્મ પત્ની શ્રીમતિ ડાહીબેનને પણ સંસ્કારનો દરિયો કહીએ તો ચાલે. ખૂબ ઓછું બોલવું, નાથાભાઇના પડતા બોલને જીલવા નાથાભાઇની કેડીને આગળ વધારવા ડાહીબેનનો અથાગ પુરુષાર્થ કહીએ તો ચાલે. ગમે ત્યારે જોઇએ તો ડાહીબેન હસતા મોઢે જ હોઇ શરૂઆતની છાત્રાલય વખતે તેમનું યોગદાન કંઇ ઓછું નથી. આપણા ઘરે ચાર મહેમાન હોય તો કંઇક સેવામાં ક્ષતિ થતી હોય છે. પણ ડાહીબેન છાત્રાલયના બાળકો માટે પોતે અનાજ સાફ કરી મકાઇ, બાજરીના રોટલા કે ઘઉંની રોટલી બાળકો માટે રસોઇ બનાવી તેમની સાથે બેસીને જમાડતા તેઓ એક પાલક માતા તરીકેનું બિરૂદ પામ્યા છે. આ છે તેમના સંસ્કાર અને ખાનદાની.

ભાઇશ્રી નથાભાઇની કેડીને આગળ વધારવા માટે સાહેબશ્રી પ્રભાતસિંહ સાહેબનો પુષ્કળ આભાર. અમે પાંસરોડા ગામના ગામજનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. તેમને નત મસ્તક વંદન.

ભાઇશ્રી નાથાભાઇને મેં હસતા મોઢે કહયુ કે તમે અડાદરા કર્મભૂમિને સ્વર્ગ સમાન બનાવી છે. ઘણી બધી છાત્રાલયો, સ્કૂલો, બહેરા મૂંગા સંકૂલ અઢળક સેવા સંસ્થાઓ બનાવી છે. તમારા યોગદાનને નત મસ્તક વંદન. પણ આપણા પરગણામાં જન્મભૂમિના વિસ્તારમાં એક નાની સરખી સમાજવાડી બનાવીએ તો? તરત જ તેઓ અડગ મનથી બોલ્યા, બનાવીએ પણ જમીન કયાં છે. મે કહયું જમીન છે. વેચાતી લેવી પડે તરત જ નિર્ણય કર્યો. અને આ પ્રસ્તાવ સાત ગામના પરગણાને રજૂઆત કરી. તમામ સાતેય ગામના



Lajja Communications

પરગણાના શિક્ષિત,વડીલો બુધ્ધીજીવી વ્યકિતઓએ વિચાર ભાવના કેળવી 'સાઠંબા સાત ગામ વણકર સમાજ ઉત્કર્ષ મંડળ દ્વારા જમીન ખરીદી પૂજ્ય શ્રી મહામંડલેશ્વર ૧૦૦૮ મહંત શ્રી શંભુનાથજી સંત સવૈયાનાથ ગુરૂગાદી ઝાંઝરકા (રાજસભાના સાંસદ)ના વરદ્ હસ્તે ભૂમિ પૂજન કર્યું અને બાપુએ પોતાની ગ્રાન્ટમાંથી માતબર રકમનું યોગદાન આપ્યું. જે અત્યારે ગ્રાન્ટના અભાવે ધીમી ગતિએ ચાલુ રહયુ છે. આ શ્રેય શ્રી નાથાભાઇના શીરે જાય છે. આવા અડગ મનના માનવી, તળપદી ભાષાના હિમાયતી અને મૈત્રી ભર્યો સબંધ કેળવવા માટે કુશળતા પામેલ એટલે નાથાભાઇ.

ભાઇશ્રી નાથાભાઇનું મિત્ર વર્તુળ આજે પણ દિન-રાત જયારે જરૂર પડે ત્યારે ફોન કરતાની સાથે સામેલ હોય કોઇ પ્રકારના નાના મોટા પ્રસંગ જન્મ ભૂમિ પાંસરોડામાં હોય ત્યારે તેમની હાજરી હોય જ, અરે ગામની વાત તો કયાં કરુ પણ સાતનું પરગણું કે પરગણાંમાં જયાં પ્રસંગ સારા કે નરસા તેમાં નાથાભાઇની હાજરી હોય જ. આવા વિરલ વ્યકિતને કયારેય કોઇ વ્યકિત ભૂલી શકે તેમ નથી.

અમે પાંસરોડાના ગ્રામજનો નાથાભાઇને ''પાંસરોડાના પાદરનુ રતન'' બિરૂદ આપીએ છીએ.

❀ ❀ ❀

# અભિનંદન

**પરખ ફાઉન્ડેશન**
**લુણાવાડા**

આદરણીયશ્રી નાથાભાઇ જી. વણકર
મેન.ટ્રસ્ટી, પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુ. ટ્રસ્ટ, અડાદરા, તા.કાલોલ

વિરપુર તાલુકાના પાંસરોડા ગામના વતની અને અડાદરાને પોતાની કર્મભૂમિ બનાવી આદિવાસી વિસ્તારમાં ગરીબ, પછાતવર્ગનાં બાળકો માટે આશ્રમ શાળા કુમાર-કન્યા છાત્રાલય બનાવવામાં બહુમૂલ્ય યોગદાન આપી આ વિસ્તારની ઉત્તમ સેવાઓ કરતા રહ્યા છે. તથા ગોધરા ખાતે ગાંધી સ્પેશીયલ બહેરામુંગા વિદ્યાલય સ્થાપી સમાજસેવાનાં ક્ષેત્રે ઉત્તમ સેવાઓ આપવા બદલ રાજ્ય સરકારનો મહાત્મા ગાંધી એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. તથા ચાલુ વરસે મહાવીર ફાઉન્ડેશન તરફથી પણ ૨૨મો મહાવીર સ્વામી એવોર્ડ મળવાપાત્ર છે. ત્યારે આપની વિશિષ્ટ ઉપલબ્ધિ બદલ પરખ ફાઉન્ડેશન, લુણાવાડા તેઓની પરખ કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. તથા તેમના સત્કાર્યને બિરદાવી શુભકામનાઓ પાઠવે છે.

રાજ અક્ષય - મંત્રી

રાજ હિમાંશુ - પ્રમુખ



Lajja Communications



ગાંધી સ્પેશ્યલ બહેરા-મૂંગા વિદ્યાલય ગોધરા



આશ્રમશાળા અડાદરાનુ ભોજનાલય

Lajja Communications

Gandhi family provided Great amount of

**Rs. 200 Lacs** for the construction of New construction of

**GANDHI SPECIAL DEAF & DUMB SCHOOL - GODHRA.**



Mr. Bhupatbhai G. Gandhi

Mr. Manubhai G. Gandhi

Mr. Manojbhai B. Gandhi

Mr. Jayeshbhai M. Gandhi

Lajja Communications



આશ્રમશાળા ભોજનાલય



આશ્રમશાળા બીલ્ડીંગ



નયનાબા કન્યા છાત્રાલય



કન્યા છાત્રાલય



સ્વામિ વિવેકાનંદ કુમાર છાત્રાલય



કન્યા માધ્યમિક શાળા




કાકાશ્રી ધૂળાભાઈ ચૌહાણ સાથે શ્રી નાથાભાઈ વણકર



જે.બી.ખોત કુમાર છાત્રાલયના ભોજનાલયને ખુલ્લુ મકતા પૂજ્ય રામદાસ મહારાજશ્રી તથા
દાતા શ્રી હરિશભાઈ ખોત, મુંબઇ



Lajja Communications







કુમારી રેશા પટેલ કન્યા છાત્રાલયનું ભુમિપૂજન કરતા પુજ્ય રામદાસ મહારજ તથા
ડૉ.કરસનદાસ સોનેરી, પ્રભાતિસંહ ચૌહાણ. ગોવિંદભાઈ માયાવંશી

Lajja Communications

પંચમહાલ કલેક્ટર શ્રી અમીત અરોરા સાહેબ સાથે મેનેજીંગ ટ્રસ્ટી શ્રી નાથાભાઈ વણકર





નાયબમંત્રીશ્રી વન અને પર્યાવરણ વિભાગ ગુજરાત સરકાર મા.શ્રી. પ્રભાતસિંહજી ચૌહાણ ગાંધી સ્પેશયલ બહેરા-મૂંગા વિદ્યાલય ગોધરાના દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કરતા દશ્યમાન થાય છે.

પૂજ્ય શ્રી રામદાસ મહારાજશ્રીનો બળદગાડામાં અડાદરા મુકામે સામૈયા સાથે વરઘોડા દ્વારા સન્માન કરતાં શ્રી નાથાભાઈ વણકર.





Lajja Communications



ગાંધી સ્પેશયલ બહેરા-મૂંગા વિદ્યાલય ગોધરા ના દિવ્યાંગ બાળકો પંચમહાલ જીલ્લાના કલેક્ટરશ્રી અમીત અરોરા સાહેબનું સ્વાગત કરતા સાથે શ્રી મેનેજીંગ ટ્રસ્ટી નાથાભાઈ વાગકર દૃશ્યમાન થાય છે.

શ્રી માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ, મહીસાગર દ્વારા મહાત્મા ગાંધી એવોર્ડ મળ્યા બદલ ટ્રસ્ટ દ્વારા શ્રીનાથાભાઇનું સન્માન કરતાં દૃશ્યમાન થાય છે.





અમદાવાદનાં સાંસદ શ્રી કિરીટભાઇ સોલંકી દ્વારા પરખ ફાઉન્ડેશન લુણાવાડા દ્વારા અભિનંદન સન્માનપત્ર એનાયત કરતાં સાંસદ શ્રી કિરીટભાઇ સોલંકી તથા શિક્ષણ સમિતિના ચેરમેન બારીયા સાહેબ શ્રી નાથાભાઇને એનાયત કરતાં દૃશ્યમાન થાય છે.

બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે ગોધરા ખાતે બાબા સાહેબને ફુલહાર કરતા નાથાભાઈ વણકર સાથે સંત સૈવયા નાથ સમાધિ મંદિરના મહંત શ્રી શંભુનાથ બાપુ સાથે અન્ય મહાનુભાવો






સ્વાતિ એજ્યુકેશન ટ્રસ્ટ મુંબઈના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરિશભાઈ બી. ખોત, માનદ્ મંત્રીશ્રી જયંતિભાઈ એમ. શાહ તથા આચાર્યશ્રી રસિકલાલ શાહે સંસ્થાની મુલાકાત લીધી. તા.૧૦-૫-૨૦૦૦

કુમાર છાત્રાલયના ઉદ્ઘાટક શ્રી વિનોદચંદ્ર ડી. ચૌહાણ તથા પ્રભાતસિંહ ચૌહાણ, ગોવિંદભાઈ માયાવંશી તથા પ્રવચન કરતા શ્રી નયનભાઈ સોની દશ્યમાન થાય છે.





''ONGC'' ન્યુ દિલ્લી ના સીનીયર એચ.આર મેનેજર શ્રી કુ. સ્વાતિ મેડમે આશ્રમશાળા અડાદરાની મુલાકાત સમયે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી નાથાભાઈ વણકર તેમજ બાળકો દૃશ્યમાન થાય છે

કુમાર છાત્રાલયના ઉદ્‌ઘાટક શ્રી વિનોદ ચંદ્ર ડી. ચૌહાણનું સ્વાગત કરતા શ્રી નાથાભાઈ વણકર





કન્યા છાત્રાલયના ભુમિપૂજનના કાર્યક્રમ અનુસંધાને સ્ટેજ પર બિરાજમાન પરમ પૂજ્ય શ્રી રામદાસ મહારાજ, મંત્રીશ્રી પ્રભાતસિંહ પી. ચૌહાણ, ડૉ. કરસનદાસ સોનેરી તથા મધુભાઈ બી.ખોત, ગોવિંદભાઈ માયાવંશી સાથે નાથાભાઈ વણકર

માનનીય શ્રી ફકીરભાઈ વાઘેલા સાહેબ સાથે શ્રી નાથાભાઈ વણકર રાજ્યસભાના સાંસદ શ્રી ગોપાળસિંહ સોલંકિ સાથે પ્રભાત સિંહ ચૌહાણ







સંત સવૈયાનાથ સમાધિ મંદિર ઝાંઝરકાના પરમ પૂજ્ય મહંત શ્રી શંભુનાથ બાપુ શ્રી નાથાભાઈ વણકરનું સંસ્થામાં સારી કામગીરી કરવા બદલ સન્માન કરતા દશ્યમાન થાય છે.

પૂજ્ય શ્રી શંભુનાથ મહારાજશ્રીનું સાલ ઓઢાડી સન્માન કરતા શ્રી નાથાભાઈ વણકર







Lajja Communications



ગાંધી સ્પેશયલ બહેરા-મૂંગા વિદ્યાલય ગોધરા માહિતી પૂજ્ય શ્રી શંભુનાથ મહારાજ સાથે શેર કરતા શ્રી નાથાભાઈ વણકર

શ્રી સંતરામ મંદિર ઉમરેઠના પરમ પૂજ્ય શ્રી ગણેશદાસ મહારાજનું શાલ ઓઢાડી પુષ્પગુચ્છ સાથે સન્માન કરતા શ્રી નાથાભાઈ વણકર





આદિજાતી આશ્રમશાળામાં સ્વેટર તથા ઉતરાયણમાં પતંગ આપતાં અડાદરાના વતનની સ્મિતાબેન બીપીનચંદ્ર શાહ (U.S.A)

ગાંધી સ્પેશયલ બહેરા-મૂંગા વિદ્યાલયનું ભુમિપૂજન કરતા અને ઈંટ મુકતા સંતરામ મંદિર ઉમરેઠના પરમ પૂજ્ય ગણેશ દાસ મહારાજ તથા પ્રભાતસિંહ. પી.ચૌહાણ તથા ગોધરાના નગરજનો સાથે શ્રી નાથાભાઈ વણકર દશ્યમાન થાય છે.





સૌરાષ્ટ્ર દર્શન પ્રવાસ ઝાંઝરકા સવગણ સમાધિ સ્થાનના મહંતશ્રી શંભુદાસ મહારાજ (સાંસદશ્રી. રા.સભા) તરફથી તેમના સ્થાન ઉપર સંસ્થાના બળકોનો ભોજન સમારંભ

કુમાર છાત્રાલય અડાદરાના મકાનનું ભૂમિપૂજન સર્વોદય સેવાસંઘ પાંડવાના પ્રમુખશ્રી ગોવિંદભાઈ મયાવંશીના હસ્તે કરવામાં આવ્યું હતું. સાથે શ્રી નાથાભાઈ વણકર તેમજ અન્ય મહાનુભાવો





Lajja Communications

પંચમહાલ કલેક્ટરશ્રી શ્રીમતી. પી. ભારતીનું સ્વાગત કરતા શ્રી નાથાભાઈ વણકર





કુમાર છાત્રાલય ના ભોજનાલયનું ભુમિપૂજન સ્વાતિ એજ્યુકેશન ટ્રસ્ટ મુંબઈના માનદ્ મંત્રી શ્રી જે.એમ. શાહના વરદ્ હસ્તે કરવામાં આવ્યું તે સમયે સંસ્થાની માહિતી અને શબ્દથી સ્વાગત કરતા નાથાભાઈ. જી. વણકર

સાસંદશ્રી ભુપેન્દ્રસિંહ સોલંકીનું સ્વાગત કરતા શ્રી નાથાભાઈ વણકર



ભારતીય જનતા પાર્ટીના પ્રવકતા માન.શ્રી ભરતભાઇ પંડ્યા સાહેબનું સ્વાગત કરતા શ્રી નાથાભાઈ વણકર તથા પંચમહાલ જિલ્લાના કાર્યકર્તાઓ.





તા. ૨૮/૧૦/૨૦૧૮ના રોજ આદિજાતિ આશ્રમશાળા અડાદરાના વર્ગખંડોનું ઉદ્‌ઘાટન કરતા પંચમહાલ જિલ્લાના સાંસદ શ્રી પ્રભાતસિંહ ચૌહાણ તથા ઑ.એન.જી.સી.વડોદરાના ઈડી.શ્રી અરુણકુમાર તથા મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નાથાભાઈ વણકર તથા અડાદરાના ગ્રામજનો.

તા. ૦૧/૦૧/૨૦૧૪ના રોજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ગાંધીનગર ગુજરાત દ્વારા સમાજના નબળા વર્ગના ઉત્કર્ષ માટે સારી કામગીરી બદલ શ્રી પંચમહાલ અ.જા.એજ્યુકેશન ટ્રસ્ટ અડાદારા તા.કાલોલના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નાથાભાઈ વણકરને મહાત્મા ગાંધી એવોર્ડ અર્પણ કરતા માન.શ્રી શિક્ષણ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તથા માન. મંત્રી શ્રી રમણલાલ વોરા તથા સાંસદ શ્રી કિરીટભાઇ સોલંકી, સાંસદ શ્રી પ્રભાતસિંહ ચૌહાણ તથા ધારા સભ્યશ્રીઓ અને સચિવશ્રી દશ્યમાન થાય છે.





Lajja Communications

કાલોલ મતવિસ્તારના ધારાસભ્ય શ્રી અરવિંદસિંહ રાઠોડ તથા પાર્ટીના પ્રમુખ શ્રી ગિરવતસિંહ પરમાર તથા મહામંત્રી શ્રી વિક્રમસિંહ સાથે શ્રી નાથાભાઈ વણકર અંબાજીના પ્રવાસે.






આશ્રમ શાળા અડાદરાના ભોજનાલયના ઉદ્‌ઘાટન સમારોહમાં શાબ્દિક સ્વાગત કરતા શ્રી નાથાભાઈ વણકર.

સંત શ્રી ઉગારામ દાદાની જગ્યા બાંદરા તા.ગોંડલથી પ.પૂ શ્રી ગોરધનબાપુ તથા પ.પૂ. જયંતિરામ બાપા સાથે ગોધરા ખાતે ભજન સત્સંગમાં ઉપસ્થિત શ્રી નાથાભાઇ વણકર.



સાત ગામ વણકર સમાજ ઉત્કર્ષ મંડળ સાઠંબાના સમાજઘરના ભૂમિ પૂજન પ્રસંગે શ્રી નાથાભાઈ વણકરનું સ્વાગત કરતા ડો. અરવિંદભાઇ, રાજેશભાઈ તથા સુરધનભાઈ દશ્યમાન થાય છે.





મહીસાગર જિલ્લાના સામાજિક કર્મશીલ મહાનુભાવ તરીકે શ્રી નાથાભાઈ વણકરનું પરખ ફાઉન્ડેશન લુણાવાડા તરફથી રાજ્ય સભાના સાંસદ પ.પૂ. શંભુનાથજી બાપુના હસ્તે સન્માન કરાયું. પંચમહાલ જિલ્લાના સાંસદ શ્રી પ્રભાતસિંહ ચૌહાણ સાહેબ તથા સંસદીય સચિવ શ્રી જેઠાભાઇ સોલંકી ઉપસ્થિતિમાં.

ઇન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન એન્ડ મેનેજમેંટ ન્યુ દિલ્હી દ્વારા એનાયત કરેલ જ્વેલ ઓફ ઈન્ડિયા એવોર્ડ સ્વીકારતા શ્રી નાથાભાઈ વણકર





Lajja Communications

વી.ડી.માયવંશી વિદ્યાલય પાંડવા ખાતે શ્રી નાથાભાઈ વણકરનું સ્વાગત કરતા શ્રી જીતુભાઈ અમિન સર્વોદય સેવા સંઘ પાંડવાના પ્રમુખ તથા મહીસાગર જિલ્લાના અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખશ્રી દેવાભાઇ દશ્યમાન થાય છે.





ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય ગોધરાના બાળકો સાથે સંતરામ મંદિર ઉમરેઠના પૂ.મહંત શ્રી ગણેશદાસ મહારાજ સાથે શ્રી નાથાભાઈ વણકર તથા શિક્ષકગણ

બાયડ ખાતે પ્રથમ સમૂહલગ્નનું ઉદ્‌ઘાટન કરતાં ડો. કરસનદાસ સોનેરી સાથે શ્રી નાથાભાઈ વણકર તથા સમાજના આગેવાનો.



સંસ્કાર સમાજ સેવા મંડળ ગોધરા દ્વારા વિરપુર મુકામે આયોજિત સારસ્વત સન્માન સમારોહમાં આગવી છટામાં સભાને સંબોધતા માન.શ્રી નાથાભાઈ વણકર દૃશ્યમાન થાય છે.






સંસ્કાર સમાજ સેવા મંડળ ગોધરા દ્વારા આયોજિત બાલાશિનોર કોલેજમાં યોજાયેલ સારસ્વત સન્માન સમારોહમાં ડો.પ્રવીણભાઈ અમિન, માન. શ્રી પ્રભાતસિંહ ચૌહાણ સાંસદ, પંચમહાલની બાજુમાં બેઠેલા શ્રી નાથાભાઈ વણકર

તા. ૨૮/૦૨/૨૦૧૮ના રોજ ઓ.એન.જી.સી. વડોદરા ખાતે આશ્રમશાળાના વર્ગખંડોના બાંધકામ માટે ચેક અર્પણ કરતાં ઓ.એન.જી.સી. ઈડી શ્રીમાન અરુણકુમાર તથા સ્પોટ મેનેજર શ્રી નેગી સાહેબના હસ્તે ચેક સ્વીકારતા શ્રી નાથાભાઈ વણકર તથા નરસિંહભાઈ ચૌહાણ



સંસ્કાર સમાજ સેવા મંડળ ગોધરા દ્વારા આયોજિત આગિયારમા સારસ્વત સન્માન સમારોહ વીરપુરમાં કુ. નમ્રતા પરમારને સન્માનીત કરતાં શ્રી નાથાભાઈ વણકર.






સંસ્કાર સમાજ સેવા મંડળ ગોધરા દ્વારા આયોજિત સારસ્વત સન્માન સમારોહમાં શ્રી એમ.બી.પાટિલ અને ડો.પ્રવીણ અમિન દ્વારા શાલ અને ગુલદસ્તાથી સન્માન સ્વીકારતા હાસ્ય મુદ્રામાં માન. શ્રી નાથાભાઈ વણકર

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે સામાજિક સમરસતા સંમેલનમાં સાંસદ શ્રી પ્રભાતસિંહ ચૌહાણ, પાર્ટી પ્રમુખ શ્રી અશ્વિનભાઈ પટેલ સાથે શ્રી નાથાભાઈ વણકર.



માન.મંત્રી શ્રી ઇશ્વરભાઇ પરમાર સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ગાંધીનગરની શુભેચ્છા મુલાકાતે શ્રી નાથાભાઈ વણકર તથા નારણભાઈ પરમાર અને અંબાલાલ વણકર.






તા. ૦૭/૦૪/૨૦૧૬ના રોજ ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય ગોધરાના ઉદ્‌ઘાટન સમારોહમાં મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરતા શ્રી નાથાભાઈ વણકર.

બાયડ તાલુકા સંલગ્ન પાંચ પરગણા વણકર સમાજ દ્વારા વર્ષ ૨૦૧૮માં તૃતીય સમૂહ લગ્ન આંબલીયારા ખાતે યોજાયા હતા તે વખતે સમાજના શ્રેષ્ઠીઓ સાથે શ્રી નાથાભાઈ વણકર દૃશ્યમાન થાય છે.



સંત શ્રી ઉગારામ દાદાની જગ્યા બાંદરા તા.ગોંડલથી પ.પૂ શ્રી ગોરધનબાપુ તથા પ.પૂ શ્રી જ્યંતિરામ બાપાના આશીર્વાદ મેળવતા શ્રી નાથાભાઈ વણકર





અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં સાઠંબા મુકામે સમાજઘરના ભૂમિ પૂજન પ્રસંગે ઝાંઝરકા ગાદીપતિ પ.પૂ.શંભુદાસ બાપુ સાથે શ્રી નાથાભાઈ વણકર તથા માર્ગ્યસ્મિત સ્વામી વડોદરા તથા સાઠંબા ગ્રામ પંચાયતના સરપંચશ્રી તથા મહાનુભાવો.

સંત શ્રી ઉગારામ દાદાની જગ્યા બાંદરા તા.ગોંડલથી પ.પૂ શ્રી ગોરધનબાપુનું ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય ગોધરાની  દિવ્યાંગ બાલિકા બાપુનું સ્વાગત કરતી દશ્યમાન થાય છે.





ભા.જ.પા. પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચામાં મંત્રી તરીકેની નિમણૂંક થઈ ત્યારે પંચમહાલ જિલ્લાના મોરચાના કાર્યકરો દ્વારા શ્રી નાથાભાઇનું સન્માન કરતાં દશ્યમાન થાય છે.



3જી ડિસેમ્બર વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી પ્રસંગે ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલયના વિદ્યાર્થીઓની રેલીને પ્રસ્થાન કરાવતા પંચમહાલ જિલ્લા કલેક્ટર શ્રીમતી પી.ભારથી મેડમ સાથે નાથાભાઈ વણકર સાથે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી તથા શાળા પરિવાર અને વિદ્યાર્થીઓ દશ્યમાન થાય છે.



વણકર સમાજ સુધારક સમિતિ બાયડ દ્વારા સમૂહલગ્ન સમારોહમાં સમાજના આગેવાનો દ્વારા શ્રી નાથાભાઈનું સન્માન કરતાં દશ્યમાન થાય છે.



સંત સવૈયાનાથ સમાધિ મંદિર ઝાંઝરકા ખાતે ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી સી.આર.પાટીલ સાહેબનું સન્માન કરતા પ્રદેશના અનુસુચિતજાતિ મોરચાના હોદ્દેદારો સાથે શ્રી નાથાભાઈ વણકર

## ગોધરાની ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા શાળાનું ગૌરવ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ઉપક્રમે જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત રાજયના તમામ જીલ્લામાં અભ્યાસ કરતાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક વિધાર્થી દ્વારા “પ્લાસ્ટિક મુક્ત ભારત'' વિષય ઉપર શાળા, સી.આ.રસી, તાલુકા અને જિલ્લા કક્ષાએ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું.

હાલ ૨૩/૨/૨૦૨૦ થી ૨૫/૨/૨૦૨૦ રાજય કક્ષાનું આયોજન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ હતું. જેમાં અમારી શાળા “ગાંધી સ્પેશ્યલ બહેરા-મૂંગા વિધાલય ગોધરા”ના પંચમહાલ જીલ્લામાં પ્રથમ આવેલ વિધાર્થી બારીયા મહેશભાઈ





માન.મંત્રી શ્રી રમણલાલ વોરા સાહેબ સાથે શ્રી નાથાભાઈ વણકર તથા નરસિંહ ચૌહાણ



ગુરુશ્રી જીવણ નિજાર આશ્રમ  સદનપુરનું ઉદ્‌ઘાટન કરતાં ગુરુશ્રી જીવણ નિજાર સાથે નાથાભાઈ વણકર તથા ડી.ડી.મકવાણા, હસમુખ સકસેના તથા અન્ય મહાનુભાવો.



પ્રદેશ અનુસુચિત જાતિ મોરચાના મહામંત્રી શ્રી નાથુભાઈ સોસા દ્વારા શ્રી નાથાભાઇ વણકરનું સન્માન.



તાલોડ મુકામે નવાવર્ષના સ્નેહમિલન અને ધોરણ-૧૦ના તેજસ્વી તારલાઓના સન્માન સમારોહમાં ડો.કરસનદાસ સોનેરી સાથે નાથાભાઈ વણકર તથા અન્ય મહાનુભાવો.



જીવણ નિજાર આશ્રમ સદનપુર તા. શહેરા ખાતે સમાજના આગેવાન દ્વારા નાથાભાઈ વણકરનું સ્વાગત કરતા દશ્યમાન થાય છે.



અમદાવાદ અસારવાના ધારાસભ્ય શ્રી પ્રદિપભાઇ પરમારનું ગોધરા ખાતે બહેરા-મૂંગા વિદ્યાલય પર સ્વાગત કરતા શ્રી નાથાભાઈ.



સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ગુજરાત સરકાર દ્વારા વિશિષ્ટ વ્યક્તિ તરીકે સન્માન ૨૦૧૬ ડો.આંબેડકરની ૧૨૫મી જન્મજયંતી ઉજવણી વર્ષ નિમિત્તે માન.મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર દ્વારા સન્માન મેળવતા શ્રી નાથાભાઈ વણકર.

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ સાથે મહેમાનો, વિવિધ મુદ્રામાં



































Lajja Communications



સંસ્થા દ્વારા ફિજીકલ ચેકઅપની એક ઝલક



સંસ્થામાં મહેંદી હરિફાઇની એક ઝલક



સંત સવૈયાનાથ સમાધિ મંદિર ઝાંઝરકાના મહંત શ્રી પ.પૂ. શંભુનાથ મહારાજ અડાદરા શ્રીનું સ્વાગત કરતા શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રીઓ દ્રશ્યમાન થાય છે.



બહેરા મુંગા સ્પેશ્યલ શાળામાં કોમ્પ્યુટર વર્ગનું ઉદ્‌ઘાટન કરતા માન.શ્રી શંભુનાથ બાપૂ



ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય ગોધરાની મુલાકાતે માં.મંત્રીશ્રી આત્મારામ પરમાર સાહેબ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ગાંધીનગર સાથે શ્રી પ્રભાતસિંહ ચૌહાણ.



ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલયમાં મુકબધિર કન્યા દ્વારા કુમકુમ તિલકથી આદ. શ્રી શંભુનાથ બાપૂનું સ્વાગત

Lajja Communications



મુકબધીર બાળકો વર્ગખંડમાં



સર્જનાત્મક પ્રવૃત્તિમાં બદ્ધ સંસ્થાના બાળકો



સીવણ સંચાનું નિરિક્ષણ કરતા મહેમાનશ્રીઓ



સંસ્થાની બાળાઓ સાથે વૃક્ષારોપણ કરતા શ્રી નાથાભાઇ




કાર્યક્રમમાં પ્રાર્થના કરતા મુકબધિર બાળકો



સાદો અને પૌષ્ટિક આહાર લેતી સંસ્થાની બાળાઓ




સ્ત્રી સશક્તિ કાર્યક્રમમાં સંસ્થાના સહભાગી બાળકો



Lajja Communications



સર્વાંગી વિકાસ માટે રમત રમતા દૃશ્યમાન બાળકો



વર્ગખંડમાં અભ્યાસરત બાળકો



સર્વાંગી વિકાસમાં દોડમાં સહભાગી વિદ્યાર્થીઓ



રંગોલીમાં પ્રવૃત્ત શાળાના બાળકો



રંગોલી સ્પર્ધા



ગોળા ફેંકમાં રત બાળકો



મહેમાનોનું સ્વાગત-સામૈયું કરતી સંસ્થાની બહેનો



યોગ દ્વારા મલખમની વિવિધ મુદ્રાઓ

Lajja Communications



ઉત્તર પ્રદેશના સાંસદ શ્રી ડો.ભોલેસિંગનું સ્વાગત કરતા ગાંધી સ્પેશ્યલ બહેરા-મૂંગા વિદ્યાલયના બાળકો તથા સાથે નાથાભાઈ વણકર



ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય ગોધરાના મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે કાર્યક્રમનુ દીપ પ્રાગટ્ય કરતા સાંસદ શ્રી પ્રભાતસિંહ ચૌહાણ માર્ગીય સ્મિત સ્વામિ તથા મનુભાઈ ગાંધી,ભૂપતભાઇ ગાંધી સાથે નાથાભાઈ વણકર.



આશ્રમ શાળા અડાદરા ૧૦ રૂમની તકતીનું અનાવરણ કરતા સંત સવૈયાનાથ સમાધિ મંદિર ઝાંઝરકાના મહંત શ્રી પ.પૂ. શંભુનાથ તથા સાંસદ શ્રીપ્રભાતસિંહચૌહાણ તથા ઑ.એન.જી.સી.વડોદરાના સ્પોટ મેનેજર શ્રી નેગી સાહેબ સાથે નાથાભાઈ વણકર



સાંસદ શ્રી રાતનસિંહ રાઠોડનું સ્વાગત કરતા નાથાભાઈ વણકર તથા અન્ય મહાનુભાવો.



સાંસદ શ્રી પ્રભાતસિંહ ચૌહાણ સાહેબનું સ્વાગત કરતા શ્રી નાથાભાઈ વણકર તથા ટ્રસ્ટીઓ.



આશ્રમ શાળા અડાદરાની બાલિકાઓ સાથે સાંસદ શ્રી પ્રભાતસિંહ ચૌહાણ ઑ.એન.જી.સી.વડોદરાના ઇ.ડી. શ્રી અરુણકુમાર સાહેબ સાથે નાથાભાઈ વણકર.



સંસ્થાના બાળકો અને મુખ્ય મહેમાન સાથે શ્રી નાથાભાઇ વણકર



બહેરા મુંગા વિદ્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે માન.શ્રી પ્રભાતસિંહ ચૌહાણનું સ્વાગત કરતા શ્રી નાથાભાઇ, મંત્રીશ્રી નરસિંહભાઇ અને ટ્રસ્ટીશ્રી ડૉ.ધનંજય ચૌહાણ




બહેરા મુંગા વિદ્યાલય ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે મા.શ્રી પ્રભાતસિંહજી ચૌહાણ, શ્રી માગર્યસ્મિત સ્વામી, ચેરમેનશ્રી ONGC ચેરમેન તથા અન્ય મહેમાનો



આશ્રમ શાળા અડાદરા ૧૦ રૂમના ઉદ્‌ઘાટન સમારોહમાં મહેમાનોનું સ્વાગત કરતા શ્રી નાથાભાઈ વણકર.



શ્રી આનંદકુમાર સાથે શ્રી નાથાભાઈ વિશિષ્ઠ મુદ્રામાં



ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલયના મકાનના દાતાશ્રીઓનો પરિવાર.



ઓ.એન.જી.સી.વડોદરાના ઇ.ડી.શ્રી અરુણકુમાર સાથે પ્રભાતસિંહ ચૌહાણ સાથે શ્રી નાથાભાઈ વણકર આશ્રમશાળા અડાદરાની માહિતી આપતા જણાય છે.



ભોજનાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે સાંસદ શ્રી પ્રભાતસિંહ ચૌહાણ સાહેબનું સ્વાગત કરતા શ્રી નાથાભાઈ વણકર.



વાલી સંમેલન કાર્યક્રમ અંતર્ગત વાલીઓને બાળકો પ્રત્યેની જવાબદારી અંગે સમજ આપતા શ્રી નાથભાઈ વણકર તથા સ્ટાફગણ.



Lajja Communications






PAJET
ONGC
Inauguration of 8 New Class Rooms of
Adi Jati Ashram Shala - Adadara




PAJET



શ્રી નાથાભાઈ વણકર સાથે તેમના ધર્મપત્ની
અ.સૌ ડાહીબેન વણકર



જમાઈ શ્રી હર્ષદકુમાર તથા દીકરી
જ્યોત્સનાબેન તથા પરિવાર
સ્મિતાંગી, ક્રિષ્ના



પુત્ર શ્રી નરેશના લગ્ન સમયે પુત્રવધુ અને પુત્રને આશીર્વાદ
આપતા શ્રી નાથાભાઈ વણકર
અ.સૌ ડાહીબેન વણકર



પાંસરોડા મુકામે શ્રી નાથાભાઈ વણકરના પુત્ર શ્રી
નરસિંહભાઈના લગ્ન પ્રસંગે વરઘોડામાં ઉપસ્થિત માન.મંત્રી
શ્રી પ્રભાતસિંહ ચૌહાણ સાહેબ શ્રી નરસિંહભાઈ વરરાજાનું
સ્વાગત કરતાં દશ્યમાન થાય છે.



પુત્ર શ્રી રમેશના લગ્નના સમયે કન્યા છાત્રાલયની છોકરીઓ
સાથે શ્રી નાથાભાઈ વણકર તથા તેમના ધર્મપત્ની ડાહીબેન
સાથે.



માતૃશ્રી માંનીબહેન સાથે પુત્ર શ્રી નાથાભાઈ



જ્યેષ્ઠ પુત્ર નરસિંહ, પરિવાર સાથે



માતૃશ્રી, પુત્રો, દીકરી અને પરિવાર સાથે વિશિષ્ઠ મુદ્રામાં શ્રી નાથાભાઇ વણકર



પુત્ર રમેશ તથા પુત્રવધુ મીના.



બેન-બનેવી સાથે લગ્ન સમયે શ્રી રમેશભાઇ

Lajja Communications



પ્રવાસમાં સ્નેહીઓ-સંબંધીઓ સાથે શ્રી નાથાભાઇ



પ્રો.વિનોદ ગાંધી સાથે નાથાભાઇ તથા શ્રીમતી લક્ષ્મીબેન તથા ડાહીબેન

"કાશ્મીર યાત્રા"
ચિ. નરસિંહ ચિ. રમેશ સાથે નાથાભાઈ તથા ડાહીબેન.









ચિ.રમેશના લગ્નમાં વિશિષ્ઠ મુદ્રામાં નાથાભાઇ પરિવાર સાથે



Lajja Communications



ચિ.રમેશના લગ્ન સમયે જ્યેષ્ઠ બંધુશ્રી નરસિંહ અને પરિવાર







લગ્ન અને પ્રવાસમાં વિશિષ્ઠ મુદ્રામાં નાથાભાઇ

તા.૦૫-૧૨-૨૦૧૭ મંગળવાર ૨

# ગાંધી સ્પેશ્યલ બહેરા મુંગા વિદ્યાલય દ્વારા વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી





ઉદય ન્યૂઝ.ગોધરા

ગાંધી સ્પેશ્યલ બહેરા મુંગા વિદ્યાલય દ્વારા તા.૩ ડીસેમ્બરના રોજ વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જે ઉજવણીના ભાગરૂપે સમાજમાં દિવ્યાંગ બહેરા મુંગા બાળકો પ્રત્યે જાગૃતિ કેળાય તે માટે ગોધરા શહેરા ખાતે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલીમાં દિવ્યાંગ બહેરા મુંગા કુલ ૧૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. આ રેલીનું પ્રસ્થાન ગાંધીચોક ખાતેથી કરવામાં આવ્યું હતું. રેલીનું પ્રસ્થાન ગોધરાના મામલતદારે લીલીઝંડી બતાવી કરાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા સમાજસુરક્ષા અધિકારી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી તથા સંસ્થા મેનેજીંગ ટ્રસ્ટી નાથાભાઈ વણકર તથા સંસ્થાના ટ્રસ્ટીના નરેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ રેલી શહેરના જુદા જુદા માર્ગો પર ફરી અંતે ગાંધીચોક પરત આવી વિસર્જન કરવામાં આવ્યું હતું.

# અડાદરાના નાથાભાઈને વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કામગીરી બદલ મહાત્મા ગાંધી એવોર્ડ

ગોધરા, તા. ૩

પંચમહાલના અડાદરા ગામના નાથાભાઈ વણકરે વિવિધ ક્ષેત્રોમાં કરેલ શ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાત સરકાર દ્વારા મહાત્મા ગાંધી એવોર્ડ તથા એક લાખ રૂપિયાનો ચેક આપી બહુમાન કરવામાં આવ્યું છે. અમદાવાદ ખાતે રવિન્દ્રનાથ ટાગોર હોલ ખાતે યોજાયેલ કાર્યક્રમ દરમિયાન રાજ્ય સરકારના મંત્રી રમણલાલ વોરા, આનંદીબેન પટેલના હસ્તે નાથાભાઈ વણકરને મહાત્મા ગાંધી એવોર્ડ તથા ૧ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો જે પ્રસંગે સંસદસભ્યો, ધારાસભ્યો, સચીવ સંજયપ્રસાદ વગેરે ઉપસ્થિત રહયા હતા.



પંચમહાલના અડાદરા ગામના નાથાભાઈ વણકરને ગુજરાત સરકાર દ્વારા મહાત્મા ગાંધી એવોર્ડ આપવામાં આવ્યો તેની તસવીરમાં રાજ્ય સરકારના મંત્રી રમણલાલ વોરા એવોર્ડ આપતા તસવીરમાં જણાય છે (તસવીર : સુરેશ સોની)

પંચમહાલ અનુ. જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ અડાદરા દ્વારા ૧૯૯૫ થી દાહોદ- પંચમહાલ તથા મહીસાગર જિલ્લામાં અનુસુચિત જાતિના છાત્રાલય, આશ્રમ શાળાઓ, બહેરા મુંગા વિદ્યાલય તેમજ તાલીમના વર્ગોના વિવિધ ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી છે જેથી શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ રાજ્ય સરકાર દ્વારા ૨૦૧૩- ૧૪ નો મહાત્મા ગાંધી એવોર્ડ અડાદરાના નાથાભાઈ વણકરને અર્પણ કરી તેમનું સરકાર દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. પંચમહાલનું ગૌરવ વધારવા બદલ વિવિધ આગેવાનો સંસ્થાઓ દ્વારા શુભેચ્છા પાઠવી હતી.

# સમાજ ઉત્થાન માટે દાન આપવું તે ભારતીય સંસ્કૃતિની ઓળખ છે

ગોધરા, તા.૧૧

## અડાદરામાં કન્યા છાત્રાલયનો શિલાન્યાસ સમારોહ યોજાયો

[illegible]

ગાંધી સ્પેશ્યલ બહેરા મુંગા શાળાના વિદ્યાર્થીઓએ બનાવેલ

# રાખડીઓનું કલેક્ટર કચેરી ખાતે વેચાણ સ્ટોલનું શુભારંભ કરાવતા જીલ્લા કલેક્ટર ઉદિત અગ્રવાલ





[illegible]

## પંચમહાલ જિલ્લાના ઔદ્યોગિક પુર્નઃવસન યોજનામાં લાભ લેવા

[illegible]

# માનવતાની મહેક પ્રસરાવતું ગોધરાનું મૂકબધિર વિદ્યાલય



શાળા



ગોધરાની મૂક-બધીર શાળાનાં વિદ્યાર્થીઓ શિસ્તબદ્ધ રીતે શિક્ષણ લઇ રહ્યાં છે.


સમગ્ર પંચમહાલ તેમજ દાહોદ જિલ્લાની એક માત્ર બહેરા મુંગા બાળકોના શિક્ષણ તેમજ તેઓને પોતાના જીવનમાં સ્વનિર્ભર થઇ આત્મસન્માન સાથે જીવી શકવાની સંપૂર્ણ તાલીમ આપતી સરકાર માન્ય સંસ્થા બહેરા-મુંગા વિદ્યાલય ગોધરા સ્થિત કાર્યરત છે. આ સંસ્થામાં બંને જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના સમગ્રજાતીઓના ગરીબ-આદિવાસી પરિવારોના ૮૨ બાળકો હાલ સંસ્થામાં રહેવું જમવું તેમજ શિક્ષણ-વ્યાવસાયિક તાલીમનો મફત લાભ મેળવી રહ્યા છે. શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટની સ્થાપના ૧૯૯૫ ના ઓગસ્ટ માસમાં થયેલી છે. ૧૯૯૬થી અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે કુમાર-૧ કન્યા-૧ છાત્રાલયોમાં બાળકોને વિના મુલ્યે રહેવા તથા જમવાની સગવડ ઉપલબ્ધ કરવી છે. આ ગરીબ વર્ગના બાળકોને શૈક્ષણિક અને સામાજીક વિકાસમાં પ્રેરણારૂપી કામ ટ્રસ્ટ કરી રહ્યું છે.

છાત્રાલયના બાંધકામ પેટે સ્વાતી એજ્યુકેશન ટ્રસ્ટ બોરીવલી મુંબઇ તરફથી ત્રણ લાખ, સંતરામ મંદિર નડિયાદની પૂ. નારણદાસ મહારાજની કૃપાથી કુ. રેખાબહેન મોહિતભાઇ પટેલ તરફથી કન્યા છાત્રાલયને છ લાખ દાન મળેલું છે. જૈન સમાજના પૂ.શીલચંદ્ર સુરિશ્વરજી મહારાજ તરફથી એક લાખ ભંડોળ મળ્યું છે અને દાનનો પ્રવાહ અવિરત આવી રહ્યો છે.

સંસ્થાના સર્વે મુજબ બંને જિલ્લામાં આવા પ્રકારની ક્ષતિવાળા આશરે ૬ થી ૧૫ વર્ષની ઉંમરના ૩૦૦ સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ તરફથી ૩૫ બાળકોની માન્યતા આપવામાં આવેલી છે. સંસ્થાના બાળકોના શિક્ષણ તેમજ છાત્રાલય માટે જરૂરી એવા અગિયાર કર્મચારીઓ ફરજ બજાવે છે. હાલ સંસ્થા ભાડાના મકાનમાં ગોધરા શહેરના બામરોલી રોડ સ્થિત સરદાર અવતારસિંગ ટ્રસ્ટ બિલ્ડીંગમાં કાર્યરત છે. ઉપરાંત એક સામાન્ય બાળકને શરમાવે તેવી રીતે તેના તમામ કૌશલ્યો ખીલેલા જોવા મળે છે. સંસ્થાનો કર્મચારી ગણ એક માળાના મણકાની જેમ વર્ષ દરમિયાન આવતા તમામ ધાર્મિક, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી ખૂબજ સુંદર રીતે પાર પાડી દરેકનું મહત્વ સમજાવી બાળકોને આનંદિત રાખે છે. આમ સંસ્થા બાળકોને વ્યક્તિ વિકાસની સાથે સ્વાવલંબન જીવન ઘડતરનું શિક્ષણ અપાય છે. સંસ્થાના બાળકો જણાવે છે કે અમે જ્યારે ઘરે હતા ત્યારે નિયમીત ન્હાવા-ધોવાનું, શરીરની સ્વચ્છતા રાખવાનું તેમજ શાળાના વાતાવરણથી બિલકુલ અલિપ્ત હતા. અહીં આવ્યા બાદ અમે હવે એક શિસ્તબદ્ધ જીવન જીવતા થયા છીએ અને અમે પણ હવે કંઇ પણ કરી શકવાની અમારી આવડતથી અમારા જીવનને બીજા ઉપર આધાર ન રાખતાં અમારૂ જીવન સ્વમાનભેર જીવી શકીશું તેવી લાગણી અનુભવીએ છીએ.

**મેનેજીંગ ટ્રસ્ટી અને આચાર્યના મંતવ્યો**

## નાથાભાઇ.જી.વણકર



સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી નાથાભાઇ જી.વણકરનું મંતવ્ય છે કે અમારે બંને જિલ્લાના આવા પ્રકારની ક્ષતિવાળા તમામ બાળકોને સામાન્ય શાળાના બાળકોને ઉપલબ્ધ થતી તમામ સગવડો ઉપરાંત વિશિષ્ટ પ્રકારની જરૂરિયાતો સંતોષાય તે માટે સંસ્થા કટીબદ્ધ છે. હાલ સંસ્થાને પોતાના માલિકીના મકાન બનાવવા માટે આશરે ૨ થી ૩ એકર જમીન મેળવવાની અત્યંત તાતી જરૂરીયાત છે. સૌ કોઇ સેવાભાવી સંસ્થા, વ્યક્તિ આ ભગીરથ કાર્યમાં પોતા પણું દાખવી સહકાર આપે તેવી વિનંતી છે.

## ગિરિશભાઇ પટેલ



જ્યારે સંસ્થાના આચાર્ય ગિરીશભાઇ પટેલ જણાવે છે કે સંસ્થામાં આવતા બાળકો સમાજના અત્યંત નકારાત્મક વલણનો ભોગ બનેલા હોય છે. સમાજ, મા-બાપ આવા બાળકોને બિન ઉપયોગી, નકામા સમજીને તેઓ પ્રત્યે ઉપેક્ષીત વર્તન કરતા હોય છે. પરંતુ અમારી સંસ્થાના સંપર્કમાં આવ્યા બાદ પોતાનું બાળક છ-બાર મહિના પછી જ્યારે ફરીથી તેઓની પાસે જાય છે ત્યારે તેની અંદર ઘર કરી ગયેલી તમામ કુટેવોથી તે મુક્ત થઇ ગયેલું જોઇ તેઓ આશ્ચર્યમાં મુકાઇ જાય છે.

**ઉદઘાટન** | ગોધરામાં કલેક્ટર દ્વારા આર્ટ ઓફ લિવિંગ-પંચમહાલ વહીવટીતંત્રના સહયોગથી આયોજન

# બહેરા મુંગા છાત્રોએ બનાવેલી રાખડીઓનું વેચાણ શરૂ

## દિવ્યાંગ બાળકોની કુશળતાને પ્રોત્સાહન આપવાનો જિલ્લા વહીવટીતંત્રનો એક સ્તુત્ય પ્રયાસ

ભાસ્કર ન્યૂઝ | ગોધરા

કલેક્ટર ઉદિત અગ્રવાલે સોમવારે આર્ટ ઓફ લિવિંગ અને પંચમહાલ વહીવટીતંત્રના સહયોગથી ગાંધી સ્પેશ્યલ મૂક-બધિર શાળાના બાળકોએ બનાવેલ રાખડીના સ્ટોલનું ઉદઘાટન કર્યું હતું, જે દિવસભર મુલાકાતીઓ અને અધિકારીઓના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે બાળકોએ કોઈ પ્રોફેશનલ રાખડી નિર્માતા બનાવે તેટલી સુંદરતાથી આ રાખડીઓ બનાવી છે. બાળકો માટે રાખડીઓના નિર્માણ અને વેચાણ આત્મવિશ્વાસ વધારનારો બની રહેશે. તેમણે સ્ટોલના પ્રથમ ગ્રાહક બનતા પોતાની દિકરી માટે રાખડીઓની ખરીદી કરી હતી અને અન્ય અધિકારીઓ-કર્મચારીઓ પણ ગાંધી શાળાના બાળકોની બનેલી રાખડીઓ ખરીદવા અને આ પ્રોત્સાહન આપવા માટે અનુરોધ કર્યો હતો. આર્ટ ઓફ લિવિંગ પરિવારના કવિતા પટેલે જણાવ્યું હતું કે બાળકોને રાખડીઓ બનાવતા શીખવાડવા પાછળનો હેતુ એ સાબિત કરવાનો હતો કે આ બાળકો અન્ય બાળકો જેટલા જ ટેલેન્ટેડ છે. બાળકોના શિક્ષક નેહલ પટેલે જણાવ્યું હતું કે બાળકોએ સમગ્ર વિચારને ખૂબ ઉત્સાહપૂર્વક વધાવી લીધો હતો અને અભ્યાસની સાથે ત્રણ દિવસમાં લગભગ ૩૦૦ જેટલી રાખડીઓ તૈયાર કરી દીધી. જિલ્લા કલેક્ટર અને તંત્રનો આભાર માનતા તેમણે જણાવ્યું હતું કે દિવસના અંતે ૫૦૦૦ કરતા વધુ રકમની રાખડીઓનું વેચાણ થયું હતું. રાખડીઓના વેચાણથી જે પણ રકમ મળશે તે બાળકોના એકાઉન્ટમાં જમા કરવામાં આવશે.



ગોધરા કલેક્ટર કચેરી કંમ્પાઉન્ડમાં મુકબધીર દ્વારા તૈયાર કરવામાં આવેલ રાખડીઓના સ્ટલનો કલેક્ટર દ્વારા શુભારંભ કરવામાં આવ્યો. • હેમંતકુમાર

# સહયોગી સંસ્થાઓ અને વ્યક્તિઓ

ओएनजीसी ONGC

GFL GUJARAT FLUOROCHEMICALS

ADITYA BIRLA UltraTech

HINDUSTAN ZINC

इंडियनऑयल IndianOil
INDIAN OIL CORP. LTD.

GANDHI SPECIAL TUBES LIMITED

Jewelex

SITARAM JINDAL FOUNDATION
DEDICATED TO THE SERVICE OF MANKIND

RANDEEP EXPORTS

SWATHI Educational Trust

SANTRAM MANDIR NADIAD

વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA



**સ્વ.શ્રી ગોવિંદભાઈ ડી. માયાવંશી**
પ્રમુખશ્રી, સર્વોદય સેવા સંઘ, પાંડવા

**શ્રી ભૂપતભાઈ ગાંધી, મુંબઈ**

**શ્રી મનુભાઈ ગાંધી, મુંબઈ**

**શ્રી રસિકભાઈ એ, શાહ**
અડાદરા, હાલ મુંબઈ

**શ્રી રાજેશકુમાર જોષી, મુંબઈ**

**શ્રી જયંતિલાલ એમ. શાહ, મુંબઈ**

**જયશ્રી એન્જીનીયરીંગ કો.ઓ.લી**
મુંબઈ

Lajja Communications